# અખંડ ભારતમાં મુસ્લિમોમાં વિખવાદના સબબો





★ લેખક ★

**હઝરત મૌલાના**
**મુબારક હુસૈન મિસ્બાહી**
(એડીટર : અશ્રફિયહ–મુબારકપુર)

★ અનુવાદક ★

**પટેલ શબ્બીર અલી**
**રઝવી દયાદરવી**
(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)



★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
GRWB/059/Bharuch/02
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ Email ID : islamic@sancharnet.in

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૧૩૬ | આવૃત્તિ-પ્રથમ | પ્રત : ૩૦૦૦ |
| ૧૦-ઝિલ હજ્જ | હિ.સ. ૧૪૨૬ | ડિસેમ્બર-૨૦૦૫ |

કિમત :
રૂા. ૩૫/-

નૂરાની આર્ટ–દયાદરા,
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧




| વિષય | પેજ નં. |
|---|---|
| પ્રકાશકના બે બોલ... *(પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)* | 003 |
| પ્રારંભિક વાત... *(મુબારક હુસૈન મિસ્બાહી રામપૂરી)* | 005 |
| તકરીઝે જલીલ... *(યાસીન અખ્તર મિસ્બાહી)* | 009 |
| ઈસ્લામ તેરા દીન હૈ તૂ મુસ્તફવી હૈ | 011 |
| મુસલમાનો આપસમાં થયેલ ભાગલાનું ઐતિહાસિક નિરીક્ષણ | 027 |
| બહાઈ ફિર્કો | 038 |
| નેચરી ફિર્કો | 039 |
| અહલે કુર્આન | 040 |
| કાદયાનિયત | 042 |
| હક્ક તથા સત્યનો માર્ગ અહલે સુન્નત વ જમાઅત | 061 |
| અલ્લાહ જલ્લ મજદહૂ પર ઈમાન લાવવું | 085 |
| નબી કરીમ ﷺ પર ઈમાન લાવવું | 089 |
| મહબ્બતે રસૂલુલ્લાહ ﷺની નિશાનીઓ | 091 |
| સૈયદુલ અંબિયા ﷺની લાવેલી ચીજો પર ઈમાન | 095 |
| ઈજતેહાદ તથા તકલીદ | 097 |
| ખિલાફત તથા વિલાયત | 101 |
| શિર્કમય બાબતો | 103 |
| કુફ્રી બાબતો તથા કબીરા ગુનાહો | 104 |
| અખંડ ભારતમાં મુસ્લિમોમાં વિખવાદનો પ્રારંભ તથા તેજીની સ્થિતિ | 106 |
| બગડતા સંજોગો બદલાતા ચહેરા | 142 |
| વહીદુદ્દીનખાં સાથે બે વાતો | 158 |
| માન્યતાઓના મતભેદથી કત્લ તથા વાઢકાપ સુધી | 184 |

# પ્રસ્તાવના

**અઝ :** ખલીફાએ તાજુશ્શરીઅહ હઝરત **મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી**
(નાયબ સદર મુદર્રિસીન દારુલ ઉલૂમ ગુલશને અજમેર, ભરૂચ)

بسم الله الرحمن الرحيم

મઝહબે ઈસ્લામના વિરુધ્ધ દરેક સમયે તેને નષ્ટ કરવા તેના અનુયાયીઓને કમજોર તથા બેદીન કરવા ઘણી નાપાક કોશિશો કરવામાં આવી પંરતુ ઈતિહાસ ગવાહ છે કે જ્યારે પણ જે કોઈ જગ્યાએથી દીને ઈસ્લામને ખત્મ તથા નાબૂદ કરવાની સાઝિશો કરવામાં આવી તો અલ્લાહ તઆલાએ મઝહબે હક્કની નુસ્રત તથા હિમાયત માટે એવા એવા બંદાઓ પૈદા ફર્માવ્યા જેમણે બાતિલોના મન્સૂબા ખત્મ કરી નાખ્યા.

હિંદુસ્તાન પાકિસ્તાનમાં ઉમ્મતે મુહમ્મદીમાં ઈખ્તેલાફ અંગ્રેજની ચલાવેલ ચળવળોનું પરિણામ છે, જે સાઝિશને બાતિલ ફિર્કાઓએ કુબૂલ કરી મુસલમાનોમાં ફૂટ નાખી અને અંગ્રેજના થોડાક ચમકતા સિક્કાઓ પર પોતાના દીનનો જનાઝો કાઢી નાખ્યો. પછી શું....?! કોઈ તો અહલે કુર્આનનો દાવો લઈને ઉઠયો તો કોઈ અહલે હદીષ, કોઈ નેચરી તો કોઈક વહાબી, તો કોઈ ગુલાબી વહાબી (દેવબંદી) તો કોઈ મિર્ઝા ગુલામ જેવો મલઊન નબુવ્વતનો જૂઠો દાવો કરનાર પણ ઊભો થયો. આ બધા જ જૂઠા ફિર્કાઓએ એક સાથે મળીને મઝહબે હક્કના માનનારાઓને બેદીન કરવા માટે ભારે ભરકમ પ્રોપેગન્ડાઓ ચાલુ કર્યા અને ઈમાનની જાન મુહમ્મદે અરબી ﷺની મહોબ્બતનો ચિરાગ બુઝાવવા માટે વિવિધ તરીકાઓ અપનાવવા લાગ્યા.

અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના દીનની હિફાઝત આવા નાપાક જૂઠા દાવેદારોથી મુસલમાનોને બચાવવા માટે પોતાના ખાસ બંદાઓ થકી કરી. જ્યારે કુરુને ઉલામાં અમુક લોકોએ ઝકાત આપવાથી ઈન્કાર કર્યો તો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ એમના સાથે અલમે જેહાદ બુલંદ કર્યો, જ્યારે યઝીદ પલીદની નાજાઈઝ ખિલાફતનો મસ્અલો આવ્યો તો ઈમામ આલી મુકામ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہએ પોતાના લાડલાઓને કુર્બાન કરી ખૂદ પણ શહાદતનો જામ નોશ કરી દીનની હિફાઝત ફર્માવી. જ્યારે ખલ્કે કુર્આનનો મસ્અલો ઉઠયો તો હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલે હક્કનો અવાજ બુલંદ કર્યો. જ્યારે હિંદુસ્તાનમાં અકબર બાદશાહે દીને





ઈલાહી નામનો જૂઠો દીન ફેલાવવાની કોશિશ કરી તો હઝરત મુજદ્દિદે અલ્ફેષાનીએ પોતાના તસર્રુફાતથી તેને ખત્મ કરી નાખ્યો. જ્યારે ઈસ્માઈલ (દહેલ્વી) ફિર્કાએ "તકવિયતુલ ઈમાન" થકી લોકોના અકાઈદને બર્બાદ કરવાની કોશિશ કરી તો હઝરત અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીએ એનુ માથુ કચડી કાઢયું અને જ્યારે થાનવી, દરભંગી, ગંગોહી, નાનોત્વી, અંબેઠવી તથા કાદયાની ફિત્નાઓ ઉઠયા તો અલ્લાહ તઆલાએ આ બધા જૂઠા તૌહીદના દાવેદારોના ચેહરાઓ બેનિકાબ કરવા માટે તથા મઝહબે હક્કની હિફાઝત માટે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہને પેદા ફર્માવ્યા.

આપના બાદ પણ ઘણા બધા બુઝુર્ગો, સાદાતો તથા આલિમોએ બદ્મઝહબોને એમના ઘર સુધી પહોંચાડી આપ્યા, પરંતુ જ્યારે બાતિલે પોતાના ચેહરા પર રેશ્મી રૂમાલ નાખી અહલે સુન્નત વ જમાઅતને બદ્નામ કરવા માટે જૂઠા પ્રોપેગન્ડા ચાલુ કર્યા અને અસ્લ નાપાક ચેહરાને છુપાવવા લાગ્યા તો ઉલમાએ હક્કને ફરી તે કારણો અને સબબોને લોકોને સમક્ષ પેશ કરવાની જરૂરત પડી કે જેના સબબે ઉમ્મત ઘણા ફિર્કાઓમાં વહેચાઈ ગઈ.

આવી જ બાતિલ શિકન કિતાબોમાંથી એક કિતાબ તમારા હાથમાં છે જે અમારા ઉસ્તાદ હઝ્રરત **મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી** (એડિટર : અશ્રફિયા, મુબારકપુર)ની લખેલ છે. અલ્હમ્દુલિલ્લાહ ! બાતિલ ફિર્કાઓની પેહચાન માટે આ કિતાબ અવામ તથા ખવાસમાં ઘણી મકબૂલ થઈ, જેમાં મુસલમાનોમાં ફૂટફાટનો ઈતિહાસ અહલે સુન્નત વ જમાઅતની હક્કાનિયત, હિંદો પાકમાં ફુટફાટની શરૂઆત, બાતિલના મન્સૂબાઓનો ઉલ્લેખ જેવા ખાસ ખાસ ટોપિક પર કલામ કર્યો છે. આ કિતાબ વાંચી ઘણા બધા લોકો ઈખ્તેલાફનાં સાચાં કારણો જાણીને તૌબા કરી અહલે સુન્નત વ જમાઅતમાં આવી ગયા.

આ બધાં કારણોને લઈને આ કિતાબ **અખંડ ભારતમાં મુસ્લિમોમાં વિખવાદના સબબો**ને ગુજરાતી જગતમાં પેશ કરવા માટે અલ્હાજ શબ્બીરભાઈ પટેલે કદમ ઉઠાવ્યો અને અલ્લાહના ફઝલો કરમથી આ કિતાબ ગુજરાતી ભાષામાં તમારા હાથોમાં છે, હવે તમે એને વાંચી તમારા અકીદાને મક્કમ બનાવો. લખનાર અને અનુવાદ કરનારને હું દિલી મુબારકબાદ આપુ છું કે તેમણે કૌમે મુસ્લિમ પર એક અઝીમ એહસાન કર્યુ છે જેનો બદલો અલ્લાહ તઆલા તેમને અતા ફર્માવે અને તેમની ઉંમરમાં વધારો કરી દીન તથા કૌમની વધારે ખિદમત કરવાની તૌફીક આપે. (આમીન)

# પ્રારંભિક વાત...

**باسمه تعالیٰ و بکرم حبیبه الاعلیٰ**

પ્રસ્તુત કિતાબ વિવિધ સમયોમાં અશરફિયા (ઉર્દૂ) માસિક મુબારકપુર (યુ.પી.)ના માટે લખવામાં આવેલ અમુક લેખોનો સમૂહ છે. પ્રથમ બે લેખો ખાસ આ કિતાબ માટે લખવામાં આવ્યા છે. છેલ્લો લેખ ટૂંકો હતો તો એમાં પણ ત્રણ ગણો વધારો કરવામાં આવ્યો છે. અન્ય લખાણો ઉપર પણ ફરીથી નજર ફેરવી જરૂરત પ્રમાણે સુધારો વધારો કરવામાં આવ્યો છે. આ સર્વ લખાણોમાં જે ચીજ સર્વ સામાન્ય છે તે છે હક્ક તથા બાતિલ વચ્ચે ભેદરેખા, ભારતખંડમાં મુસલમાનો વચ્ચે પક્ષાપક્ષીના સબબોની તલાશ, મુસ્લિમ ઉમ્મતમાં અમ્ન તથા ઈત્તેહાદ (શાંતિ તથા એકતા)ની ઉમ્મીદ તથા ખયાલો તેમજ માન્યતાઓની સુધારણાની વ્યાકૂળતાપૂર્વકની ખ્વાહિશ.

આજે આખા **કુફ્રી આલમનો આતંકવાદ** ઈસ્લામ તથા ઈસ્લામી નિશાનીઓ તથા રિવાજોને જડમૂળથી ઉખેડી ફેંકવા તત્પર છે. આ દર્દનાક સંજોગોમાં મુસલમાનોની આવી છાપ તથા પ્રભાવ હરપળે ખતરા પ્રતિ આગળ વધી રહેલ છે. જે સમયે હું આ લખાણ લખી રહ્યો છું ત્યારે **દુનિયાનો સૌથી મહાન ઈસ્લામ દુશ્મન આતંકવાદી દેશ અમેરિકા** પોતાના સહયોગીઓના પીઠબળ સાથે નિર્દોષ એકલા અટૂલા અફઘાનિસ્તાન પર હવાઈ બોમ્બવર્ષાના હુમ્લા કરી રહ્યું છે, મીડિયા દિલ ધ્રુજાવનાર ખબરો પ્રસિધ્ધ કરી રહ્યું છે, આખા જગતના મુસ્લિમો □ાસ રોકીને અફઘાનિસ્તાની મુસલમાનોની રક્ષા તથા સલામતિના માટે દુઆ કરી રહ્યા છે, વિરોધ પ્રદર્શિત કરનારાઓની ચીસો તથા પોકારો પણ સાંભળવામાં આવી રહ્યા છે. પણ અફસોસ ! ઈસ્લામી જગતના તમામ હાકિમોની લગામ અમેરિકાના હાથમાં છે, એને તમો સમયની મસ્લેહત કહો અથવા તકસાધુપણુ કહો, ઈમાની ગૈરત તથા તરફદારીની





ઉણપ એમનામાં યકીનન છે. આ સંજોગોમાં વર્તમાન તથા ભવિષ્યના ખતરાઓનો સામનો કરવા માટે પ્રાથમિક તથા પાયાની જરૂરત એ છે કે મુસલમાન આપસના વિવાદોને ખત્મ કરે અને અમ્ન તથા એકતા (ઈત્તેહાદ)નું ખુશનૂમા વાતાવરણ ઉભુ કરી મજબૂત બને.

એક હોં મુસ્લિમ હરમ કી પાસબાની કે લિએ
નીલ કે સાહિલસે લેકર તા બ ખાક કા શગર

પણ પક્ષાપક્ષીની બીમારીના ઈલાજના માટે જરૂરી છે કે પ્રથમ વિખવાદના સબબોની તલાશ કરવામાં, સબબો બાકી રહેવાની સ્થિતિમાં ઈલાજ કરવો અંધારામાં તીરમારો કરવાની જેમ નિરર્થક કોશિશ છે. શાહમૃગની જેમ રેતીમાં મોઢું છુપાવવાથી કામચલાઉ શાંતિ તો મળી શકે છે પણ એને ખતરાઓથી સુરક્ષિત રહેવાનો હલ નથી કહી શકતા. ખુદારા ! તમે બાહ્ય પ્રેશરથી ભારમુક્ત થઈ, મસ્લકી પૂર્વગ્રહથી હટીને અમારી રજૂઆતોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરશો, જો અમારી રજૂ કરેલી ઐતિહાસિક ગવાહીઓ અને દીની હકીકતોથી આપ પૂર્ણપણે મુત્મઈન (સંતૃષ્ઠ) થાવ તો એ જ રીતે આગળ અભ્યાસ અને સંશોધનની સફર ચાલુ રાખશો. હક્કની તલાશની નિખાલસતાપૂર્ણ કોશિશ જાતે પોતે ઈબાદત અને ચિંતન તથા અમલની ઈસ્લાહ (સુધારણા)ની પ્રતિ આગેકૂચ છે. હું મારી વિચારધારા તથા સંશોધન થોપવાનો આદી નથી. મેં તો કૌમની એક્તા (ઈત્તેહાદે મિલ્લત) તથા ઉમ્મતની ઈસ્લાહના હેતુસર ચિંતન મનનના અમુક પાયા પૂરા પાડયા છે પણ એટલી વાત તો હું ઘણા વિ□ાસપૂર્વક કહી શકુ છું કે આપનું દિમાગ અગાઉથી જો કોઈનું તરફદાર નથી બલ્કે હક્કનું તરફદાર છે તો આ કિતાબના અભ્યાસ બાદ જ આપના પર સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅતની સદાકત તથા હક્કાનિયત ચમકતા સૂરજની જેમ ઉઘાડી થઈ જશે. અને હક્ક સ્પષ્ટ થઈ ગયા પછી પણ આવારા ફિક્રી (ગુમરાહ વિચારશ્રેણી) પર જામી રહેવું અથવા અગાઉ જેમ રવિશ પર અડેલા રહેવું હઠધર્મી અને ફિર્કાબંધીવાળી વિચારધારાને ઉત્તેજન આપવું છે.

આ લખાણોના અભ્યાસ દરમ્યાન શક્ય છે કે આપને એકથી વિશેષ સ્થાન પર ચર્ચાના રીપીટેશનનો એહસાસ થાય તો એના માટે હું કોઈ

લાચારી પણ નથી દર્શાવતો કેમ કે જ્યારે સામૂહિક સમસ્યાઓ પર વિવિધ બેઠકોમાં ચર્ચા કરવામાં આવે છે તો એવું થઈ જવું એ સ્વભાવિક વાત છે. હા ! અમુક સ્થળે આપને લબો લહેજાની કડકાઈનો એહસાસ પરેશાન કરી શકે છે, તો એ અમે ઈરાદાપૂર્વક નથી કર્યું, એ એક હકીકત છે કે એક ઝખ્મી દિલ ઈન્સાન જ્યારે પોતાની મિલ્લતની પડતીના સબબો અને ગમનો અહેવાલ સંભળાવે છે તો અનાયાસે ભાવનાનો જોશ તેને મજલિસના આદાબોથી બેપરવા કરી દે છે. પરંતુ હોશમંદ લોકો સંજોગોની ગંભીરતાને લક્ષમાં રાખીને એને બુરુ નથી સમજતા બલ્કે ફિતરી તકાઝા મુજબ ગણે છે. એ પણ શક્ય છે કે અમારી કોઈ વાત આપની અગાઉથી નિશ્ચિત કરેલ વૈચારિક કેડીની વિરૂધ્ધ હોય અને આપને કડવી લાગે તો તેને ''સત્ય કડવું હોય છે'' પર ધારી લેશો.

હું મારા આ લખાણના બારામાં કોઈ પ્રકારની દાદ તથા વાહવાહનો અભિલાષી હરગિઝ નથી, આ જ નહીં પણ મને મારી કોઈ પણ કૃતિના બારામાં એની ખ્વાહિશ ન રહી છે અને ન થશે. હા ! મારો કલમ ખુદાએ વહ્દહૂ લાશરીકની બારગાહમાં એ આરઝૂ સાથે સજદારેઝ છે કે મૌલા તઆલા પોતાના હબીબ મુખ્તારે કાઈનાત ﷺ ના તુફૈલથી આ લખાણોને માર્ગ ભૂલેલાઓની હિદાયતનો ઝરીયો બનાવી આપે અને ટોળીઓમાં વહેંચાયેલા લોકોને ઈશ્કે રસૂલના એક્તાના બિંદુ પર એક કરી આપે. આમીન.

હવે હું મારા તમામ ઉસ્તાદોની બારગાહમાં સરાપા શુક્ર તથા નિયાઝ બનીને હાજર થાઉં છું જેમના ઈલ્મી ફૈઝના દરિયાની પુષ્કળ મોજોએ મને તૃપ્ત કર્યો અને ખાસ કરીને **ઉસ્તાઝે મુકર્રમ હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી** સદર મુદર્રિસીન જામિઆ અશ્રફિયા મુબારકપુર જેમના પિતૃભાવ ભર્યા હેતોએ મારા ચિંતન તથા કલમની તર્બિયત કરી. હું દિલની ગહરાઈઓથી શુક્રગુઝાર છું **મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી** બાની તથા મોહતમિમ દારુલ કલમ–દિલ્હીનો જેમણે પ્રસ્તુત કિતાબનો અભ્યાસ કર્યો અને પ્રસ્તાવના રૂપે અણમોલ લખાણ લખી આપ્યું. ઘણી નિષ્ઠુરતા ગણાશે જો હું મોહિબ્બે મુકર્રમ **હઝરત મૌલાના ઝાહિદ અલી સલામી**





તથા **મૌલાના અબ્દુસ્સમદ મિસ્બાહી**નો શુક્રિયા અદા ન કરું જેઓ ડગલે ને પગલે મારો સહારો બનેલા રહે છે. અને દર્જએ તેહકીકના તે હોનહાર તલબાનો ઝિક્રે ખૈર પણ જરૂરી સમજું છું જેમના આગ્રહવશ આ લખાણો પ્રસિધ્ધિ પામ્યાં એટલે અઝીઝાને ગિરામી મૌલાના શકીલુર્રહ્માન નિઝામી મિસ્બાહી અને મૌલાના મુહમ્મદ મન્ઝર વસીમ મિસ્બાહી.

અંતમાં એક વિનંતિ અમે અમારા વાંચકોને કરીએ છીએ કે જો તેમને યાદ રહે તો મારા વાલિદે ગિરામી જનાબ ખલીલ અહમદ મર્હૂમ વ મગફૂરના માટે મગફેરતની દુઆ જરૂર કરી આપે જેઓ મારી કામયાબીઓની તમન્નાઓ લઈને આ ફાની જગતથી ચાલ્યા ગયા. હું મારા આ લખાણનો અજ્ર તેમની બારગાહમાં નઝર કરું છું, મૌલા તેમની કબ્રને જન્નતનો એક ટુકડો બનાવી આપે. આમીન બિજાહિ હબીબિક સૈયદુલ્ મરસલીન ﷺ.

અઝ : **મુબારક હુસૈન મિસ્બાહી રામપૂરી**

*(૭–શા'બાનુલ્ મોઅઝ્ઝમ, હિ.સ. ૧૪૨૨, ઈ.સ. ૨૫–૧૦–૨૦૦૧)*

# તકરીઝે જલીલ

અઝ : **સદરુલ ઉલમા હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી**

*(સદર મુદર્રિસીન અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારકપુર)*

مبسملا وحامدا و مصليا

આ પ્રોપેગન્ડાનો સમય છે જેના જોરે સત્યને છુપાવવા અને જૂઠને મનાવવાનો કારોબાર ઘણા જ આયોજનપૂર્વક થઈ રહ્યો છે. અમેરિકાથી લઈને ઈન્ડિયા સુધી આ મેદાનમાં બાતિલ પરસ્તોની ટોળકીઓ પોતપોતાના પ્રચાર માધ્યમોના લેહાઝથી આગળ પડતી જોવા મળશે અને વિશેષતઃ જૂઠા તથા બાતિલ હથિયારોની ઉસ્તાદીનો સેહરો કોઈ જુલ્મી યહૂદી અથવા અંગ્રેજના માથા પર હોય છે જેનાથી રૂહાની તથા અધર્મતાથી તઅલ્લુક રાખનારાઓ શીખી શીખીને એ જ ડગર પર ચાલવાની સતત કોશિશમાં વ્યસ્ત રહે છે.

એ જ પ્રોપેગન્ડાઓમાંથી અહલે બાતિલનો એક પ્રોપેગન્ડો એ પણ છે કે મુસલમાનોમાં વિખવાદનું કામ બરેલીની સરઝમીનમાંથી મૌલાના અહમદ રઝાના હાથો વડે શરૂ થયો. આ જૂઠનો પ્રચાર એટલા પ્રમાણમાં કરવામાં આવ્યો છે કે કોલેજો તથા યુનિવર્સિટીઓના ઘણાય ભોળાભાળા લોકોએ એને સાચુ માની લીધું છે. તેઓ પાસે ન તેમની સ્વંય તેહકીક છે ન એ માટેની ફુરસદ છે, પણ આ કિતાબના અભ્યાસથી તમને અને દરેક ન્યાયપ્રિય વ્યક્તિને એ જાણવા મળશે કે હકીકત શું છે ?

એમાં રદને પાત્ર નહીં એવી દલીલો તથા સાક્ષીઓની રોશનીમાં એ સાબિત કરવામાં આવ્યું છે કે મુસલમાનોમાં શીઆ સુન્નીનો મતભેદ તો પૂરાણો છે અને સુન્નીઓમાં જે વિખવાદ થયો તે બરેલ્વીથી નહીં બલ્કે દિલ્હીથી થયો છે. અહીંના તથા અન્ય દેશોના અહલે સુન્નત એક હતા. નજદમાં "કિતાબુત્તૌહીદ" અને હિંદમાં "તકવિયતુલ ઈમાન"ના થકી વહાબી, પછી તેની શાખા દેવબંદીના નામથી એક ફિર્કાને જન્મ આપવામાં આવ્યો જે પોતાના જન્મ દિવસથી લઈને આજ સુધી પૂરાણા





મસ્લકે અહલે સુન્નતના હામીઓ સાથે જંગ કરી રહેલ છે. જૂઠ તથા પ્રપંચનો એવો ચાહક તથા આદી છે કે ખુદાને પણ બિલ ઈમ્કાન જૂઠો તથા ઐબદાર માને છે.

અઝીઝે ગિરામી મૌલાના મુબારક હુસૈન મિસ્બાહીને રબ તઆલા જઝાએ ખૈરથી નવાઝે કે તેમણે આ પ્રકારના ધોકા તથા પ્રપંચનો પર્દો ચીરવા માટે સવિસ્તાર લેખો લખ્યા જેમાંથી અમુકને ઠેક ઠેકાણેથી મેં પણ જોયા. આજે તલ્વારથી જેહાદ તો નથી જ રહ્યો પણ કલમી જેહાદ પણ ઓછો જતો જઈ રહ્યો છે. હદીષે પાકમાં છે :–

اذ ظهرت الفتن او البدع. ولم يظهر العالم علمه فعليه لعنة الله و ملائكة والناس اجمعن

ફર્માવ્યું નબી કરીમ ﷺએ કે, **"જ્યારે ફિત્ના અને ગુમરાહીઓ જાહેર થાય અને આલિમ પોતાનો ઈલ્મ છુપાયેલો રાખે તો તેના પર અલ્લાહ અને ફરિશ્તા અને ઈન્સાનો સૌની લઅ્નત છે."** અને ફર્માવ્યું : لان يهدى الله بك رجلا خير مما طالعت عليه الشمس **"તમારા થકી કોઈ એક માણસને પણ હિદાયત નસીબ થઈ જાય તો એ તમારા માટે પૃથ્વીના પટ પરની હુકૂમત કરતાં બેહતર છે."**

મૌલા તઆલા આ કિતાબને ફિત્નાને દૂર કરનાર અને સુન્નિયતના માર્ગની હિદાયત કરનાર બનાવે, લેખકના ઈલ્મ તથા કલમ અને ઈર્શાદ તથા અમલમાં બરકતો નસીબ ફર્માવે અને તંદુરસ્તી તથા શક્તિ અને ભલાઈની સાથે દીને મતીનની ખિદમતથી હમેશાં સંકળાયેલ અને સરફરાઝ રાખે.

આ કિતાબ પર બિરાદરે ગિરામી મૌલાના યાસીન અખ્તર મિસ્બાહીએ એક આલિમાના અને પ્રભાવશાળી પ્રસ્તાવના લખી છે જેના પછી મારા લખાણની કોઈ જરૂરત ન હતી, પણ મૌલાના મુબારક હુસૈનના સતત આગ્રહને વશ થઈ થોડીક લીટીઓ લખવી પડી, મૌલા તઆલા આપણને સૌને નેક તૌફીકથી નવાઝે, તેની તથા તેના હબીબે પાક ﷺ ની રઝા તથા ખુશ્નૂદીનાં કામોમાં લગાડે અને દરેક પ્રકારની બુરાઈઓ તથા ફિત્નાઓથી મેહફૂઝ રાખે.

**–મુહમ્મદ અહમદ મિસ્બાહી**

૧૩, રજબ, હિ.સ. ૧૪૨૩ (૨૧, સપ્ટે. ૨૦૦૨)

# ઈસ્લામ તેરા દીન હૈ તૂ મુસ્તફવી હૈ

અઝ : **મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી**
*(બાની વ મોહતમિમ દારુલ કલમ–દિલ્હી)*

ઈસ્લામ ધર્મ હમેશાં એક રહ્યો છે જે અલ્લાહનો ચૂંટેલો તથા પસંદ કરેલો ધર્મ છે. અલ્લાહના વજૂદ તથા તૌહીદ, નબુવ્વત તથા રિસાલત, આસ્માની કિતાબો, ફરિશ્તા, તકદીર, જન્નત, દોઝખ વગેરે આ ધર્મના પાયાના અકીદાઓ (માન્યતાઓ) છે. એ દરેક યુગમાં સમાન મહત્વવાળા રહેલા છે. દિવસો તથા યુગો અને સમયો તથા સંજોગોની તબદીલીની એના કદી કોઈ અસર થઈ નથી. અંબિયા તથા રસૂલો عَلَيْهِمُ السَّلَام એ એના પ્રતિ જ લોકોને નિમંત્રણ આપતા રહ્યા અને હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم થી હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم સુધી સર્વ પયગંબરોના યકીનની ધરી તથા કેન્દ્ર આ જ ઈસ્લામ ધર્મ રહેલ છે.

પયગંબરે ઈસ્લામ જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને જ્યારે મોકલવામાં આવ્યા તો આપે પણ એ જ ઈસ્લામ ધર્મની તબ્લીગ તથા પ્રચાર કર્યો. પોતાની હિકમતપૂર્ણ દા'વત અને કરીમાના અખ્લાક (માયાળુ વર્તાવ) વડે લોકોનાં દિલો તથા દિમાગોને એની જ પ્રતિ આકર્ષીને તેમને તેને માનવાવાળા અને પછી તેના પ્રતિ દા'વત આપનારા તથા પ્રચારક બનાવ્યા. આ જ દીનના એકાકીપણાનું એલાન કરતાં રબ્બે કાઈનાત ઈર્શાદ ફર્માવે છે : ورضیت لکم الا سلام دینا *(સૂ. માઈદા, આયત. ૩)*

શરીઅતો જો કે મન્સૂખ (રદ) થતી રહી છે, તેના મસાઈલ તથા હુકમો બદલાતા રહ્યા છે, પરંતુ પયગંબરે ઈસ્લામ જનાબ મુહમ્મદર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની લાવેલી શરીઅત એટલી સમૃધ્ધ તથા પરિપૂર્ણ છે કે આગલી શરીઅતોની જેમ તે કદી પણ મન્સૂખ થશે નહીં.





શરીઅતે મુહમ્મદિયહ્ صلی اللہ علیہ وسلم ની આ વિશિષ્ટતા તથા અનોખાપણુ છે કે જેના પર દિવસોના ચક્રની કોઈ અસર થશે નહીં. આ જ શરીઅત લાગુ થયેલી તથા સલામત છે અને ઈસ્લામી જગતની હિદાયત તથા રહનુમાઈ માટે કિયામત સુધી પૂરતી છે.

આ જ દીન અને આ જ શરીઅતની રસ્સીને મજબૂતીની સાથે પકડીને એક તથા સંગઠિત રહેવાનો મુસલમાનોને વારંવાર હુકમ આપવામાં આવ્યો છે. અને એનાથી વિમુખ થવાના નુકસાનની ઠેકઠેકાણે ચેતવણીઓ સંભળાવવામાં આવી છે. કુર્આને હકીમના ફર્માનો તથા આદેશો પર અમલ અને મુસલમાન જમાઅતની સામ્યતા તથા મિત્રતાને દરેક મુસલમાનના માટે અનિવાર્ય કરી દેવામાં આવેલ છે.

જેમ કે રબ તઆલાનો આદેશ છે કે :–

واعتصموابحبل الله جميعا و لا تفرقوا *(સૂ. આલે ઈમ્રાન, આ. ૧૦૩)* ''અને અલ્લાહની રસ્સીને સૌ મળીને મજબૂતીથી પકડી લો અને આપસમાં વિખવાદ ન નાખશો.'' واطيعو اللّٰه ورسوله ولا تنازعو افتفشلو اوتذهب ريحكم *(સૂ. ઈન્ફાલ, આ. ૪૬)* ''અને અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માનો અને આપસમાં ઝઘડો નહીં, નહીં તો પછી બુઝદિલી (કાયરતા) કરશો અને તમારી બંધાયેલી હવા જતી રહેશે.''

આગલી ઉમ્મતોના બારામાં કુર્આન હકીમમાં જે કાંઈ આવ્યું છે એના અભ્યાસ પરથી જાણવા મળે છે કે એક અરસા સુધી દીનની સાથે શરીઅત પણ એક જ હતી. પણ પ્રકૃતિ તથા તબીઅતમાં ફેરફારોએ જ્યારે જોર પકડયું તો તેની અયોગ્ય અસરો જાહેર થઈ અને લોકો આપસમાં ટકરાયા. આ વિષયની આયતોથી એનો પણ ઈલ્મ થાય છે કે રબ તઆલાની મરજી જ એવી નથી કે સર્વ લોકો એક ઉમ્મત બનેલા રહે. આ તેની હિકમત તથા મસ્લેહત છે જેનું રહસ્ય અને તેની હકીકત તે જ જાણે છે. અમુક આયતો નીચે રજૂ કરવામાં આવે છે તેનો અભ્યાસ કરો :

وماكان الناس الا امة واحدة فا ختلفوا ''અને લોકો એક જ ઉમ્મત હતા પછી વિવિધ થયા.'' *(સૂ. યૂનુસ, આ. ૧૯)*

كان الناس امة واحدة فبعث الله النبين مبشريين و منذرين ''લોકો એક દીન પર હતા પછી અલ્લાહે નબીઓ મોકલ્યા ખુશખબરી આપતા અને

ડર સંભળાવતા.'' *(સૂ. બકરહ, આ. ૨૧૩)*

لـكـل جعلنا منكم شرعة ومنها جا و لو شاء الله لجعلكم امة واحدة ولٰكن ليبلوكم فى مااتكم

''અમે તમારા સૌના માટે એક શરીઅત અને માર્ગ રાખ્યો અને અલ્લાહ ચાહત તો તમને સૌને એક જ ઉમ્મત કરી આપત. પણ મંઝૂર એ છે કે જે કાંઈ તમને આપ્યું તેમાં તમને અજમાવે.'' *(સૂ. માઈદા, ૪૮)*

ولو شاء ربك لجعل الناس امة واحدة ولا يزالون مختلفين الا من رحم ربك

''અને જો તમારો રબ ચાહત તો સર્વ માણસોને એક જ ઉમ્મત કરી આપત. તે માણસો તો હમેશાં મતભેદમાં રહેશે પણ જેના પર તમારા રબે રહમ કરી.''

ઈમાન તથા કુફ્ર, હક્ક તથા બાતિલ, ભલાઈ તથા બુરાઈ, નૂર તથા અંધકારને અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના પયગંબરોના થકી સ્પષ્ટ કર્યું અને દરેક માનવીમાં એ લાયકાત રાખી કે તે હિદાયત (સન્માર્ગ) તથા ગુમરાહીમાંથી જેને ચાહે જાતે પોતે પસંદગી કરી લે. અને પછી બદલો તથા સજા અને સવાબ તથા અઝાબનો પોતે જ જિમ્મેદાર પણ બને. જો અલ્લાહ ચાહત તો ઈમાન તથા હિદાયત પર સૌને ભેગા કરી આપત, પણ એણે એવું નથી કર્યું જેથી કરીને તે એની કસૌટી કરે અને તેને અજમાવે કે તે પોતાના માટે સદ્‌નસીબી ચાહે છે કે કમ્બખ્તી ! જેમ કે રબ તઆલાનો ઈર્શાદ છે :–

قل فلله الحجة البالغة فلو شاء لهدكم اجمعين ''તમે ફર્માવો ! અલ્લાહની જ દલીલ સંપૂર્ણ છે, તે ચાહત તો તમને સૌને હિદાયત ફર્માવત. *(સૂ. અન્આમ, આ. ૧૪૯)*

ولو شاء ربك لاٰمن من فى الا رض كلهم جميعاً ''અને જો તમારો રબ ચાહત તો જમીનમાં જેટલા છે સૌ ઈમાન લાવત.'' *(સૂ. યૂનુસ, આ. ૯૯)*

وقل الحق من ربك فمن شاء فليؤمن ومن شاء فليكفر ''અને ફર્માવી દો કે હક્ક (સત્ય) તમારા રબના તરફથી છે, જે ચાહે ઈમાન લાવે અને જે ચાહે કુફ્ર કરે.'' *(સૂ. કહફ, આ. ૨૯)*

ان هذه تذكرة فمن شاء اتخذ الى ربه سبيلاً ''બેશક ! આ નસીહત છે, તો



અખંડ ભારતમાં મુસ્લિમોમાં વિખવાદના સબબો

જે ચાહે પોતાના રબની તરફનો માર્ગ પકડે.'' *(સૂ. મુઝઝમ્મિલ–૧૯, સૂ. દહર–૨૯)*

فيضل الله من يشاء ويهدى من يشاء وهو العزيز الحكيم ''પછી અલ્લાહ ગુમરાહ કરે છે જેને ચાહે છે અને હિદાયત આપે છે જેને ચાહે છે અને તે જ ઈજ્જત હિકમતવાળો છે.'' *(સૂ. ઈબ્રાહીમ–૪)*

قل ان الله يُضل من يشاء ويهدى اليه من اناب ''તમે ફર્માવો ! બેશક ! અલ્લાહ જેને ચાહે છે ગુમરાહ કરે છે અને તેના પ્રતિ જે પલ્ટે એને હિદાયત આપે છે.'' *(સૂ. રઅદ–૨૭)*

يضل به كثيراً ويهدى به كثيراً وما يُضل به الا الفٰسقين ''એનાથી ઘણાઓને ગુમરાહ કરે છે અને ઘણાઓને હિદાયત આપે છે. અને ગુમરાહ તેને જ કરે છે જે નાફર્માન છે.'' *(સૂ. બકરહ–૨૬)*

ويضل الله الظٰلمين ويفعل الله مايشاء ''અને અલ્લાહ જાલિમોને ગુમરાહ કરે છે અને અલ્લાહ જે ચાહે તે કરે.'' *(સૂ. ઈબ્રાહીમ–૨૭)*

من اهتدىٰ فانما يهتدى لنفسهٖ ومن ضل فانما يضل عليها ''જે માર્ગ પર આવ્યો તો પોતાના જ ભલા માટે માર્ગ પર આવ્યો અને જે ગુમરાહ થયો તે પોતાના જ બુરા માટે ગુમરાહ થયો.'' *(સૂ. અસ્રાઅ્–૧૫)*

પોતાના કુદરતી આકર્ષણ તથા પ્રાકૃતિક ખેંચાણના લેહાઝથી પાછલા યુગો તથા ભૂતકાળના સમયોની કૌમો તથા કબીલાઓએ તૌહીદ તથા ઈમાન અને નબુવ્વત તથા રિસાલતનું સમર્થન કર્યું કે તેને જૂઠલાવ્યું. પયગંબરે ઈસ્લામ જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ની હયાતે પાક (પવિત્ર જીવન)માં આપના મુબારક આગમન બાદ પણ અરબ કબીલાઓનો એ જ ઈતિહાસ અને એ જ રોલ રહ્યો. દરેક દૌરમાં દરેક પયગંબર તથા હાદીએ કેવળ દા'વત તથા તબ્લીગ કરી છે, માર્ગ બતાવવો અને સૂચવવો એ તેમની જિમ્મેદારી રહી છે. જેમ કે રબ તઆલાનો ઈર્શાદ છે :–

وما على الرسول الا البلاغ المبين ''અને સ્પષ્ટ તબ્લીગ જ રસૂલની જિમ્મેદારી છે.'' *(સૂ. નૂર–૫૪, સૂ. અન્કબૂત–૧૮)*

મંઝિલ સુધી કોઈને પહોંચાડી આપવો એ અલ્લાહના કરમના

જિમ્મે છે, તેની તૌફીક પર નિર્ભિત છે. તે પોતાના બંદાઓ પર રહીમ તથા કરીમ છે, તે કાદિર (શક્તિમાન) તથા અધિકારી છે, જેને જ્યારે ચાહે હિદાયત આપી દે, જ્યારે ચાહે કોઈને પોતાનો કુર્બ અતા ફર્માવી આપે અને જેને જ્યારે ચાહે પોતાના મહબૂબોના ગિરોહમાં સામેલ કરી લે.

હિદાયત "ઈરાઅતુત્તરીક'" પણ છે અને "ઈસાલ અલલ્ મત્લૂબ" પણ છે. "ઈરાઅતુત્તરીક" માર્ગ બતાવવું અને સૂચવવું છે. "ઈસાલ અલલ્ મત્લૂબ" મંઝિલે મકસૂદ સુધી પહોંચાડી દેવું છે. તબ્લીગ તથા પ્રચાર અને ઈરાઅતુત્તરીક એ નબુવ્વત તથા રિસાલતનો મન્સબ છે અને એ જ હિદાયતનો ઉલ્લેખ કરતાં રબ્બે કાઈનાત પયગંબરે ઈસ્લામ જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی الله علیه وسلم ના બારામાં ઈર્શાદ ફર્માવે છે :–

انك لتهدى الى صراط مستقيم "અને બેશક ! તમે જરૂર સીધો માર્ગ બતાવો છો." *(સૂ. શૂરા–પર)*

અને બીજી હિદાયત એટલે ઈસાલ અલલ મત્લૂબના બારામાં એનું ફર્માન છે : انك لا تهدى من احببت ولكن الله يهدى من يشاء وهو اعلم بالمهتدين "બેશક ! એ નથી કે તમે પોતાના તરફથી જેને ચાહો હિદાયત આપી દો, પરંતુ અલ્લાહ હિદાયત આપે છે જેને ચાહે, અને હિદાયતવાળાઓને તે સારી રીતે જાણે છે." *(સૂ. કસસ–પ૬)*

રસૂલેપાક صلی الله علیه وسلم ના યુગમાં તથા ખુલફાએ રાશિદીન رضوان الله تعالىٰ عليهم اجمعين ના દૌરમાં લાખો સઈદ (નેક) રૂહોએ અને ખુશનસીબ ઈન્સાનોએ હિદાયતની નેઅમત મેળવી અને લાખો બદ્નસીબ ઈન્સાન આ દૌલતથી વંચિત રહ્યા. એવા માનવોની પણ એક મોટી સંખ્યા છે જેમણે આ નેઅમત તથા દૌલત પામ્યા પછી એને ખોઈ નાખી છે અને એનાથી વિમુખ થવાનો તથા ફરી જવાનો ગંભીર જુર્મ કરીને કાયમી લઅનતનો તોક પોતાના ગળે પરોવી લીધો છે. ઈસ્લામના પયગંબર صلی الله علیه وسلم ના વિસાલ પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی الله عنه ના ખિલાફતકાળમાં ઝકાતના વિરોધીઓ તથા મુર્તદોનો ફિત્નો તેનું ઉઘાડુ દષ્ટાંત છે.

ઉમવી તથા અબ્બાસી હુકૂમતકાળમાં જેવી રીતે હિદાયતનું વર્તુળ





ફેલાયું અને ઈસ્લામની રોશની દૂર દૂર સુધી ફેલાયી, તાબઈન તથા તબેઅ તાબઈન علیهم الرحمة والرضوان નો ફયૂઝાન આમ થયો તેવી જ રીતે ઘણા ફિર્કા તથા ગૃપો પણ અસ્તિત્વમાં આવ્યાં, કાંઈ કેટલાયે ગુમરાહોએ પણ જન્મ લીધો અને ઈસ્લામનો ઉજ્જવળ ચહેરો ધૂળમય કરવાની નીચ કોશિશ પણ કરવામાં આવી.

આ સર્વ એ જ કુદરતી બંધારણના ગોઠવણ હેઠળ થયું જેનું ઉપરોક્ત કુર્આની આયતોમાં સંક્ષિપ્તમાં વર્ણન થઈ ચૂક્યું છે અને ખૂદ પયગંબરે ઈસ્લામ જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો અને ઉમ્મતના વિભાજનનો નિર્દેશ ફર્માવ્યો :–

تفترق امتى على ثلاث وسبعين فرقة كلهم فى النارالاملّة واحدة۔ قالوا من هى يا رسول الله ! قال ما انا عليه واصحابى

"મારી ઉમ્મત તોત્તેર (૭૩) ફિર્કાઓમાં વહેંચાઈ જશે. એક ગિરોહ સિવાય તમામ ફિર્કા જહન્નમી થશે. સહાબાએ પૂછયું, યા રસૂલલ્લાહ ! તે ગિરોહ કોણ છે ? આપે ફર્માવ્યું, જે મારી અને મારા સહાબાની સુન્નત પર ચાલનાર હોય." *(તિર્મિઝી શરીફ)*

એટલા માટે રસૂલની સુન્નત તથા સહાબાની સુન્નત પર અમલ કરનારા સવાદે આ'ઝમ (મોટી જમાઅત)ની પયરવી (અનુસરણ) કરવાની આપે હિદાયત તથા તાકીદ ફર્માવતાં ઈર્શાદ ફર્માવ્યો :–

اتبعوا السواد الا عظم فانه من شذ شذ فى النار "તમે સવાદે આ'ઝમ (મોટી જમાઅત)ની પયરવી કરવો, તેનાથી જે અલગ થયો તે એકલો જહન્નમમાં મોકલવામાં આવશે." *(મિશ્કાત શરીફ)*

આ **સવાદે આ'ઝમ** તે જ **અહલે સુન્નત વ જમાઅત** છે જેના બારામાં રસુલૂલ્લાહ صلی الله علیه وسلم ઈર્શાદ ફર્માવે છે :–

ان الله لا يجمع امتى على الضلالة۔ ويد الله على الجماعة۔ ومن شذ شذ فى النار

"અલ્લાહ તઆલા મારી ઉમ્મતને ગુમરાહી પર એકત્ર નહીં કરે, જમાઅતના માટે અલ્લાહની મદદ છે, જે શખ્સ જમાઅતથી અલગ થયો તે જહન્નમમાં ગયો."

જમાઅતે અહલે સુન્નતથી અલગ થનાર ફિર્કા, દા.ત. ખારજી,

રાફઝી, મોઅ્તઝલા વગેરેએ ઈસ્લામને બેહદ નુકસાન પહોંચાડયું છે, મુસલમાનોને સખ્ત ફિત્નાઓ અને આજમાઈશોમાં નાખ્યા, મુસ્લિમ હુકૂમતોના નુકસાન માટે ખડા થયા, ગલત વાતો તથા ખરાબીઓ અને બનાવટી ચીજોનો એવો ઢગલો ખડો કરી આપ્યો કે જેણે મુસલમાનોને અસંખ્ય શંકા કુશંકા અને ઘણી બધી ગુમરાહીઓમાં સંડોવી દીધા. તેમનાં ષડયંત્રો તથા સાઝિશો આજે પણ વિવિધ સ્વરૂપે કાર્યરત છે અને પોતાના નકારાત્મક વલણ તથા નાફર્માની અને ગુનાખોરી તથા શૈતાનિયતના લૂ વડે ઈસ્લામ તથા મુસલમાનોના શરીર તથા રૂહને તકલીફ આપી રહી છે.

મતભેદ જો કાયદા તથા શરતોને આધિન હોય, હદોની અંદર હોય તો બુરો નથી અને એ જ ઉમ્મતના મતભેદને રહમત ફર્માવવામાં આવ્યો છે, જેમ કે માતુરીદી તથા અશાએરાનો મતભેદ છે. અને ઈસ્લામી ફિકહમાં હનફી, શાફઈ, માલિકી તથા હંબલીનો મતભેદ છે કે એ સર્વે અહલે સુન્નતના આંત્રિક મતભેદો છે. અને એવું થવું એક હદ સુધી કુદરતી પણ છે. ખયાલ, શોખ, સમજ, પ્રકૃતિ અને સમય તથા સંજોગોની વિવિધતાને કારણે અર્થો તથા ભાવાર્થોની સમજમાં મતભેદ પેદા થઈ જવું એક સ્વભાવિક ચીજ છે. જે અહલે સુન્નતના વિવિધ તબકાઓમાં જોવા મળે છે, અને આ ક્રમ ભાવિમાં પણ ઉપર ઉપરના શાખાકિય મસાઈલમાં ચાલુ રહેશે.

અલ્લાહ તઆલાના ફઝ્લથી અખંડ ભારતમાં મુસલમાનોની અધિક્તર વસ્તી સુન્ની હનફીઓની રહી છે જેના અસંખ્ય ઐતિહાસિક દષ્ટાંતો છે. મહબૂબે ઈલાહી હઝરત ખ્વાજા નિઝામુદ્દીન ઔલિયા رضی اللہ عنہ પોતાના મુર્શિદે તરીકત હઝરત ફરીદુદ્દીન મસ્ઊદ ગંજશકર رضی اللہ عنہ ના મલ્ફૂઝાતમાં લખે છે :–

સાતમી ઝીલ હજ્જ હિ.સ. ૬૫૫ ના રોજ આપની ખિદમતમાં હાજરી તથા કદમબોસીનો શરફ હાંસલ થયો. મઝહબના બારામાં ચર્ચા ચાલી રહી હતી. ઝબાન મુબારકથી આપે ઈર્શાદ ફર્માવ્યો :–

"પ્રથમ મઝહબ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ નો, બીજો મઝહબ ઈમા શાફઈ رضی اللہ عنہ નો, ત્રીજો મઝહબ ઈમામ માલિક رضی اللہ عنہ નો, ચોથો





મઝહબ ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ નો. જેથી મુસલમાનોએ જોઈએ કે આ મઝહબોમાં શક ન કરે જેથી સુન્ની મુસલમાન રહે અને એ વાતનું યકીન કરે કે ઈમામ આ'ઝમ رضی اللہ عنہ નો મઝહબ બાકી ત્રણથી અફઝલ છે." *(રાહતુલ કુલૂબ સામેલ હશ્ત બહિશ્ત, પ્રેસ દિલ્હી)*

મુજદ્દિદ અલ્ફેષાની હઝરત શૈખ અહમદ ફારૂકી સરહિંદી رضی اللہ عنہ પોતાના મકતૂબાતમાં લખે છે :–

"જોઈએ કે અહલે સુન્નતના અકીદાઓ પર યકીનનો આધાર રાખે અને ઝયદ તથા અમ્રની (ગમે તેની) વાતો પર ધ્યાન ન ધરે, બદ્‌મઝહબોના સ્વરચિત ખયાલો તથા વહેમો પર ભરોસો કરવો પોતાને બર્બાદ કરવું છે. નાઝી ફિર્કાની પયરવી જરૂરી છે જેથી નજાતની ઉમ્મીદ પેદા થાય." *(મક્તૂબે ઈમામે રબ્બાની, દફતર અવ્વલ, મક્તૂબ નં. ૨૫૧)*

બીજે ઠેકાણે હિંદુસ્તાનની સુન્નિયત તથા હનફિયતના બારામાં મુજદ્દિદ અલ્ફેષાની શયખ અહમદ ફારૂકી સરહિંદી લખે છે :–

"અહીંના સર્વ મુસ્લિમ રહેવાસીઓ અહલે સુન્નત વ જમાઅતના હક્ક અકીદા પર છે. અહલે બિદઅત તથા ઝલાલતની કોઈ નિશાની અહીં જાહેર નથી થઈ. અને તેઓ હનફી પસંદીદા મઝહબ ધરાવે છે." *(રિસાલા રદ્દુર્રવાફિઝ)*

ઈસ્લામના હિંદુસ્તાનમાં આગમન પછી પાંચ છ સદી સુધી અહીં કેવળ અહલે સુન્નત વ જમાઅત હતા, બાતિલ ફિર્કાનું અહીં કોઈ અસ્તિત્વ ન હતું. સુન્નિયત તથા હનફિયત સર્વત્ર હતી. સર્વ ઉલમા તથા મશાઈખ સુન્ની હનફી હતા. ખુરાસાની શીઆઓના થકી શીઆઈયતે સૌ પ્રથમ કદમ રાખ્યો. પછી મોગલ રાજાઓની ફોજમાં કેટલાક શીઆ અહીં આવ્યા અને ક્રમે ક્રમે તેમણે કદમ જમાવવાના શરૂ કર્યા અને એક અરસા પછી પોતાના વાળ તથા પાંખો કાઢી. પરંતુ અહલે સુન્નતના આલિમોએ એમનો અવરોધ કર્યો અને તેમને અધિક કામયાબ થવા ન દીધા.

મુજદ્દિદ અલ્ફેષાનીએ તેમની વિરૂધ્ધ "રદ્દે રવાફિઝ"ના નામથી કિતાબ લખી. હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીએ એ જ કિતાબનો અરબીમાં અનુવાદ કર્યો. જેનું નામ "અલ્ મુકદમતુસ્સુન્નિયહ્

લિ ઈન્તિસારિલ ફિર્કતિસ્સુન્નિયહ" છે હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વીએ પણ ઘણા જ વિસ્તારપૂર્વક શીઆઈયતની રદમાં એક કિતાબ લખી જે "તોહફએ ઈષ્ના અશરિયહ્"ના નામથી પ્રખ્યાત છે.

શીઆઈયત પછી નજદનો ફિત્નો વહાબિયત અઢારમી સદી ઈસ્વીના પ્રારંભમાં હિંદુસ્તાનમાં જાહેર થયો. વહાબિયત શયખ ઈબ્ને તૈમિયહ હરાની અને શયખ અબ્દુલ વહાબ નજદીના ખયાલો તથા માન્યતાઓનો સમૂહ છે. શાહ મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વીની કુખ્યાત કિતાબ "તકવિયતુલ ઈમાન"ના થકી વહાબિયતના ફિત્નાને ઉત્તેજન મળ્યું. અહલે સુન્નતના ઉલમાએ આ ફિત્નાનો પણ જામીને મુકાબલો કર્યો. લેખિત તથા તકરીરો થકી તેનો ભરપૂર વિરોધ કર્યો, ઠેક ઠેકાણે મુનાઝરા કર્યા, ઘણી કિતાબો તથા પુસ્તિકાઓ તેની વિરૂધ્ધમાં પ્રકાશમાં આવી. બુરાઈ તથા અને બદ્દીનીની વિરૂધ્ધ જંગ કરવો તેમનો મન્સબી (હોદ્દાની રૂએ) ફર્ઝ હતો જેથી તેમણે એવું કરવું જરૂરી પણ હતું.

હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہ બયાન કરે છે. રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :–

اذا ظهرت البدع ولعن آخر هذه الامة اولها فمن كان عنده علم فلينشره. فان كاتم العلما يومئذ ككاتم ما انزل الله على محمد

"જ્યારે બદ્દીની જાહેર થાય અને આ ઉમ્મતના બાદવાળા લોકો પોતાના આગલાઓને ભલુ બુરું કહે તો જેની પાસે પણ ઈલ્મ હોય તેણે તે જાહેર કરી આપવો જોઈએ, કેમ કે આવા સંજોગોમાં ઈલ્મને છુપાવવું એવું છે કે જાણે કોઈ શખ્સ મુહમ્મદર્રસૂલુલ્લાહ ﷺ પર નાઝિલ થનારા હુકમો તથા તાલીમાતને છુપાવે." *(ઈબ્ને અસાકિર)*

શાહ મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વીના એક સમકાલિન સુન્ની આલિમ કુતુબે બનારસ હઝરત મૌલાના મુફતી રઝા અલી બનારસી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ને તે સમયના મુસલમાનોએ આ વહાબી ફિતના તથા "તકવિયતુલ ઈમાન"ના બારામાં સવાલ કર્યો જેનો આપે સંશોધનાત્મક જવાબ આપ્યો જે એ જ સમયમાં ઈશ્તેહારના રૂપે પ્રસિધ્ધ થયો હતો. જેનાં અમુક લખાણો નીચે પ્રમાણે છે :–





મોલ્વી મખ્સૂસુલ્લાહ તે શાહ અબ્દુલઅઝીઝ قدس سرہ ના ભાઈ મોલ્વી રફીઉદ્દીન સાહબ દહેલ્વીના પુત્રએ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની તકવિયતુલ ઈમાનની રદ લખી છે એનું નામ "મોઈદુલ ઈમાન" છે.

મારી મોલ્વી મખ્સૂસુલ્લાહ સાહબથી દિલ્હીમાં મુલાકાત થઈ. મેં પૂછયું કે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના બારામાં તમે શું ફર્માવો છો ? કહ્યું કે **અમે લોકોએ તેને ખૂબ સમજાવ્યો પણ માન્યો નહીં અને હિંદુસ્તાનમાં જેટલો ફિત્નો ફેલાયો છે તે એની જાતથી ફેલાયો છે.**

અને ઈસ્માઈલ દહેલ્વીના બારામાં મારા પીરો મુર્શિદ હઝરત શાહ સઈદ સાહબે પણ 'રદ્દે તકવિયતુલ ઈમાન' લખી છે અને મોલ્વી સદરુદ્દીન સાહબે પણ લખી છે.

અને મોલ્વી મમ્લૂક અલી નાનોત્વીએ 'રદ્દે તકવિયતુલ ઈમાન' લખી છે અને તેનું નામ તફ્વિયતુલ ઈમાન **ફે** સાથે એટલે ઈમાન બર્બાદ કરનાર સાથે લખ્યું છે.

હઝરત પીરો મુર્શિદ સાહબને મેં મદીના શરીફમાં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના બારામાં પૂછયું તો ફર્માવ્યું કે એને મેં તથા દિલ્હીના તમામ આલિમોએ જામેઅ મસ્જિદમાં કાઈલ (માનતો) કર્યો અને **તેણે સ્વીકાર કર્યો કે હું તકવિયતુલ ઈમાનમાં સુધારો કરી આપીશ.**

અને ટોંક સ્થળમાં હઝરત ફર્માવતા હતા કે મારા હઝરત પીરો મુર્શિદ કહ્યા કરતા હતા કે **જેટલા પ્રમાણમાં બેદીની તથા બદ્અકીદગી તથા દીને મુહમ્મદીમાં બગાડ હિંદુસ્તાનમાં થયો તે મોલ્વી ઈસ્માઈલની જાતથી થયો.**

અને ફકીર લખનારનો અનુભવ છે કે જ્યાં તકવિયતુલ ઈમાનની ચર્ચા ફેલાઈ ત્યાં વિખવાદ ચાલુ થઈ ગયો. ખુદા જાણે ક્યા મનહૂસ સમયે સંપાદિત થઈ છે. (ઈશ્તેહારના લખાણો પૂરાં થયાં)

આશ્ચર્યની વાત એ છે કે મુસલમાનો વચ્ચે હંગામો અને ફિત્ના ફસાદ ફેલાવનારી કિતાબ "તકવિયતુલ ઈમાન"ની પ્રથમ આવૃત્તિ હિ.સ. ૧૨૫૪ ઈ.સ. ૧૮૩૮ માં રોયલ એશિયાટિક સોસાયટી કલકત્તાથી

થઈ અને હજારોની સંખ્યામાં તેની મફતમાં વહેંચણી પણ થઈ. યાદ રાખશો કે દિલ્હી પર કબ્જાથી પહેલાં અંગ્રેજોનું પોલીટિક્લ તથા લશ્કરી થાણુ કલકત્તા (કોલકટા) જ હતું. તકવિયતુલ ઈમાનનો અંગ્રેજી તર્જુમો પણ એનાથી પહેલાં રોયલ એશિયાટિક સોસાયટી (લંડન)નો રિસાલો ભાગ–૧૨, ઈ.સ. ૧૮૨૫ માં છપાયો હતો. *(મકાલાતે સર સૈયદ, ભાગ–૯)*

શાહ મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વીના પીર સૈયદ અહમદ રાયબરેલ્વીનો રાજનૈતિક રોલ પણ કાંઈક એવો જ હતો કે મુન્શી મુહમ્મદ જાફર થાને□રી તેમના વિશે લખે છે :–

"સૈયદ સાહબનો અંગ્રેજ સરકાર સાથે જેહાદ કરવાનો ઈરાદો તદન ન હતો, બલ્કે અંગ્રેજ દોસ્તી પર એવો નાઝ હતો કે તેઓ એ આઝાદ અમલદારીને પોતાની જ અમલદારી સમજતા હતા." *(તવારીખે અજીબા, પ્રેસ–દિલ્હી)*

જ્યારે કે અહલે સુન્નતના ઉલમા તેમના તેમજ અંગ્રેજોના સખત વિરોધી હતા. જેમ કે મુહમ્મદ ઈસ્માઈલ પાનીપતી લખે છે :–

"૧૮૫૭ ના બળવામાં પૂરા જોશની સાથે અંગ્રેજોની વિરૂધ્ધ જંગમાં ભાગ લેનારા તે તમામે તમામ ઉલમાએ કિરામ સામેલ હતા જેઓ અકીદાની રૂએ સૈયદ અહમદ અને હઝરત શાહ ઈસ્માઈલના સખ્તતરીન દુશ્મન હતા અને જેમણે હઝરત શાહ ઈસ્માઈલની રદમાં ઘણી કિતાબો લખી છે અને પોતાના શાગિર્દોને લખવાની વસિયત કરી છે." *(હાશિયા મકાલાતે સર સૈયદ, ભાગ–૧૬)*

"તકવિયતુલ ઈમાન"ની કૂખેથી જન્મ પામનાર હિંદુસ્તાની વહાબિયત અને એની શાખાઓના બારામાં ખ્વાજા હસન નિઝામી લખે છે :–

"નજદી વહાબીઓ અને હિંદુસ્તાની વહાબીઓમાં એક ફરક છે. નજદી વહાબી પોતે પોતાને હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલના મુકલ્લિદ કહે છે, પણ હિંદુસ્તાની વહાબી કોઈ ઈમામને નથી માનતા અને પૂર્ણ પણે ગૈર મુકલ્લિદીનો દાવો કરે છે અને પોતે પોતાને "અહલે હદીષ"ના નામથી રજૂ કરે છે.





હિંદુસ્તાનના એહલે હદીષ તો વહાબિયતના કોઠા પર ચઢેલા છે, પણ કેટલાક વહાબી એવા પણ છે જેઓ હજી વહાબિયતના પગથિયા સુધી પહોંચ્યા છે અને તકલીદને માનનાર છે અને એમાંથી અમુક ચિશ્તીયા ખાનદાનમાં પીરી મુરીદી પણ છે તેમને સામાન્ય બોલીમાં "દેવબંદી" કહેવામાં આવે છે." *(નાદાન વહાબી, પ્રેસ–દિલ્હી)*

અંખડ ભારતના મુસ્લિમોની માન્યતાના ઈતિહાસનું નિરીક્ષણ કરવામાં આવે તો શીઆઈયત અને અકબરી અધર્મતાની વિરૂધ્ધ જે ઉલમાએ હક્ક છાતી તાણીને ખડા થયા એમનામાં શખય અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી અને મુજદ્દિદ અલ્ફેષાની અહમદ ફારૂકી સરહિંદીનાં નામો યાદીમાં અગ્રક્રમે જોવા મળે છે. ઈસ્માઈલી તકવિયતુલ ઈમાની પુરની સામે અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી અને અલ્લામા ફઝ્લે રસૂલ ઉષ્માની બદાયૂનીએ બંધ બાંધ્યો અને વહાબિયત તથા દેવબંદિયતના તોફાનનો મર્દાનાવાર મુકાબલો મુહિબ્બે રસૂલ અલ્લામા અબ્દુલકાદિર બરકાતી બદાયૂની અને ઈમામે અહલે સુન્નત મૌલાના અહમદ રઝા હનફી કાદરી બરકાતી એ કર્યો. અન્ય ઉલમા તથા મશાઈખે અહલે સુન્નતના તરફથી હક્કની હિમાયત તથા સુન્નિયતની તથા હનફિયતની રક્ષાનો આ મહાન શખ્સિયતોએ પોતપોતાના દૌરમાં પૂર્ણપણે હક્ક અદા કરી આપ્યો.

વહાબિયતના ફિત્નાએ હિંદની મુસ્લિમ ઉમ્મતને મહબ્બત તથા ઉલ્ફતે રસૂલ ﷺ ના મહાન સરમાયાથી વિખૂટા પાડવા ચાહ્યું, ઔલિયા તથા મશાઈખની અકીદતનો જઝબો તેમના સીનાઓમાંથી કાઢી નાખવા ચાહ્યું, પરંતુ તે પોતાના આ હેતુમાં સફળ ન થઈ શક્યા, આજે પણ હિંદુસ્તાનના મુસ્લિમો રિક્કતે કલ્બ (ભાળ વિભોર દિલ) અને ઈશ્કના દર્દ વડે પોતાની મેહફિલો સજાવીને બેઠેલા છે, અને અલ્લાહની બારગાહના મહબૂબો તથા મુકર્રબોની દરેક બારગાહની અદબ કરનારા તથા વફાદાર છે.

નજદી વહાબીની અસલી પ્રતિનિધિ ગૈર મુકલ્લિદ ફિર્કાનું દિલ તો અદબ તથા એહતેરામથી તદન ખાલી જણાય છે. એવું લાગે છે કે તે મહોબ્બત તથા અકીદતની ભાવનાઓથી તદન જ અજાણ છે. અખંડ

ભારતના સર્વ ગેરમુકલ્લિદો આ દેશના પૂર્વજ બુઝુર્ગો તથા ઔલિયાએ કિરામનું ભૂલથી પણ કદી નામ નથી લેતા, તેની સખ્ત દિલી તેની અંતિમ કક્ષાએ પહોંચેલી છે. એ બુઝુર્ગોની એહસાન ફરામોશી તેઓની ગળથુંથીમાં પડેલી છે. તેમનું આખુ ધાર્મિક સાહિત્ય વાંચી જાવ તો હઝરત દાતાગંજ બક્ષ હિજવૈરી લાહોરી, હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી, હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાની, હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત ફરીદુદ્દીન મસ્ઊદ ગંજ શકર, મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન ઔલિયા જેવા અગ્રગણ્ય મહાન ઔલિયાએ કિરામનું નામ ભાગ્યે જ એમાં ક્યાંક મળશે.

જ્યારે આ જ પાક નફ્સો હિંદુસ્તાનમાં ઈસ્લામના દાઈ (નિમંત્રક) તથા મુબલ્લિગ છે. તેમના જ થકી હિંદુસ્તાનમાં ઈસ્લામ ફેલાયો. આપણા મોહસિન તથા મુરબ્બી પણ આ જ હઝરાત છે. તેમણે જ આપણને ઈસ્લામના દામનથી સંબંધિત કર્યા છે, તેમણે જ આપણને ઈસ્લામની આ'લા મઝહબી રૂહાની તા'લીમાતથી માહિતગાર કર્યા છે, તેમણે જ આપણા રહન સહન, કિરદાર તથા અખ્લાકને ઈસ્લામી માળખામાં ઢાળવા માટે પોતે પોતાને અખ્લાક તથા કિરદારના નમૂના બનાવ્યા. અને એમના જ કારણે પૃથ્વીના આ પ્રદેશમાં ઈસ્લામની તે શમ્અ રોશન થઈ જેના અજવાળામાં આજે પણ આપણે આપણી જીવન નૈયા તરાવી રહ્યા છીએ.

આપણામાંથી જે લોકો પણ વિમુખ થયા તથા વિખૂટા પડયા છે તેમણે સૌએ પલટીને ફરી તેમના જ દામને કરમથી જોડવાનું છે એમના જ સિરાતે મુસ્તકીમ પર ડગ ભરવાના છે, આ જ તે હઝરાત છે જેમના પર અલ્લાહનું ઈનામ તથા એહસાન છે, આ જ તે શખ્સિયતો છે જેમના ઝિક્ર તથા ફિક્રનો સિલસિલો (ક્રમ) આપણા આકા તથા મૌલા જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ સુધી પહોંચે છે. અને ક્રમવાર આગળ વધતો વધતો તાબઈન તથા સહાબા અને પયગંબરે ઈસ્લામ રૂહી ફિદાહની બારગાહ સુધી તેમની જ પહોંચ છે. કિતાબ તથા સુન્નત પર સાચા અર્થમાં તેમણે જ અમલ કર્યો છે. આપણા પૂર્વજ બુઝુર્ગોના વારિસ તથા અમીન આ જ લોકો છે, એઓ જ સુન્ની છે, એઓ જ મુહમ્મદી છે, એઓ જ





મુસ્તફવી છે, એઓ જ ઈસ્લામના સાચા ખાદિમ છે અને હિંદની મુસ્લિમ મિલ્લતને આજે પણ એઓ એનો ભૂલેલો સબક સવાર સાંજ યાદ અપાવી રહ્યા છે, કે (શેઅર) :–

ઈસ્લામ તેરા દીન હૈ તૂ મુસ્તફવી હૈ

મહબ્બત તથા ઉલ્ફતે રસૂલુલ્લાહ ﷺ જ એ ઉમ્મતે મુહમ્મદિયહ્‌ની જાન છે, એ એના ઈમાનનો મતલબ છે. આ અણમોલ મૂડીની હિફાઝત સૌથી મહત્વનો દીની ફરીઝો છે. બાતિલોના ગલત ખયાલોના હુમ્લાથી પોતાના ઈમાની જૌહરને બચાવીને રાખવું જ એ અસલ કામયાબી છે. અને એક મહાન ખિદમત એ પણ છે કે જે લોકો માર્ગેથી ભટકી ગયા છે, જે લોકો કોઈ ફિત્ના અથવા ગુમરાહીના શિકાર થઈ ચૂક્યા છે તેમની સમક્ષ અસલ હકીકતો રાખવામાં આવે, તેમની ગલતીઓનો નિર્દેશ કરવામાં આવે, તેમને આખેરતના ખતરાઓથી ડરાવવામાં આવે, તેમના દિલોમાં નવેસરથી મહબ્બત તથા અકીદતની ફાનસ રોશન કરવામાં આવે, ઈમાનની જ્યોતને તેજ કરવામાં આવે, ભટકેલાં હરણોનો કાફલો હરમ તરફ લઈ જવામાં આવે અને રસૂલે કૌનેન ﷺ ની અતિ મહેરબાનીની અમાનમાં તેમને સોંપી દેવામાં આવે :–

ભટકે હૂએ આહૂકો ફિર સૂએ હરમ લે ચલ !

અઝીઝે મુકર્રમ હઝરત મૌલાના મુબારક હુસૈન મિસ્બાહીએ એ નેક ભાવનાઓ તથા અનુભૂતીઓની સાથે પ્રસ્તુત કિતાબને સંપાદિત કરી દીધી છે. પોતાના વિવિધ લેખોને એકત્ર કર્યા છે, અમુક નવા લખાણો પણ ઉમેર્યા છે અને પછી તેને સજાવી સમારીને વાંચકોની સેવામાં રજૂ કર્યા છે.

આ કિતાબમાં તેમણે મુસલમાનો વચ્ચે ભાગલાનું ઐતિહાસિક પરીક્ષણ કર્યુ છે,

હક્ક તથા સત્યનો નિર્દેશ કર્યો છે, અખંડ ભારતમાં મુસ્લિમોમાં ભાગલા થવાનો પ્રારંભ તથા તેની છેવટની સ્થિતિ પર પ્રકાશ વેર્યો છે, બગડતા સંજોગો અને બદલાતા ચહેરાઓનું પ્રતિબિંબ રજૂ કર્યું છે. ભેદી

અને કટ્ટરવાદી આલિમ વહીદુદ્દીનખાં સાથે બે વાતો કરી છે, માન્યતાના (અકીદાના) મતભેદથી લઈને કત્લોગારતગરી સુધીના ભયાનક કિરદાર અને અંજામ વડે પોતાના વાંચકોને માહિતગાર કર્યા છે. જે કિતાબો તથા રિસાલાથી ડાયરેકટ કે ઈન્ડાયરેકટ લાભ ઉઠાવીને આ લખાણો લખવામાં આવ્યાં છે કિતાબના અંતે તેની એક સંપૂર્ણ યાદી રજૂ કરવામાં આવી છે.

લગભગ અઢીસો પેજીસની આ કિતાબ પોતાના વિષયની એક સફળ રજૂઆત છે. ઐતિહાસિક હવાલાઓની સાથે ગંભીરપણે એને લખવામાં આવી છે, સ્પષ્ટ અંદાઝમાં હકીકતો રજૂ કરવામાં આવી છે, અહલે સુન્નતથી દૂર થઈ જનારી જમાઅતો અને બાતિલ ફિર્કાઓ પર સંક્ષિપ્ત મેટર કિતાબમાં સામેલ કરેલી છે. પ્રાચીન તથા અર્વાચીન બંને પ્રકારના ગુમરાહ ફિર્કાઓનો સંક્ષિપ્ત ઈતિહાસ આ કિતાબના અભ્યાસથી સામે આવી જાય છે. દરેક તબકા તથા દરેક મસ્લકના શોખ ધરાવનારા વાંચકોના માટે આ કિતાબ અભ્યાસને પાત્ર છે, એમના ઈલ્મમાં એવી ઘણી બધી વાતો યકીની તૌર પર આવી જશે જેનાથી તેઓ અત્યાર સુધી બેખબર તથા નાવાકેફ છે.

મૌલાના મુબારહુસૈન મિસ્બાહી આપણી અહલે સુન્નત જમાઅતના સક્રિયા તથા કાર્યરત નવયુવાન આલિમે દીન છે, ઉચ્ચ વિચારણા તથા ઉચ્ચ હોસલાથી સજ્જ છે. તેમની ભાવનાઓ નેક તથા વિચારો રચનાત્મક છે. લખાણ તથા તકરીર બંનેથી સમાન દિલચસ્પી ધરાવે છે અને બંને ક્ષેત્ર ઝડપભેર તેમની ઓળખ બનતી જઈ રહી છે. અહલે સુન્નત ગર્વને પાત્ર દર્સગાહ **અલ્જામિઅતુલ્ અશ્રફિયહ્ મુબારકપુરના** ફારિગ થયેલ છે. અત્યારે એના મુદર્રિસ હોવાની સાથોસાથ મશહૂર દીની ઈલ્મી માસિક "અશ્રફિયહ્" મુબારકપુરના મુખ્ય તંત્રી પણ છે. કાંઈ કેટલીયે કિતાબોના લેખક પણ છે. ભવિષ્યમાં તેમનાથી ઘણી અપેક્ષાઓ બંધાયેલી છે અને આશા છે કે ઈન્શાઅલ્લાહ ! આ આશાઓ પૂર્ણ પણ થશે.

દુઆ છે કે રબ્બે કાઈનાત તેના હબીબે પાક સાહિબે લૌલાક ﷺ ના સદકા તથા તુફૈલમાં માર્ગ ભૂલેલાઓના માટે હિદાયતની શમ્અ બનાવે, હિદાયત પામેલાઓના માટે હિદાયતમાં અધિક્તાનો સબબ





બનાવે મહબ્બત તથા ઉલ્ફતે રસૂલુલ્લાહ ﷺ થી દરેક મુસલમાનનો સીનો ભરચક કરી આપે. સૌને સિરાતે મુસ્તકીમ પર ચાલતા રહેવાની તૌફીક અતા ફર્માવે. આ કિતાબ આમ કબૂલિયત નસીબ કરે અને કિતાબના સંપાદકના ઈલ્મ તથા ફઝલમાં વધારો કરે અને તેમને લખાણ તથા સ્પીચની અધિક સમજ અને તેની બરકતો અતા ફર્માવે. આમીન

**-यासीन अख्तर मिस्बाही**

બાની વ મોહતમિમ દારુલ ક્લમ, કાદરી મસ્જિદ રોડ,

ઝાકિર નગર, ન્યૂ દિલ્હી–૨૫

૨૬–રમઝાનુલ્ મુબારક, હિ.સ. ૧૪૨૨, ઈ.સ. ૧૨/૧૨/૨૦૦૧

ફોન : ૦૧૧–૨૬૩૨૬૭૭૨, ૨૩૨૬૪૫૨૪

★ અણમોલ કિતાબ મંગાવો ! ★

**કિતાબ** : **અન્વારુલ હદીષ** (પેજીસ–૩૨૪) (કિંમત–૬૦ રૂા.)

**લેખક** : હઝરત અલ્લામા મુફ્તી જલાલુદ્દીન અમજદી علیہ الرحمۃ والرضوان

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**પ્રકાશક** : **અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

આ કિતાબ ઈલ્મના ખજાનારૂપી એક તોહફો છે જેમાં ૧૧૩ વિષયો પર ૫૫૪ હદીષો અને ૪૭૪ મસાઈલ જમા કરી દેવામાં આવ્યા છે. અકીદાથી લઈને પાકી, નમાઝ, મસ્જિદના ફઝાઈલ, મૈયત, કફન, દફન, ઝકાત, રોઝા, એ'તેકાફ, હલાલ રોજી, વેપાર, વ્યાજ, નિકાહ, તલાક, ખાવા, પીવા, પહેરવેશ, ઝિનાની ખરાબી, સલામ, મુસાફા, માં બાપ તથા ઔલાદ, ભાઈના હક્કો, ચોરી, દારૂ, જૂઠ, ગુસ્સો, ઘમંડ વગેરે સાથે સદ્ અખ્લાક, મો'જિઝા, મેઅરાજ, કરામતો વગેરે વિશે પુષ્કળ હદીષો, તેની સમજૂતી તથા તેના પરથી બનતા મસાઈલથી કિતાબને શણગારી છે જેને દરેક મુસલમાને ઘરમાં વસાવવી જોઈએ.

હદીષની કિતાબોના શોખિન ભાઈઓ પણ આ કિતાબ વાંચી સંતોષ મેળવી શકે છે. આજે જ રૂા. ૬૦/– **M.O.** કરીને મંગાવો ! રહી જશો તો પસ્તાશો !

# મુસલમાનો આપસમાં થયેલ ભાગલાનું ઐતિહાસિક નિરીક્ષણ

(લખાણ : ઓક્ટોબર-૨૦૦૨)

ઈસ્લામ દુનિયાનો એકલો મઝહબ છે જે આખા જગતમાં સલામતીનો નિમંત્રક અને માનવ અધિકારોનો રક્ષક છે. તે રંગ તથા વંશ, જાતિ તથા વતન અને આર્થિક તથા સામાજિક તમામ મતભેદો તથા ભેદભાવોને મિટાવીને પોતાના માનનારાઓને શાંતિ તથા એકતાના ખુશગવાર માહોલમાં જિંદગી ગુજારવાનું નિમંત્રણ આપે છે. કુર્આન અઝીમે માનવ જગતના ઉચ્ચતમ સમાજની રચના માટે હિરાની ગુફાની પહાડીઓએથી આ ભાઈચારાનો સંદેશ બહાર પાડયો હતો :–

કે મુસલમાન મુસલમાન આપસમાં ભાઈ ભાઈ છે. પયગંબરે ઈન્કિલાબ, મોહસિને ઈન્સાનિયતે ભાઈચારગીના આ રબ્બાની ફલસફાની હૃદયાકર્ષક સ્પષ્ટતા નીચે દર્શાવેલ શબ્દોમાં ફર્માવી હતી :

ترى المؤمنين فى تراحمهم و توادهم و تعاطفهم كمثل الجسد، اذا اشتكى عضواً تداعىٰ له سائر جسده بالسّهر والحمىٰ *(સૂ. હુજુરાત–૧૦)*

"મુસ્લિમ જાતિ આપસમાં દયાભાવ, મહોબ્બત અને મહેરબાનીમાં એક શરીરની જેમ છે. કોઈ એક અંગમાં પીડા ઉભરે છે તો આખુ શરીર અનિદ્રા અને બેચેનીનો શિકાર થઈ જાય છે." *(સહીહ બુખારી કિતાબુલ્ અદબ, બાબે રહમતુન્નાસ વલ બહાઈમ)*

રસૂલેપાક ﷺ ની હદીષના આ શબ્દો :–

المؤمن للمؤ كَابُنْيَانِ يشده بعضه بعضا *(બુખારી શરીફ, કિતાબુલ્ અદબ, બાબે તઆવુનિલ મુસ્લિમીન બઅ્દહુમ બઅ્દા)* મુસ્લિમ કૌમની આપસમાં એકતા તથા સંગઠનની મહત્વતા અને કૌમની એકતાનાં ઉચ્ચતમ પરિણામોની પ્રતિ કેટલા સ્પષ્ટ શબ્દોમાં નિર્દેશ કરી રહ્યા છે. એટલે કે





તમામ મુસલમાન આપસમાં એક દીવાલની જેમ છે જેનો એક હિસ્સો બીજા હિસ્સાને મળીને મજબૂત બને છે. ઈસ્લામે એની પણ ઈજાઝત નથી આપી કે એક મસલમાન બીજા મુસલમાનની જાન માલ અને ઈજ્જત આબરૂની પ્રતિ બુરી દષ્ટિ પણ કરે અને તેમની સાથે ખેલ કરે." كل المسلم على المسلم حرام دمه وماله وعرضه *(બુખારી શરીફ, કિતાબુલ્ મઝાલિમ)* એકવાર મુસ્લિમ સમાજની આપસમાં સહકાર તથા હમદર્દી તથા દુ:ખમાં ભાગીદાર થવાની ભાવનાને ઉત્તેજીત કરવાના માટે ઈર્શાદે રસૂલ થયો : انصراخاك ظالماً كان او مذلوماً *(મુસ્નદે અહમદ, ભાગ–૩, પેજ–૯૯)* "તમારા ભાઈની મદદ કરો ભલે તે જાલિમ હોય કે મઝલૂમ ! સહાબાની મજલિસમાંથી કોઈકે અર્ઝ કરી, જાલિમ હોવાના સંજોગો મદદનો અંદાઝ શો હશે ? તો આકાએ કાઈનાતે ઈર્શાદ ફમાવ્યો, એની મદદ એ છે કે તેને જુલ્મથી રોકો.

ખત્મી મર્તબત, મુસ્તફા જાને રહમતના જમાલે જહાંઆરાથી આંખો ભરીને તૃપ્ત થનારા અન્સાર તથા મુહાજિરો વચ્ચે આપસમાં ભાઈચારો તથા મહોબ્બત, ત્યાગ ભાવના તથા વિ□ાસ અને સમાનતા તથા હમદર્દીના જે આશ્ચર્યજનક ભાવો પેદા થયા હતા તેમણે ઈસ્લામી એકતાના અવ્વલીન તથા કામિલતરીન સમાજને અસ્તિત્વ અર્પ્યું. અલ્લાહના કલમા અને રસૂલની ઈજ્જતની રક્ષાના માટે મરી ફિટવાની બેકાબૂ આરઝૂ તેમના ચિંતન તથા વર્તનની સંયુક્ત શક્તિઓ હતી, જેને પ્રાપ્ત કરવાના માટે તેઓ કોઈ પણ કુર્બાની આપવા સદા તત્પર રહેતા હતા. **મદીનાના અન્સારોએ મક્કાના મુહાજિરોની મિજબાનીની ફરજો અંજામ આપી તો શું દુનિયાની કોઈ કૌમ એનું દષ્ટાંત પૂરું પાડી શકે છે ?** જ્યારે હઝરત અબ્દુર્રહ્‌માન ઈબ્ને ઔફ હિજરત કરીને મદીના પહોંચ્યા તો સરવરે આલમ ﷺએ સઅદ ઈબ્ને રબીઅ અન્સારીને તેમના ભાઈ બનાવ્યા. રસૂલે પાક ﷺ ની મુબારક ઝબાનેથી આ પ્રાણમાં તાજગી લાવનાર ખુશખબરી સાંભળતાં જ હઝરત સઅદે પોતાના ભાઈ અબ્દુર્રહ્‌માન ઈબ્ને ઔફને કહ્યું, તમો મારા ભાઈ છો અને હું સૌ મદીનાવાસીઓમાં વિશેષ માલદાર છું. તમે મારી દરેક ચીજ અડધી અડધી કરી દો અને એક અડધો ભાગ તમે લઈ લો અને બીજો

અડધો ભાગ મને આપો. તેમજ **મારી બે પત્નીઓ છે એમાંથી જે તમને પસંદ હોય તે બતાવો જેથી હું તેને તલાક આપી દઉં અને ઈદ્દત પસાર કર્યા બાદ તમે તેણી સાથે નિકાહ કરી લો.**

**શું માનવ ભાઈચારા અને અતિશય ત્યાગ ભાવનાનું આવું દષ્ટાંત ક્યાંય મળી શકે છે ?** આ કેવળ **શાંતિ તથા એકતાના નિમંત્રક પયગંબર**ની ક્રાંતિકારી તાલીમ અને તેમની સોહબતના ફાયદાની બરકત હતી. પણ અશરફુલ મખ્લૂકાત (સર્વ મખ્લૂકમાં શ્રેષ્ઠ)ની આ નસીબમાં લખાયેલી પડતી માટે શું કહીએ કે રિસાલતકાળના આ નસીબવંત માહોલમાં કેટલાક એવા નામ માત્રના મુસલમાન પણ દાખલ થઈ ગયા જેમને કુર્આનની પરિભાષામાં મુનાફિકો વડે સંબોધવામાં આવે છે. આ બદ્‌બખ્ત ગિરોહ પોતાના જાહેરી દેખાવ, ટીપ ટોપ અને જીવન જીવવાની તથા બંદગીની પદ્ધતિમાં તદ્દન મુસલમાનોની જેમ જણાતો હતો, કલમો પઢતો, નમાઝો પઢતો, તબ્લીગ કરતો અને ખૂદને મુસ્તફાના ગુલામોમાં ગણાવતો, પરંતુ એ ધોકો છે, નિફાક હતો, તેમનાં દિલો દિમાગ કુફ્ર તથા શિર્ક અને યહૂદિયત તથા ઈસાઈયતને મજબૂતી પહોંચાડી રહ્યાં હતાં અને કલ્મો પઢનારા હોવા છતાં ઈસ્લામના બદ્દતરીન દુશ્મન હતા.

કુર્આને અઝીમ મુનાફિકોના ચેહરાને ખુલ્લા કરતાં ઈર્શાદ ફર્માવે છે :–

اِذَاجَاءَ کَ الْمُنٰفِقُوْنَ قالوا نَشْهَدُ اِنَّکَ لَرَسُوْلُ اللّٰهِ وَاللّٰهُ يَعْلَمُ اِنَّکَ لَرَسُوْلُه‘ وَاللّٰهُ يَشْهَدُ اِنَّ الْمُنٰفِقِيْنَ لَكٰذِبُوْنَ۔

**અર્થાત** : "જ્યારે મુનાફિકો તમારી સમક્ષ હાજર થાય છે તો કહે છે કે અમે ગવાહી આપીએ છીએ કે હુઝૂર બેશક ! યકીનન ! અલ્લાહના રસૂલ છે, અને અલ્લાહ જાણે છે કે તમે તેના રસૂલ છો. અને અલ્લાહ ગવાહી આપે છે કે મુનાફિક ચોક્કસ જૂઠા છે." *(સૂ. મુનાફિકૂન–૧)*

એના પરથી અંદાઝો થાય છે કે મુસલમાનોમાં ભાગલા પડાવવાની શરૂઆત રિસાલતકાળથી જ શરૂ થઈ ચૂકી હતી. ગયબ જાણનાર પયગંબરે આવનાર સમયો માટે સ્પષ્ટ નિર્દેશો કર્યા હતા. લખાણ ટૂંકાવવાના હેતુસર તેમાંથી કેવળ એક જ આગાહી સાંભળો :–





سيكون فى امتى اختلاف و فرقة قوم يحسنون القيل ويسيئون الفعل، يَقْرَؤُوْنَ القرآن لايجاوز ايمانهم تراقيهم يمرقون من الدين مروق السهم من الرمية، لايرجعون حتى يعودالسهم الى فوقه، وهم شرالخلق والخليقه طوبیٰ لمن قتلهم اوقتلوه يدعون الى كتاب الله وليس منه فى شئ من قتلهم كان اولیٰ بالله منهم، سيماهم التحليق

**અર્થાત** : "નજીકમાં જ મારી ઉમ્મતમાં મતભેદ તથા ભાગલા પડશે. એક કૌમ થશે જેની વાતો સારી અને કામો બુરાં હશે, કુર્આન પઢશે પણ ઈમાન તેમના ગળેથી ઉતરશે નહીં. તેઓ દીનથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર કમાનથી. પછી તેઓ પલટશે નહીં એટલે સુધી કે તીર પોતાના કમાન તરફ પલ્ટે. ખુશખબરી તેના માટે જે એમને કત્લ કરે અથવા તે જેને કત્લ કરે. તેઓ કિતાબુલ્લાહની તરફ બોલાવશે અને એની સાથે એમને કાંઈ સંબંધ હશે નહીં. અલ્લાહ તઆલાની નજીક તેમનો કત્લ તેમનાથી બેહતર હશે. તેમની ખાસ નિશાની માથુ મૂંડાવવું છે." *(બુખારી તથા મુસ્લિમમાં આ ભાવાર્થની વિવિધ હદીસો આવેલી છે.)*

અબૂ દાઊદની મશહૂર હદીષ છે. સરકાર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : "મારી ઉમ્મતમાં તોત્તેર ફિર્કા થશે, બોત્તેર જહન્નમમાં અને એક જન્નતમાં. **વહીયલ જમાઅહ** એટલે તે જ નજાત પામનાર (નાઝી) જમાઅત હશે." *(અબૂ દાઊદ, કિતાબુસ્સુનનહ)*

નબી કરીમ ﷺ એ ફર્માવ્યું : "યહૂદીઓ ઈકોતેર ફિર્કાઓમાં વહેંચાઈ ગયા અને નસારા બોત્તેર ફિર્કાઓમાં અને મારી ઉમ્મતમાં તોત્તેર ફિર્કા થશે." આ હદીષ હેઠળ શયખ ઈબ્રાહીમ અઝીઝી જામેઅ સગીરની શરહમાં ફર્માવે છે કે આ આગાહી આપણા નબીનો મહાન મો'જિઝો છે કે આપે જે ગયબની ખબર આપી તે જમાનાએ જોઈ લીધું. અમુક ગૈર મુકલ્લિદો એવું કહે છે કે આ ફિર્કાઓથી ઈસ્લામના ફકીહોનો મસ્લક મુરાદ છે એ તદ્દન ગલત છે. ઈમામ અબૂ મન્સૂર અબ્દે અકાહિર ઈબ્ને તાહિર તમીમીએ આ હદીષની શરહમાં ખાસ એક કિતાબ લખી છે એમાં તેમણે સંપૂર્ણ વિસ્તારપૂર્વક લખ્યું છે કે આ હદીષમાં બુરા ફિર્કાઓથી મુરાદ ઈસ્લામના ઈમામોનો મતભેદ હરગિઝ નથી બલ્કે એનાથી

ઈસ્લામના નામધારી તે ફિર્કા મુરાદ છે જેમણે અહલે હક્ક તથા સદાકત અહલે સુન્નત સાથે તૌહીદના નિયમો, તકદીરનું ભલુબુરૂં, નબુવ્વત તથા રિસાલતની શરતો અને સહાબાએ કિરામની પરસ્પર એકતામાં મતભેદ કર્યો. આ તોત્તેર ફિર્કાઓમાં બોત્તેર ગુમરાહ થયા અને એક હક્ક પર કાયમ રહ્યો અને તે નાજી (નજાત પામનાર) ફિર્કો અહલે સુન્નત વ જમાઅત છે. ગુમરાહ ફિર્કાઓના બુનિયાદી પ્રકારો વર્ણન કરતાં લખે છે :–

اصول هٰذه الفرق الحرية والقدرية اولجهمية والمرجئة والمرافضة والجبرية وقد انقسمت كل فرقةٍ منها اثنتى عشرة فرقة فصارت الى اثنين و سبعين

"આ બોત્તેરના પાયાના ફિર્કા છ છે : (૧) હરવિય્યહ (૨) કદરિય્યહ (૩) જહમિય્યહ (૪) મુર્જિય્યહ (૫) રાફઝિય્યહ (૬) જબરિય્યહ. પછી એમાંથી દરેક ફિર્કો બાર ફિર્કાઓમાં વહેંચાઈ ગયો, આ રીતે બોત્તેર થઈ ગયા." *(અબૂ મન્સૂર તમીમી બહવાલા, હુજ્જતુલ્લાહ અલલ આલમીન ફી મો'જિઝાતે સૈયદુલ મુરસલીન, પેજ–૩૯૭)*

અને ઈબ્ને રસલાનના કથનાનુસાર એ પણ કહેવામાં આવ્યું છે કે, વીસ એમાં રાફઝી છે, વીસ ખારજી, વીસ કદરિય્યહ્, છ મુર્જિય્યહ્, એક ઝરારિય્યહ્, એક જહ્મિય્યહ અને ત્રણ કરામિય્યહ્ આ રીતે ૭૨ ગુમરાહ ફિર્કાઓની સંખ્યા સંપૂર્ણ થઈ ગઈ.

કુત્બે રબ્બાની શયખ અબ્દુલકાદિર જીલાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

اصل الثلاث والسبعين فرقة عشرة اهل السنة والخوارج والشيعه والمعتزلة والمرجئة والمشبهة والجهمية والضرارية والنجارية والكلامية

**અર્થાત** :"તોત્તેર ફિર્કાઓના પાયાના પ્રકારો દસ છે : (૧) **અહલે સુન્નત વ જમાઅત** (૨) **ખારજી** (૩)**શીઆ** (૪) **મોઅ્તઝલા** (૫) **મુર્જિય્યહ** (૬) **મુશ્બિહા** (૭) **જહ્મિય્યહ** (૮) **ઝરારિય્યહ્** (૯) **નજારિય્યહ્** (૧૦) **કલામિય્યહ્**

فاهل السنة طائفة واحدة، والخوارج خمس عشرة فرقة والمعتزلة ست فرق والمرجئة اثنتا عشرة والشيعة اثنتان و ثلاثون فرقة والجهمية والنجارية والضرارية والكلامية كل واحدة فرقة واحدة والمشبهة ثلاث فرق فجميع ذالك ثلاث وسبعون فرقة۔ كما اخبربه النبى صلى الله عليه وسلم واما الفرقة الناجية فهى اهل

અહલે સુન્નત એક ગિરોહ છે, ખારજી ૧૫ ફિર્કા થયા, મોઅતઝલા છ





ફિર્કા થયા, મુર્જિય્યહ્ ૧૨ ફિર્કા થયા, શીઆ ૩૨ ફિર્કા થયા, જહમિય્યહ્, નજારિય્યહ્, ઝરારિય્યહ્, કલામિય્યહમાંથી સૌ એક એક જ રહ્યા મુશ્બિહા ત્રણ ફિર્કા થયા, તો સૌ તોત્તેર ફિર્કા થઈ ગયા, જેવો કે નબી કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો હતો.

એમાંથી નજાત પામનાર ફિર્કો "અહલે સુન્નત વ જમાઅત" છે. *(શૈખ અબ્દુલકાદિર જીલાની ગુન્યતુત્તાલિબીન બહવાલા હુજ્જતુલ્લાહુ અલલ આલમીન, પેજ–૩૯૭)*

મવાકિફ અને શરહે મવાકિફમાં મૂળભૂત ફિર્કા આઠ લખ્યા છે :– (૧) **મોઅ્તઝલા** (૨) **શીઆ** (૩) **ખારજી** (૪) **મુરજિય્યહ્** (૫) **નજારિય્યહ્** (૬) **જબરિય્યહ્** (૭) **મુશ્બિહા** (૮) **નાજિય્યહ્ "અહલે સુન્નત વ જમાઅત"**. *(શૈખ અબુલ આ'લા, શરહે મવાકિફ, પ્રેસ–નવલકિશોર, પેજ–૭૪૬ થી ૭૬૨)*

હવે અમે શરહે મવાકિફ, તારીખુલ મઝાહિબિલ ઈસ્લામિયહ્, મઝાહિબે ઈસ્લામ, હદ્દુષુલ ફિતન વ જિહાદિ અઅ્યા નિસ્ સુનન અને અલ્ મલુલ વલ્ મલુલ વન્ નહ્લ વગેરેના હવાલાથી ૭૨ ફિર્કા અને તેના બાનીઓનો ઉલ્લેખ કરીએ છીએ :–

મોઅ્તઝલાનો બાની વાસિલ બિન અતા છે અને મોઅતઝલા ફિર્કાથી વીસ ફિર્કા નીકળ્યા. આ તમામ ફિર્કા આપસમાં એકબીજાને કાફિર ઠરાવતા હતા. તેની વિગત નીચે પ્રમાણે છે :–

૧. **વાસિલિયહ** : એનો બાની (સ્થાપક) અબૂ હુઝૈફા વાસિલ બિન અતા હતો. (હિ.સ. ૮૦–હિ.સ. ૧૩૧)

૨. **અમુવ્વિયહ** : એનો બાની ઉમર ઈબ્ને ઓબૈદ હતો. (હિ.સ. ૮૦–હિ.સ. ૧૪૪)

૩. **હઝીલિય્યહ** : એનો બાની અબુલ્ હઝીલ અલ્ અલાફ હમ્દાન

હતો. (હિ.સ. ૧૩૫–હિ.સ. ૨૩૫)

૪. **નઝ્ઝામિયહ્** : એનો બાની ઈબ્રાહીમ ઈબ્ને સિયાર નઝ્ઝામ હતો. (વફાત હિ.સ. ૨૩૧)

૫. **અસ્વારિય્યહ્** : એનો બાની અબુલ આ'લા અમ્ર ઈબ્ને કાઈદ અસ્વારી હતો.

૬. **અસ્કાફિય્યહ્** : એનો બાની અબૂ જા'ફર મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ હતો. (વફાત : હિ.સ. ૨૪૦)

૭. **જાફરિય્યહ્** : એનો બાની જા'ફર ઈબ્ને હમ્દાની હતો. (હિ.સ. ૧૭૭–હિ.સ. ૨૩૬)

૮. **બશરિય્યહ્** : એનો બાની બશર ઈબ્ને મુઅમર હતો. (વફાત : હિ.સ. ૨૧૦)

૯. **મઝદારિય્યહ્** : એનો બાની અબૂ મૂસા ઈસા ઈબ્ને સબીહ મઝદાર હતો.

૧૦. **હિશામિય્યહ્** : એનો બાની હિશામ ઈબ્ને ઉમર ફૂતી હતો.

૧૧. **સાલિહિય્યહ્** : એનો બાની સાલિહ હતો.

૧૨. **હાબતિય્યહ્** : એનો બાની અહમદ ઈબ્ને હાબત હતો.

૧૩. **હદબિય્યહ્** : એનો બાની ફઝ્લ હદબી હતો.

૧૪. **મુઅમ્મરિય્યહ્** : મુઅમર ઈબ્ને અબાદ સલબી હતો.

૧૫. **ષમામિયહ્** : એનો બાની ષમામા ઈબ્ને અશ્રસ નમીરી હતો. (વફાત : હિ.સ. ૨૧૩)

૧૬. **ખયાતિય્યહ્** : એનો બાની અબુલ હસન ઈબ્ને અબી અમ્ર ખયાત હતો.

૧૭. **જાહઝિય્યહ્** : એનો બાની અમ્ર ઈબ્ને બહર જાહિઝ હતો. (હિ.સ. ૧૬૩–હિ.સ. ૨૫૫)

૧૮. **કઅબિય્યહ્** : એનો બાની અબુલ કાસિમ અબ્દુલ્લાહ ઈબ્ને અહમદ ઈબ્ને મહમૂદ બલ્ખી કઅબી હતો. (વફાત : હિ.સ. ૩૧૯)

૧૯. **જબ્બાઈય્યહ્** : એનો બાની અબૂ અલી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ



અખંડ ભારતમાં મુસ્લિમોમાં વિખવાદના સબબો

વહહાબ જુબ્બાઈ હતો. (હિ.સ. ૨૩૫, હિ.સ. ૩૦૩)

૨૦. **બુહશ્મિય્યહ્** : એનો બાની અબૂ હાશિમ અબ્દુસ્સલામ ઈબ્ને અબી અલી જબાઈ હતો. (હિ.સ. ૨૪૭, હિ.સ. ૩૨૧)

મૂળભૂત ફિર્કાઓમાં બીજો ફિર્કો "શીઆ" છે એનાથી ૨૨ ફિર્કા નીકળ્યા એઓ પણ આપસમાં એકબીજાને કાફિર ઠરાવતા હતા. અહલે તશીઅના પાયાના ફિર્કા ત્રણ છે : (૧) **ગલાત** (૨) **ઝૈદિય્યહ** (૩) **અમામબહ્**. ગલાત ફિર્કાથી અઢાર ફિર્કાઓનો ઉદ્‌ભવ થયો એની વિગત નીચે જુઓ :–

૧. **સબ્બાઈયહ** : એનો બાની અબ્દુલ્લાહ ઈબ્ને વહબ ઈબ્ને સબા ઉર્ફે ઈબ્ને સવાદ હતો. (મુત્યુ : હિ.સ. ૪૦)

૨. **કામિલિયહ** : એનો બાની અબૂ કામિલ હતો.

૩. **મુગીરિયહ** : એનો બાની મુગીરહ્ ઈબ્ને સઈદ અજીલી હતો. (મૃત્યુ : હિ.સ. ૧૧૯)

૪. **બનાનિયહ્** : એનો બાની બનાન ઈબ્ને સમ્આન તમીમી હિંદી યમની હતો.

૫. **જનાહિયહ્** : એનો બાની અબ્દુલ્લાહ ઈબ્ને મુઆવિયહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને જા'ફર ઝુલ જનાહિન ઈબ્ને અબૂ તાલિબ હતો. (મૃત્યુ : હિ.સ. ૧૨૯)

૬. **મન્સૂરિયહ્** : એનો બાની અબૂ મન્સૂર અજલી હતો.

૭. **ખત્તાબિયહ્** : એનો બાની અબુલ ખત્તાબ મુહમ્મદ બિન વહબ હતો.

૮. **ગરાબિયહ્** : એમનો અકીદો છે કે હઝરત અલી સરકાર عليه الصلوٰة والسلام થી ઘણા મળતા જુલતા હતા જેવું એક કાગડાને બીજા કાગડા સાથે સરખાપણુ હોય છે એટલા માટે હઝરત જિબ્રઈલ ચૂકી ગયા ! અને હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ને બદલે હુઝૂર صلى الله عليه وسلم પાસે વહી લઈને પહોંચી ગયા. (મઆઝલ્લાહ !)

૯. **ઝમિયહ્** : આ ફિર્કો નબી કરીમ صلى الله عليه وسلم ની ટીકા કરતો હતો એટલા

માટે એને ઝમિય્યહ કહેવામાં આવ્યો.

**૧૦. હિશામિયહ્** : એનો બાની હિશામ ઈબ્ને હકમ હતો. (મૃત્યુ : હિ.સ. ૧૯૦)

**૧૧. ઝરારિયહ્** : એનો બાની ઝરારહ ઈબ્ને અલમીન કૂફી હતો. (મૃત્યુ : હિ.સ. ૧૫૦)

**૧૨. યૂનુસિયહ્** : એનો બાની યૂનુસ ઈબ્ને અબ્દુર્રહ્માન કમસી હતો. (મૃત્યુ હિ.સ. ૨૦૮)

**૧૩. શૈતાનિયહ્** : એનો બાની મુહમ્મદ ઈબ્ને નોઅમાન સીરફી ઉર્ફે શૈતાન અત્તાક હતો.

**૧૪. રઝામિયહ્** : એનો બાની રઝામ ઈબ્ને સાબિક હતો.

**૧૫. મઝૂઝા** : એનો અકીદો છે કે અલ્લાહ તઆલાએ મુહમ્મદ ﷺ ને પેદા ફર્માવ્યા અને પછી દુનિયાની તખ્લીક (સર્જન)નો અધિકાર તેમને સોંપી દીધો. આ ફિર્કાના કેટલાક લોકો એ જ અકીદો હઝરત અલીના બારામાં ધરાવે છે.

**૧૬. બદઈય્યહ્** : એનો અકીદો છે કે અલ્લાહ તઆલા પર કોઈ ચીજ એ સમયે જાહેર થાય છે જ્યારે તે એનો ઈરાદો કરે છે.

**૧૭. નસરિયહ્** : એનો બાની નસીર છે અથવા મુહમ્મદ ઈબ્ને નસીર ફહરી.

**૧૮. ઈસ્માઈલિયહ્** : એનાં સાત નામો છે : બાતિનિયહ, કરામતા, હર્મિયહ, સબઈયહ, બાબકિયહ, મહમરા, ઈસ્માઈલિયહ. પછી એમાં આ ફિર્કા નીકળ્યા : મુબારકિયહ, મૈમૂનિયહ, શમીતિયહ, બર્કસિયહ, જનાબિયહ, મહદૂવિયહ, મુસ્તઅલિયહ, નઝરિયહ, બોહરા, આગાખાનિયા.

અહલે તશીઅનો બીજો મૂળભૂત ફિર્કો ઝૈદિયહ્ છે. તેની નીચે પ્રમાણે ત્રણ શાખો થઈ.

**૧. જારૂદિયહ્** : એનો બાની અબુલ જારૂદ હતો. બાકિરે એનું નામ મરહૂબ રાખ્યું હતું.





**૨. સુલૈમાનિયહ્** : એનો બાની સુલૈમાન ઈબ્ને જરીદ હતો.

**૩. નબીરિયહ્** : એનો બાની નબીર ષૌમી હતો.

એહલે તશીઅનો ત્રીજો મૂળભૂત ફિર્કો ઈમામિયહ છે એની આઠ શાખો થઈ : આઝમિયહ, મમ્તૂરિયહ, મરસૂયહ, રજઈય્યહ, અહમદિયહ, ઈષ્ના અશરિયહ, જાફરિયહ.

ત્રીજો મૂળભૂત ફિર્કો ખારજી છે તેના સાત ફિર્કા છે :–

**૧. મુહકમહ્** :

**૨. બયહિસ્યહ્** : એનો બાની બયહિસ ઈબ્ને હસીબ ઈબ્ને જાબિર સનઈ છે. (મૃત્યુ : હિ.સ. ૯૪)

**૩. અઝ્ઝારકહ્** : એનો બાની નાફેઅ ઈબ્ને અઝરક છે. (મૃત્યુ : હિ.સ. ૬૫)

**૪. નજદાત** : એનો બાની નજદા બિન આમિર નખઈ છે. (હિ.સ. : ૩૬–હિ.સ. ૬૯)

**૫. સફરિયહ્** : એનો બાની ઝિયાદ ઈબ્ને અસફર છે.

**૬. અબાઝિયહ્** : એનો બાની અબ્દુલ્લાહ ઈબ્ને અબાઝ છે. (મૃત્યુ : હિ.સ. ૮૬) આ ફિર્કાની ચાર શાખો થઈ : હનફિયહ, યઝીદિયહ, હારિષિયહ, એબાદિયહ.

**૭. અજારદા** : એનો બાની અબ્દુર્રહ્માન ઈબ્ને અજરદ છે. અજારદહથી દસ ફિર્કા બન્યા : સમૂનિયહ, હમ્ઝિયહ, શઅબિયહ, હાઝમિયહ્, ખલફિયહ્, અતરાફિયહ્, મઅલૂમિયહ્, મજહૂલિયહ્, સલતિય્યહ્, ષઆલબહ્. પછી ષઆબહમાંથી ચાર ફિર્કા નીકળ્યા : અખ્નસિયહ્, મઅ્બદિયહ્, શીબાનિયહ્, મકરમિયહ્ અને શયદિયહ્ અશરિયહ્ પણ એક ફિર્કો છે જે ષઆલબહ્થી નીકળ્યો.

ખારજીના આ ફિર્કા અલગ પણ છે : ઝહાકિયહ્, શબીબિયહ્, કૂઝિયહ્, કન્ઝિઅહ્, ષમરાખિયહ્, બદઈયહ્, ઉસૂમિયહ્, યઅ્કૂબિયહ્, ફઝલિયહ્.

ચોથો મૂળભૂત ફિર્કો "મુર્જિઅહ" છે તેનાથી પાંચ ફિર્કા નીકળ્યા :

**૧. યૂનુસિયહ્** : એનો બાની યૂનુસ ઈબ્ને ઉમર નમીરી છે.

**૨. ઓબૈદિયહ્** : એનો બાની ઓબૈદ અલ્ મકઝબ છે.

૩. **ગસ્સાનિયહ્** : એનો બાની ગસ્સાન ઈબ્ને અબાન કૂફી છે.

૪. **ષૌબાનિયહ્** : એનો બાની ષૌબાન મરજી છે.

૫. **ષૌમનિયહ્** : એનો બાની અબૂ મઆઝ ષૌમની છે.

પાંચમો મૂળભૂત ફિર્કો "નજ્જારિયહ્" છે તેનો બાની મુહમ્મદ ઈબ્ને હુસૈન (અથવા હુસૈન ઈબ્ને મુહમ્મદ) છે. (મૃત્યુ : હિ.સ. ૨૨૦) એના ત્રણ ફિર્કા છે :–

૧. **બરગૌષિયહ્** : એનો બાની યારાન મુહમ્મદ ઈબ્ને ઈસા ઉર્ફે બરગૌષ છે.

૨. **ઝઅફરાનિયહ્** : એનો અકીદો છે કે અલ્લાહનું કલામ (કુર્આન) મખ્લૂક છે અને એને ગૈરમખ્લૂક કરે તે કાફિર છે.

૩. **મુસ્તદરકિયહ્** : એનો અકીદો છે કે તેના વિરોધીઓના તમામ અકીદા બાતિલ છે એટલે સુધી કે તેમનું "લાઈલાહ ઈલ્લલ્લાહ" કહેવું પણ જૂઠ છે.

છઠ્ઠો મૂળભૂત ફિર્કો જબરિય્યહ્ છે એના બે પ્રકાર છે :–

૧. **મુતવસ્સ્તિ** : એનો અકીદો છે કે બંદાના માટે પોતે સર્જન શક્તિ હોવી સાબિત છે.

૨. **ખાલિસા** : એનો અકીદો છે કે બંદાના માટે ફેઅલ (કાર્ય)ની કુદરત તદ્દન સાબિત નથી.

તઝકેરતુલ મઝાહિબ, મઝાહિબે ઈસ્લામ વગેરે કિતાબોમાં એના અન્ય પણ ઘણા પ્રકારો દર્શાવ્યા છે જેને રજૂ કરવાનો અહીં અવકાશ નથી. કદરિયહ, જબરિયહનો વિરોધાભાસી છે એના બાની મઅબદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અવીમ જહની હતો. (મૃત્યુ : હિ.સ. ૮૦)

સાતમો મૂળભૂત ફિર્કો "મુશબહ" છે તેનો બાની શયબાન ખારજી છે. (મૃત્યુ : હિ.સ. ૧૩૦) આ ફિર્કાથી પણ વિવિધ ફિર્કાઓ નીકળ્યા જેની વિગત અકીદા તથા મઝહબના ઈતિહાસની કિતાબોમાં જોઈ શકાય છે.

હવે નીચે અમે એ જ ફિર્કાઓમાંથી નીકળેલા અખંડ ભારતના કેટલાક નવા અને મશહૂર ફિર્કાઓની વિગત લખીએ છીએ જેના કારણે





અખંડ ભારતની ધાર્મિક શાંતિ ખતમ થઈ અને ઘરે ઘર મતભેદ અને વિખવાદનું વાતાવરણ છવાઈ ગયું.

## ★ બહાઈ ફિર્કો ★

બહાઈ ફિર્કાનો બાની મિર્ઝા અલી મુહમ્મદ શીરાઝી હિ.સ. ૧૨૫૨ ઈ.સ. ૧૮૨૦ ઈરાનમાં પેદા થયો એ ઈષ્નાઅશરી શીઆથી સંબંધ ધરાવતો હતો પણ ઈષ્ના અશરીઓની હદોથી આગળ નીકળી ગયો. તેણે ઈસ્માઈલી ફિર્કાના બાતિલ અકીદાઓ અને મુસ્અબહ ફિર્કાના અકીદાએ હુલૂલ (ખુદાનું કોઈમાં સમાઈ જવું)નું એવું ભેળસેળયું મિશ્રણ તૈયાર કર્યું જેને ઈસ્લામી અકીદા સાથે દૂરનો પણ સંબંધ ન હતો. આ ફિર્કાના પાયાના અકીદા આ પ્રમાણે છે જે એના બાનીએ પોતાની કિતાબ "અલ્બયાન"માં એકત્રિત કર્યા છે :–

૧. મિર્ઝા અલી મુહમ્મદ કિયામતના દિવસે અને હિસાબ પછી જન્નત તથા જહન્નમમાં દાખલ થવા પર ઈમાન રાખતો ન હતો. એનો દાવો હતો કે કિયામત એક નવી રૂહાની જિંદગીની પ્રતિ નિર્દેશ કરવાનો હેતુ છે.

૨. તે પોતાના વજૂદમાં (પોતાનામાં) ખુદાની જાતનું ભળી જવાનો (હુલૂલ) અકીદો ધરાવતો હતો.

૩. રિસાલતે મુહમ્મદી તેની નજીક અંતિમ રિસાલત ન હતી, તે કહેતો હતો કે અલ્લાહ તઆલાની જાત મારામાં ભળી ગઈ છે અને મારા પછી આવનારાઓમાં પણ ભળતી રહેશે.

૪. તે અમુક મિશ્રિત શબ્દો વર્ણવીને દરેક શબ્દના અદદ કાઢતો અને અદદોના સમૂહથી ચિત્ર વિચિત્ર પરિણામો કાઢતો હતો.

૫. એનો દાવો હતો કે તે તમામ પાછલા અંબિયાનું પ્રતિનિધિત્વ કરે છે, તે પોતપોતાને રિસાલતનો સમૂહ અને દીનોનો સમૂહ કહેતો હતો.

૬. તેણે ઈસ્લામી હુકમોમાં તબદીલી ઉભી કરીને ચિત્ર વિચિત્ર પ્રકારની અમલી ચીજો ઉપસ્થિત કરી. દા.ત. સ્ત્રી વારસા અને અન્ય બાબતોમાં મર્દના બરાબર છે.

બહાઈ ધર્મ અખંડ ભારતમાં પણ જોવા મળે છે હિંદ તથા પાક.ના મોટા મોટા શહેરોમાં તેમણે તબ્લીગી મર્કઝો (પ્રચાર કેન્દ્રો) સ્થાપિત કરી રાખ્યાં છે જ્યાંથી સાહિત્ય પ્રકાશિત કરીને પબ્લિકમાં મફત વહેંચવામાં આવે છે. તેના પ્રચારકો દરેક સમયે મર્કઝોમાં હાજર રહે છે. ગુમરાહ કરવાની પ્રવૃત્તિના આયોજનો કરતા રહે છે અને વિશેષતઃ એજ્યુકેટેડ તબકામાં પોતાનું સાહિત્ય પહોંચાડે છે. મુંબઈ, દિલ્હી, લાઈલપુર તથા લાહોર તેમની પ્રવૃત્તિઓના ખાસ અડ્ડા છે.

## ★ નેચરી ફિર્કો ★

એના સ્થાપક સર સૈયદ અહમદખાં ઈબ્ને મુહમ્મદ તકીખાં (હિ.સ. ૧૨૩૨–હિ.સ. ૧૩૬૫) છે. એ ૭–ઓકટોબર, ઈ.સ. ૧૮૧૭ માં દિલ્હીમાં પેદા થયા. પ્રારંભિક સરફ તથા નહ્‌વ (અરબી ગ્રામર)ની તા'લીમ મખ્સૂસુલ્લાહ દહેલ્વીથી હાંસલ કરી અને તાવીઝ પલીતા, ઝાડફૂંક પણ શીખ્યા. જ્યારે એમાં કામયાબી ન મળી તો બ્રિટિશ ગવર્નમેન્ટ પ્રતિ વળ્યા. ૨૦ વરસની ઉમરમાં અંગ્રેજ નોકરી મેળવી. પહેલા કોર્ટના સદરેઅમીનના આસિસ્ટન્ટ બન્યા. ત્રણ વરસની અંદર નાયબ સરરિશ્તેદાર કમિશ્નરીના હોદ્દા પર આગ્રા મોકલી દેવામાં આવ્યા. એક વરસ પછી ફતેહપુર સિક્રીના ઉચ્ચ ન્યાયાધીશ બન્યા. પાંચ વરસ પછી એ જ હોદ્દા પર દિલ્હી મોકલી દેવામાં આવ્યા અને એ અરસામાં મૌલાના નજમુલગની રામપૂરીના કથનાનુસાર "સૈયદ સાહબ પાકા વહાબી, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના અનુયાયી થઈ ગયા." અને પછી ગુમરાહિયતમાં પ્રગતિ કરીને "નેચરી ફિર્કા"ના સ્થાપક બની ગયા.

નેચર એક અંગ્રેજી શબ્દ છે જે પ્રાકૃતિક રીતે અલ્લાહ અને કુદરતના કાનૂનનો સમઅર્થી છે. આ ફિર્કો કાયનાતના તમામ અહવાલ તથા પ્રસંગોનો સંબંધ "નેચર" એટલે પ્રકૃતિ સાથે જોડે છે. સૈયદ અહમદના થકી જે નેચરી અકીદા હિંદુસ્તાનમાં ફેલાયા એ પ્રકારના અકીદા પૂરાણા કાળના કેટલાક ગુમરાહ ફિર્કાઓમાં પણ જોવા મળતા હતા, જેમ કે શહરિસ્તાનીએ પોતાની કિતાબ "અલ્‌મિલલ વન્નિહલ"માં વર્ણન કર્યા છે. પૂરાણા ફિર્કાનું નામ "તબઈય્યહ દહરિયહ્" મળે છે પરંતુ અખંડ





ભારતમાં આ પ્રકારના અકીદાનો પ્રારંભ તથા ફેલાવો સૈયદ અહમદના થકી થયો એટલા માટે આ ફિર્કો એમની જ પ્રતિ સંબંધિત થયો. સૈયદ અહમદે અલીગઢમાં "મદ્રસતુલ્ ઉલૂમ"નો પાયો નાખ્યો જે બાદમાં પ્રગતિ કરીને "મુસ્લિમ યુનિવર્સિટી–અલીગઢ"ના નામથી પ્રખ્યાત થઈ, અને આ જ યુનિવર્સિટી તેમની ખ્યાતિનો સબબ બની. તેમના નેચરી અકીદાઓને હિંદના લોકોએ ઠુકરાવી દીધા એટલે સુધી કે યુનિવર્સિટીના ઉસ્તાદો તથા તલબા (વિદ્યાર્થીઓ) પણ તેના અકીદાઓથી બેઝાર રહે છે, અમુક થોડા આઝાદ ખયાલ લોકો, ધર્મથી બેપરવા અને પશ્ચિમી વિચારશ્રેણીના દીવાનાઓ સિવાય. સૈયદ અહમદે ફરિશ્તા, જિન, જન્નત, દોઝખ, નબુવ્વત, મો'જિઝા વગેરે ઈસ્લામથી સાબિત ચીજોનો સ્પષ્ટ ઈન્કાર કર્યો અને એ ચીજોની સાબિતીમાં જે કુર્આની આયતો છે તેની હાસ્યાપદ તાવીલો (અર્થઘટનો) રજૂ કરી.

## ★ અહલે કુર્આન ★

આ ફિર્કાનો બાની અબ્દુલ્લાહ ચકળાલ્વી (મૃત્યુ : હિ.સ. ૧૩૩૪) છે. આ ફિર્કો હદીષનો સખત મુન્કિર (નકારનાર) છે, અને ઈમાન તથા અમલના તમામ મસાઈલ કાઢવા માટે કેવળ કુર્આને અઝીમને જ પૂરતુ સમજે છે. હદીષ તથા સુન્નતની વિરૂધ્ધ કુર્આની આયતોની મનઘડત તફસીરો કરે છે. આ ફિર્કો પોતાના મઝહબની તબ્લીગ તથા પ્રચારમાં ઘણો જ સાવધાન જોવા મળે છે. ૨૦ મી સદી ઈસ્વીના પ્રારંભમાં એની શરૂઆત થઈ. અફસોસની વાત છે કે અખંડ ભારતમાં આ ફિર્કાના અનુયાયી પણ પેદા થઈ ગયા છે અને ફિર્કાના સ્થાપક પ્રતિ સંબંધિત કરીને પોતાને "ચકળાલ્વી" પણ કહે છે. અબ્દુલ્લાહ ચકળાલ્વીની અમુક કિતાબોનાં નામ આ પ્રમાણે છે : રિસાલા તર્બિયતિલ વુઝૂ વસ્સલાત, બુરહાનુલ્ ફુર્કાન અલા સલાતુલ્ કુર્આન, સલાતુલ કુર્આન બઆયાતિલ ફુર્કાન, રસાઈલે ઈશાઅતિલ કુર્આન, રિસાલાતુઝ્ઝકાત વસ્સદકાત કમા જાઅ ફી આયાતિ બૈયિનાત, રિસાલાએ મુનાઝરા માબૈન મોલ્વી અબ્દુલ્લાહ ચકળાલ્વી અહલે કુર્આન વ મોલ્વી ઈબ્રાહીમ સિયાલકોટવી અહલે હદીષ. આ કિતાબો પરથી અહલે કુર્આન ફિર્કાના અમુક અકીદા નીચે મુજબ જોવા મળે છે :–

**૧.** એની દૃષ્ટિએ મુસલમાનોમાં રિવાજ પામેલ નમાઝનો તરીકો અને તેના કલમા તથા તસ્બીહો કુફ્ર છે, એટલા માટે તેણે નમાઝ પઢવાનો નવો તરીકો ઉપજાવી કાઢયો છે.

**૨.** હુકમો તથા માલૂમાત અને મસાઈલ તથા જાણકારી જે કુર્આન અઝીમમાં સ્પષ્ટપણે મૌજૂદ નથી અથવા એની સમજથી દૂર છે તે એની દૃષ્ટિએ નિરર્થક તથા અમલને પાત્ર નથી, ભલે એની સાબિતી સહીહ હદીષો તારીખો તથા તવાતૂરમાં સંપૂર્ણ સ્પષ્ટતા સાથે મૌજૂદ હોય.

**૩.** જે જાનવર ઝબહ કરવામાં "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" પઢવામાં આવે તે જાનવર હલાલ નથી કેમ કે આ શબ્દો બેઠા જ કુર્આને અઝીમમાં મૌજૂદ નથી. તેમની દૃષ્ટિમાં ઝબીહાને હલાલ થવા માટે જરૂરી છે કે ઝબહ કરતી વખતે કોઈ કુર્આની આયત પઢવામાં આવે.

**૪.** એનો અકીદો છે કે જેવી રીતે મુહમ્મદ ﷺ ને રસૂલ કહેવામાં આવ્યું છે એ જ રીતે કુર્આનને પણ રસૂલ શબ્દ વડે યાદ કરવામાં આવેલ છે, જેથી કુર્આનના ઈર્શાદ اطيعوااللہ واطيعواالرسولમાં કુર્આન જ મુરાદ છે. એવી જ રીતે اذادعوااللہ ورسولہઅને ماحرم اللہ ورسولہ વગેરે આયતોમાં પણ રસૂલથી મુરાદ કુર્આને અઝીમ છે ન કે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ . તેમજ કુર્આને અઝીમમાં એક ઠેકાણે પણ રસૂલુલ્લાહની ઈતાઅત (પયરવી) તથા ફર્માંબરદારીનો હુકમ નથી, દરેક જગાએ કુર્આન મુરાદ છે કેમ કે તે કેવળ પોતાના જમાનાના લોકો પાસે આવ્યા હતા જ્યારે કે કુર્આન દરેક દૌરમાં મૌજૂદ રહેશે.

**૫.** એનો અકીદો છે કે કુર્આને અઝીમને સૌથી વધુ નુકસાન ફિકહ તથા હદીષે પહોંચાડયું.

**૬.** તેમની નજીક કયામતમાં કોઈ નબી અથવા રસૂલને શફાઅતનો અધિકાર નથી આપવામાં આવ્યો.

**૭.** એનો અકીદો છે કે મુર્દાને કોઈ બદની (શારીરિક) ઈબાદત અથવા માલી ઈબાદતનો ફાયદો નથી પહોંચતો.





## ★ કાદયાનિયત ★

એનો સ્થાપક ગુલામ અહમદ કાદયાની છે એનો જન્મ ઈ.સ. ૧૮૩૯ કે ૧૮૪૦ માં થયો અને ૨૬ મે ઈ.સ. ૧૯૦૮ માં મૃત્યુ પામ્યો. અમૃત્સરથી ઉત્તર પૂર્વ રેલ્વે લાઈન પર એક કસ્બો બટાલા જિ. ગુરદાસપુર છે, બટાલાથી ૧૧ માઈલના અંતરે એક નાનો સરખો કસ્બો કાદયાન છે જે મિર્ઝા ગુલામ અહમદ કદાયાનીનું જન્મ સ્થળ છે. પ્રારંભમાં પૂર્વી ઈલ્મો મોલ્વી ગુલ અલી શાહથી બટાલામાં મેળવ્યા, ઉર્દૂ, અરબ અને ફારસીથી વાકેફ થયો, અંગ્રેજીથી તદ્દન વાકેફ ન હતો. રોજીની તલાશમાં નીકળ્યો અને સિયાલકોટની કચેરીમાં પંદર રૂપિયા મહીના થયો. તરક્કીની નિય્યતે કાયદાના ઘડતરની પરીક્ષા આપી અને નાપાસ થઈ ગયો. પોતાની કિતાબ "હકીકતુલ્ વહી"માં લખે છે :–

"અમારી રોજીનો આધાર પિતાની એક ટૂંકી આવક પર હતો અને બહારના લોકોમાં અમને એક માણસ પણ ઓળખતો ન હતો. હું એક ગુમનામ માણસ હતો જે કાદયાન જેવા વેરાન ગામના ગુમનામ એરીયામાં પડેલો હતો." *(મિર્ઝા ગુલામ અહમદ કાદયાની, હકીકતુલ્ વહી, પેજ–૧૧૨)*

"નબી અકરમના ખાતિમુલ્ અંબિયા હોવાનો મતલબ એ છે કે આપ જ ખત્મના માલિક છો. અન્ય કોઈ શખ્સ આપની અંગૂઠી (ખાતિમ)થી ફયૂઝ પામ્યા વિના વહીની નેઅમત ફાયદામંદ નથી થઈ શક્તો. મુહમ્મદી ઉમ્મત મુકાલેમા, તથા મુખાતેબાએ (રબના સંબોધન)ના શરફથી કદી મેહરૂમ થશે નહીં કેમ કે ખત્મ કરનારા કેવળ આપ છે. આપની અંગૂઠીથી જ નબુવ્વતની પ્રાપ્તિ શક્ય છે. એટલા માટે નબી થનારાનું ઉમ્મતે મુહમ્મદીમાંથી હોવું જરૂરી છે." *(હવાલો ઉપર મુજબ, પેજ–૨૭)*

મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીનો દાવો છે કે તેના મો'જિઝાઓ તેના દાવાઓને પુરવાર કરે છે. હિ.સ. ૧૩૧૨ ઈ.સ. ૧૮૯૪ ના રમઝાન મહીનામાં સૂરજ અને ચંદ્રને ગ્રહણ થયું હતું. કાદયાનીએ દાવો કર્યો કે આ કસૂફ તા ખસૂફ એના મો'જિઝા છે, એનાથી એના નબુવ્વતના દાવાનું સમર્થન થાય છે. વિશેષમાં એ પણ પોતાની કિતાબમાં લખ્યું કે, "આં હઝરતના માટે ચંદ્રને ગ્રહણ લાગ્યું હતું જ્યારે મારા માટે ચંદ્ર તથા

સૂર્ય બંનેને.''

ગુલામ અહમદ કાદયાની લખે છે :–

''મેં વારંવાર એ અકીદો પ્રદર્શિત કર્યો કે ઈસ્લામ બે ઉસૂલો (નિયમો) પર નિર્ભિત છે : પ્રથમ એ કે અલ્લાહ તઆલાની ઈતાઅત (આજ્ઞાપાલન) કરે, બીજો એ કે એ હુકૂમતની વિરૂધ્ધ બગાવત માટે તૈયાર ન થાય જેના સત્તાકાળમાં ચોતરફ અમ્નો અમાન (શાંતિ તથા સલામતી) સ્થપાયેલી હોય, આપણી જાનો જાલિમોથી સુરક્ષિત હોય, અને એ બ્રિટનની હુકૂમત છે.

અંગ્રેજોની નાશુક્રી હરામ છે જ્યાં સુધી તેઓ મઝહબમાં પાયાનો ફેરફાર ન કરે. કોઈ મુસલમાન પુરૂષ તથા સ્ત્રી માટે કોઈ સારા કાર્યમાં એવા બાદશાહની નાફર્માની દુરુસ્ત નથી જે તેનાં બીવી બચ્ચાંની રક્ષા કરતો હોય અને તેની ઈજ્જત તથા માલને બચાવતો હોય, એહસાન કરનાર હોય, ગમને દૂર કરતો હોય અને સદ્‌વર્તાવથી વર્તતો હોય.'' *(ગુલામ અહમદ કાદયાની, અત્તબ્લીગ, પેજ–૪૨)*

**શું આ સાક્ષીઓ ચીસો પાડી પાડીને એલાન નથી કરી રહી કે કાદયાનિયત અંગ્રેજોની ઉપજ છે અને તેનો સ્થાપક અંગ્રેજોનો માલખાઉં અને આજ્ઞાંકિત હતો.** અખંડ ભારતમાં કાદયાનિયત, દેવબંદિયત તથા ગૈર મુકલ્લિદિયત એ વહાબી ફિર્કાની શાખો છે અને તેનો મૂળ કર્તા હર્તા તથા એહસાનકર્તા (મદદગાર) અંગ્રેજ સામ્રાજ્ય છે. સાક્ષીઓ તથા દલીલો તમો આ જ કિતાબમાં આગળ જોશો.

ગયબ જાણનાર રસૂલે મુસ્લિમો દરમ્યાન વિભાજનની પ્રતિ ઈશારો કરતાં જે નિર્દેશો કર્યા હતા તે સૌને ઈસ્લામી ઈતિહાસે પોતાની આંખે જોયા અને આજે આપણે પણ તેને અનુભવી રહ્યા છીએ. દેવબંદી વિચારસરણીના એક કલમકાર રશીદ સુલૈમાન નદવી લખે છે :–

''મુસલમાનોમાં દરેક દૌરમાં સેંકડો ફિર્કા થયા, પરંતુ તે ઉપર ઉપરનું નિશાન હતા એટલે ઉભર્યા અને નાબૂદ થઈ ગયા. પરંતુ જે ફિર્કો સામાન્યતઃ અને અધિક સંખ્યામાં બાકી છે અને આજે મુસલમાનોનો અઢળક હિસ્સો બનીને વિ□ના ખૂણે ખૂણે ફેલાયો છે તે પોતે પોતાને અહલે સુન્નત વ જમાઅત ફિર્કામાં ગણે છે.





**અહલે સુન્નત વ જમાઅત** ત્રણ શબ્દોથી સંકલિત છે. અહ્‌લનો અર્થ શખ્સો, મુકલ્લિદો, ઈત્તેબાઅ અને અનુયાયી થાય છે. સુન્નત અરબીમાં રસ્તાને કહે છે અને મજાઝી રીતે જીવન પદ્ધતિ તથા કાર્યપદ્ધતિના અર્થમાં આ શબ્દ આવે છે. સુન્નતથી મકસદ સામાન્ય સુન્નત નથી બલ્કે ઈસ્તેલાહે દીનમાં હઝરત રસૂલ અકરમ ﷺ ની જીવન પદ્ધતિ અને અમલના તરીકાને સુન્નત કહે છે. જમાઅતનો શાબ્દિક અર્થ ગિરોહ (ગૃપ) છે પરંતુ અહીં જમાઅતથી મકસદ સહાબાની જમાઅત છે. આ શાબ્દિક અર્થ ગિરોહ (ગૃપ) છે પરંતુ અહીંની હકીકત પણ સ્પષ્ટ થઈ જાય છે એટલે કે **આ ફિર્કાનો ઈત્લાક તે શખ્સો પર થાય છે** (તે લોકો માટે એ બોલાય છે) **જેમના અકીદાઓ, અમલો અને મસાઈલનું કેન્દ્ર પૈગંબર ﷺ ની સહીહ સુન્નત તથા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના કથનો તથા અમલો છે.** *(મોલ્વી સુલૈમાન નદવી, રિસાલા અહલે સુન્નત વ જમાઅત, દારુલ મુસન્નિફીન, આઝમગઢ, પેજ–૮)*

આ સ્પષ્ટતાથી આપણો મુદ્દો પૂર્ણપણે સ્પષ્ટ થઈ ગયો કે હક્ક દરેક દૌરમાં અહલે સુન્નત વ જમાઅતની સાથે રહ્યું છે અને આજે પણ આ જમાઅત ઈસ્લામી જગતના જમહૂર (બહુમતિ) ઉલમા પર આધારિત અને મુસલમાનોની આમ વસ્તી પણ આ જ રવિશ પર ચાલે છે. ૧૪ મી સદી હિજરીમાં તેની હિફાઝત તથા પ્રચારનું કારનામુ ઈમામ અહમદ રઝા બરેલ્વી قدس سرہ (જન્મ : ૧૦ શવ્વાલ હિ.સ. ૧૨૭૨, ઈ.સ. ૧૮૫૬, વિસાલ : ૨૫–સફર, હિ.સ. ૧૩૪૦, ઈ.સ. ૧૯૨૧) એ અંજામ આપ્યું. અહલે સુન્નત વ જમાઅતની હક્કાનિયતનો ઉઘાડો નિર્દેશ નીચેની હદીષથી મળે છે :–

أن الله لا يجمع امتى علىٰ الضلالة ويدالله علىٰ الجماعة ومن شذ شذ فى النار

''અલ્લાહ તઆલા મારી ઉમ્મતને ગુમરાહી પર એકત્ર કરશે નહીં, જમાઅતને અલ્લાહની મદદ હાંસલ છે, જે જમાઅતથી કટ થયો તે જહન્નમમાં ગયો.'' *(તિર્મિઝી શરીફ, અબ્વાબુલ્ ફિતન, બાબે લઝૂમે જમાઅત)*

ગયબ જાણનાર પૈગંબર મુહમ્મદે અરબી ﷺ એ પોતાની વિવિધ હદીષોમાં જે નજદી ફિત્નાનો નિર્દેશ કર્યો હતો તેનો પ્રારંભ મુહમ્મદ

ઈબ્ને અબ્દુલ વહાબ નજદીના થકી હિ.સ. ૧૧૪૩ માં થયો અને હિ.સ. ૧૧૫૦ માં આ ફિત્નો અહલે સુન્નત વ જમાઅતના વિરૂધ્ધ પૂર્ણપણે સક્રિય બન્યો. આ ફિર્કો ખારજીની એક શાખ છે જે આજે આખા જગતમાં વહાબિયતના નામે ઓળખાય છે. એનું સમર્થન ઈસ્લામી જગતના સિધ્ધહસ્ત ફકીહ તથા મુસ્તનદ (ડિગ્રીધારી) આલિમે શરીઅત હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ અમીન ઈબ્ને ઉમર આબિદીન શામી (વફાત : હિ.સ. ૧૨૫૨, ઈ.સ. ૧૮૩૬)એ પણ કર્યું છે. તેઓ પોતાની સૌથી લોકપ્રિય કિતાબ રદુલ્ મુહતાર જે ફતાવા શામીથી ઓળખાય છે તેમાં ફર્માવે છે :–

**અર્થાત** : "જેમ કે અમારા જમાનામાં ઈબ્ને અબ્દુલવહાબના અનુયાયીઓમાં થયું. તેઓ નજદથી નીકળ્યા અને હરમૈન શરીફૈન પર છવાઈ ગયા. તેઓ હંબલી હોવાનું બહાનુ કરતા હતા. તેમનો અકીદો હતો કે તેઓ જ મુસલમાન છે અને જે લોકો એમના વિરૂધ્ધ અકીદો રાખે છે તેઓ સૌ મુશ્રિક છે. આ અકીદાના કારણે વહાબીઓએ અહલે સુન્નત અને તેમના આલિમોના કત્લને મુબાહ ઠરાવ્યું એટલે સુધી કે અલ્લાહ તઆલાએ તેમના આતંકવાદનો ખાત્મો કરી નાખ્યો અને તેમના શહેરોને વેરાન કરી દીધાં અને તેમના પર ઈસ્લામી ફોજને ફતહ આપી. આ પ્રસંગ હિ.સ. ૧૨૩૩ માં થયો." *(અલ્લામા આબિદીન શામી, રદુલ મુહતાર, ભાગ–૩, પેજ–૨૨૮)*

كما وقع فى زماننافى اتباع
عبدالوهاب الذين_قد خرجوامن
نجد و تغلبوا علىٰ الحرمين وكانوا
ينتحلون مذهب الحنابلة لكنهم
اعتقدوا انهم هم المسلون وان من
خالف اعتقاد هم مشركون
واستحابوا بذالک قتل اهل السنة
وقتل علمائهم حتى كسّرالله تعالىٰ
شوكتهم و حرّب بلادهم و ظفر
بهم عساكر المسلمين عام ثلاث
وثلثين ومأتين والف

જો કે બાદમાં **મુસલમાનો દરમ્યાન ભાગલા પડાવવા માટે અંગ્રેજ સામ્રાજ્યએ તેને ભરપૂર સહકાર કર્યો અને ધાર્મિક તથા રાજનીતિક ક્ષેત્રો પર વહાબિયત મજબૂત થઈ ગઈ.** બંને ચળવળો સંકલિત થઈ અને હરમૈન તૈયેબૈન પર સવાર થઈ ગઈ. સઊદી હુકૂમત





હેઠળ વહાબીઓએ હિજાઝ મુકદ્દસમાં જે કિયામત સમી કત્લ તથા ખૂનરેજી કરી તથા પવિત્ર સ્થાનોની જે બેહુર્મતી કરી તેવું રિસાલતના કાળથી આજ સુધી હરમૈનના ઈતિહાસમાં કોઈ દૃષ્ટાંત મળતુ નથી. વિસ્તારપૂર્વક વર્ણનનો અહીં અવકાશ નથી. મહાન મુફસ્સિરે કુર્આન હઝરત અલ્લામા શયખ અહમદ સાવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ એ પોતાની વિ□ વિખ્યાત તફસીર હાશિયાએ જલાલૈનમાં એક આયતના હેઠળ વહાબીઓને ખારજીની એક શાખ ઠરાવ્યા અને તેમના નેસ્તો નાબૂદ થવાની દુઆ ફર્માવી. *(શૈખ અહમદ સાવી, હાશિયા જલાલૈન, પ્રેસ : બૈરૂત/મુંબઈ)*

હિંદુસ્તાનના મશહૂર ઈસ્લામી મર્કઝ ફિરંગી મહલ લખનૌના ઉચ્ચ કોટીના આલિમે દીન મૌલાના કુત્બુદ્દીન મુહમ્મદ અબ્દુલ વલી ફિરંગી મહલીએ નજદી ફિત્નાના બાની અને અકીદા તથા માન્યતાઓના હવાલાથી "આશૂબે નજદ" નામે એક કિતાબ લખી જેને લખ્યા તારીખ હિ.સ. ૧૩૪૩, ઈ.સ. ૧૯૨૪ છે. હઝરત મુસન્નિફ, "આશૂબે નજદ"માં લખે છે :–

"ઈબ્ને અબ્દુલ વહાબે પોતાના જબરદસ્ત પીર તથા સમર્થક ઈબ્ને સઊદના માટે એક પુસ્તિકા લખી હતી જેનું નામ "કશ્ફુશ્શુબ્હાત અને ખાલિકિલ્ અર્દિવસ્સમાવાત" છે. આ પુસ્તિકામાં તેને પૃથ્વીના પટ પરના મુસલમાનોને કાફિર દર્શાવતાં એવો દાવો કર્યો હતો કે છ સો વરસથી કશાય અપવાદ વિના આખી દુનિયા કાફિર છે." *(મૌલાના કુત્બુદ્દીન અબ્દુલવલી ફિરંગી મહલી, આશૂબે નજદ, પ્રેસ–નૈચર, પાટાનાલા, લખનૌ, પેજ–૧૧)*

મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીના આ અકીદાની રોશનીમાં મારે એ દર્શાવવાની જરાય જરૂરત નથી કે વહાબિયત એ અહલે સુન્નત વ જમાઅતથી તદન અલગ થલગ નવો ઉદ્ભવેલ ખારજી ફિર્કો છે, જ્યારે કે અહલે સુન્નત વ જમાઅત મોલ્વી સુલૈમાન નદવીના કથનાનુસાર દરેક યુગમાં અધિક્તામાં તથા સત્યપંથે સ્થાપિત રહ્યા, અને તેમની દૃષ્ટિમાં પણ આ જ ફિર્કો નાજી (નજાત પામનાર) છે.

અખંડ ભારતમાં વહાબિયતનો ફિત્નો મોલ્વી મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વી (હિ.સ. ૧૨૪૬/ઈ.સ. ૧૮૩૧)ના થકી ફેલાયો. એ શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વીના ભત્રીજા થાય છે. એની પ્રકૃતિમાં પૂર્વજ

બુઝુર્ગોના મસ્લકથી બગાવત હતી એટલા માટે એના બુઝુર્ગો પ્રથમથી જ એનાથી નારાજ રહેતા હતા. શાહ અબ્દુલ અઝીઝે છેવટની ઉમરમાં પોતાની તમામ લેખિત તથા મૌખિક જાયદાદ પોતાની પત્નીઓ અને અન્ય નવાસાઓને આપી દીધી અને મોલ્વી ઈસ્માઈલને કાંઈ ન આપ્યું. જ્યારે શાહ સાહબનો વિસાલ થઈ ગયો અને બુઝુર્ગોમાંથી કોઈ બચ્યું નહીં તો મોલ્વી ઈસ્માઈલે મસ્લકે અહલે સુન્નત વ જમાઅતની વિરૂધ્ધ ચળવળ શરૂ કરી દીધી, ચારેવ ઈમામોની તકલીદને હરામ દર્શાવી, અંબિયાએ કિરામ તથા ઔલિયાએ એઝામની બારગાહોમાં ગુસ્તાખીઓ શરૂ કરી અને ઈબ્ને અબ્દુલવહાબ નજદીની કિતાબ "અત્તૌહીદ"ની ઢબ પર "તકવિયતુલ ઈમાન" નામની કિતાબ લખી. એ દૌરના સેંકડો આલિમોએ સાહિત્ય તથા તકરીરમાં તેની રદ કરી, ઘણાયે ઉલમાએ કુફ્રનો હુકમ પણ આપ્યો પણ એ પોતાના અંગ્રેજ આકાઓના પીઠબળ હેઠળ મુસલમાનો દરમ્યાન ભાગલા પડાવવાનું કામ અંજામ આપતો રહ્યો. વહાબી ફિર્કાથી દેશભરમાં નફરત હતી. જનાબ મુહમ્મદ ફાઝિલ સાહબ લખે છે :–

અલ્લામા ઈકબાલ મર્હૂમે પોતાની એકદમ મહોબ્બત તથા હેતના કારણે મને પણ તે લોકોના વર્તુળમાં સામેલ કરી લીધો હતો જેમને તેમની ખિદમતમાં દરેક સમયે હાજર થવાની ઈજાઝત હતી. એક દિવસે હું અલ્લામા મર્હૂમની ખિદમતમાં હાજર થયો. તે દિવસે મારા એક "અહલે હદીષ" મિત્ર હફીઝ સૂફી મારી સાથે હતા. હફીઝ સૂફીએ કાંઈક એવી વાતો કરી જેનાથી તેમના અકીદા શુષ્ક થવાનો નિર્દેશ મળતો હતો. તે પ્રથમવાર અલ્લામા મર્હૂમની ખિદમતમાં આવ્યા હતા જેથી એમને તો કાંઈ ન કહ્યું પણ મને ફર્માવ્યું કે, "તમે વહાબી તો નથી થઈ ગયા ?!"

મેં ગુઝારિશ કરી, નહીં ! પણ સાથે એ પણ પ્રશ્ન કર્યો કે હું વહાબી હોત તો તમે શું કરત ? અલ્લામા સાહબે જરા નારાજગીના અંદાઝમાં ફર્માવ્યું, જો તો તમે વહાબી હોત તો હું તમને ઘરમાંથી કાઢી મૂકત ! આ જવાબ ઘણો તીખો તથા અલ્લામા જેવી શખ્સિયતથી અપેક્ષાની વિરૂધ્ધ હતો, પરંતુ એમાં મહોબ્બતે રસૂલની જે ખુશ્બુ હતી એણે એ તીખાશને મીઠાશમાં બદલી નાખી હતી." *(મુહમ્મદ ફાઝિલ, માહનામા આરિફ, લાહોર, જાન્યુ. ૧૯૬૮, પેજ–૨૫, માહનામા અલફરીદ, સાહીવાલ, જૂન–૧૯૭૯)*





'તકવિયતુલ ઈમાન'ની રદમાં અત્યાર સુધીમાં સેંકડો કિતાબો પ્રસિદ્ધ થઈ ચૂકી છે, પરંતુ અખંડ ભારતની તે ચળવળો જે અંગ્રેજ સામ્રાજ્યની દૌલત તથા સત્તા હેઠળ ઉછરી તે આજે પણ વિવિધ અંદાઝમાં વહાબિયતના પ્રચાર તથા પ્રસારમાં લાગેલી છે. અખંડ ભારતમાં વહાબિયતનો ફેલાવાના માટે સઊદી સત્તાધારીઓએ પણ દૌલતનો ખૂબ ઉપયોગ કર્યો છે અને આજ સુધી કરી રહ્યા છે, તેના ઈમાન ભ્રષ્ટ કરતાં દશ્યો આજે પણ હિંદની ભૂમિ પર જોઈ શકાય છે. અસંખ્ય દલીલો તથા સાક્ષીઓની રોશનીમાં હવે એ હકીકતથી કોણ ઈન્કાર કરી શકે છે કે કાદયાનિયત, દેવબંદિયત, ગૈર મુકલ્લિદિયત, મૌદૂદિયત અને નેચરિયત વગેરે તમામ ફિર્કા વહાબિયતની જ શાખો છે. અમુક ઉપર છલ્લા મતભેદ સાથે સૌની વિચારસરણી તથા માન્યતાનું ઉદ્ભવ સ્થાન વહાબિયત જ છે.

એ જ કારણે તમામ ફિર્કા એક જૂથ થઈને હમેશાં મસ્લકે જમહૂર સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅત સાથે પંજો લડાવતા રહે છે. અને મુસ્લિમ ઉમ્મતના સમક્ષ નાઝુક સંજોગોમાં પણ મુસ્લિમો દરમ્યાન ભાગલા પડાવવાથી રોકતા નથી. શાઈરે મશ્રિક ડો. ઈકબાલે કેટલી સચોટ વાત કહી છે :–

"કાદયાન અને દેવબંદ ભલે એકબીજાના વિરોધી છે પરંતુ બંનેનું ઉગમ સ્થાન એક જ છે, બંને એ ચળવળની ઉપજ છે જેને "વહાબિયત" કહેવામાં આવે છે." *(નઝીર નિયાઝી, ઈકબાલ કે હુઝૂર, પેજ–૨૬૨)*

મોલ્વી ષનાઉલ્લાહ અમૃત્સરીએ પોતાના વહાબી ખયાલના અખબાર "અહલે હદીષ" અમૃત્સરના તંત્રી લેખમાં લખ્યું છે :–

"અહલે હદીષ ચળવળના પ્રારંભિક સમયમાં ડો. હન્ટર (અંગ્રેજ)એ એક પુસ્તક લખ્યું હતું જે અહલે હદીષની ચળવળ માટે જાણે સરાસર ઝહેર હતું. એના જવાબમાં સર સૈયદ અહમદ ખાન અલીગઢી મર્હૂમે એક કિતાબ લખીને ઈંગ્લેન્ડમાં પ્રકાશિત કરાવી એમાં મર્હૂમ એહલે હદીષના તરફથી છાતીને ઢાલ બનાવીને ઉભા થઈ ગયા અને એટલે સુધી કહી ગયા કે, હું વહાબી ! મારો બાપ વહાબી ! એનો બીજા મૌલાના મુહમ્મદ હુસૈન બટાલ્વીએ લખ્યો હતો. ત્રીજો જવાબ

મિર્ઝા સુલ્તાન અહમદ (મોટા પુત્ર) મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ અહલે હદીષની તરફદારીમાં લખ્યો હતો.'' *(મોલ્વી ષનાઉલ્લાહ અમૃત્સરી, અખ્બાર અહલે હદીષ અમૃત્સર, ૧૮–જૂન, ઈ.સ. ૧૯૩૭, પેજ–૪)*

મોલ્વી ષનાઉલ્લાહ અમૃતસરીના આ બયાનથી એ વાત ઉઘાડી થઈ ગઈ કે નેચરી ફિર્કાના રૂહેરવાં સર સૈયદ અલીગઢી પણ વહાબી હતા અને નેચરી ફિત્નો વહાબિયતની જ પ્રગતિ પામેલ આવૃત્તિ છે. પરંતુ સર સૈયદના બાપ પણ વહાબી હતા એ વાત હજી તેહકીકને પાત્ર છે. તેમજ એ પણ ધોળા દિવસ જેમ ઉજ્જવળ થઈ ગયું કે મિર્ઝા ગુલામ અહમદ કાયદાનીએ વહાબિયતની તરફદારીમાં પોતાના પુત્રને ઉભો કરીને પોતાની વહાબિયત નવાઝીની સાબિતી આપી. પરંતુ હવે પ્રશ્ન એ છે કે હિંદુસ્તાની વહાબી પણ એને પોતાનો સપૂત ગણે છે કે નહીં ? એના અનુસંધાનમાં અમે એક તોડી ન શકાય તેવી સાક્ષી રજૂ કરીએ છીએ. મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ એક કિતાબ ''બરાહીને અહમદિયહ્'' લખી જેમાં એણે પોતાના અકીદા તથા માન્યતાઓ ખૂબ જ વિગતવાર પ્રદર્શિત કરી અને પોતાના અંગ્રેજી ઈલ્હામોનો ઉલ્લેખ પણ કર્યો. તે કિતાબ વહાબીઓના મશ્હૂર મુજતહિદ તથા મુહદ્દિષ હુસૈન બટાલવીએ ખૂબ જ પસંદ કરી અને પોતાના અખ્બાર ''ઈશાઅતુસ્સુન્નહ''માં એના પર યાદગાર અવલોકન લખ્યું જેને બાદમાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ ''બરાહીને અહમદિયા''ના પ્રારંભમાં ''બરાહીને અહમદિયાકા અસર'' એ હેડીંગ સાથે સામેલ કરી લીધું. મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલવીએ કિતાબના હેતુઓનો ખુલાસો લખ્યા બાદ પોતાના ખયાલોને આ શબ્દોમાં પ્રદર્શિત કર્યા છે :–

''હવે અમે અમારું મંતવ્ય અત્યંત સ્પષ્ટ અને અતિશયોક્તિ વિનાના શબ્દોમાં જાહેર કરીએ છીએ. અમારા મંતવ્યાનુસાર આ કિતાબ (બરાહીને અહમદિયહ્) આ જમાના અને વર્તમાન સંજોગોને અનુલક્ષીને એવી કિતાબ છે જેનું દષ્ટાંત આજ સુધી ઈસ્લામમાં પ્રકાશિત નથી થયું અને ભાવિની ખબર નથી. لعل الله يحدث بعد ذلك امرا અને એનો સંપાદક મિર્ઝા ગુલામ અહમદ કાદયાની પણ ઈસ્લામની માલી તથા જાની તથા કલ્બી તથા લિસાની તથા હાલી તથા કાલી મદદમાં એવો અડગ નીકળ્યો





જેનું દષ્ટાંત આગલા મુસલમાનોમાં ખૂબ જ ઓછુ જોવા મળે છે.'' *(મોલ્વી હુસૈન અહમદ બટાલવી, ઈશાઅતુસ્સુન્નહ, ભાગ–૭, પેજ–૧૪૯, બરાહીને અહમદયિા, પેજ–૨)*

**કાદયાનિત વહાબિયતની જ એક શાખ છે અને બંનેનો હેતુ એક જ છે. એની સાબિતીના માટે હજી પણ અધિક કોઈ સાક્ષીની જરૂરત છે ?!** ગૈર મુકલ્લિદોનો માન્યવર પેશ્વા બટાલ્વીએ તદન સાચુ લખ્યું છે કે ન ''બરાહીને અહમદિયહ''નું કોઈ દષ્ટાંત તેર સદીઓમાં મળે છે અને ન ખૂદ મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીનું દષ્ટાંત મળે છે ! પરંતુ એની સાથે એ પણ કહી દેવામાં આવે કે **વહાબિયત તથા નજદિયતનું પણ કોઈ દષ્ટાંત રિસાલતકાળથી આજ સુધી નથી મળતું !** તો ગઝલ સંપૂર્ણ થઈ જશે અને પોતાની ભારપૂર્વકની તરફદારી અને ભરપૂર સમર્થનથી તેમણે એ સાબિત પણ કરી આપ્યું. પણ આ જ વાત જ્યારે અહલે સુન્નતના ઉલમાએ કહેવી શરૂ કરી તો તેમના અનુયાયીઓ સલફી બની બેઠા અને પોતાની નવી ઉપજની લજ્જા મિટાવવા માટે અહલે સુન્નતના મુહદ્દિષો સાથે પોતાનો સંબંધ જોડવા લાગ્યા. પરંતુ ધોકો અંતે તો ધોકો જ છે ! ઐતિહાસિક હકીકતોને મોઢે ચઢાવી શકાય છે પણ તેને ઉખાડીને ફેંકી નથી શકાતી. હવે લો ! વહાબી ચળવળની હકીકી વારસ દેવબંદી વિચારસરણીના મશ્હૂર તર્જમાન અઠવાડિક ''ખુદ્દામુદ્દીન'' લાહોરના માજી તંત્રી સઈદુર્રહ્માન અલ્વી વિ□ાસ તથા યકીનની ઉચ્ચ ટોચેથી ઐતિહાસિક સચ્ચાઈનો છેદ ઉડાડતાં લખે છે :–

''દાવો તો અહલે હદીષ થવાનો છે પરંતુ હાલત એ છે કે નેચરિયત, ઈન્કારે હદીષ, કાદયાનિયત સહિત મોટા ભાગના ફિર્કાઓના સ્થાપકો ગૈર મુકલ્લિદિયતની કૂખેથી પેદા થયા.'' *(સઈદુર્રહ્માન અલ્વી, અઠવાડિક ખુદ્દામુદ્દીન–લાહોર)*

અમે પૂરા દાવાની સાથે એવું કહી શકીએ છીએ કે અખંડ ભારતમાં અત્યારે (શીઆઓ સિવાય જેમનું અસ્તિત્વ અખંડ ભારતમાં વહાબિયત પહેલેથી હતું) ઈસ્લામના નામે જેટલા ફિર્કા જોવા મળે છે આ મુસ્લિમો દરમ્યાન ભાગલાની સંપૂર્ણ જવાબદારી અહલે તવહહુબ (વહાબી)ની ગરદન પર છે. આજે દરેક ઘર આંગણે જે માન્યતાની જંગ છેડાયેલી છે

અને દરેક મુસ્લિમ સમાજમાં જે કાફિર ઠરાવવાનો અને માન્યતાના ઉગ્રવાદનું વાતાવરણ છવાયેલું છે એ સર્વ કરતૂત વહાબી આલિમોનાં કર્યાં કારવ્યાં છે અને **અહલે સુન્નત સિવાય સર્વ ફિર્કાઓની પાયાની માન્યતાઓ એક સમાન છે અને કોઈ ન કોઈ રીતે એકબીજાના માટે તેઓ સહાયક પણ છે. હવે રહી ગયો સવાલ મૌદૂદિયતનો ! જે ભારતખંડમાં "જમાઅતે ઈસ્લામી"ના નામથી ઓળખાય છે એ પણ વહાબિયત તથા કાદયાનિયતની અર્વાચીન આવૃત્તિ છે, એની સાક્ષી પણ અમે એમના જ ઘરેથી મેળવી છે.** દેવબંદી વિચારસરણીના મોલ્વી અબૂ સુફયાન મુહમ્મદ તુફૈલ રશીદી "જમાઅતે ઈસ્લામી"ના હવાલાથી લખે છે :–

"ગમે તેમ પણ એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે જમાઅતે અહમદિયા (કાદયાની) અને જમાઅતે ઈસ્લામી (મૌદૂદી) વચ્ચે કઈ રીતે સહાયતાનું વાતાવરણ છે, જમાઅતે ઈસ્લામી કઈ રીતે જમાઅતે અહમદિયાના માટે સપ્લાય લાઈનનું કામ કરે છે. આ સર્વ વિગતોને સામે રાખીને વિચારી શકાય છે કે અંબિયાની ઈજ્જત તથા સહાબીઓની બુરાઈથી ઉચ્ચતમ હૈસિયતથી ઈન્કાર અને સિદ્ધહસ્ત ઈસ્લામી માન્યતાઓને વિકૃત કરવાથી એ સિવાય અન્ય શો હેતુ હોય શકે છે કે ઈસ્લામનો સર્વ માન્યતાનો તથા અમલને લગતો સરમાયો શંકાસ્પદ બનાવીને રાખી દેવામાં આવે અને **મુસલમાન કુર્આન તથા હદીષથી અલ્લાહની મરજીના પ્રમાણે માર્ગદર્શન પામવાને બદલે સ્વબુદ્ધિના આધારે એને સમજવાનો આદી બની જાય. આ જ રવિશ મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીની પણ છે અને એ જ અંદાઝ જમાઅતે ઈસ્લામીના પ્રચારક મૌદૂદીનો છે.** અને બંનેવે સંયુક્ત પ્રોગ્રામના હેઠળ મુસલમાનોના અકીદા બર્બાદ કરવાનું બીડુ ઝડપ્યું અને અંગ્રેજ તથા ઈસાઈ સાઝિશને પોતાના ખભાએ ઉછેરી. *(મુહમ્મદ તુફૈલ રશીદી, તહફ્ફુઝે ખત્મે નબુવ્વત ઔર જમાઅતે ઈસ્લામી, પેજ–૧૯)*

હવે રહી ગયો પ્રશ્ન દેવબંદિયત અને કાદયાનિયતના આપસમાં માન્યતાની એકતાનો અને એકબીજાના શક્ય તે સહકારનો, તો એ હકીકત કોઈ જાણકાર પણ છુપી નથી કે કાદયાનિયતના માટે સૌ પ્રથમ પાયો જે





અતિમુશ્કેલ હતો તે દેવબંદી આલિમોએ જ ઉભો કરી આપ્યો. હાથે લગા કાસિમ નાનોત્વીની કિતાબ "તહઝીરુન્નાસ"નું નામ લઈ શકાય છે કે જેમાં તેમણે ખૂબ જ ધામધૂમની સાથે લખ્યું છે કે, "જો નબુવ્વતના જમાના પછી કોઈ વ્યક્તિ પોતાની નબુવ્વતનો દાવો કરે તો ખાત્મિયતે મુહમ્મદી (મુહમ્મદ ﷺ ના અંતિમ નબી હોવામાં) કાંઈ ફરક પડશે નહીં." જ્યારે રિસાલતકાળથી આજ સુધી ઈસ્લામના તમામ ઉલમાનો એ ઈજતેમાઈ (સર્વ માન્ય) અકીદો રહ્યો છે કે ખાતમુન્નબિય્યીન પછી હવે કોઈ નબી આવવો અશક્ય છે. એના અનુસંધાનમાં એ પણ મશ્હૂર છે કે કાસિમ નાનોત્વીએ પોતાના નબુવ્વતના દાવાને માટે રસ્તો સાફ કર્યો હતો. એ હજી માહોલ ઉભો કરી રહ્યા હતા અને એવામાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ દેવબંદીએ ઉભો કરેલા પાયા પર નબુવ્વતનો દાવો કરી નાખ્યો ! અને કાસિમ નાનોત્વી અફસોસમાં હાથ ઘસતા રહી ગયા ! ખૈર, આ તેમનો આંત્રિક ઝઘડો છે, આપણે એનાથી શું લેણદેણ ! અહલે સુન્નત વ જમાઅતની દૃષ્ટિએ તો ન નબુવ્વતના દાવાની શક્યતાને અવકાશ છે ન અમલી રીતે નબુવ્વતના દાવાને, બંનેનો હુકમ (અહીં) એક સરખો છે. બાની દારુલ ઉલૂમ દેવબંદ કાસિમ નાનોત્વીના શબ્દો આ પ્રમાણે છે : **"અગર બિલ્ફર્ઝ બઅદ ઝમાનાએ નબવી સલ્અમ ભી કોઈ નબી પૈદા હો તો ભી ખાત્મિયતે મુહમ્મદીમેં કુછ ફર્ક ન આયેગા."** તર્જુમો : "જો ધારો કે નબી ﷺ ના જમાના પછી પણ કોઈ નબી પેદા થાય તો પણ મુહમ્મદ ﷺ ના અંતિમ નબી હોવામાં કાંઈ ફરક આવશે નહીં." *(મોલ્વી કાસિમ નાનોત્વી, તહઝીરુન્નાસ, પેજ–૨૩)*

દેવબંદી આલિમોની દૃષ્ટિએ મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીના અનુયાયીઓ અહલે કિતાબના હુકમમાં છે અને તેમના હાથે ઝબહ કરેલ પણ જાઈઝ છે. મશ્હૂર દેવબંદી મુફતી મોલ્વી મુહમ્મદ કિફાયતુલ્લાહ દહેલ્વી મિર્ઝાઈઓના ઝબીહા (ઝબહ કરેલ જાનવર)ના વિશે એક સવાલનો જવાબ આપતાં લખે છે :–

"જો તેનાં માં બાપ અથવા એમાંથી કોઈ એક મિર્ઝાઈ હતું તો તે અહલે કિતાબના હુકમમાં છે અને તેના હાથનું ઝબહ કરેલ દુરુસ્ત છે." *(મુફતી કિફાયતુલ્લાહ દહેલ્વી, કિફાયતુલ્ મુફતી, ભાગ–૧, પેજ–૩૧૩, પ્રેસ–કરાંચી)*

હવે એ સાબિત થઈ ગયા પછી કે દેવબંદિયત કાદયાનિયતની જ દૂધ બહેન છે અને બંનેનું ઉદ્‌ભવ બિંદુ વહાબિયત છે અને દેવબંદિયત વિચારસરણીના આલિમોને પોતે પણ પોતાના વહાબી હોવાનો સ્વીકાર છે, હવે અમે આપને એ દર્શાવવા ચાહીએ છીએ કે દેવબંદી આલિમોએ પોતાની કિતાબોમાં જે પોતાના અકીદાઓ તથા માન્યતાઓ કલમબદ્ધ કરેલ છે અને તેમાં રસૂલે પાક ﷺ ની તૌહીન કરી છે એણે ભારતખંડના મુસ્લિમ માહોલમાં સળગતા પર પેટ્રોલ છાંટવાનું કામ કર્યું અને રહી સહી શાંતિ પણ નાબૂદ થઈ ગઈ. અહલે સુન્નતના ઉલમાએ પોતાના સ્થાનની જિમ્મેદારીઓને પૂર્ણ કરવા માટે તેમને સમજાવવાની દરેક શક્ય તે કોશિશ કરી પણ અંગ્રેજી તથા સઊદી પેટ્રાડોલરની સામે તેમણે એક ન સાંભળી અને મુસ્લિમોમાં વિભાજનની જિમ્મેદારી નિભાવવાના માટે તેમણે પોતાના તરફથી કોઈ કચાશ ન છોડી. ઉલમાએ અહલે સુન્નતે તેમના અકીદાઓને જ્યારે હરમૈનના આલિમો સમક્ષ રજૂ કર્યા તો તેમણે એવા અકીદાઓ રાખવાવાળા મોલ્વીઓ પર લઅનત કરી અને સૌએ સહમતીથી તેઓને ઈસ્લામથી ખારિજ (નીકળી ગયેલ) ઠરાવ્યા. તેમજ ભારતખંડના આલિમોએ પણ સહમતીથી તેમને કાફિર ઠરાવ્યા. **અરબ તથા અજમ (અરબસ્તાન સિવાય)ના જમહૂર ઉલમાએ અહલે સુન્નતે એકમતીએ જેમને કાફિર ઠરાવતા ફત્વા બહાર પાડ્યા તે ચાર દેવબંદી મોટેરાઓ છે : કાસિમ નાનોત્વી, અશ્રફઅલી થાનવી, રશીદ અહમદ ગંગોહી, ખલીલ અહમદ અંબેઠવી.** હવે જાહેર છે કે એમના જેવા અકીદા રાખવાવાળાઓના માટે પણ એ જ હુકમ થશે. હરમૈનના આલિમોના અસલ અરબી ફત્વા તથા ઉલમાએ અજમના ફત્વા **હુસ્સામુલ હરમૈન, અસ્સવારિમુલ હિંદિયા** તથા **ફતાવાએ ઉલમાએ દુન્યા**માં જોઈ શકાય છે. **દેવબંદી વિચારસરણી ધરાવતા આલિમોની કિતાબોમાં એક અન્ય ચીજ ઘણી જ હાસ્યાસ્પદ જોવા મળે છે કે તેઓ ઈખ્તિયારો તથા તસર્રુફો, મૃત્ય બાદ જીવંત થવું તથા ઈલ્મે ગૈબ વગેરે ગુણો તથા કમાલોને અંબિયા ઔલિયાના માટે માનવાને શિર્ક કહે છે જ્યારે કે એ જ તમામ ચીજોને અમલી રીતે પોતાના દેવબંદી બુઝુર્ગો માટે**





**સાબિત કરે છે !** અહલે સુન્નત વ જમાઅતના મશ્હૂર બુઝુર્ગ કલમકાર હઝરત અલ્લામા અર્શદુલ કાદરીએ પોતાની વિ□વિખ્યાત કિતાબ ''ઝલ્ઝલા''માં માન્યતા તથા અમલના આ વિરોધાભાસનાં ઘણાં જ આશ્ચર્યજનક દષ્ટાંતો એકત્ર કર્યા છે એને ચિંતનાત્મક અવલોકન રજૂ કરીને વારંવાર એ ગુંચવણને ઉકેલવા માટેની માંગણી કરે છે. વિવિધ લોકોએ એનો જવાબ આપવાનો પ્રયાસ પણ કર્યો પણ તેને જવાબ કહી શકાતો નથી ''દુ:ખે પેટને કૂટે માથુ''વાળો મામલો છે, તેમના માટે જવાબ આપવાને બદલે મોઢું છુપાવવાની તાબીર યોગ્ય છે. હા ! દેવબંદી વિચારસરણીના મશ્હૂર આલિમ તથા રાઈટર જનાબ આમિર ઉષ્માની ફાઝિલ દેવબંદીની તજવીઝ સાચી જણાય છે. જો દેવબંદી આલિમો તેમની સલાહ પર અમલ કરી લેત તો ભારત ખંડના મુસ્લિમોનું પચાસ ટકા જેટલું વિભાજન જરૂર ઓછું થઈ શક્તું હતું. **અમે એકવાર ફરી દેવબંદી આલિમોને નિમંત્રણ આપીશું કે તેઓ આમિર ઉષ્માનીની તજવીઝ પર અમલ કરીને મુસ્લિમ ઉમ્મતમાં વધી રહેલા વિભાજન તથા વિખવાદને ખત્મ કરવામાં અમારી મદદ કરે અને સાથોસાથ પોતાના અકીદાઓથી તૌબા તથા રુજૂઅ પણ કરી લે.** ફાઝિલે દેવબંદ આમિર ઉષ્માનીની તજવીઝના શબ્દો જે તે સ્થિતિમાં આ પ્રમાણે છે :–

> ''હમારે નઝદીક જાન છુડાનેકી એક હી રાહ હૈ, યે કે યા તો તકવિયતુલ ઈમાન ઔર ફતાવા રશીદિયહ, ફતાવા ઈમ્દાદિયહ ઔર બહિશ્તી ઝેવર ઔર હિફઝુલ્ ઈમાન જૈસી કિતાબોં કો ચૌરાહે પર રખકર આગ લગા દી જાએ ઔર સાફ એલાન કર દિયા જાએ કે ઉન્કે મન્દરજાત કુર્આનો સુન્નત કે ખિલાફ હૈં ઔર હમ દેવબંદીયોં કે સહીહ અકાઈદ અરવાહે ષલાષા ઔર સવાનેહે કાસિમી ઔર અશ્રફુસ્સવાનેહ જૈસી કિતાબોંસે માલૂમ કરને ચાહિયે. યા ફિર મુઅખ્ખરુઝ્ ઝિક્ર કિતાબોં કે બારેમેં એલાન ફર્મા દિયા જાએ કે યે તો મહઝ કિસ્સે કહાનિયાં કી કિતાબેં હૈં જો રતબો યાબિસસે ભરી હૂઈ હૈ ઔર હમારે સહીહ અકાઈદ વહી હૈ જો અવ્વલુઝ્ ઝિક્ર કિતાબોંમેં મન્દર્જ હૈં.''
>
> **હવાલો** : *આમિર ઉષ્માની, માહનામા તજલ્લી દેવબંદી, મે–૧૯૭૩*

અય કાશ ! આમિર ઉષ્માની જીવતા હોત તો અમે તેમને આ તજવીઝમાં થોડોક ફેરફાર કરવાની અપીલ કરત કે તમે ઉલમાએ દેવબંદને એ સલાહ આપો કે બંને તરફની કિતાબોને ચોરાહા પર રાખીને આગ લગાડી દો અને પછી કહો કે અમારો અકીદો તે જ છે જે કુર્આન તથા સુન્નતથી નીકળેલ અને ૧૪૦૦ વરસથી સતત ચાલ્યો આવી રહ્યો છે. ૧૪ સદી હિજરીમાં જેની તર્જુમાની ઈમામ અહમદ રઝા અને જમહૂર ઉલમાએ અહલે સુન્નતે કરી છે. ખૈર, **આજે પણ દારુલ ઉલૂમ દેવબંદના ક્ષેત્રમાં આમિર ઉષ્માનીનો કોઈ અનુગામી હોય તો તે આનું બીડુ ઝડપે અને મુસલમાનોમાં ઈખ્તેલાફ તથા વિભાજનના ભડકતા ભડકાઓને ઓલવીને ઈસ્લામી જગત તરફથી આભારનો હક્કદાર બને.**

હવે હું તમારા દિમાગ તથા ચિંતનને એક સળગતી સમસ્યાની પ્રતિ વાળવા ચાહુ છું. એ હકીકતથી ક્યો મુસલમાન વાકેફ નથી કે ઈસ્લામ એક પાકીઝા (પવિત્ર) અને સર્વ ક્ષેત્રિય ધર્મ છે, એમાં શહેરી ગામડિયા, અમીરી ગરીબી, જાતપાતનો કોઈ ભેદભાવ નથી. ઈસ્લામી ખયાલ તથા અમલનું દરેક પાસુ આપણને સમાનતાનો જ સબક આપે છે. **ઈસ્લામમાં બુઝુર્ગીનો (ઉચ્ચતાનો) પાયો કેવળ ઈલ્મે દીન તથા તકવા અને પરહેઝગારી પર છે.** ઈસ્લામી જગતમાં કુર્આને કરીમના આ પવિત્ર શબ્દો રોજ સાંજ સવાર દોહરાવવામાં આવે છે : ان اکرمکم عندالله اتقاکم એટલે કે **"તમારામાં અલ્લાહ તઆલાની નિકટ મોટો તે છે જે તમારામાં અધિક તકવાવાળો છે."** પૈગંબરે ઈસ્લામે સમાનતાનો સબક આપતાં એક ઠેકાણે ઈર્શાદ ફર્માવ્યો :–

الناس کلهم بنی آدم وآدم خلق من تراب ولا فضل لوربی علی عجمی الا بالتقویٰ

**"તમામ માનવો હઝરત આદમની ઔલાદ છે અને હઝરત આદમનું સર્જન માટીથી થયું. અને કોઈ અરબીને કોઈ અજમી પર કોઈ ફઝીલત (ઊંચાપણુ) નથી પણ તકવાના લેહાઝ પ્રમાણે."** *(દુર્રે મન્સૂર, બહવાલા ઈબ્ને મરદુવિયહ્)*

એક અન્ય ઠેકાણે મોહસિને ઈન્સાનિયત ﷺ ફર્માવે છે :–





المسلمون اخوة لا فضل لاحد علی احد الا بالتقویٰ **"તમામ મુસલમાન ભાઈ ભાઈ છે કોઈને કોઈના પર કોઈ ફઝીલત નથી પણ તકવાના આધારે."**

પણ એને શું કહેશો કે દેવબંદી વિચારસરણીએ પણ વહાબીઓના ડગલે ડગલે ચાલીને મુસ્લિમોમાં વિભાજન કરવાના માટે દરેક પ્રકારની જદ્દો જેહદ (કોશિશ) કરી. માન્યતાના મતેભદો પછી આ વિચારસરણીએ નાત જાત અને ઊંચ નીચનો વિખવાદ શરૂ કર્યો અને આ બાબતમાં પણ એવું કરી બતાવ્યું જેનું દૃષ્ટાંત ઈસ્લામી ઈતિહાસમાં નથી મળતું. ઈસ્લામી તકાઝાઓને જ પાયમાલ નથી કર્યા બલ્કે આમ ઈન્સાની સામાજિક અને સાંસ્કૃતિક તકાઝાઓની પણ ધજ્જીઓ વિખેરી કાઢી, બલ્કે એ હિંદુ જાતિથી પણ આગળ નીકળી ગયા જે નાતજાતના ભેદભાવ બાબતે ખાસ્સી પ્રખ્યાત છે. અમે એના અનુસંધાનમાં લખાણને ન લંબાવતાં કેવળ એક જ સાક્ષી (શહાદત) પર સંતોષ માનીશું.

મોલ્વી તર્કી ઉષ્માનીના વાલિદ (પિતા) મુફતી શફીઅ ઉષ્માની દેવબંદી વર્તુળમાં ઘણા મશ્હૂર છે, તે ઘણા અરસા સુધી દારુલ ઉલૂમ દેવબંદમાં ઉસ્તાદ તથા મુફતી પણ રહ્યા છે, તેમણે "નિહાયાતુલ અરબ ફી ગાયાતિન્નસબ" એક કિતાબ લખી જેની વિવિધ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ. આ કિતાબની પહેલી આવૃત્તિમાં મુફતી શફીઅ સાહબે અહમદ ઉષ્માનીનો વધારો ઉમેર્યો હતો જેને સમર્થન તથા ટેકો મુફતી શફીઅ તથા મોલ્વી અશ્રફ અલી થાનવીએ કર્યો હતો. તે વધારો અમે અમારા દાવાની સાબિતીના માટે સાક્ષીના રૂપે નકલ કરીએ છીએ, **વાંચતાં વાંચતાં ગુસ્સો કાબૂમાં ન રહે તો અમને માફ કરશો !** અમારી હૈસિયત કેવળ નકલ કરવાની છે :–

"આ ફિત્નાથી ભરપુર જમાનામાં ચોતરફથી અવાજો ઊંચા થઈ રહ્યા છે, ક્યાંક અવાજ આવે છે કે ધરતીકંપથી ફલાણી આબાદી તબાહ થઈ ગઈ ! ક્યાંક અવાજ ઉઠે છે કે મુશ્રિકો તથા કાફિરોની તરફથી ફલાણો જુલમ તથા તકલીફ થઈ રહી છે ! ખરેખર ! એ અમે પણ માનીએ છીએ કે જે કાંઈ કહેવામાં આવી રહ્યું છે તે બરાબર તથા સહી છે, પણ એના પ્રતિ તદ્દન ધ્યાન નથી કે મૂળ કારણ આ તમામ બનાવોનું શરીઅતની

બાબતોને ત્યજવાનું છે. અમે તમામ કૌમોને એની અપીલ નથી કરી શક્તા કે તેઓ શું કરે ?! પણ આપણી કૌમ, શયખ હઝરાતથી જરૂર દરખાસ્ત કરીશું કે જ્યાં સુધી તમે લોકો શરઈ બાબતો પર અમલ કરતા નહીં થાવ ત્યાં સુધી આ મુસીબતોથી છૂટકારો મળશે નહીં. શરઈ બાબતો (સર્વ) અન્ય ચીજો સાથે એ પણ છે કે નીચ કૌમોથી મેળમેળાપ તદ્દન ન રાખે કેમ કે તેમની નીચતાની અસર જરૂર ઉપસ્થિત થશે, ''જેવી સોબત તેવી અસર''એ મશ્હૂર કહેવત છે. વળી તેમજ આ અન્ય નીચ જાતિઓથી વહેવાર, ખરીદ વેચાણ તથા દીની બાબતો, મસાઈલની તેહકીક વગેરે તદ્દન સંબંધ ન રાખે કેમ કે એ સર્વ બાબતો કિયામતની નિશાનીઓમાંથી છે કે આખર જમાનામાં શરીફ જાતિઓ અધોગતિમાં હશે અને નીચ જાતિઓને તરક્કી મળશે. આજે જોવામાં આવે છે કે વણકર, ઘાંચી, કસાઈઓ, નાઈઓ, ધોબીઓ, ભઠિયારાઓ, લુહારો, દરજીઓ,સોનીઓ, ઘરઘટ્ટુ ચીજોનો વેચનારો, ઘાસ કાપીને વેચનાર, રાજપૂતો વગેરેની તરક્કી થઈ રહી છે, દુનિયાના લેહાઝથી (તેઓ) મોટા મોટા હોદ્દાઓ પર બિરાજેલ છે, મહેલો ઉભા છે, મોલ્વી, મુફતી, કારી, સૂફી, શાહ સાહબ, બાબુ, મિનિસ્ટર વગેરે કહેવાય છે પણ એવો ખયાલ નથી કરતા કે આ વાતો આપણી અંદર શાથી આવી રહી છે ?! બસ ! એ જ કિયામત નજીક હોવાની નિશાની છે ! પરંતુ આ જાહિલ લોકો ખુશ થઈ રહ્યા છે, જહન્નમને ભૂલી રહ્યા છે.

ભાઈઓ ! જ્યાં સુધી દીનનો ઈલ્મ શયખ હઝરાતમાં રહ્યો અન્ય કૌમો તાબે રહી, કોઈ આફત નથી આવી પણ જ્યારથી કસાઈ, નાઈ, ઘાંચી, લુહાર, ઘરઘટ્ટુ ચીજોનો વેચનારો, ઘાસ કાપી વેચનાર, વણકર વગેરે મોલ્વી, મુદર્રિસ, કાઝી, સૂફી, હાફિઝ વગેરે થવા લાગ્યા ત્યારથી મુસીબતોનો ક્રમ પણ આવવા લાગ્યો ! કેમ કે આ લોકો તદ્દન અક્કલથી કોરા હોય છે અને નાદાનીના કારણે અક્કલના આંધળા હોય છે. જેમ કે અમુક હદીષોથી સાબિત થઈ રહ્યું છે કે દજ્જાલ પર ઈમાન લાવનારા મોટાભાગે વણકરો હશે. કારણ એ છે કે એ લોકો દરેક વખતે એ જ ખયાલમાં રહે છે કે ગમે તે રીતે પણ ખયાનત કરવામાં આવે. જો કે આ ખયાનત ઝેરીલી બલા છે જેથી દજ્જાલ પર ઈમાન લાવવાની ઈલ્લત (સબબ) થઈ. અને એ ખયાનત સર્વ અન્ય કૌમોમાં મૌજૂદ છે, જવલેજ





ન હોય. તો સાબિત થયું કે આ કૌમો દજ્જાલના સાથે હશે. અલબત્ત જો આ કૌમો શયખોની તાબેદારીમાં વ્યસ્ત રહી તો તેમની બરકતથી દજ્જાલથી નજાત થઈ શકે છે. વિચારવાની જરૂરત છે કે આથી અગાઉ અન્ય કૌમો શયખોની તાબેદાર હોવાથી રાહતથી જિંદગી ગુજારી રહી હતી. એમનામાં ઘમંડ આવતાં જ મુસીબતનું આગમન શરૂ થઈ ગયું. દા.ત. અમારા સહારનપુરમાં મોલ્વી હબીબ અહમદ કસાઈ, મોલ્વી મંઝૂર હુસૈન કસાઈ, કારી અબ્દુલખાલિક નાઈ, મોલ્વી સઈદ જોલાહા (વણકર) પાન વેચનાર, મુન્શી અબ્દુલ કરીમ સોહરાબ વણકર, મોલ્વી મકબૂલ અહમદ બેસાતી, મોલ્વી નૂર મુહમ્મદ ભઠિયારા, મોલ્વી અબ્દુલ હમીદ વગેરે નીચ વ્યક્તિઓ મૌજૂદ છે, પોતાની નાદાની તથા બુદ્ધિ વિનાના હોવાને કારણે કોઈ મોહતમિમ હોવા પર ઘમંડ કરે છે, કોઈ મુદર્રિસ કે મુનાઝિર હોવા પર ગર્વમાં ડૂબેલો છે, કોઈ ક઼ારી હોવા પર કૂદી રહ્યો છે, કોઈ પોતાની વિલાયત પર ઘમંડ કરે છે, કોઈ સંપાદક બનીને ઉલમાએ હક્ક ઉપર વાંધા ઉઠાવી રહ્યો છે. અમારા ભાઈ હાજી અઝીઝ અહમદ સાહબ એક જાહિલ ઘડિયાળી બાઝાર નખાસા મુહમ્મદ સાદિક લુહારના મુરીદ થઈ ગયા છે. એ સાંભળીને મને અફસોસ થયો કે ભલા વિલાયતને અન્ય કૌમો સાથે શું લેવા દેવા ?! શું મુરીદ થવા માટે મઝાહેરુલ ઉલૂમ સહારનપુર, દારુલ ઉલૂમ દેવબંદ, થાનાભવનના પીરો (શયખો) ન હતા ? અમે અમારી શયખોની કૌમને દરખાસ્ત કરીએ છીએ કે અન્ય કૌમોથી સંપૂર્ણપણે બચે ! દૂર રહે. અલ્હમ્દુલિલ્લાહ ! શયખો (પીરો)માં આલિમો, ફાઝિલો, કારીઓ, મશાઈખ, મુહદ્દિષો તથા મુફસ્સિરો, મુનાઝિરો વગેરે પુષ્કળ મૌજૂદ છે, દુનિયાવી લેહાઝથી વેપારીઓ પણ મૌજૂદ છે, સંપૂર્ણ મામલો આપણી શયખોની અંદર જ રાખે જેથી દરેક પ્રકારની પ્રગતિ કૌમની થાય. અન્ય જાતિઓથી અલગ રહે કેમ કે તેમની ઈમાની હાલત ઘણી ખરાબ હોય છે. હઝરત સુલૈમાન علیہ الصلوۃ والتسلیم નું ફર્માન ''અકલુલ હાઈકિ ફિદુબુરિ'' રોશન મૌજૂદ છે. હવે વિચારી લો કે મિર્ઝા કાદયાનીઓ ઉપર ઈમાન કોણ લાવે છે ?! સિવાય વણકરો, ઘાંચીઓ, લુહારો વગેરે સિવાય ! શયખોમાંથી પણ કોઈ સાંભળ્યો છે ?! જ્યારે આપણી સામે નાના દજ્જાલ પર (એઓ) ઈમાન લાવી રહ્યા છે તો જરૂર દજ્જાલે અકબર પર એ લોકો ઈમાન લાવશે.

આનાથી અગાઉ થોડુક લખાણ અખ્બાર મોહક્કિક સહારનપુર તા. ૧૬ મે ૧૯૩૫ ઈ.સ. માં પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે તે પણ અભ્યાસને પાત્ર છે બાકી આગામી લેખોમાં પણ અમે આ પ્રકારનું લખાણ ચાલુ રાખીશું. સારાંશ એ છે કે અન્ય કૌમો સાથે તદ્દન વહેવાર કટ કરો અને જે શરીઅતની બાબતો હોય તેની પાબંદી કરો. એમાં આપણી કૌમથી હમદર્દી પણ છે અને દરેક પ્રકારની ફલાહે દારૈન પણ. ફક્ત વસ્સલામ.

*–ખાદિમે કૌમે શોયૂખ*

**અહમદ ઉષ્માની, સહારનપુર**

*(હવાલો : નિહાયતુલ અદબ ફી ગાયાતિન્નસબનો વધારો, આવૃત્તિ–૧, બહવાલા કિફાયતુલ્ મુફતા, ભાગ–૧, પેજ–૨૬૬ થી ૨૬૮, કિતાબુલ અકાઈદ, પ્રકરણ–૧૧)*

**આ હતો મૌલાના અશરફઅલી થાનવી અને મુફ્તી મુહમ્મદ શફીઅ ઉષ્માની દેવબંદીનો સમર્થન કરેલો વધારો જે તેમની નિગરાની અને સરપરસ્તીમાં પ્રસિદ્ધ થયો. શું આ વધારો ઉલમાએ દેવબંદની વક્રદષ્ટિ તથા તેમના નાત જાતના ભેદભાવને હવા આપવાની શહાદત (સાક્ષ) નથી આપી રહ્યો ? શું એનાથી મુસલમાનોના મોટા ભાગને તકલીફ નહીં પહોંચી હોય ?** શું એનાથી મુસલમાનો વચ્ચે દૂરીઓ પૈદા નહીં થઈ હશે ? શું એકબીજાથી નફરત તથા હૃદયભંગનું વાતાવરણ પેદા નહીં થયું હોય ? શું આ હરકતોથી અમારો દાવો સાબિત નથી થતો કે દેવબંદિયત પણ કાદયાનિયત તથા વહાબિયતની જેમ મુસ્લિમો દરમ્યાન વિભાજનના માટે અસ્તિત્વમાં આવી હતી ? **એ પણ નથી કહી શકાતુ કે આ દેવબંદી વિચારસરણીની માન્યતા નથી બલ્કે અમુક લોકોની રાય છે ! કેમ કે તેમણે આ કામ દારુલ ઉલૂમ દેવબંદના ફત્વા વિભાગના હોદ્દા પરથી અંજામ આપ્યું હતું. વિશેષમાં એ કે જ્યારે હિંદુસ્તાનના ઠેકઠેકાણેથી વિરોધ દર્શાવતાં લખાણો આવ્યાં અને ચોતરફથી ગુસ્સો તથા તિરસ્કાર પ્રદર્શિત કરવામાં આવ્યો તો દેવબંદના મુફ્તીઓએ પોતાના ખયાલોને પાછા લેવા તથા શર્મિંદગી કરવાને બદલે તેના સમર્થનમાં જ પુસ્તિકાઓ લખી અને વંશ તથા કુળ અને**





**નાતજાત તથા સામાજિક ઊંચનીચને ખૂબ જ હવા આપી.** મસ્ઊદ આલમ ફલાહી લખે છે :–

"મુફતી સાહબની એ કિતાબની વિરૂધ્ધ ખૂબ જ પ્રમાણમાં ધાંધલ ધમાલ થઈ, કાંઈ કેટલીય કિતાબો એની વિરૂધ્ધમાં પ્રસિધ્ધ થઈ. દારુલ ઉલૂમના આલિમોએ અન્ય આલિમોની સાથે તેઓએ પણ એ કિતાબનો વિરોધ કરવો જોઈતો હતો પરંતુ ત્યાંના મુફતી સાહેબો તથા આલિમોએ એ કિતાબનો વિરોધ કરવાને બદલે તેના સમર્થનમાં વિવિધ પુસ્તિકાઓ બહાર પાડી." *(મસ્ઊદ આલમ ફલાહી, માહનામા ઝિંદગીએ નવ, ન્યૂ દિલ્હી, ઓગસ્ટ–૨૦૦૦, પેજ–૪૪)*

લો કહો ! શું પોતાના જ ઘરની સાક્ષી પછી કોઈ બહાનાનો અવકાશ રહે છે ? આ હતું મુસ્લિમો દરમ્યાન વિભાજનના સબબોનું એક સંક્ષિપ્ત નિરીક્ષણ. આ લખાણ પર ગંભીરતાપૂર્વક વિચાર કરો કે આવી ફિત્ના ઉછેરનાર આડશોના હોવા છતાં મુસ્લિમ ઉમ્મત કઈ રીતે એક થઈ શકે છે ? એનો બસ એક જ માર્ગ છે કે **જે લોકો અજાણતામાં વહાબી ચળવળના જાહેર ડેકોરેશનથી પ્રભાવિત થઈને એમાં જોડાઈ ગયા છે અથવા તેની કોઈ શાખના ફંદામાં ફસાઈ ગયા છે તેઓ પોતાના વિચારો તથા આદતો પર ફરીથી દષ્ટિ ગુમાવે અને પોતાના પાછલા અકીદાથી તૌબા કરીને અહલે સુન્નત વ જમાઅતમાં સામેલ થઈ જાય.** અહલે સુન્નત વ જમાઅત હકીકી ઈસ્લામ છે, એ જ સીધો માર્ગ છે, એના અકીદા તથા આદતો રિસાલતકાળથી આજ સુધી વારસાગત તથા સતત ચાલ્યી આવે છે અને એના માનવાવાળા દરેક દૌરમાં સવાદે આ'ઝમ (મોટી જમાઅત) રહ્યા છે અને આ જ જમાઅત ઈર્શાદે રસૂલ لا تجمع امتی علی الضلالة ની ખરેખર પાત્ર રહી છે.

# હક્ક તથા સત્યનો માર્ગ અહલે સુન્નત વ જમાઅત

(તહરીર : ઓક્ટોબર, ઈ.સ. ૨૦૦૧)

આથી આગળની ચર્ચાઓથી તમે હવે એ નિર્ણય સુધી પહોંચી ચૂક્યા હશે કે મિલ્લતની એકતાનો બસ એક જ માર્ગ છે કે તમામ કલ્મો પઢનારા જેઓ ઈસ્લામના નામે વિવિધ ફિર્કાઓ તથા જમાઅતોમાં વહેંચાયેલા છે તેઓ પોત પોતાના ગુમરાહ તથા ગૈર ઈસ્લામી અકીદાઓ તથા ખયાલોથી તૌબા કરીને ઈસ્લામી જગતની સૌથી મોટી વસ્તીમાં સમાય જાય જેના અકીદા કુર્આન તથા સુન્નત અને સહાબીઓના વાણી તથા વર્તનના તદ્દન પ્રમાણે અને ૧૪૦૦ વરસથી વારસાગત સતત ચાલ્યા આવી રહેલ છે. પરંતુ આ સ્થાન સુધી પહોંચતાં પહોંચતાં શક્ય છે કે દિમાગના કોઈ ખૂણામાં એવી શંકા બાકી રહી ગઈ હોય કે અહલે સુન્નત વ જમાઅતની સચ્ચાઈ તથા હક્કાનિયતના બારામાં પૂર્વજ આલિમો તથા ઈસ્લામના મશાઈખના આદેશો તથા અહલે સુન્નતના અકીદાઓ હજી અમારી સમક્ષ નથી આવી શક્યા અને તે અહલે સુન્નતના પેશ્વાઓ કોણ છે જેમણે ખયાલ તથા અમલના વારસા તથા સતત ક્રમ હેઠળ પોત પોતાના યુગમાં જમાઅતે અહલે સુન્નતની હિફાઝત તથા પ્રચારનો ફરીઝો અંજામ આપ્યો. હવે અમે ઘણા જ સંક્ષિપ્તમાં તે તમામ ચીજો પર પ્રકાશ ફેંકીએ છીએ પરંતુ પ્રથમ ઉમ્મતના વિભાજનના સંબંધે મશ્હૂર હદીષે રસૂલ નકલ કરીએ છીએ, કેમ કે અહલે સુન્નત વ જમાઅતની હક્કાનિયત પર ઘણા કથનો આ હદીષના હેઠળ આવેલાં છે :–

''મારી ઉમ્મત તોત્તરે ફિર્કાઓમાં વહેંચાઈ જશે, તમામ ફિર્કા જહન્નમમાં જશે સિવાય એક ગિરોહના. સહાબાએ

تفترق امتی علیٰ ثلاثٍ و سبعین فرقةً کلھم فی النار الاملة





અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે નજાત પામનાર ગિરોહ કયો હશે ?! ઈર્શાદ ફર્માવ્યો, જે મારી સુન્નત તથા

واحدة، قالوا ما ھی یارسول اللہ ﷺ قال ما اناعلیہ و اصحابی

મારા સહાબાની જમાઅતને અનુસરનારો હશે.'' *(અલ્ જામિઈસ્સુનનિલિલ્ તિર્મિઝી, અબવાબે ઈમાન, ઈફતેરાકે હાઝા ઉમ્મત, ૨/૯૩)*

બીજી રિવાયતમાં છે કે સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! નજાત પામનાર ગિરોહ કયો હશે ? તો નબી કરીમ ﷺ એ ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક ઈર્શાદ ફર્માવ્યો : اھل السنة والجماعة ''અહલિલ્ સુન્નહ્ વ જમાઅહ્.'' *(ઈમામ ગિઝાલી, અહયાઉલ ઉલૂમ, ભાગ–૩, પેજ–૨૨૫, પ્રેસ–દારુલ અહયાઅલ કુતુબિલ અરબિય્યહ્–કાહિરા)*

આ હદીષની રિવાયત પર ચર્ચા કરતાં ઈમામ ઝૈનુદ્દીન ઈરાકીએ ફર્માવ્યું : ''આ હદીષની બધી સનદો મજબૂત છે.'' *(અલ્મુગ્ની અન્ જુમલિલ્ અસ્ફાર ફી તખરીજિ માફિલ અહ્યાઈ મિનલ્ આષાર)*

એનાથી સાબિત થયું કે અહલે હક્ક અને અહલે સિદ્ક વ વફા (હક્ક તથા સત્ય વફાવાળા)ના માટે અહલે સુન્નત વ જમાઅતનું મુબારક નામ પણ મુખ્તારે કાઈનાત ﷺ નું અર્પણ કરેલું છે.

ઉપરોક્ત હદીષને ઈમામ અહમદ અને ઈમામ અબૂ દાઊદે પણ હઝરત મુઆવિયહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી છે આ રિવાયતમાં ما انا علیہ و اصحابی ''**મા અના અલૈહિ અસ્હાબિહી**'' પછી واحدفی الجنةوھی اھل السنة والجماعة પણ છે, ''અને એક ગિરોહ જન્નતી છે અને તે જમાઅત છે.'' *(મુસ્નદે ઈમામ અહમદ, ૪/૧૦૨, અલ્ મક્તબુલ ઈસ્લામી લિલ્ તબાઅહ્ વન્નસ્ર–બૈરૂત, સુનને અબૂ દાઊદ, બાબ શરહુસ્સુન્નિયહ્, ૨/૬૩૧, પ્રેસ–અસ્સહ્હુલ મુતાબિઅ–કરાચી)*

હક્કવાળાઓ માટે ''અહલે સુન્નત વ જમાઅત'' શબ્દનો ઉપયોગ પ્રારંભિક સમયથી જ શરૂ થઈ ગયો હતો. હઝરત ઈમામ મુસ્લિમ પોતાની સહીહના મુકદમા (પ્રસ્તાવના)માં ઈમામ મુહમ્મદ ઈબ્ને સીરીં તાબઈથી બઅસ્નાદે ખૂદ રિવાયત ફર્માવે છે :–

''પહેલાં સનદોના બારામાં છાનબીન થતી ન હતી પરંતુ જ્યારે

لم یکونوا یسئلون عن الاسناد فلما وقعت الفتنة قالوا

ફિત્નો ખડો થઈ ગયો તો રિવાયત કરતી વખતે કહેતા અમને તમારા રાવીઓના વિશે બતાવો, તો જો અહલે સુન્નત વ જમાઅત જોતા તો કબૂલ કરી લેતા અને બદ્‌મઝહબ જોતા તો તેની રિવાયત કબૂલ નથી કરતા." *(મુકદમા સહીહ મુસ્લિમ, પ્રેસ : અન્સારી–દિલ્હી, પેજ–૧૧૧)*

سموا لنا رجالكم فينظر الى اهل السنة فيوخذ حديثهم وينظر الى اهل البدع فلا يوخذ حديثهم

હવે આ પ્રારંભિક તથા પ્રાથમિક ચર્ચા પછી ઈસ્લામના મશાઈખ તથા ઉલમાએ કેબાર (મહાન આલિમો)ની માન્યતાઓ (વિચારો)નો અભ્યાસ કરો :

હઝરત ગૌષે આ'ઝમ શયખ અબ્દુલ કાદિર જીલાની رحمة الله عليه તોત્તેર ફિર્કાઓવાળી હદીષ નકલ ફર્માવ્યા બાદ નજાત પામનાર ફિર્કાનો નિર્દેશ કરતાં લખે છે :–

فاما الفرقة الناجيه فهى اهل السنة والجماعة "રહ્યો નજાત પામનાર ફિર્કો તો તે અહલે સુન્નત વ જમાઅત છે." *(શૈખ અબ્દુલકાદિર જીલાની, ગુન્યતુત્તાલિબીન, હુજ્જતુલ્લાહિ અલલ આલમીન, પેજ–૩૯૭, પ્રકાશક : બરકાતે રઝા–પોરબંદર)*

હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمة الله عليه ફર્માવે છે : "દરેક વ્યક્તિએ જોઈએ કે **અહલે સુન્નતના અકીદાઓને પોતાના દિલમાં જમાવે** કે એ જ તેની ખુશનસીબીનું બીજ બનશે." (ઈમામ ગિઝાલી, કીમીયાએ સઆદત, પ્રેસ : લખનૌ, પેજ–૫૮)

હઝરત સૈયદ તહતાવી رحمة الله عليه ફર્માવે છે :–

"હે ઈસ્લામી ભાઈઓ ! તમારા માટે એ જરૂરી છે કે તમે એ **જન્નતી ગિરોહના ડગલે ડગલે ચાલો જેને અહલે સુન્નત વ જમાઅત કહેવામાં આવે છે,** કેમ કે અલ્લાહની મદદ અને તેની હિફાઝત તથા તૌફીક અહલે સુન્નતના પ્રમાણે રહેવામાં છે અને તેના વિરોધમાં બેઈજ્જતી, અલ્લાહ તઆલાની

فعليكم يا معاشرالمومنين باتباع الفرقة الناجية المسماة باهل السنة والجماعة فان نصرة الله و حفظه وتوفيقه فى موافقتهم و خذلانه و سخطه و مقته فى مخالفتهم-





નારાજગી અને ફિટકાર છે." *(અલ્લામા તહતાવી, અલ્ મુન્હિતુલ વહ્‌બિય્યહ)*

ઈમામ અબૂ મન્સૂર અબ્દુલ કાહિર ઈબ્ને તાહિર અલ્ યતમીએ ઉમ્મતના વિભાજનવાળી હદીષની સ્પષ્ટતામાં પૂરી એક કિતાબ લખી હતી. તે પોતાની કિતાબમાં બોત્તેર ફિર્કાઓની વિગત અને તેમના બાતિલ અકીદાઓ વર્ણન કરતાં નિર્ણયાત્મક અંદાઝમાં લખે છે :–

"પછી ત્યારબાદ ઉમ્મતમાં વિભાજન અસ્તિત્વમાં આવ્યું અને ક્રમે ક્રમે બોત્તેર ગુમરાહ ફિર્કાઓની સંખ્યા પૂર્ણ થઈ ગઈ. અને તોત્તેરમો ગિરોહ અહલે સુન્નત વ જમાઅત છે અને એ જ જન્નતી ફિર્કો છે." *(ઈમામ અબૂ મન્સૂર, બહવાલા હુજ્જતુલ્લાહિ અલલ્ આલમીન, અઝ : શૈખ યૂસુફ ઈબ્ને ઈસ્માઈલ નબહાની, પેજ–૩૯૭)*

ثم حدث الخلاف بعد ذالک شيئاً فشيئاً الى ان تكا ملت الفرق الضالة اثنين و سبعين فرقة، والثالثة والسبعون هم اهل السنة والجماعة وهى الفرقة الناجية-

કુત્બે રબ્બાની ઈમામ અબ્દુલ વહાબ શઅરાની قدس سره ઔલિયાએ કિરામની નિશાનીઓના હેઠળ લખે છે : **"અલ્લાહના વલીની બીજી નિશાની એ છે કે તે તરીકતમાં દાખલ થતાં પહેલાં અહલે સુન્નતના અકીદાથી વાકેફ હોય."** *(ઈમામ અબ્દુલ વહાબ શઅરાની, અન્વારે કુદ્‌સિયહ્ મુતર્જિમ, પેજ–૯૨)*

શયખુલ્ ઈસ્લામ ખ્વાજા બહાઉલ હક્ક ઝકરિયા મુલ્તાની عليه الرحمة والرضوان ફર્માવે છે :–

"જે મારા સિલસિલામાં સામેલ થશે તે તમામે તમામ મારી ઝમાનતમાં છે, અને સિલસિલાથી મુરાદ કુર્આન તથા સુન્નતની પયરવી (અનુસરણ) મુજતહિદો (ઈમામો)નાં કથનો, સહાબાએ કિરામનો ઈજમાઅ અને અહલે સુન્નત વ જમાઅતનું અનુસરણ છે." *(ખ્વાજા બહાઉલ હક્ક, ખુલાસતુલ્ આરિફીન)*

હઝરત ખ્વાજા અબ્દુલઅઝીઝ દબ્બાગ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

''એ બંદા પર વિલાયત તથા મઅરેફતનો દરવાજો નથી ખુલી શકતો જે મસ્લકે ''અહલે સુન્નત વ જમાઅત'' પર ન હોય, અને અલ્લાહ તઆલાનો કોઈ વલી અહલે સુન્નતના અકીદાથી વિરૂધ્ધ નથી અને જો વિલાયતનો દરવાજો ઉઘાડતાં પહેલાં કોઈ બદ્અકીદા હોય તો આ માર્ગ પર આવતા પહેલાં એના પર વાજિબ છે કે પ્રથમ તૌબા કરે અને અહલે સુન્નતના અકીદા અપનાવે.'' *(ખ્વાજા અબ્દુલ અઝીઝ દબ્બાગ, અલ્અબરેઝ, પેજ–૨૪)*

انه لا يفتح على العبدالا اذاكان علىٰ عقيدة اهل السنة والجماعة وليس لله ولى على غيرهم ولوكان عليها قبل الفتح لوجب عليه ان يتوب بعد الفتح و يرجع الى عقيدة اهل السنة۔

હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ قدس سرهٗ ફર્માવે છે : ''અમારા તરીકતના સિલસિલાનો પાયો ત્રણ ચીજો પર છે : (૧) અહલે સુન્નત વ જમાઅતના અકીદા પર અડગ રહેવું. (૨) દવામે આગાહી (૩) ઈબાદત. જેથી જો કોઈ મર્દ દરવેશમાં આ ત્રણ ચીજોમાંથી એકમાં પણ ખલેલ આવી જાય તો તે અમારા તરીકાથી ખારિજ થઈ જાય છે.'' *(ખ્વાજા બાકી બિલ્લાહ, હાલાતે મશાઈખે નક્શબંદિયહ્)*

ઈમામ અબ્દુલ વહાબ શઅરાની قدس سرهٗ ફર્માવે છે :–

المراد بالسواد الاعظم هم من كان اهل السنة والجماعة

''સવાદે આ'ઝમથી મુરાદ અહલે સુન્નત વ જમાઅત છે.'' *(ઈમામ અબ્દુલ વહાબ શઅરાની, મીઝાને શરીઅત કુબરા, ભાગ–૧, પેજ–૫૮)*

હઝરત દાતાગંજ બખ્શ લાહોરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ શરીઅતમાં સુન્ની હનફી મઝહબવાળા હતા. જ્યાં જ્યાં તે ઈમામે આ'ઝમનું નામ લે છે ત્યાં આપ કમાલ એહતેરામ (અદબ)નો લેહાઝ રાખે છે. કશ્ફુલ મહજૂબમાં એક જગાએ ઈમામે આ'ઝમનો ઉલ્લેખ અતિશય અદબો એહતેરામની સાથે કરતાં તેમને અહલે સુન્નત વ જમાઅતના મુક્તદા (પેશ્વા) લખે છે એનાથી એમના મસ્લકે અહલે સુન્નત વ જમાઅત પર જામેલા હોવાના યકીની સાબિતી મળે છે. એમના શબ્દો આ પ્રમાણે છે :



અખંડ ભારતમાં મુસ્લિમોમાં વિખવાદના સબબો

''ઈમામે ઈમામાં, મુક્તદાએ સુન્નિયાં, અશ્રફે ફુકહા, અઈઝ્ઝ ઉલમા અબૂ હનીફા નોઅમાન બિન ષાબિત અલ્ખિરાઝ رضی اللہ عنہ.'' *(હઝરત દાતાગંજ બખ્શ લાહોરી, કશ્ફુલ મેહજૂબ, પેજ–૫૦)*

રસૂલે કરીમ ﷺ એ ફર્માવ્યું :–

اتبعوا السواد الاعظم فَاِنّهٗ مَنْ شَذَّ شُذَّ فِى النَّار ''એટલે કે તમે સવાદે આ'ઝમની પયરવી કરો ! જે એનાથી અલગ થયો તેને એકલો જહન્નમ ભેગો કરવામાં આવશે.'' હઝરત મુલ્લા અલી ક઼ારી ''મિર્ક઼ાત શરહે મિશ્કાત''માં ''સવાદે આ'ઝમ'' શબ્દની સ્પષ્ટતા કરતાં લખે છે :–

السوا دالاعظم يعبره عن الجماعة الكثيره والمراد ما عليه اكثر المسلمين

''સવાદે આ'ઝમ મોટી જમાઅતથી લખાણ છે એનો મકસદ અધિક (પુષ્કળ) મુસલમાનોનો મસ્લક છે.'' *(મુલ્લા અલી ક઼ારી, મિર્ક઼ાતુલ મફાતીહ, ભાગ–૧, પેજ–૨૪૯, પ્રેસ : મુલ્તાન)*

હઝરત અલ્લામા શૈખ અબુલ અલા શરહે મવાકિફમાં ફર્માવે છે :

اما الفرقة النا جية الذين قال النبى ﷺ فيهم هم الاشاعرة والسلف من المحدثين وهم اهل السنة والجماعة ومذهبهم خال عن بدع

''નબી કરીમ ﷺ ના ઈર્શાદ ''મા અના અલૈહિ વ અસ્હાબિહી''ના પ્રમાણે જન્નતી ફિર્કામાં અશાએરા મુહદ્દિષો તથા અહલે સુન્નત વ જમાઅત છે. તેમનો મઝહબ બિદઅત તથા ગુમરાહીથી ખાલી છે.'' *(શૈખ અબુલ અલા શરહે મવાકિફ, પેજ–૭૬૨, પ્રેસ : નવલકિશોર–લખનૌ)*

આરિફ બિલ્લાહ શૈખ ઈસ્માઈલ હક્કી ફર્માવે છે :–

''અમારા શયખ મુકર્રમ પીરો મુર્શિદ નૂરલ્લાહ મર્કદહૂએ પોતાના વિસાલના એક દિવસ અગાઉ પોતાના મુરીદો તથા ચાહકોને બોલાવીને ફર્માવ્યું, મારી પાસે કોઈ માલ તથા દૌલત નથી કે એના બારામાં તમને કોઈ વસિયત કરું.

ولٰكنى علىٰ مذهب اهل السنة والجماعة شريعةً وطريقةً ومعرفةً و هقيقة فاعرفونى هكذا واشهدوا لى بهذا فى الدنيا والآخرة فهذه وصيتى

એટલે હું શરીઅત, તરીકત, મઅરેફત તથા હકીકતમાં મઝહબે અહલે સુન્નત પર કાયમ છું, તમે એ હૈસિયતથી મને ઓળખી લો અને

દુનિયા તથા આખેરતમાં મારા આ અકીદા પર ગવાહ (સાક્ષી) રહેજો. તો આ જ મારી વસિયત છે.'' *(શયખ ઈસ્માઈલ હક્કી, તફસીરે રૂહુલ બયાન, ભાગ–૫, પેજ–૧૦૧)*

દલાઈલુલ ખૈરાત શરીફના કર્તા શૈખુશ્શોયૂખ હઝરત ખ્વાજા મુહમ્મદ બિન સુલૈમાન બારગાહે ઈલાહીમાં આ પ્રમાણે દુઆ ગુજારે છે : وامناعلى السنة والجماعة والشوق الى لقائك يا ذا الجلال والاكرام ''હે અલ્લાહ ! મને મસ્લકે અહલે સુન્નત વ જમાઅત અને તારી લિકા (મુલાકાત)ના શોખ પર મૌત અતા ફર્માવ.'' *(ખ્વાજા મુહમ્મદ ઈબ્ને સુલૈમાન, દલાઈલુલ ખૈરાત શરીફ)*

ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની قدس سرہ પોતાની કિતાબ ''મબદાઓ મઆદ''માં ફર્માવે છે :–

''શયખ પોતાના મુરીદને કુર્આન તથા સુન્નત અને સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ના અનુસરણ માટે પ્રોત્સાહિત કરે અને તેની ઈત્તેબાઅ (પયરવી) વિના હેતુ પ્રાપ્તિને અશક્ય જાણે અને અહવાલ તથા ઈન્કેશાફાતમાં કુર્આન તથા સુન્નતની વિરૂધ્ધતા હોય તેનો તદ્દન ભરોસો ન કરે બલ્કે તેને તિરસ્કારને પાત્ર જાણે અને નાજી ફિર્કા અહલે સુન્નત વ જમાઅતના અકીદા તથા માન્યતાઓના તદ્દન પ્રમાણે અકીદાની ઈસ્લાહની નસીહત કરે.'' *(મુજદ્દિદ અલ્ફેષાની, અબદાઅ્ વ મઆદ, પ્રેસ : મુજતબાઈ દિલ્હી, પ્રકાશન વર્ષ, હિ.સ. ૧૩૧૧, પેજ–૯)*

ودرمتابعت کتاب و سنت و آثار سلف صالحین ترغیب فرماید و حصول مطلوب رابے ایں متابعت محال داند، واعلام کشوف وقائع نماید که سرموئے مخالفت کتاب و سنت داشته باشد اعتبار نکند بلکه مستنفر باشد وبتصحیح عقائد بمقتضائے آرائے فرقه ناجیه اهل سنت و جماعت نصیحة نماید۔

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની મક્તૂબાતે ઈમામ રબ્બાની દફતર અવ્વલના મક્તૂબ નં. ૨૫૧ માં અહલે સુન્નત વ જમાઅતની પયરવીને નજાતનો આધાર બતાવતાં લખે છે :–

''અકીદા તથા વિચારો મસ્લકે અહલે સુન્નત વ જમાઅતના પ્રમાણે





રાખે અને ઝૈદ તથા અમ્રની વાતો પર ધ્યાન ન આપે. બદ્‌મઝહબનો સ્વરચિત અકીદાઓ પર ભરોસો કરવો પોતાને તબાહીમાં નાખવું છે. નાજી ફિર્કા અહલે સુન્નત વ જમાઅતની પયરવી તથા અનુસરણ જરૂરી છે જેથી નજાતનો માર્ગ મળે.'' *(શયખ અહમદ ફારૂકી સરહિંદી, મક્તૂબાતે ઈમામ રબ્બાની, દફતર અવ્વલ, મક્તૂબ નં. ૨૫૧, પ્રેસ : એજ્યુકેશનલ–કરાચી)*

پس باید که مدار اعتقاد رابر آنچه معتقد اهلسنت دارند۔ وسخنان زید و عمر را درگوش نیارند، مدار کار را برافسانهائے دروغ ساختن خودرا ضائع کردن است، تقلید فرقه ناجیه ضرور ایست تاامید نجات پیداشود۔

હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીએ પોતાની કિતાબ ''રિસાલા રદ્દે રવાફિઝ''માં લખ્યું છે કે હિંદુસ્તાનમાં ઈસ્લામના આગમન પછી લગભગ પાંચસો વરસ સુધી અહલે સુન્નત વ જમાઅત સિવાય બીજો કોઈ ફિર્કો પેદા થયો ન હતો અને તમામે તમામ હનફી મસ્લકના પાબંદ હતા. આ રિસાલાનો અરબી તર્જુમો હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીએ પોતાની કલમ વડે ''અલ્ મુકદ્દમતુસ્સુન્નિયહ્ શિકારતિલ્ ફિર્કતિસ્સુન્નિયહ્''ના નામે કર્યો છે. હઝરત શાહ સાહબ તર્જુમાની નીચે ખુલાસો કરતાં લખે છે :–

''પછી હિંદના મુસલમાન આજ પ્રમાણે ખયાલ તથા અમલની એકતાની સાથે સદીઓ સુધી જિંદગી પસાર કરતા રહ્યા, ન તેમનામાં કોઈ મતભેદ કે વિવાદ હતો ન તેમના દીનમાં મુશ્કેલીનો સામનો થયો અને અન્ય અકીદાના લોકો સાથે તેમની કોઈ ભેળસેળ હતી. જાણે કે તેઓ એવું જાણતા જ ન હતા કે પૃથ્વીના પટ પર અકીદા માતુરીદિયહ્ (અહલે સુન્નત વ જમાઅત) સિવાય પણ કોઈ અકીદો છે અથવા હનફી ફિકહ સિવાય કોઈ ફિક્હી મસ્લક પણ છે.'' *(શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી, અલ્ મુકદ્દમતુસ્સુન્નિયતુસ્સુન્નિયહ્, પેજ–૪૮, ઈદારા મઆરિફે નોઅમાનિયા–લાહોર)*

ثم عاش كذالك ذريتهم من بعدهم قرناً بعد قرنٍ ليس فيهم اختلاف ولاتنازع ولاتصيبهم مصيبة فى دينهم ولايختلط بهم من دونهم، كانهم لايعرفون ان فى الارض عقيدةً غير عقيدة الماتريدية او فقهاً غير فقه الحنفية۔

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી હઝરત શૈખ મુજદ્દિદ અલ્ફેષાનીના ખયાલોનું સમર્થન કરતાં પોતાના એક મક્તૂબમાં લખે છે :–

''ફકીર શૈખ અહમદ સરહિંદીની ઝબાને ફૈઝ તર્જુમાનના મોટા ભાગના કથનોને સમર્થન કરે છે જેમ કે ઈશારા તૌહીદે શુહૂદી. જો કે શયખ આ મસ્અલામાં ઈશારા તથા નિર્દેશથી આગળ નથી વધ્યા અને કોઈ સ્પષ્ટ ચર્ચા નથી કરી. અને તેમના એ કથનને પણ સમર્થન કરું છું કે ઉલમાએ અહલે સુન્નત હક્ક છે.'' *(શાહ વલીયુલ્લાહ, મક્તૂબ બનામે ખ્વાજા મુહમ્મદ અમીન, મશ્મૂલા દર અલ્ મજમઅતુસ્સુન્નિયહ્, પેજ–૯૬, ઈદારા મઆરિફે નોઅમાનિયા–લાહોર)*

فقیر دراکثر معارف که شیخ بہ زبان فتح دووہ آوردہ مصدق لوست، مثل اشارہ بہ توحید شہودی، اگرچہ شیخ از رمز و ایما درآں تجاوز نہ کردہ وسخن بے پردہ ادا نہ فرمودہ و مثل قول بہ حقانیت علمائے اہل سنت۔

અલ્લામા જલાલુદ્દીન સિયૂતી શર્હુસ્સુદૂરમાં લખે છે :–

''અલ્લામા ઈસ્માઈલ ઈબ્ને ઈબ્રાહીમે હાકિમ અબૂ અહમદ હાકિમ رحمۃ اللہ علیہ ને વિસાલ પછી ખ્વાબમાં જોયા અને પૂછયું :–

ای الفرق اکثر نجاة عند کم فقال اهل السنة والجماعة એટલે કે તમારી દૃષ્ટિએ કયા ફિર્કાના લોકો નજાત પામનારા છે ? જવાબ આપ્યો, અહલે સુન્નત વ જમાઅત. *(અલ્લામા જલાલુદ્દીન સિયૂતી, શર્હુસ્સુદૂર, પેજ–૧૧૯)*

હઝરત દાતગંજ બખ્શના સમકાલિન બુઝુર્ગ હઝરત શૈખ અબૂ શકૂર સાલમી قدس سرہٗ ઉમ્મતમાં વિભાજનવાળી હદીષ વર્ણન કર્યા પછી નાજી ફિર્કાનો નિર્દેશ કરતાં જણાવે છે : وهی اهل السنة والجماعة *(અબૂ શકૂર સાલમી, તમ્હીદ, પેજ–૭૩)*

શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી પોતાની જગવિખ્યાત કિતાબ ''અશ્અતુલ્ લમ્આત''માં ફર્માવે છે :–

''દીને ઈસ્લામમાં સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅત છે, ન્યાય પ્રિય અને પૂર્વગ્રહથી દૂર રહેનાર એને જાણે છે અને સિહાહ સિત્તહ તથા

سواداعظم دردین "مذہب اہلسنت و جماعت" است عرف ذالک من النصف بالانصاف و





હદીષની અન્ય મશ્હૂર તથા વિ□સનીય કિતાબો (કે જેના પર ઈસ્લામી અહકામનો દારોમદાર તથા પાયો છે)ને લખનારા મુહદ્દિષો, ચારેવ મઝહબના ફકીહ ઈમામો વગેરે જે એમના સમકાલિન હતા તમામ એ જ મઝહબ પર થયા. અશાએરા અને માતુરીદિયહ્ જે ઉસૂલે કલમ (ઈલ્મે અકાઈદ)ના ઈમામ છે તેમણે પણ પૂર્વજ બુઝુર્ગો (સલફ)ના મઝહબને સમર્થન કર્યું અને અકલી દલીલો વડો એને સાબિત કર્યું અને સુન્નતે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم અને ઉમ્મતના ઈજમાઅને મજબૂત કર્યો. એટલા માટે એનું નામ **અહલે સુન્નત વ જમાઅત** થયું.

تجنب عن التعصب والاعتساف۔ ومحدثین، اصحاب کتب ستہ وغیرہا از کتب مشہورہ معتمدہ، کہ بناء ومدار احکام اسلام برآنہاں افتادہ، وائمہ فقہائے ارباب مذاہب اربعہ، وغیرہم از آنہاں کہ درطبقہ ایشاں بودہ اند، ہمہ بریں مذہب بودہ اند۔واشاعرہ و ماتریدیہ کہ ائمہ اصول کلام اند، تائید مذہب سلف نمودہ، و بدلائل عقلیہ آں را اثبات کردہ، وآنچہ سنت رسول اللہ ﷺ تعالیٰ علیہ وآلہ وسلم واجماع سلف برآں رفتہ بود مؤکد ساختہ اند۔ ولہٰذا نام ایشاں"اہل سنت و جماعت افتادہ"

અને મશાઈખ સૂફિયા ઔલિયાએ કિરામમાંથી મુતકદ્દેમીન, મુહક્કિકીન કે જેઓ તરીકતના ઉસ્તાદ, ઝાહિદ તથા આબિદ, દીની બાબતોમાં સાવધાની કરનારા, સાહિબે વરઅ, પરહેઝગાર અને બારગાહે ખુદાવંદીમાં ધ્યાનિત રહેનારા અને પોતાની નફ્સાની ઈચ્છાઓ તથા શક્તિઓથી અલાયદાપણુ અપનાવનારા હતા. તે સૌએ એ જ ''અહલે સુન્નત વ જમાઅત'' મઝહબ પર થયા છે.

ومشائخ صوفیہ از متقدمین و محققین ایشاں، کہ استادان طریقت و زہّاد و عبّاد و مرتاض و متورع و متقی، ومتوجہ بجناب حق ومبتری از حول و قوّت نفس بودہ اند ہمہ بریں مذہب بودہ اند۔

જેમ કે એમની વિવિધ કિતાબો પરથી જણાય છે અને સૂફી ઈમામોની વિ□સનીય કિતાબોમાંથી ''તઅર્રુફ''માં છે કે સૂફીઓના તથા વલીઓના અકીદા કે

چنانکہ از کتب معتمدۂ ایشاں معلوم گردد۔ ودر"تعرُّف" کہ معتمد ترین کتابہائے ایں قوم است عقائد

صوفیه که اجماع دارند برآں، آورده که همه عقائد "اهل سنت و جماعت" است بے زیادت و نقصان۔

જેના પર એ ઈસ્લામના બરગુઝીદાઓનો ઈજમાઅ તથા એકમતિ છે તે ઘટાડા વધારા વિના એ જ "અહલે સુન્નત વ જમાઅત"ના અકીદા છે. *(શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી, અશ્અતુલ્ લમ્આત, શરહે મિશ્કાત, ભાગ–૧, પેજ–૭૬, પ્રેસ : મુસ્તફાઈ–કલકત્તા)*

ઈસ્લામી ઈતિહાસના દામન પર અહલે સુન્નત વ જમાઅતની મજબૂતી તથા અડગતા અને હક્કાનિયત તથા સદાકતનાં નિશાનો ચાંદ તથા તારાઓની જેમ ઝગમગી રહ્યા છે. લખાણ ટૂંકાવવાના હેતુસર અમે આ થોડાક મશાઈખે ઈસ્લામ અને ઉલમાએ અહલે સુન્નતનાં કથનો તથા આદેશો પર કલમને થોભાવીએ છીએ. એ હકીકત એક પળ માટે પણ દિમાગોમાંથી ઓજલ ન થવી જોઈએ કે સહાબાએ કિરામ, મહાન ઈમામો તથા મજબૂતી અને અડગતાવાળા લોકોએ પોતપોતાના દૌરમાં ઝબાન તથા કલમ અને ચિંતન તથા અમલ વડે બાતિલ (ગલત) ખયાલોની ભરપૂર રદ કરી છે અને આજે પણ હક્કને સાબિત કરવા અને બાતિલને જૂઠ લાવવાની ઈસ્લામના નિમંત્રકો અને ઈસ્લામના ફરઝંદોની ઈમાની જિમ્મેદારી છે. આ અજબની હસવા જેવી વાત છે કે આજે કેટલાક લોકો ખૂબ જ સાદગીપૂર્વક કરી દે છે કે "કોઈને બુરો ન કહેવો જોઈએ !" **જ્યારે ઈસ્લામ ચાહે છે કે દરેક શક્ય તે કોશિશ કરીને બાતિલનો નાશ કરી દેવો જોઈએ જેથી એક સાલેહ (નેક) અને શાંતિપ્રિય ખુશઅકીદા સમાજનું સર્જન થઈ શકે.**

ઈર્શાદે બારી તઆલા છે :–

اِنَّ الَّذِینَ یُؤْذُونَ اللّٰہَ وَرَسُولَہٗ لَعَنَھُمُ اللّٰہُ فِی الدُّنْیَا وَالْآخِرَۃِ "બેશક ! તે લોકો જેઓ અલ્લાહ અને તેના રસૂલને ઈજા પહોંચાડે છે તેમના પર દુનિયા તથા આખેરતમાં લઅનત છે." *(સૂ. અહઝાબ–૧૨)*

ઈમામ રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાનીએ મકતૂબે રબ્બાનીમાં આ હદીષે રસૂલ નકલ કરી છે :–





قال علیه وعلیٰ آله الصلوة والسلام اذاظهرت الفتن اوقال البدع وسیت اصحابی فلیظهر العالم علمه فمن لم یفعل ذالك فعلیه لعنة اللّٰه والملائکة والناس اجمعین لایقبل اللّٰه له صرفاً ولا عدلا

"નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે ફિત્નો જાહેર થાય અથવા ફર્માવ્યું કે જ્યારે બદ્અકીદગીઓ જાહેર થાય અને મારા સહાબાઓને ભલુબરુ કહેવામાં આવે તો **આલિમે પોતાનો ઈલ્મ જાહેર કરવો** જોઈએ અને **જે એવું નહીં કરે તો તેના પર અલ્લાહ, ફરિશ્તાઓ અને તમામ લોકોની લઅનત થાય. એનો ન ફર્ઝ કબૂલ થશે ન નફ્લ.** *(બહવાલા મક્તૂબાતે ઈમામે રબ્બાની, દફતર અવ્વલ, મક્તબ નં. ૨૫૧, પેજ–૪૧૭, કરાચી, અલખતીબ ફિલ જામેઅ)*

એક અન્ય ઠેકાણે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :–

اذا ظهرت لبدع لعن آخر هذه الامة اولها فمن کان عنده علم فلینشره فان کاتم العلم یومئذٍ ککاتم مانزل الله علی محمد

"ફિતનાઓ પ્રદર્શિત થાય અને આ ઉમ્મતના પાછલા લોકો આગલાઓ ઉપર લઅનત કરે તો એ સમયે જેની પાસે ઈલ્મ હોય તો તેને આમ કરે, કેમ કે આવા સંજોગોમાં ઈલ્મને છુપાવવું એના છુપાવવા સમાન છે કે જે અલ્લાહે નબી પાક પર ઉતાર્યું." *(ઈબ્ને અસાકિરે જાબિરથી રિવાયત કરી, ઈબ્ને અદી ફિલ કામિલ વલ ખતીબ ફિત્તારીખ)*

ઈબ્ને માજહ અને તિર્મિઝીએ રિવાયત છે :–

ان الناس اذرأوا منکراً فلم یغیروه یوشك ان یعمهم الله بعقابه (عن ابی بکر الصدیق رضی الله عنه)

"જ્યારે લોકો કોઈ બુરી ચીજને જુએ તો તેને ન બદલે તો ખતરો છે કે ક્યાંક અલ્લાહના અઝાબમાં સપડાઈ ન જાય."

આ જ કારણ છે કે તે ખુલફાએ રાશિદીન જેમની પયરવી રસૂલુલ્લાહ ﷺ એ પોતાના કૌલ علیکم بسنی و سنة الخلفاء الراشدین વડે લાઝિમ ઠરાવી દીધી. ઈસ્લામની આ ઉચ્ચ હિંમતવાળી પ્રથમ હરોળે પણ ઈસ્લામી અકીદા તથા નિયમોમાં દખલગીરી કરનારાઓની વિરૂધ્ધ

**સખ્તી સાથે નોંધ લીધી. શું ઈતિહાસની આ હકીકતથી કોઈ ઈન્કાર કરી શકે છે કે અમીરુલ મો'મિનીની હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ એ ઝકાતના મુન્કિરો (નકાર કરનારાઓ)ને કત્લ કર્યા, હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની એક મુસાફિર સાથે મુલાકાત થઈ અને તેને આપ મહેમાન બનાવીને પોતાના ઘરે લઈ ગયા પરંતુ જ્યારે તેમના સમક્ષ એ જાહેર થયું કે એ બદ્અકીદા છે તો એ જ વખતે તેને પોતાના દસ્તરખાનથી ઉઠાડી મૂક્યો અને ઘરેથી કાઢી મૂક્યો.''** *(અલાઉદ્દીન અલી, કન્ઝુલ ઉમ્માલ, ૧૦/૧૬૦)*

ત્રીજા ખલીફા હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન رضی اللہ عنہ પાસે એ ખબર પહોંચી કે એક માણસે ઈસ્લામ સ્વીકારીને કુફ્ર કર્યું છે તો આપે તેને ત્રણ વખત ઈસ્લામની દા'વત આપી પરંતુ તે મુન્કિર જ રહ્યો તો આપે તેને કત્લ કરી નાખ્યો. *(અસ્સુનનિ લિલ્, બયહકી, અબૂબક્ર અહમદ બયહકી)*

અને હઝરત અલી رضی اللہ عنہ એ પણ ખારજીઓ સાથે મારકાપની જંગ કરી. એ જ પ્રમાણે તમામ સહાબાએ કિરામ, તાબઈને એઝામ તથા મુજતહિદ ઈમામોએ પણ બાતિલ ખયાલો તથા માન્યતાઓને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે પોતાની ચિંતનાત્મક તથા અમલી શક્તિઓને વાપરી અને અહલે સુન્નત વ જમાઅતના ઈમાન અફરોઝ ગુલશનને સદા બહાર બનાવી રાખ્યો. આમ તો દરેક દૌરમાં ઈસ્લામી જગતના સેંકડો આલિમો, તરીકતના સિલસિલાના મશાઈખ તથા હિંમત તથા મજબૂતીવાળા લોકોએ ભરપુર ઈલ્મી મર્દાનગી અને અડગતા પ્રદર્શિત કરતાં મસ્લકે અહલે સુન્નત વ જમાઅતની રક્ષા તથા પાસબાનીનું અમુલ્ય કારનામુ અંજામ આપ્યું અને વિરોધી તોફાનોમાં પણ ઈસ્લામનો ચિરાગ બુઝાવા ન દીધો. અને ખૂદ અંગારાઓ પર ચાલવું માન્ય રાખ્યું પણ ઈસ્લામ તથા સુન્નિયતનો ચેહરો કરમાવા ન દીધો. અમે આ સ્થાને તો તમામ હક્કના ઝંડાધારીઓનાં નામો લખી નથી શક્તા એટલા માટે ખુલફાએ ઈસ્લામ તથા સહાબાના પછીથી હિંમત તથા અડગતાવાળા કારવાંવાળાઓની એક સંક્ષિપ્ત યાદી રજૂ કરીએ છીએ. આ યાદીનો મોટાભાગનો હિસ્સો ''હુદૂષુલ્ ફિતન વ જિહાદુ અઅ્યા નિસ્સુનન''થી છે.





| | | |
|---|---|---|
| | **★ પહેલી સદી હિજરીમાં ★** | |
| **૦૧.** | ખલીફાએ રાશિદ સૈયેદના ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ | હિ.સ. ૬૧–હિ.સ. ૧૦૧ |
| | **★ બીજી સદીમાં ★** | |
| **૦૨.** | ઈમામ મુહમ્મદ ઈબ્ને ઈદરીસ શાફઈ | હિ.સ. ૧૫૦–હિ.સ. ૨૦૪ |
| **૦૩.** | ઈમામ હસન ઈબ્ને ઝિયાદ લૂઅલૂવી કૂફી | હિ.સ. ૨૦૪ |
| **૦૪.** | સૈયદના મઅરૂફ ઈબ્ને ફીરોઝ કર્ખી | હિ.સ. ૨૦૦ |
| **૦૫.** | ઈમામ અશહબ ઈબ્ને અબ્દુલ અઝીઝ મિસ્રી માલિકી :– | હિ.સ. ૧૪૫–હિ.સ. ૨૦૪ |
| **૦૬.** | ઈમામ અલી રઝા ઈબ્ને મૂસા કાઝિમ | હિ.સ. ૧૫૨–હિ.સ. ૩૦૩ |
| **૦૭.** | ઈમામ યહયા ઈબ્ને મુઈનુદ્દીન બગદાદી | હિ.સ. ૧૦૭–હિ.સ. ૨૩૩ |
| | **★ ત્રીજી સદી હિજરીમાં ★** | |
| **૦૮.** | ઈમામ અહમદ ઈબ્ને હંબલ | હિ.સ. ૧૬૪–હિ.સ. ૨૪૧ |
| **૦૯.** | ઈમામ અહમદ ઈબ્ને શોઐબ નિસાઈ | હિ.સ. ૨૧૫–હિ.સ. ૩૦૩ |
| **૧૦.** | ઈમામ અબુલ અબ્બાસ અહમદ ઈબ્ને ઉમર ઈબ્ને સરીજ શાફઈ | |
| **૧૧.** | અલ્ મુજતહિદ અલ મુત્લક મુહમ્મદ ઈબ્ને જરીર તિબરી | હિ.સ. ૨૨૪–હિ.સ. ૩૧૦ |
| **૧૨.** | ઈમામ અબૂ જાફર અહમદ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને સલામતુલ અઝદી અલતહાવી | હિ.સ. ૨૩૯–હિ.સ. ૩૨૧ |

| | | |
|---|---|---|
| ૧૩. | ઈમામ અબુલ હસન અલી ઈબ્ને ઈસ્માઈલ અશ્અરી | હિ.સ. ૨૬૦–હિ.સ. ૩૨૪ |
| ૧૪. | ઈમામ અબૂ મન્સૂર મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને મહમૂદ માતુરીદી | હિ.સ. ૩૩૩ |
| | **★ ચોથી સદી હિજરીમાં ★** | |
| ૧૫. | ઈમામ અબૂ હામિદ અહમદ ઈબ્ને મુહમ્મદ અસ્ફરાઈની | હિ.સ. ૩૪૪–હિ.સ. ૪૦૬ |
| ૧૬. | ઈમામ અબૂબક્ર મુહમ્મદ ઈબ્ને મૂસા ઈબ્ને મુહમ્મદ ખ્વારઝમી | હિ.સ. ૪૦૩ |
| ૧૭. | ઈમામ કાઝી અબૂબક્ર મુહમ્મદ ઈબ્ને તૈયિબ બાકલાની | હિ.સ. ૩૩૮–હિ.સ. ૪૦૩ |
| ૧૮. | ઈમામ અબૂ તૈયિબ સહલ ઈબ્ને અબી સહલ મુહમ્મદ અજલી સઅલૂકી | હિ.સ. ૪૦૪ |
| ૧૯. | ઈમામ અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ ઈબ્ને મુહમ્મદ અસ્ફરાઈની | હિ.સ. ૪૧૭ |
| | **★ પાંચવી સદી હિજરીમાં ★** | |
| ૨૦. | હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ઈબ્ને ઈબ્ને મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ ગિઝાલી | હિ.સ. ૪૫૦–હિ.સ. ૫૦૫ |
| ૨૧. | હઝરત દાતા ગંજ બખ્શ લાહોરી | હિ.સ. ૪૦૦–હિ.સ. ૪૬૫ |
| | **★ છઠ્ઠી સદી હિજરીમાં ★** | |
| ૨૨. | મુહીયુદ્દીન શૈખુશ્શોયૂખ સૈયેદના અબ્દુલકાદિર ઈબ્ને મૂસા જીલાની | હિ.સ. ૪૭૧–હિ.સ. ૫૬૧ |
| ૨૩. | ઈમામ ફખ્રુદ્દીન મુહમ્મદ ઈબ્ને ઉમર રાઝી | હિ.સ. ૫૪૪–હિ.સ. ૬૦૬ |





| | | |
|---|---|---|
| | **★ સાતમી સદી હિજરીમાં ★** | |
| ૨૪. | તકીઉદ્દીન મુહમ્મદ ઈબ્ને અલી અલમઅરૂફ બિહ્ ઈબ્ને દકીક અલઈદ કુશૈરી | હિ.સ. ૬૨૫–હિ.સ. ૭૦૨ |
| ૨૫. | અઝ્ઝાલુદ્દીન અબ્દુલઅઝીઝ ઈબ્ને અબ્દુસ્સલામ દમિશ્કી | હિ.સ. ૫૭૭–હિ.સ. ૬૬૦ |
| ૨૬. | સુલ્તાનુલ હિંદ ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી | હિ.સ. ૫૩૭–હિ.સ. ૬૩૩ |
| ૨૭. | હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની | હિ.સ. ૫૬૬–હિ.સ. ૬૬૬ |
| ૨૮. | હઝરત ફરીદુદ્દીન ગંજ શકર | હિ.સ. ૫૭૫–હિ.સ. ૬૬૪ |
| ૨૯. | હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી | હિ.સ. ૫૮૧–હિ.સ. ૬૩૪ |
| ૩૦. | હઝરત મખ્દૂમ અલાઉદ્દીન સાબિર કલયરી | હિ.સ. ૫૯૨–હિ.સ. ૬૯૦ |
| | **★ આઠમી સદી હિજરીમાં ★** | |
| ૩૧. | તકીઉદ્દીન અલી ઈબ્ને અબ્દુલકાફી સુબ્કી | હિ.સ. ૬૭૩–હિ.સ. ૭૫૬ |
| ૩૨. | ઝૈનુદ્દીન અબ્દુર્રહીમ ઈબ્ને હુસૈન ઈરાકી | હિ.સ. ૭૨૫–હિ.સ. ૮૦૪ |
| ૩૩. | સિરાજુદ્દીન ઉમર ઈબ્ને અર્સલાન બલ્કીની | હિ.સ. ૬૨૪–હિ.સ. ૭૦૫ |
| ૩૪. | હઝરત મહબૂબે ઈલાહી ખ્વાજા નિઝામુદ્દીન ઔલિયા | હિ.સ. ૬૩૬–હિ.સ. ૭૨૫ |
| ૩૫. | હઝરત શરફુદ્દીન અહમદ યહયા મુનીરી | હિ.સ. ૬૬૧–હિ.સ. ૭૮૨ |

| | | |
|---|---|---|
| ૩૬. | હઝરત મખ્દૂમ જહાંનિયાં જહાંગશ્ત | હિ.સ. ૭૦૭–હિ.સ. ૭૮૫ |
| ૩૭. | હઝરત અમીર કબીર સૈયદ અલી હમદાની | હિ.સ. ૭૧૪–હિ.સ. ૭૮૬ |
| ૩૮. | હઝરત મખ્દૂમ જહાંગીર અશરફ સમ્નાની | હિ.સ. ૭૦૭–હિ.સ. ૮૦૮ |
| | ★ નવમી સદી હિજરીમાં ★ | |
| ૩૯. | જલાલુદ્દીન અબ્દુર્રહ્માન ઈબ્ને અબીબકર સુયૂતિ | હિ.સ. ૮૪૯–હિ.સ. ૯૧૧ |
| ૪૦. | શમ્સુદ્દીન મુહમ્મદ ઈબ્ને અબ્દુર્રહમાન સખાવી | હિ.સ. ૮૩૧–હિ.સ. ૯૦૨ |
| | ★ દસમી સદી હિજરીમાં ★ | |
| ૪૧. | શમ્સુદ્દીન મુહમ્મદ ઈબ્ને અહમદ ઈબ્ને હમ્ઝા રમ્લી | હિ.સ. ૯૧૯–હિ.સ. ૧૦૦૪ |
| ૪૨. | ઈમામ અલી ઈબ્ને સુલ્તાન મુહમ્મદ કારી હરવી | હિ.સ. ૧૦૧૪ |
| ૪૩. | હઝરત શૈખ સલીમ ચિશ્તી | હિ.સ. ૮૮૪–હિ.સ. ૯૭૯ |
| ૪૪. | સૈયદ ઈમામ અબ્દુલવાહિદ બેલગ્રામી | હિ.સ. ૯૧૫–હિ.સ. ૧૦૧૭ |
| | ★ અગ્યારમી સદી હિજરીમાં ★ | |
| ૪૫. | ઈમામ રબ્બાની શૈખ અહમદ ફારૂકી સરહિંદી | હિ.સ. ૯૭૧–હિ.સ. ૧૦૩૪ |
| ૪૬. | શૈખ મુહક્કિક અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી | હિ.સ. ૯૫૭–હિ.સ. ૧૦૫૨ |
| ૪૭. | સુલ્તાન ઔરંગઝેબ આલમગીર | હિ.સ.૧૦૨૫–હિ.સ. ૧૧૧૭ |
| | ★ બારમી સદી હિજરીમાં ★ | |
| ૪૮. | શૈખ કલીમુલ્લાહ ચિશ્તી | હિ.સ. ૧૧૪૩ |





| | | |
|---|---|---|
| ૪૯. | શૈખ મુહિબ્બુલ્લાહ બિહારી | હિ.સ. ૧૧૧૯ |
| ૫૦. | હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી | હિ.સ.૧૧૧૪–હિ.સ. ૧૧૭૬ |

આ અહલે સુન્નતના સ્તંભો પછી હિંદુસ્તાનમાં જે અહલે સુન્નતના કારવાંએ હિંદે મુસલમાનોની રહનુમાઈ કરી અને સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅતને સીધા માર્ગ પર રાખ્યા **તેરમી સદીના** હવાલાથી તે અડગતાના પહાડોની એક સંક્ષિપ્ત યાદી નીચે મુજબ છે :–

| | | |
|---|---|---|
| ૫૧. | હઝરત અલ્લામા અબ્દુલ અલી ફિરંગી મહલી | હિ.સ.૧૧૪૪–હિ.સ. ૧૨૩૫ |
| ૫૨. | હઝરત શાહ મુહમ્મદ અજમલ ઈલાહાબાદી | હિ.સ. ૧૨૬૦–હિ.સ. ૧૨૩૬ |
| ૫૩. | હઝરત શાહ અન્વારુલ હક્ક ફિરંગી મહલી | હિ.સ. ૧૧૬૭–હિ.સ. ૧૨૩૬ |
| ૫૪. | હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી | હિ.સ. ૧૧૫૯–હિ.સ. ૧૨૩૯ |
| ૫૫. | હઝરત શાહ ગુલામ અલી દહેલ્વી | હિ.સ. ૧૧૫૮–હિ.સ. ૧૨૪૦ |
| ૫૬. | હઝરત શાહ અબૂ સઈદ મુજદ્દિદી રામપૂરી | હિ.સ. ૧૧૯૬–હિ.સ. ૧૨૩૬ |
| ૫૭. | હઝરત શાહ આલે અહમદ અચ્છે મિયાં મારહરવી | હિ.સ. ૧૧૬૦–હિ.સ. ૧૨૬૨ |
| ૫૮. | હઝરત શાહ અબુલ હસન "ફદ" ફૂલવારી | હિ.સ. ૧૧૯૧–હિ.સ. ૧૨૬૫ |
| ૫૯. | હઝરત શાહ અહમદ સઈદ મુજદ્દિદી રામપૂરી | હિ.સ. ૧૨૧૭–હિ.સ. ૧૨૭૭ |
| ૬૦. | હઝરત અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી | હિ.સ. ૧૨૧૨–હિ.સ. ૧૨૭૮ |

| | | |
|---|---|---|
| ૬૧. | હઝરત અલ્લામા અબ્દુલઅલી ફિરંગી મહેલી | હિ.સ. ૧૨૦૯–હિ.સ. ૧૨૮૫ |
| ૬૨. | હઝરત અલ્લામા ફઝ્લેરસૂલ બદાયૂની | હિ.સ. ૧૨૧૩–હિ.સ. ૧૨૮૯ |
| ૬૩. | હઝરત અલ્લામા શાહ આલે રસૂલ મારહરવી | હિ.સ. ૧૨૦૯–હિ.સ. ૧૨૯૬ |

ચૌદમી સદી હિજરી હિંદુસ્તાનમાં મઝહબી કશમકશની સદી હતી. અતિશય ગુમરાહ કરનારી અને ઈમાનભ્રષ્ટ કરનારી ચળવળો જન્મ લઈ રહી હતી. અને સદીઓથી વારસાગત સતત ચાલ્યા આવતા અકીદા તથા માન્યતાઓના પાયા હચમચાવી રહી હતી. આ સંજોગોમાં મસ્લકે જમહૂર અહલે સુન્નત વ જમાઅતની હિફાઝત તથા રક્ષાના માટે જે ઉલમાએ હક્ક તથા મર્દાને ફિક્રો ફન મેદાનમાં હતા તે અહલે સુન્નતના કારવાંમાંથી અમુક નામો નીચે રજૂ કરીએ છીએ :–

| | | |
|---|---|---|
| ૬૪. | હઝરત મૌલાના અબ્દુલ હય ફિરંગી મહલી | હિ.સ. ૧૨૬૪–હિ.સ. ૧૩૦૪ |
| ૬૫. | હઝરત મુફતી ઈર્શાદ હુસૈન રામપૂરી | હિ.સ. ૧૨૪૮–હિ.સ. ૧૩૧૧ |
| ૬૬. | મૌલાના ફઝલુર્રહમાન ગંજ મુરાદાબાદી | હિ.સ. ૧૨૦૮–હિ.સ. ૧૩૧૩ |
| ૬૭. | હઝરત મૌલાના ગુલામ દસ્તગીર કિસ્વરી લાહોરી | હિ.સ. ૧૩૧૫ |
| ૬૮. | હઝરત મૌલાના ગુલામ કાદિર ભૈરવી | હિ.સ. ૧૩૨૭ |
| ૬૯. | હઝરત અબ્દુલકાદિર બદાયૂની | હિ.સ. ૧૨૫૩–હિ.સ. ૧૩૨૯ |
| ૭૦. | હઝરત મૌલાના હિદાયતુલ્લાહ રામપૂરી | હિ.સ. ૧૩૨૬ |
| ૭૧. | હઝરત મૌલાના ખૈરુદ્દીન દહેલ્વી | હિ.સ. ૧૩૨૬ |





| | | |
|---|---|---|
| ૭૨. | હઝરત મૌલાના ઈમામ અહમદ રઝા બરેલ્વી | હિ.સ. ૧૨૭૨–હિ.સ. ૧૩૪૦ |
| ૭૩. | હઝરત શાહ અબુલ્ ખૈર દહેલ્વી | હિ.સ. ૧૨૭૨–હિ.સ. ૧૩૪૧ |
| ૭૪. | હઝરત મૌલાના વસી અહમદ મુહદ્દિષ સૂરતી | હિ.સ. ૧૩૩૪ |
| ૭૫. | હઝરત શાહ અલી હુસૈન અશરફી | હિ.સ. ૧૨૬૬–હિ.સ. ૧૩૫૫ |
| ૭૬. | હઝરત મૌલાના મહેરઅલી ગોલળવી | હિ.સ. ૧૨૭૪–હિ.સ. ૧૩૫૬ |

આ હતી ચૌદસો વરસના અહલે સુન્નતના કારવાં તથા અડગતા તથા અડીખમ હઝરાતની એક સંક્ષિપ્ત યાદી જેમણે રસૂલ ﷺ તથા સહાબાના ખયાલો તથા નિયમોની પયરવી કરતા રહીને પૂરા વલવલા તથા શોખપૂર્વક દા'વત તથા તબ્લીગ અને સુન્નિયતના પ્રચારનો ફરીઝો અંજામ આપ્યો. અને પોત પોતાના દૌરમાં ભરપૂર અડગ હિંમત સાથે ઈસ્લામ તથા સુન્નિયત વિરૂધ્ધ ઉઠનારી ચળવળો અને ઈસ્લામના નામે ફેલાતા બાતિલ ફિર્કાની રોકથામ કરી.

હિંદુસ્તાન એ હેસિયતથી ઈસ્લામી ઈતિહાસમાં આગવું તથા વિશિષ્ટ સ્થાન ધરાવે છે કે હિંદુસ્તાનમાં ઈસ્લામના આગમન બાદ લગભગ પાંચસો વરસ સુધી મુસલમાનોમાં કોઈ પ્રકારની બદ્અકીદગી જાહેર નથી થઈ. એને સૂફિયાએ કિરામના અમલના ઈખ્લાસ અને પવિત્ર વિચારધારાની બરકત જ કહેવામાં આવે છે. ઈમામ રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની શૈખ અહમદ સરહિંદી તો એટલે સુધી ફર્માવે છે કે હિંદુસ્તાનમાં હનફી જ હનફી હતા, શાફઈ તથા હંબલી મસ્લકના લોકો તલાશ કરવા છતાં મળતા ન હતા. અને તૂતીએ હિંદ હઝરત ખ્વાજા અમીર ખુશરૂ ફર્માવે છે કે હિંદમાં મુસલમાનોની જ શું વાત છે ! અહીંની નદીઓ તથા સમુદ્રોની માછલીઓ પણ સુન્ની છે ! હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીનું માલૂમાત વધારનાર એ લખાણ નીચે વાંચો :–

''જે સમયે અહીં ઈસ્લામનો ઝહૂર થયો અને મુસલમાન સુલ્તાનોને જીત | اماں ازاں کہ اسلام دراں جا ظاهر شده است ، وسلاطین اسلام

મળી અને મશાઈખે એઝામ તથા ઔલિયાએ કિરામનું આગમન થયું, દીની નિશાનીઓ અને નામવાર મુસલમાનોમાં વધારો થયો છે. અને અન્ય દેશો પર કેટલીયે રીતે (આ દેશ) વિશિષ્ટ તથા અગ્રતા ધરાવે છે. કેમ કે હિંદુસ્તાની મુસલમાન અહલે સુન્નત વ જમાઅતના હક્ક અકીદા પર મજબૂતીથી વળગેલા રહ્યા અને બદ્દીની તથા ગુમરાહીની કોઈ નિશાની અહીં જાહેર ન થઈ. અને તમામ લોકો હનફી મસ્લકના અનુયાયી રહ્યા.

استیلا یافته اند و مشائخ عظام واولیاء کرام از اطراف و جوانب تشریف آورده اند و معالم دین واعلام اسلام زماں در تزاید و ترقی است، و برسائر ممالک نہ بہ یک وجه بلک به وجوه مزیت و فضیلت دارد که تمام سکان آں از اهل اسلام بر عقیده حقه اهلسنت و جماعت اند ونشانے از اهل بدعت و ضلالت درآں دیار پیدا نیست، و طریقه مرضیه حنفیه دارند۔

એટલે સુધી કે કોઈ શાફઈ કે હંબલી મસ્લકવાળાને શોધતાંય ન મેળવી શકો. *(શયખ અહમદ સરહિંદી, રદ્દુલ રવાફિઝ, પેજ-૯)*

حتی که اگر بالفرض شخصے رامذهب شافعی یا حنبلی داشته باشد، طلبند نه یابند

હઝરત અમીર ખુશરૂ હિંદુસ્તાનના ઈસ્લામી સંજોગો તથા કૈફિયતોની રૂપરેખા રજૂ કરતાં ફર્માવે છે :–

حضرت خواجه امیر خسرو علیه الرحمه و الرضوان در تعریف ملک هندوستان می فرمایند

خوشا ہندوستان و رونق دیں　　شریعت را کمال عزو تمکیں

زبر دستان ہندو گشتہ پامال　　فرو دستان ہمہ دردادن مال

بدیں عزت شدہ اسلام منصور　　بداں خواری سران کفر مقہور

بہ ذمت گر نہ بودے رخصت شرع　　نہ ماندے نام ہند و ز اصل تا فرع

زغزنین تالب دریا دریں باب　　ہمہ اسلام بینی برنیکے آب

نہ ترسائے کہ از نا ترسگاری　　نہد بربندہ داغ کردگاری

نہ از جنس جہوداں جنگ و جوریت　　کہ از قرآں کند دعوئی بہ توریت





نہ مغ کز طاعت آتش شودشاد　　وزو باصد زباں آتش بہ فریاد

مسلمانان نعمانی روش خاص　　زدل ہرچار ایں رابہ اخلاص

نہ کیں باشافعی نے مہر بازید　　جماعت راوسنت رابہ جاں صید

نہ اہل اعتزالے کز فن شوم　　زدیدار خدا گردند محروم

نہ رفض تارسد زاں مذہب بد　　جفائے بر وفاداران احمد

نہ زاں سگ خارجی کز کینہ سازی　　کند باشیر حق روباہ بازی

زہے ملک مسلمان خیز و دیں جوئے　　کہ ماہی نیز سنی خیزد از جوئے

હઝરત ઈમામ રબ્બાની હઝરત અમીર ખુશરૂના આ શેઅરોને નકલ કર્યા બાદ ઈર્શાદ ફર્માવે છે :–

**"હિંદુસ્તાનમાં ઈસ્લામના આગમન પછી લગભગ પાંચસો વરસ સુધી અહલે સુન્નત વ જમાઅતની બહારો (વસંતો ખીલેલી) રહી અને કોઈ ફિર્કાબંદી ન થઈ. જ્યારે ખાકાને આ'ઝમ અબ્દુલાહખાં અઝબુકે ખુરાસાનના શહેરો પર હુમ્લો કર્યો અને તેની સત્તા કબ્જે કરી તો તેણે ખુરાસાનવાસીઓમાંના કેટલાક શીઆઓને કત્લ કર્યા અને કેટલાકને તડીપાર કર્યા તો એમનામાંથી અમુક શીઆઓ હિંદુસ્તાનમાં પ્રવેશી ગયા અને ઘણી જ ચાલાકીપૂર્વક સત્તાધારીઓ અને હિંદના રાજાઓ સાથે સંબંધિત થઈ ગયા અને હિંદુસ્તાનની પબ્લિકને પોતાની બાતિલ માન્યતાઓ વડે ગુમરાહ કરવા લાગ્યા.** આ રીતે ખુરાસાન દેશમાં તો ફિત્નો ઠંડો પડી ગયો પરંતુ હિંદુસ્તાનમાં આ કિયામતખેઝ ફિત્નો શરૂ થઈ ગયો."

ઈમામ રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની, હઝરત શાહવલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી, હઝરત શાહ અબ્દુલ હક્ક મુહદ્દિષ અને શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વીએ શીઆઓની રદમાં ઝબાન તથા કલમ વડે ભરપૂર જેહાદ કર્યો, પરંતુ પછી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ નજદીયત વહાબિયતને હિંદુસ્તાનમાં ઘૂસાડી. આ વહાબિયતના ફિત્નાથી

દેવબંદિયત, કાદયાનિયત, ચકળાલ્વિયત વગેરે ફિર્કાઓએ જન્મ લીધો. હિંદના આલિમોએ આ ફિત્નાઓની રદમાં ભરપૂર જદ્દો જેહદ કરી પરંતુ ચૌદમી સદી હિજરીમાં ઈમામ અહમદ રઝા બરેલ્વી قدس سرہ એ નોંધપાત્ર રોલ ભજવ્યો.

ડો. કે. મુહમ્મદ અબ્દુલહમીદ અકબરે પૂના યુનિવર્સિટીથી "મૌલાના અન્વારુલ્લાહ ફારૂકી હૈદ્રાબાદી" પર પી.એચ.ડી. કરી છે, તે પોતાના ડોકટરેટના મુકાબલામાં લખે છે :–

"શાહ વલીયુલ્લાહ અને શાહ અબ્દુલ અઝીઝ رحمہا اللہ ના પછી જે સધ્ધરતા સાથે સમાજ સુધારણા અને જીવનના દરેક ક્ષેત્રે કૌમ તથા મિલ્લતના માર્ગદર્શન માટે જે હસ્તી આપણી સમક્ષ આવે છે તે હઝરત શૈખુલ ઈસ્લામ મૌલાના મુહમ્મદ અન્વારુલ્લાહ ફારૂકી ફઝીલતજંગ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ની જાત છે. અને કેટલાયે એવા ધાર્મિક દાનિશ્વરો તથા મુફક્કિરો પણ આવ્યા જેમણે મુસલમાનોની દીની તથા મસ્લકી રહનુમાઈમાં પોતાની કિતાબો થકી મુજદ્દિદાના તથા મુજાહિદાના રોલ અદા કર્યો એ મુસ્લેહીન (સુધારકો)માં **મૌલાના અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી** મશ્હૂર છે." *(ડો. કે. મુહમ્મદ અબ્દુલહમીદ અકબર, મૌલાના અન્વારુલ્લાહ ફારૂકી, પ્રેસ : મજલિસે ઈશાઅતુલ ઉલૂમ જામિઆ નિઝામિયા–હૈદ્રાબાદ, પેજ–૧૩૮)*

જામિઆ મિલ્લિયા દિલ્હીના પ્રખ્યાત ઉસ્તાદ ડો. સૈયદ જમાલુદ્દીન અસ્લમ ચૌદમી સદી હિજરીના હિંદુસ્તાનની ધાર્મિક સ્થિતિનો ચિતાર રજૂ કરતાં જણાવે છે :–

"ઓગણીસમી સદીથી જ માન્યતા (અકીદાઓ)ની બુનિયાદ પર આલિમો વિવિધ વિચારસરણીમાં વહેંચાવા શરૂ થઈ ગયા હતા અને મુસ્લિમ સમાજ પણ તેમના અનુસરણમાં વિવિધ તંબુઓમાં (ગ્રુપોમાં) વહેંચાવો શરૂ થઈ ગયો હતો. સદીઓ સુધી "હિદાયહ્" હિંદુસ્તાની મુસલમાનોને હિદાયતનો માર્ગ દેખાડતી રહી પરંતુ નજદમાં લખાયેલી કિતાબ તથા સુન્નતનું એક નવું સર્જન "અત્તૌહીદ"ને ઓગણીસમી સદીમાં હિંદુસ્તાનમાં પ્રવેશ આપવામાં આવ્યો જેનો ઉર્દૂ તર્જુમો **"તકવિયતુલ ઈમાન"** નિફાક (મુનાફિકપણા)નો સબબ





**બન્યો.** શાહ ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ "તકવિયતુલ ઈમાન"ના પ્રસિદ્ધ થતાં પહેલાં હિંદુસ્તાની મુસલમાનો કેવળ બે જ ગ્રુપોમાં વહેંચાયેલા હતા, અહલે સુન્નત અને શીઆ, એમાં અહલે સુન્નતની આબાદી પુષ્કળ હતી. પરંતુ "તકવિયતુલ ઈમાન" પછી મતભેદોની એવી વણજાર શરૂ થઈ કે સવાદે આ'ઝમથી નીકળી નીકળીને લોકો વિવિધ તંબુઓમાં દાખલ થવા લાગ્યા, અને આ રીતે સવાદે આ'ઝમનું માળખુ વિખેરાઈ ગયું. આ વિખેરણને અટકાવવા અને અહલે સુન્નતને સંગઠિત કરવા રોહેલખંડના શહેર બરૈલીના એક ફાઝિલ આલિમે મજબૂત નિશ્ચય કર્યો. **એ ફાઝિલ આલિમ હતા મૌલાના અહમદ રઝાખાં** (૧૮૫૬–૧૯૨૧) જે ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત ફાઝિલે બરેલ્વીના નામથી મશ્હૂર થયા." *(સૈયદ જમાલુદ્દીન અસ્લમ, અહલે સુન્નત કી આવાઝ, ઈ.સ. ૧૯૯૮, પેજ–૨૪૮, પ્રેસ : મારહરા શરીફ)*

પાકિસ્તાનના ધાર્મિક બાબતો તથા લઘુમતિની બાબતોના માજી પ્રધાન મૌલાના કૌષર નિયાઝી લખે છે :–

"બદ્કિસ્મતીથી અમારા ત્યાં ઘણા લોકો તેમને બરેલ્વી નામના એક ફિર્કાના સ્થાપક સમજે છે, જ્યારે કે તેઓ પોતાના મસ્લકના એતબારથી કેવળ હનફી અને સલફી હતા." *(કૌષર નિયાઝી, ઈમામ અહમદ રઝા એક હમા ઝેહત શખ્સિયત, પ્રેસ : અલમજમઉલ મિસ્બાહી–મુબારકપુર)*

આ સાક્ષીઓની રોશનીમાં સ્પષ્ટ થઈ ગયું કે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી ચૌદમી સદી હિજરીમાં અહલે સુન્નત વ જમાઅતના મહાન પેશ્વા તથા રહબર હતા. ઈમામ અહમદ રઝા પોતાની અસીમ ઈલ્મી તથા કલમી ખિદમતોના કારણે ઈસ્લામી જગતમાં અહલે સુન્નત વ જમાઅતના ઓળખપાત્ર નિશાન બની ગયા અને પછી એમના બાદ ભારતખંડમાં અહલે સુન્નત વ જમાઅતની સરદારી તેમના ખલીફાઓ તથા શાગિર્દોએ સંભાળી. ઈમામ અહમદ રઝાના એક મશ્હૂર ખલીફા મુફસ્સિરે કુર્આન સદરુલ અફાઝિલ મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી પોતાના સમયના સંજોગોને અનુલક્ષીને અહલે સુન્નત વ જમાઅતની ઓળખ કરતાં લખે છે :–

"સુન્ની તે છે જે "મા અના અલૈહિ વ અસ્હાબિહી"ને પાત્ર હોય.

આ તે લોકો છે જેઓ ખુલફાએ રાશિદીન, દીનના ઈમામો, માન્યવર તરીકતના મશાઈખ અને પાછલા ઉલમાએ કિરામમાંથી હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી, મલિકુલ ઉલમા હઝરત બહરુલ ઉલૂમ ફિરંગી મહલી, હઝરત મૌલાના ફઝ્લે હક્ક ખૈરાબાદી, હઝરત મૌલાના શાહ ફઝલે રસૂલ બદાયૂની, હઝરત મૌલાના મુફ્તી ઈર્શાદ હુસૈન રામપૂરી અને **હઝરત મુફ્તી શાહ અહમદ રઝાખાં બરેલ્વીના મસ્લક** પર હોય. (علیہم الرحمۃ والرضوان) *(મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી, અલફકીહ–અમૃત્સર, ૨૧–ઓગસ્ટ, ઈ.સ. ૧૯૪૫, પેજ–૯)*

આ વાસ્તવિક્તાઓની રોશનીમાં એ હકીકત સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ કે અત્યારે ભારતખંડમાં ઈમામ અહમદ રઝા قدس سرہ અને તેમના સમર્થક હજારો હજાર ઉલમા તથા મશાઈખના અકીદાઓ તથા માન્યતાઓ જ એહલે સુન્નત વ જમાઅતના અકીદા છે. આ જ જમાઅત સવાદે આ'ઝમ પણ છે અને રસૂલે પાકના ઈર્શાદ **"મા અના અલૈહિ વ અસ્હાબિહી"**ના હકીકતમાં પાત્ર પણ છે. એટલા માટે યોગ્ય જણાય છે કે ઈમામ અહમદ રઝા قدس سرہ ની કિતાબોથી વીણી કાઢેલા "અહલે સુન્નત વ જમાઅતના અકીદા" નીચે રજૂ કરી દેવામાં આવે જેથી એ પાયાના અકીદાઓથી જાણકારી રહે અને તેના વિરૂધ્ધ અકીદાથી બચી શકાય. મો'મિન થવાને માટે જરૂરી છે કે રસૂલુલ્લાહ ﷺ ખુદા તરફથી જે કાંઈ લઈને આવ્યા છે તે સૌને દિલથી સાચુ જાણવું અને જીભ વડે તેનો સ્વીકાર કરવો. *(અકાઈદે હક્ક અહલે સુન્નત વ જમાઅત, મુક્તબિસહ્, અઝ : તસાનિફે રઝવિય્યહ્, અઝ : શેરબે શએ અહલે સુન્નત મૌલાના હશ્મતઅલી)*

**[૧]**

## અલ્લાહ જદ્દ મજદહૂ પર ઈમાન લાવવું

અલ્લાહ પર ઈમાન લાવવાની વિસ્તૃત વિગત નીચે પ્રમાણે છે :–

**૧.** દુનિયાનો સર્જનહાર અલ્લાહ વાજિબુલ્ વજૂદ અઝલી અબદી (હમેશાંથી હમેશાં માટે) છે તેના સમાન ન કોઈ જાતમાં છે ન સિફત (ગુણો)માં. મુમ્કિનાત (જે થઈ શકે)ના તમામ કમાલો તેની ઝાતી અઝમત (મહાનતા)ના પ્રતિબિંબ તથા પડછાયા છે.





**૨.** વજૂબે વજૂદ, ઈબાદતને પાત્ર, સ્વજાતે પેદા કરનાર, બાઈખ્તિયાર ખૂદ, કાઈનાતની કુલ્લી તથા જુઝવી તદબીર તેની ઝાત સાથે ખાસ છે.

**૩.** હયાત (જિંદગી), કુદરત, ઈલ્મ, કલામ, શ્રવણ શક્તિ, જોવાની શક્તિ ઈરાદો, બધી જ સ્વજાતી ખૂબીઓ માત્ર માટે અલ્લાહ તઆલાના માટે છે. આ સર્વે હમેશાંથી તેના માટે છે. બાકી ખૂબીઓ કાર્યરત, નફસી અલગ થનાર તથા બીજા માટે લાગુ થનાર છે.

**૪.** સૃષ્ટિને સર્જનનું સ્વરૂપ આપતાં પહેલાં એવો જ કામિલ હતો જેવો બાદમાં (વર્તમાન પણ તેવો જ છે જેવો ભૂતકાળમાં હતો)

**૫.** બીમારને તંદુરસ્ત કરવું, રોજી આપવી, તકલીફો તથા મુસીબતો દૂર કરવી એ હમેશગી તથા સર્જનના આધારે તેની કુદરતના કબજા હેઠળ છે.

**૬.** ડોકટર, બાદશાહ તથા અન્ય જાહેરી તથા બાતિની (છુપા–આંત્રિક) સબબો દા.ત. દુઆ, અંબિયા તથા વલીઓની હિંમત અલ્લાહના આપવાથી અને વસીલા તથા સબબના રૂપે બીજા તરફ સંબંધિત થાય છે.

**૭.** હકીમે અલલ ઈત્લાક (સંપૂર્ણપણે હિકમતવાળો હોવું)ની હિકમતની ખૂબીનો તકાઝો છે કે ઉપરોક્ત ખૂબીઓ તથા તેનાં કામો પર્દામાં રહી સબબો તથા વસીલાઓ જાહેર કરે છે, જેમ કે વિના મેહનતે જાણી શકાય છે કે અસંખ્ય રોજીના સબબો, મહત્વની તદબીરો, બીમારીઓને દૂર કરવી તથા રોજી જાહેર કરવી વગેરે સિફતો (ખૂબીઓ) કદીમ (હમેશાં)થી છે તથા હમેશાં રહેશે એ જ પ્રમાણે શરઅન તથા કશ્ફન (શરીઅતની રૂએ તથા કશ્ફથી) સાબિત છે કે અલ્લાહના દોસ્તોની દુઆ, શક્તિ, બરકત તથા તેમનું મુબારક વજૂદ કેવળ સબબોને ધ્યાનમાં રાખવા. અને સબબોને પેદા કરનાર રબની કામિલ કુદરતને ન માનવી અથવા કામિલ કુદરતને અમુક સબબો પૂરતી જ સીમિત કરવી કુફ્ર છે. અને સબબોનો સંપૂર્ણપણે ઈન્કાર કરવો એ અલ્લાહની હિકમતને બાતિલ ઠરાવવા ઉપરાંત દીન તથા દુનિયાની ખુશનસીબીથી મેહરૂમ રહેવું છે. અને જાહેરી તથા બાતિની સબબો (ઔલિયાએ મુકર્રબીન)ને અલ્લાહની

સિફતોના ઉદ્‌ભવ સ્થાન (ખૂબીઓ જાહેર થવાની જગા) માનીને તેમનાથી ફય્ઝ પામવું એ સમજદારી તથા ઈમાનના કામિલ હોવાની નિશાની છે.

**૮.** જૌહર, (જે વસ્તુ પોતાના વજૂદમાં બીજાનો મોહતાજ ન હોય) અર્ઝ, (અગાઉથી ઉલ્ટુ) શરીર, સ્થળ, સમય, દિશા, હલનચલન, મરવું, ઝાતી કે સિફાતી ફેરફાર થવું, અજ્ઞાનપણુ, જૂઠનું શક્ય હોવું એનાથી આ બધું મુમ્કિનાત (શક્યતા) સાથે ખાસ છે, અલ્લાહની જાત માટે આ સૌ મુહાલ બિઝ્ઝાત (અશક્ય) છે.

**૯.** અર્શ પર ઈસ્તવા ફર્માવવો, ઝહક, વજહ, યદ વિગેરે સિફતો, જે કુર્આન શરીફના દષ્ટાંતરૂપે આપવામાં આવી છે જેમ કે સિફાતે ષમાનિયા, સાંભળવું, જોવું, ઈલ્મ, ઈરાદો, વાણી (કલામ) કુદરત, હયાત, તકવીન છે.

**૧૦.** અલ્લાહ તઆલાની ઝાતની હકીકતને સમજવામાં અંબિયા તથા ઔલિયા સૌ આજિઝ છે. તેની મુકદસ ઝાત, ખૂબીઓ તથા નામોની તજલ્લી અંબિયાએ કિરામને તેમના મર્તબા તથા હોદ્દાને અનુરૂપ નસીબ થાય છે.

**૧૧.** અલ્લાહનો દીદાર આખેરતમાં જન્નતીઓ માટે સાબિત છે, કૈફિયત તથા દિશા વિના.

**૧૨.** અલ્લાહ તઆલા બંદાઓના કર્મો તથા અમલોનો ખાલિક તથા તેનો ઈરાદો કરનાર છે, પરંતુ કુફ્ર તથા ગુનાહિત કામોથી રાજી નથી.

**૧૩.** તમામ ભલાઈ તેમજ બુરાઈ ખાલિકે કુલ عزوجل ના ઈરાદાથી તથા તકદીરથી છે જે અઝલમાં (હમેશાંથી) નિશ્ચિત થઈ ચૂકેલ છે તે જ જાહેર થાય છે, પણ રાજી કેવળ ભલાઈ પર છે.

**૧૪.** તકદીરથી બંદો મજબૂર નથી થતો બલ્કે અલ્લાહ તઆલાએ પોતાના ફઝલો કરમથી નેકી અને બદીનો માર્ગ બતાવીને પોતપોતાના કાર્ય માટે એક રીતે અધિકાર આપ્યો છે જેના કારણે માનવ તથા વનસ્પતિમાં ઉઘાડો ફર્ક છે. જેને ઈસ્તેલાહમાં કસબ કહે છે તે કસબના સબબે તે બદલા તથા સજાનો છે.

**૧૫.** જબ્ર (બળ પ્રયોગ) જે બદલાની વિરૂધ્ધ હોય અને કદર





(તકદીર) જે બીજી વસ્તુને રબ તઆલાની બનાવટમાં શરીક કરે, બાતિલ છે. અધિક શોધખોળ આ મસ્અલામાં મના છે. ઉપરોક્ત બાબતો પર ઈમાન લાવવું નજાતનો સબબ છે અને ઈન્કાર કરવો તબાહી છે, એટલા માટે બુદ્ધિપૂર્ણતા અને સદ્‌નસીબી એ છે કે નજાત પામવાની ફિકર હોય.

**૧૬.** બેનિયાઝ છે. કોઈનો એના પર હક્ક નથી પણ પોતાના ફઝ્લથી જે વાયદો ફર્માવી લે તે જરૂર પૂરો કરે છે.

**૧૭.** તેનાં સર્વ કામો હિકમત તથા મસ્લેહત પર આધારિત છે, પરંતુ એનાથી કોઈ મતલબ કે લાભ તેની પોતાની મુકદ્દસ ઝાત માટે નથી હોતો, અને ન તો કોઈ ચીજ અલ્લાહ તઆલા પર વાજિબ છે. ખરાબી, જુલ્મ, બેવકૂફી તથા બેકારીથી તેનાં કાર્યો પાક છે.

**૧૮.** મો'મિનને દીને હક્ક પર સમજ અતા ફર્માવવું અને તેને કબૂલ કરવું અને તેના પ્રમાણે અમલો તથા એહસાનની તૌફીક અતા ફર્માવવી એ તેનો ફઝ્લ (મહેરબાની) છે અને કાફિરને કેવળ બુદ્ધિ તથા હોશ અર્પણ કરીને અંબિયાની તબ્લીગને તેના દિમાગ પર સ્પષ્ટ કરવી અને તૌફીકથી મેહરૂમ રાખવો એ અલ્લાહ તઆલાનો અદ્‌લ છે.

**૧૯.** અદ્‌લ તથા ફઝ્લ છ પ્રકારનો છે જેનો અકીદો રાખવો મુસલમાન પર ફર્ઝ છે :–

**૧.** હક્ક સુબ્હાનહૂ તઆલા કોઈના ઉપર રજમાત્ર પણ જુલ્મ નથી કરતો.

**૨.** કોઈના નેક અમલોમાંથી રજમાત્ર પણ નુકસાન નથી કરતો.

**૩.** કોઈને વિના ગુનાહ અઝાબ નથી આપતો.

**૪.** એનો ફઝ્લ છે કે પોતાના મુસલમાન બંદાઓ પર જે મુસીબત મોકલે તેમાં પણ તેમના માટે અજ્ર (બદલો) રાખે છે.

**૫.** કોઈને ફર્માંબરદારી અથવા ગુનાહ કરવા પર જોર નથી કરતો.

**૬.** શક્તિથી વધુ કોઈને તકલીફ નથી આપતો.

**૨૦.** અમલોના સબબે સવાબ તથા અઝાબ થવું કેવળ તેના હુકમથી છે, એમાં બુદ્ધિને દખલ નથી. અમુકની હિકમતને બુદ્ધિ પહોંચી (સમજી) શકે છે અને મોટાભાગનામાં અંબિયાની ખબરોની મોહતાજ છે.

**૨૧.** દરેક સિફત (ખૂબી, ગુણ) બિઝ્ઝાત (સ્વજાતે) એકલી છે અને અસીમ છે. તઅલ્લુક ધરાવનાર વસ્તુઓ પછીથી ઉદ્ભવેલી અને નાશવંત (હાદિષ) અને તેની સિફતો કદીમા (ખૂબીઓ હમેશાંથી) છે.

**૨૨.** હક્ક સુબ્હાનહૂ તઆલાનાં ઘણાં નામો છે જેની ખબર તેણે પોતાના કલામે પાકમાં આપી છે. અહલે સુન્નતની નજીક દુઆ તથા ઝિક્રે ઈલાહી તે નામોથી થવું જોઈએ જે શરીઅતે પાકમાં આવેલ છે. એ સૌ નામો કલામે ઈલાહીની જેમ કદીમ, અઝલી, અબદી (હમેશાંથી કાયમી) છે અને બંદાઓનું પોતાની જીભ પર લાવવું કે લખવું હાદિષ છે.

**૨૩.** અહલે સુન્નતનો ઈજમાઅ છે કે જે નામના અર્થમાં અલ્લાહની શાનમાં ઉણપ આવતી હોય તેને રબની જાત માટે બોલવું **કુફ્ર** છે.

**૨૪.** વાજિબ હોવામાં એકલા હોવું મોહક્કિકોના કથનાનુસાર હક્ક છે. શરીઅતના હક્કની કોઈ અસ્લ (કાયદા)ની વિરૂધ્ધ નથી, મર્તબાઓનો ફરક તથા હુકમોની હિફાઝત જરૂરી છે. જે ખૂબીઓ રબના મર્તબા માટે ખાસ છે તેને નીચલા મર્તબા પ્રમાણે કરવું અથવા એથી વિરૂધ્ધ (નીચલા મર્તબાની ખૂબીઓ રબના મર્તબામાં માનવું) કુફ્ર છે.

જે રીતે આ મસ્અલો ઈસ્લામના મહાન બુઝુર્ગો પર જાહેર થયો છે અને ઔલિયાએ કામિલીને શક્તિ પ્રમાણે વર્ણન કર્યો છે, શરીઅતની હદોને લક્ષમાં રાખીને એના પર એતેકાદ (યકીન) રાખવું ઈમાનની પરિપૂર્ણતાનો સબબ છે અને એનો ઈન્કાર નુકસાન તથા બદ્નસીબી છે.

**[૨]**

## નબી કરીમ ﷺ પર ઈમાન લાવવું

નબી પર ઈમાન લાવવા વિશેની વિગતોનો સંપૂર્ણ ધ્યાનપૂર્વક નીચે અભ્યાસ કરશો :–

**૧.** ઈસ્લામ તથા ઈમાનનો મહાન સ્તંભ જેના વિના બંદો કોઈ હાલતમાં મુસલમાન નથી થઈ શક્તો તે હુઝૂર સરવરે આલમ ﷺ ના તમામ કમાલો સ્પષ્ટ નસથી (કુર્આની દલીલથી) સાબિત છે તેને દિલથી સમર્થન કરવું (માનવું) અને જીભથી ઈકરાર કરવું છે. અને આપની





જાહેર તથા બાતિની તા'ઝીમથી હર હંમેશ સંકળાયેલા રહેવું તમામ અમલો તથા ઈબાદતોની કબૂલિયતનો મૂળ પાયો છે.

**૨.** આપ તમામ અંબિયાએ કિરામથી અફઝલ અને સૌના સરદાર છે.

**૩.** અલ્લાહ તઆલાની તૌહીદ તથા રબૂબિયતનો મીષાક (વાયદો) જેવી રીતે રબની જાત માટે લેવામાં તમામ ઈન્સાનોથી લેવામાં આવ્યો તેવી જ રીતે સરવરે આલમ ﷺ ની ઈતાઅત (ફર્માંબરદારી) તથા તા'ઝીમનો તમામ અંબિયાથી તાકીદપૂર્વક વાયદો લેવામાં આવ્યો એ કુર્આને પાકની સ્પષ્ટ આયતો દ્વારા સ્પષ્ટ છે.

**૪. (अ)** આપ ખાતિમુલ અંબિયા (અંતિબ નબી) છે, ન તો આપના જમાનામાં અને ન આપના પછી કોઈ નબી પૈદા થઈ શકે છે હુઝૂરના ખાતમુન્નબીય્યિનની ખૂબીનો **એ જ અર્થ જરૂરિયાતે દીનમાંથી છે કે હુઝૂર સૌથી છેલ્લા નબી છે. એ અર્થને નાસમજ લોકોનો ખયાલ દર્શાવવું તથા હુઝૂરના જમાનામાં અથવા હુઝૂર પછી કોઈ અન્યને નબુવ્વત મળવી શક્ય હોવું કે જાઈઝ કહેવું કુફ્ર છે.**

**(ब)** હુઝૂરે અકદસ ﷺ નો ઈલ્મે અકદસ (પવિત્ર ઈલ્મ) તમામ મખ્લૂકાત (અલ્લાહ સિવાયના સર્વ) ઈલ્મોથી વિશાળ છે. કોઈ મખ્લૂકના ઈલ્મને સરકારના ઈલ્મે અકદસથી અધિક અથવા વિશેષ કહેવો **કુફ્ર** છે.

**(क)** હુઝૂરે અકદસ ﷺ ને જે અમુક (થોડોક) ઈલ્મે ગયબ તેમના રબ્બે કરીમ عزوجل એ અતા કર્યો તો નબીઓ તથા રસૂલો તથા મુકર્રબ ફરિશ્તાઓ علیهم السلام અને સર્વ અવ્વલીન તથા આખરીનના કુલ ઈલ્મોનો ટોટલ તથા લોહે મેહફૂઝમાં કુદરતની કલમે લખેલો સઘળો ઈલ્મ, મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન તથા ભાવિનો ઈલ્મ) **એ આ થોડાક ઈલ્મનો અંશ છે. જેથી એના વિશે એવું કહેનાર કે, "એમાં હુઝૂરની શું વિશિષ્ટતા છે ! એવો ઈલ્મ તો ઝયદ તથા અમ્ર બલ્કે દરેક બાળકો તથા પાગલો બલ્કે દરકે બાળકો તથા પાગલો બલ્કે દરેક પ્રાણીઓ ચોપગાંઓને પણ પ્રાપ્ય છે" એ કતઅન (તદ્દન) કાફિર** છે.

**૫.** તમામ અંબિયા રૂહાની તર્બિયત તથા ઈરાદાના આધારે નબીએ કરીમ સરવરે આલમ ﷺ ના ખલીફા છે. જેવી રીતે જાહેરમાં સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیهم اجمعین નાયબ બન્યા અને આપના ફર્માનથી એ હોદ્દા પર બિરાજમાન થયા એવી જ રીતે અંબિયાએ કિરામ નબુવ્વત અને લોકો પર અફઝલિયત હોવા છતાં પ્યારા નબી ﷺની બાતિની શરીઅતને લાગુ પાડનાર હતા.

**૬.** આપની ઈતાઅત (આજ્ઞાપાલન) તથા ઈત્તેબાઅ (અનુસરણ) અને મહોબ્બત ફર્ઝ છે એને ત્યજવા પર દર્દનાક અઝાબ થવાનું નસથી (કુર્આની દલીલથી) સાબિત છે.

## મહબ્બતે રસૂલુલ્લાહ ﷺ ની નિશાનીઓ

**૧.** આપની ઈક્તેદા તથા સુન્નતનું અનુસરણ વાણી તથા વર્તનમાં કરવું તથા આપે હુકમ કરેલ ચીજો તથા મના કરેલ બાબતોનું પાલન કરવું.

**૨.** જીભ તથા દિલ વડે આપનો ઝિક્ર કરવો.

**૩.** આપના જમાલે પાકના (દીદાર માટે) આતુર રહેવું.

**૪.** દિલ, જીભ તથા શરીર વડે આપની તા'ઝીમ કરવી.

**૫.** આપના અહલે બયત અને સહાબા رضوان الله تعالیٰ علیهم اجمعین થી મહોબ્બત કરવી અને તેમની સાથે અદાવત રાખનાર સાથે અદાવત રાખવી.

**૬.** આપની સુન્નતો ત્યજનારને બુરો જાણવો.

**૭.** આપની તા'ઝીમ જેવી રીતે કે દરેક મુસલમાન પર જાહેરી મુલાકાત વખતે ફર્ઝ હતી એ જ પ્રમાણે હજી પણ આપના ફઝાઈલની હદીષ અને નામ મુબારક સાંભળતી વખતે લાઝિમ અને જરૂરી છે. જેથી પૂર્વજ બુઝુર્ગોના તરીકા પ્રમાણે મુસલમાનોમાં જે તા'ઝીમના મુબાહ તરીકા દરેક દેશમાં રિવાજ પ્રમાણે ચાલતા હોય તેનું હુઝૂર ﷺ ના ઝિક્ર વખતે બજાવી લાવવું એ ઈમાનના તકાઝામાંથી છે અને મીલાદની મેહફિલમાં કિયામ કરવો રસૂલના આશિકોનો નિયમ થઈ ગયો છે જેથી એનો ઈન્કાર પૂર્વજ બુઝુર્ગોની રવિશનો ઈન્કાર છે અને પાયા વિનાનો





પૂર્વગ્રહ છે.

**૮.** જે મુમ્કિનાત (શક્ય વસ્તુઓ) તથા મખ્લૂકાત (રબની સર્જીત ચીજો) રબૂબિયતના ઘેરાવામાં સામેલ છે તે સૌની તરફ હુઝૂર ﷺ ને મોકલવામાં આવ્યા છે જેથી મખ્લૂકાતનો કોઈ હિસ્સો આપની દા'વતથી અલિપ્ત નથી થઈ શક્તો.

**૯.** જેમ કે ગણત્રીમાં એક (૧)નું પ્રથમ હોવાના આધારે બીજુ (૨) કે ત્રીજુ (૩) હોવું અશક્ય છે. એ જ રીતે ઉપરોક્ત દા'વતનું આમ હોવું, મખ્લૂકમાં સૌ પ્રથમ, ખત્મે નબુવ્વત, સૌથી અફઝલ, ખિલાફતે કુબ્રા, શફાઅતમાં સૌ પ્રથમ, જન્નતમાં પ્રવેશ, દરેક પ્રકારની મહેરબાની કરવી, દરેક નેઅમત રબ તઆલાથી આપવામાં મહત્વનો વાસ્તો વગેરે એવી ખૂબીઓ જેમાં આપનું કોઈ (બંદાઓમાં) ભાગીદાર નથી, જેમાં આપના જેવું બીજુ કોઈ થઈ શકે તે અશક્ય છે.

**૧૦.** આપની મુકદ્દસ સૂરત (ચહેરો) શારીરિક લેહાઝથી તથા અમુક હિકમતોના કારણે બશરી હતી. જ્યારે કે આપની રૂહાનિયત બશરી સિફતો (ગુણો)થી ઉચ્ચતર અને માનવ સહજ બદલાવ (ફેરફારો) તથા આફતો તથા ખામીઓ (ઉણપો)થી પાક અને માનવ સહજ નબળાઈઓથી અલિપ્ત અને ફરિશ્તામય ઉચ્ચ ગુણોથી સંકલિત હતી. વળી આપનો ઈલ્મ નબુવ્વત જાહેર કરતાં પહેલાં તથા જાહેર કર્યા બાદ તમામ અયબો તથા ઉણપો, શંકા તથા અજ્ઞાનતા વગેરેથી પાક સાફ છે.

**૧૧.** હુઝૂર ﷺ ની ત્રણ હૈસિયતો છે : પ્રથમ જાહેરી માનવ સ્વરૂપ હોવાના હિસાબે. બીજી મલકી એટલે ફરિશ્તામય અને ત્રીજો એ મર્તબો જેને અલ્લાહ જ જાણે છે.

**૧૨.** આષારે શરીફા (હુઝૂરના મુબારક તબર્રુકો) અને પૂર્વજ બુઝુર્ગોના તબર્રુકોની તા'ઝીમ જરૂરી છે અને તેને દુઆ કબૂલ થવાનો ઝરીયો સમજવો સાચા ઈમાનની નિશાની છે.

**૧૩.** અવ્વલીન તથા આખરીનના ઈલ્મોની નિસ્બતે આપનો ઈલ્મ ઉચ્ચ તથા કામિલ છે. અને અંતિમ ઉમર શરીફ સુધીમાં આસ્માન તથા જમીનના ફરિશ્તા તથા તમામ મખ્લૂકાત તથા સર્વ અસ્માએ હુસ્ના તથા

મહાન નિશાનીઓ તથા આખેરતની બાબતો, કયામતની નિશાનીઓ, સારા તથા બુરા લોકોના અહેવાલ અને **મા કાન વમા ચકૂન** પર આપના ઈલ્મનો ઘેરાવ થઈ ચૂક્યો હતો. તમામ બશરી તથા મલકી ઈલ્મોથી આપનો ઈલ્મ અધિક ઉચ્ચ તથા અકમલ (પરિપૂર્ણ) છે. ઈલ્મે ઈલાહી અને આપના ઈલ્મમાં નીચેની બાબતોનો તફાવત છે :–

**૧.** ઈલ્મે ઈલાહી ગૈર મુત્નાહી બિલ્ફેઅલ અસીમ, ઝાતી અને મુહીત (બીજાના ઈલ્મોનો ઘેરાવ કરનાર) છે અને હુઝૂર ﷺ નો ઈલ્મ મુત્નાહી બિલ્ફેઅલ (સીમિત) અને શક્તિના આધારે અલ્લાહના આપવાથી અતિ વિશાળ છે.

**૨.** ઈલ્મે ઈલાહી ઝરીયા તથા વસીલા વિના અઝલી (હમેશાંથી) અને અબદી (હમેશાં માટે) છે, આપનો ઈલ્મ વહી, ઈલ્હામ, કશ્ફ, મનામ (સૂવાની હાલતમાં), સમજની વિશિષ્ટતા, મારેફત વગેરેના ઝરીએ પ્રાપ્ત થયેલ તથા હાદિષ (ઉદ્ભવ પામેલ અને નાશવંત) છે.

**૧૪.** આપની તમામ ખબરો તથા કથનો દીન તેમજ દુનિયા સંબંધી સૌ હક્ક તથા સત્ય છે. શંકા, વહેમ, અજ્ઞાનતા વગેરે ખામીઓ તથા શૈતાની ડખલોથી પાક સાફ છે.

**૧૫** સગીરા ગુનાહોથી માસૂમ તથા માનવસહજ સર્વ ખરાબીઓથી પાક છે.

**૧૬.** અમુક પહોંચાડવાનાં (તબ્લીગનાં) કાર્યો તથા શરઈ હુકમોમાં ભૂલી જવું તથા લગઝિશ (સહ્વ) આપથી શરીઅતનો હુકમ થવાના કારણે અને અલ્લાહના ઈરાદાથી ઈલ્મના ફાયદાના કારણે થયું છે. અને લગઝિશ થવી તથા ભૂલાઈ જવું એ શાને નબુવ્વતની વિરૂધ્ધ નથી, બલ્કે ભૂલી જવું તથા ધ્યાન હટી જવું, નાસૂતથી આલમે લાહૂતમાં મુસ્તગરક થવાના (ડૂબી જવાના) કારણે લગઝિશ થવી એ કમાલના પ્રકારોમાંથી છે જેવું કે દષ્ટિવાળાઓ પર જાહેર છે. **અલ્બત્ત તેમના સહ્વ (લગઝિશ) તથા ભૂલવાને આપણી ભૂલ તથા ભૂલવા પર કિયાસ કરવું અને તિરસ્કારના ઈરાદે આપની પ્રતિ સંબંધિત કરવું કુફ્ર છે.**

**૧૭.** તમામ શારીરિક તકલીફો એટલે બીમારી, શારીરિક તકલીફો





વગેરે જે અંબિયા عَلَيْهِمُ السَّلَام ને લાગુ થાય છે તે જાહેરી સ્વરૂપમાં આમ માણસોની શારીરિક તકલીફની જેમ છે અને પરિણામના હિસાબે તથા આંત્રિક અસરો તથા રબની છુપી હિકમતોના લેહાઝથી ઉચ્ચતર તથા આ'લા છે. દા.ત. અંબિયા عَلَيْهِمُ السَّلَام ની બીમારીઓની તકલીફના પરિણામે ઉચ્ચ હાલતોનું પ્રદર્શિત થવું. દા.ત. સબ્ર, રઝા, શુક્ર, તસ્લીમ, તવક્કુલ, તફવીઝ, દુઆ, આજીજી અને ઉમ્મતને નસીહત ઉપરોક્ત હાલતોમાં હોઈ શકે છે. માટે આપણી બીમારીઓ પર અંબિયાની બીમારીઓને ખયાલ કરવી સખ્ત બેઅદબી અને અમુક સ્થિતિમાં જ્યારે તિરસ્કાર લાઝિમ થાય તો કુફ્ર છે.

**૧૮.** હુઝૂર સૈયદુલ ﷺ અંબિયાનું ગૈબની વાતોથી માહિતગાર હોવું આયતો તથા હદીષો સતતથી સાબિત છે જેથી એનો મુન્કિર (નકારનાર) કતઈ દલીલોનો મુન્કિર છે.

**૧૯.** આપ રોઝા મુનવ્વરામાં અન્ય અંબિયા عَلَيْهِمُ السَّلَام ની જેમ હકીકી, દુનિયાવી, શારીરિક હયાત સાથે જીવંત છે. ઉમ્મતના લોકોની હાલતોથી વાકેફ અને આપની બારગાહના આશિકો પ્રતિ હર પલ ધ્યાનિત છે અને ઉમ્મતની હાલતો પર હાઝિર તથા નાઝિર છે.

**૨૦.** રોઝા મુબારકની ઝિયારત એ મહાન ખુશનસીબી છે એનો ઈન્કાર બદ્તરીન બિદઅતોમાંથી છે.

**૨૧.** હક્ક સુબ્હાનહૂ વ તઆલાએ સૈયદુલ મહબૂબીન ﷺ ની પવિત્ર જાતને નીચે દર્શાવ્યા અનુસાર વગેરે મો'જિઝાઓથી અનોખા બનાવ્યા :–

**૧.** શારીરિક મેઅરાજ જાગૃતાવસ્થામાં હરમ શરીફથી બૈતુલ મુકદ્દસની તરફ અને અંબિયાએ કિરામની ઈમામત કરી અને આસ્માનોની સૈર કરી તથા મહાન નિશાનીઓ તથા જન્નત તથા દોઝખ વગેરેને જોઈ, વગેર..

**૨.** રબ તઆલાએ પોતાનો જમાલે પાક હુઝૂર ﷺ ને જાહેરી આંખો વડે દેખાડયો.

**૩.** શક્કુલ કમર (ચાંદના બે ટૂકડા કરવા)

૪. મસ્જિદના ટેકાનું આપના વિરહમાં રૂદન કરવું.

૫. ઝાડ તથા પથ્થરોનું આપના પર સલામ કરવું અને નબુવ્વતનું સમર્થન કરવું.

૬. આપની મુબારક આંગળીઓમાંથી પાણીનાં ઝરણાં વહેવાં અને એક પ્યાલા પાણીથી પૂરા લશ્કરનું તૃપ્ત થવું.

૭. આપની બરકતથી થોડા ખાણાનું એટલા પ્રમાણમાં વધવું કે હજારો માણસો ધરાઈ જાય.

૮. ઝબહ થયેલ બકરીનું આપની સાથે વાતચીત કરવું.

૯. ઉપરોક્ત મો'જિઝાઓ ઉપરાંત અન્ય બુદ્ધિમાં ન સમાય તેવાં કામો જેમ કે મરેલાનું જીવંત થવું જે હદીષોથી સાબિત છે તે કશીય તાવીલ વિના હક્ક તથા સત્ય છે.

**૨૨.** તમામ મો'જિઝાઓથી આ'લા તથા અતિ મજબૂત તથા કાયમી એ કુર્આન શરીફ છે જેના મુકાબલાથી તમામ મખ્લૂક આજિઝ છે. કુર્આન મજીદથી શાબ્દિક તરકીબ તથા ભાવાર્થની ખૂબી તથા ગયબી ખબરો તમામ મો'જિઝા છે.

## સૈયદુલ અંબિયા ﷺ ની લાવેલી ચીજો પર ઈમાન

એની વિગત નીચે પ્રમાણે છે :–

૧. હુઝૂર ﷺ પર વહી કેટલાયે પ્રકારની થતી હતી. ફરિશ્તા થકી વહી ઉપરાંત બે અન્ય પ્રકારો પણ છે જેમાં ફરિશ્તાની ડખલ તથા તેનું માધ્યમ નથી હોતું.

૨. કુર્આન કલામે નફ્સી અઝલી અબદી (હમેશાંથી) છે, જે શબ્દો તથા અક્ષરોના રૂપમાં જાહેર છે અને મુકર્રબ ફરિશ્તા જિબ્રઈલ عليه الصلوٰة والسلام મારફત હુઝૂર ﷺ પર નાઝિલ થયું.

૩. સહીહ ઈન્સાદ (સનદો) સાથે સાબિત મુબારક હદીષો તે વહી છે જે ક્યારેક નિયમાનુસાર અને ક્યારેક એથી વિરૂધ્ધ રીતે હુઝૂર ﷺ





પર ઉતરી.

૪. વહીથી જે અર્થ કતઈ રીતે સાબિત છે તે હક્ક છે એમાં કોઈ શંકા નથી. એમાંથી ઈલ્મ અને કતઈ સાબિતી પછી કોઈ વાતનો ઈન્કાર કરવો ભલે પડદા હેઠળ બાતિલ તાવીલ હોય કુફ્ર છે અને હલકી દલીલોથી સાબિત વસ્તુઓનો વિના કારણે ઈન્કાર બિદઅત તથા ફિસ્ક છે.

૫. નીચેની બાબતોને હક્ક માનવી જરૂરી છે :–

૧. હશ્ર શરીર સાથે થશે અને જે દુનિયામાં હતા તે જ શરીરોમાં રૂહનો ફરી પ્રવેશ થશે.

૨. સારા અમલોનો સારો બદલો મળવું અને બુરા કર્મોની બુરી સજા મળવી.

૩. પુલ સિરાત દોઝખ ઉપર બનેલ છે જેના પર દરેક ચાલવાનું થશે. જહન્નમીઓ કપાઈને દોઝખમાં ગબડી પડશે અને જન્નતીઓ તેના પરથી પસાર થઈને જન્નતમાં ચાલ્યા જશે.

૪. અમલોનો હિસાબ, મીઝાન, જન્નત, દોઝખ અને આ બંને છેવટે વર્ણવેલ (જન્નત તથા દોઝખ) અત્યારે મૌજૂદ છે જેની જગા અલ્લાહ જલ્લ શાનહૂ જાણે છે.

૫. રસૂલુલ્લાહ ﷺ ની શફાઅત કબીરા ગુનાહવાળાઓ માટે હક્ક છે અને આપની શફાઅત મકબૂલ છે. જ્યાં આયતોમાં શફાઅતનો નકાર આવેલ છે તે રબની રઝાની તથા ઈજાઝતના પર આધારિત છે (એટલે કે રબની રઝા તથા પરવાનગી વગર કોઈ શફાઅત કરી શક્તું નથી.)

૬. કબ્રમાં કાફિરને કબરનો અઝાબ અને નેક મો'મિનને કબ્રમાં રાહત મળવું હક્ક છે અને ગુનેહગાર મો'મિનનો આધાર રબની મરજી પર છે કે જેને ચાહે અઝાબ આપે જેને ચાહે નેઅમત બખ્શે.

૭. મુન્કર નકીરના સવાલ જેનાથી ખુદા ચાહે જરૂર થનારા છે.

૮. તમામ રસૂલો તથા નબીઓ અલ્લાહ તરફથી હક્ક છે.

૯. ફરિશ્તાઓ નૂરી શરીરો છે અંધકારને લગતી દરેક વસ્તુઓથી પાક છે. તેમનાં સ્થાનો આસ્માનો પર નિશ્ચિત છે. કોઈ આસ્માની સૃષ્ટિ

પર તો કોઈ જમીનની સૃષ્ટિ પર નિશ્ચિત છે, અને અમુક માનવોના અમલો લખવાના કામ પર નિયુક્ત છે. અને અમુક બંદાઓના દિલોમાં નેક ખયાલો દાખલ કરવા માટે નિયુક્ત છે, અને અમુક આદમની ઔલાદની હિફાઝત પર, એમના મુકાબલામાં અલ્લાહની મખ્લૂકમાંથી શૈતાનો છે જેઓ ગલત ખયાલો નાખે છે. કયામત નજીક હઝરત મેંહદી عليه السلام નું જાહેર થવું અને હઝરત ઈસા عليه السلام નું આસ્માનેથી ઉતરવું અને દજ્જાલ તથા સુવ્વરને કત્લ કરવું અને પછી એક દીનનું હોવું સૌ સત્ય છે.

**૧૦.** સર્વ અંબિયા عليهم السلام અને જે આસ્માની સહીફા (કિતાબો) તેમના પર નાઝિલ થઈ સૌ હક્ક છે.

## ઈજતેહાદ તથા તકલીદ

**૧.** સામાન્ય લોકો જેઓ ઈજતેહાદના દરજાથી દૂર છે તમામ શાખાકિય હુકમો જેની સાબિતી કુર્આનથી જાહેર ન હોય તેમાં તકલીદ કરશે.

**૨.** ઈજતેહાદના સ્થાન માટે નીચેની શરતોનું હોવું જરૂરી છે :–

**૧.** કુર્આનનો ઈલ્મ અહકામવાળી આયતો પ્રમાણે મેળવે.

**૨.** અહકામને લગતી હદીષોનો ઈલ્મ હોવો.

**૩.** અરબીનો ઈલ્મ, લુગત, સરફ તથા નહ્‌વ, મઆની તથા બયાન વગેરેમાં કામિલ હોય.

**૪.** પૂર્વજ બુઝુર્ગોના મઝહબથી સંપૂર્ણપણે વાકેફિયત ધરાવતો હોય.

**૫.** કિયાસના ઉસૂલ અને કાયદાઓમાં નિષ્ણાત હોય અને એની સાથોસાથ તકવા તથા વરઅ (તકવાથીયે આગળની મંઝિલ)માં ઉચ્ચ કક્ષાએ વિશિષ્ટ હોય. હુકમો ઈસ્તિંબાત કરવામાં (કુર્આન હદીષથી કાઢવામાં) નફ્સ તથા વાસનાની ડખલથી મેહફૂઝ હોય.

**૩.** જેનામાં આ ગુણોની કમી હોય તે ભલે ગમે તેટલો મોટો આલિમ કેમ ન હોય તે તકલીદ કરવાનો પાબંદ છે. આ શરતોથી કોઈ શખ્સનું સજ્જ હોવું તેના ઈજતેહાદની નિશાનીઓ અને ફિક્હી તીવ્ર દષ્ટિ અને





ફિકહના અનુસાર અમલો તથા અખ્લાકથી જાહેર થઈ શકે છે. જે આમ તથા ખાસ ઉમ્મત પર જાહેર થઈને તમામ ઈન્સાફ પ્રિય દિમાગોમાં તેની અઝમત (મહાનતા)ને બેસાડે છે જેમ કે દરેક વિદ્યામાં ખ્યાતિ પામનારની ઉચ્ચ મહારત જાહેરી નિશાનીઓ વડે આમ પબ્લિકથી ખાસ લોકો સુધી સૌની નજીક તદ્દન સ્પષ્ટ હોય છે, એ જ પ્રમાણે જ્યારે કોઈ આલિમ મુત્તકીના ઈજતેહાદની નિશાનીઓ એ પ્રમાણે જાહેર થાય કે ખાસ તથા આમ તેના માટે ઈજતેહાદનું સ્થાન માનવા માટે મજબૂર થાય તો મુજતહિદ પુરવાર થાય છે.

**૪.** ઉમ્મતે મરહૂમામાં ચાર ઈમામોનો ઈજતેહાદ તેમના સૌ સમકાલિનો તથા સાથીઓથી આ'લા માનવામાં આવ્યો છે તેનું કારણ તે જ ઈલ્મી આધાર (નિશાનીઓ) અને ઝોહદો તકવાની નિશાનીઓ છે, જેના લીધે આજ સુધી દરેક તબકાના લોકો તેઓને મુજતહિદ સ્વીકારતા આવ્યા છે.

**૫.** એમાંથી ઈમામુલ અઈમ્મા સિરાજુલ ઉમ્મત ઈમામે આ'ઝમ નોઅ્માન બિન ષાબિત અબૂ હનીફા કૂફી رضی الله عنه રઈસુલ મુજતહિદીન (મુજતહિદોના સરદાર) સ્વીકૃત થયેલા છે.

**૬.** હક્ક સુબ્હાનહૂ વ તઆલાએ આપના શાગિર્દો તથા મુકલ્લિદોમાં એવા ઈસ્લામના મહાન બુઝુર્ગો પેદા કર્યા છે જેમણે હુઝૂર ઈમામે આ'ઝમ رضی الله عنه ના તખરીજ કરેલા (કુર્આન હદીષથી કાઢેલા) મસાઈલ તથા નિશ્ચિત કરેલા ઉસૂલોને કિતાબોમાં ખૂબ જ સાવધાનીપૂર્વક વર્ણન કર્યા જે ભવિષ્યમાં આવનાર નવા મસાઈલ તથા નવા બનાવોમાં ફેંસલાના કાનૂન નિશ્ચિત થયા.

**૭.** ઈલ્મી કમાલો તથા અન્વારના ફય્ઝાન હઝરત ઈમામે આ'ઝમના તુફૈલથી આ ફિકહના આલિમો પર એ રીતે રબની અતાથી થયેલ છે જેના ઉગમ સ્થાન રઈસુલ મુજતહિદીન હતા. એના કારણે હઝરત ઈમામ મુહમ્મદ رحمة الله عليه અને ઈમામ અબૂ યૂસુફ رحمة الله عليه ઉસૂલ તથા ફુરૂઅમાં તકલીદ કરતા હોવા છતાં ઈમામે આ'ઝમનાં કથનોમાં તેમના વિરૂધ્ધ અથવા તરફદારીમાં દલીલો ભેગી કરતા અને અમુક હુકમોમાં ખૂદ ઈમામે આ'ઝમ رضی الله عنه તરફથી મસાઈલ કાઢવા માટે

નિયુક્ત થયા. માટે સાહિબૈન (ઈમામ મુહમ્મદ તથા ઈમામ અબૂ યૂસુફ) તથા તેમના સમાન હોદ્દાવાળા જેઓ ઈમામે આ'ઝમના શાગિર્દ હતા મઝહબના મુજતહિદ કહેવામાં આવ્યા. તેમનું કામ માત્ર અમુક હુકમોને દલીલ મળતાં અગ્રતા આપવી અને ઈમામે આ'ઝમના કાયદાનુસાર નવા હુકમો કાઢવાનું હતું.

**૮.** એના પછી અધિક રહમતનો ઝહૂર થયો અને એવા ફકીહો પૈદા થયા જેની સમુદ્ધતા હનફી મઝહબના ઉસૂલ તથા ફુરૂઅમાં એ પ્રમાણે સ્વીકારવામાં આવી કે તેઓ નવા ઉપસ્થિત થયેલા મસાઈલ તથા જુઝઈય્યતને જેના વિશે સ્પષ્ટપણે રિવાયતો મઝહબમાં ન મળી તેના ઉસૂલ તથા ફુરૂઅ હનફી મઝહબથી તખરીજ કર્યા. જેમ કે હઝરત અબૂ હનીફા જા'ફર તહાવી, અબુલ હસન કર્ખી, શમ્સુલ અઈમ્મા હલ્વાઈ, શમ્સુલ અઈમ્મા સરખસી, ફખ્રુલ ઈસ્લામ બુઝદવી, ફખ્રુદ્દીન કાઝીખાન વગેરે સૌ મુજાહિદ ફિલ્ મસાઈલ છે.

**૯.** કારણ કે તદબીરે ઈલાહી આ ખાસ રહમતને પરિપૂર્ણ કરવા ધ્યાનિત હતી માટે ઉપરોક્ત ફકીહો પછી વધુ એક તબકો પેદા થયો જેમાં ઈમામ અબૂબક્ર, અહમદ બિન અલી વગેરે છે. તેમના હિસ્સામાં કોઈ પ્રકારનો ઈજતેહાદ તો નહીં પણ ઉસૂલ (મૂળ કાયદા) તથા ફુરૂઅ (શાખાકિય કાયદા)માં એટલી નિપૂર્ણતા તેમનામાં હતી કે ફિકહના કોઈપણ બારીક ઉસૂલની તફસીલ કરી શક્તા હતા. તેમને અસ્હાબે તખરીજ કહેવામાં આવે છે.

**૧૦.** તકદીરે ઈલાહી તે ખાસ રહમતને કામિલ કરવા પ્રતિ ધ્યાનિત હતી જેથી એ ફકીહો પછી ફકીહોનો એક અન્ય તબકો પેદા થયો જે અમુક રિવાયતોને અમુક પર અગ્રતા આપવાની કાબેલિયત ધરાવતો હતો. તેને **અસ્હાબે તરજીહ** કહે છે.

**૧૧.** તેમના પછી તદબીરે ઈલાહી અને રહમતે નામુત્નાહી (અસીમ રહમત)થી ફકીહોનો એવો તબકો પેદા થયો જે ઉપરોક્ત મર્તબાના લાયક ન હતો પણ વિવિધ રિવાયતોમાંથી અક્વા, કવી, ઝઈફ, ઝાહિર મઝહબ અને રિવાયતે નાદિરામાં ફરક કરી શક્તો હતો. જેમ કે તે હઝરાત જેમની કિતાબો આપણા જમાનામાં ફયઝનો સબબ અને વિ□વ્યાપી





કબૂલિયતથી મુમતાઝ છે. ચાર ઈમામોના તબકાથી જે મઝહબ નિશ્ચિત થઈ ચૂક્યો છે તે કન્ઝ, મુખ્તાર, વકાયા, મજઅના લેખકોની કિતાબોમાં ખૂબ જ સાવધાનીપૂર્વકની સાથે વર્ણન પામેલ છે.

**૧૨.** એમના પછી આલિમો તથા ફકીહોએ એ જ કિતાબો પર ભરોસો કર્યો. તે કિતાબોને કુતુબે મુતાખ્ખેરીન (પાછલાઓની કિતાબો) સમજીને એવું કહેવું કે એનાથી હનફી મઝહબ સારી રીતે માલૂમ નથી થઈ શક્તો એ તદ્દન ગલત ખયાલ તથા નિરર્થક બદ્ગુમાની છે. આ કિતાબો હકીકતમાં ચારેવ ઈમામોના તબકાની કવી (મજબૂત) રિવાયતોની રાવી છે અને તેમનું ષિકહ (દીનદાર, પ્રમાણિક, તકવાથી ભરપૂર) હોવું દરેક રીતે સિદ્ધ થઈ ચૂક્યું છે.

**૧૩.** મતનો (મૂળ લખાણો) તથા શરહો તથા મુતાખ્ખેરીન (પાછલા ઉલમા)ના ફતાવાઓ જેમના પર અમલ કરવામાં આવે છે અને ફત્વાનો દસ્તૂરુલ્ અમલ નિશ્ચિત થઈ ચૂક્યો છે તે નિઃશંક ! જે મઝહબે હનફિયાને જાહેર કરનાર છે, એની વિરૂધ્ધ હદીષ પર અમલના દાવા સાથે ઈજતેહાદના હોદ્દા વિના ગુમરાહીમાં કદમ રાખવો છે. ચોથી સદી સુધી ચારેવ મઝહબો ખાસ હનફી મઝહબની એટલા પ્રમાણમાં તન્કીહ (તેહકીક) થઈ ચૂકી છે કે કોઈ જુઝવી (શાખાકિય બાબત પણ) તેહકીક વિનાની નથી રહી અને ભવિષ્યના અધિક્તર પ્રસંગોના જવાબો આ જ તેહકીકથી મેળવી શકાય છે. **એટલા માટે ફકીહોનો ફત્વો છે કે હવે ઈજતેહાદ ખત્મ થઈ ચૂક્યો છે અને એના પછી કોઈ નવો મુજતહિદ પેદા નથી થયો.**

**૧૪.** જેવી રીતે હુઝૂર સરવરે દો આલમ ﷺ સાફ તથા પરિપૂર્ણ અહકામે ઈલાહી છે અને આપની ફર્માંબરદારી ઈમાનનો ભાગ છે એ જ પ્રમાણે રઈસુલ મુજતહેદીન હઝરત ઈમામે આ'ઝમ رضي الله عنه આપના હુકમ તથા હિદાયતના મુબલ્લિગ તથા જાહેર કરનાર છે, એ હૈસિયતથી આપની ઈતાઅત (ફર્માંબરદારી) વાજિબ છે.

**૧૫.** કોઈ ગૈર મુજતહિદ શખ્સ પર ચાર ઈમામોથી કોઈ એકની તકલીદ એ રીતે વાજિબ છે કે તે એ ઈમામના તમામ હુકમોમાં તેનો મુકલ્લિદ હોય. કોઈ મસ્અલામાં એક ઈમામની તકલીદ કરવી અને

કોઈમાં બીજા ઈમામની તકલીદ કરવી તલ્ફીક (ભેળસેળ)માં પડવું છે. અને દીન સાથે મઝાક છે જે કત્અન હરામ છે.

**૧૬.** કોઈ ગૈર મુજતહિદને એ અધિકાર નથી કે પોતાની રાયથી કોઈ ફુરૂઈ હુકમના વિશે હદીષ પર અમલ કરે.

**[૫]**

## ખિલાફત તથા વિલાયત

**૧.** સરવરે દો આલમ صلی اللہ علیہ وسلم પછી ઈમામે સિદીકીન હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ ઉમ્મતમાં અફઝલ છે, આપના પછી ઉમર ફારૂકે અકબર, ઉષ્માન ઝુન્નૂરૈન, મૌલલ્ મુ'મિનીન મુર્તઝા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ખિલાફતના ક્રમાનુસાર અફઝલ છે.

**૨.** અશ્રાએ મુબશ્શિરા, ખાતૂને જન્નત, ઉમ્મુલ મો'મિનીન ખદીજા رضی اللہ عنہا , ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا, હઝરાત ઈમાન હસન તથા ઈમામ હુસૈન તથા બદરના સહાબીઓ તથા બયઅતુર્રિદ્વાનવાળા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ તાહિર મુતહ્હર કતઈ જન્નતી ઉમ્મતના ગુનેહગારોના માટે ભરોસાની જગા છે.

**૩. (अ)** તમામ સહાબીઓ ખાસ કરીને બદરવાસીઓ તથા બયઅતે રિદ્વાનવાળા સહાબા હિદાયતના તારાઓ છે તેમનામાંથી કોઈને ભલુબુરું કહેવું તે રાફઝીપણુ છે તથા જહન્નમમાં દાખલ થવાનો તે હક્કદાર છે. તે સૌની તા'ઝીમ તથા તૌકીર ઉમ્મત પર મહત્વનો ફર્ઝ છે. એ સૌ ઉમ્મતના ઔલિયાના સરદાર તથા સોહબતના શરફને કારણે ખાસ વિલાયત પર મુમતાઝ છે, તેમના થકી કરામતો જાહેર થઈ છે અને દરેક વલીથી જાહેર થઈ શકે છે.

**(ब)** મક્કા મોઅઝ્ઝમાની ફતહ પછી જે સહાબાએ કિરામ ઈસ્લામની દૌલતથી મુશર્રફ થયા તેમનાથી તે સહાબાએ કિરામ અફઝલ છે જેઓ મક્કા મોઅઝ્ઝમા ફતહ થતા પહેલાં ઈસ્લામથી મુર્શરફ થયા પરંતુ તે બંનેવ પ્રકારના સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી અલ્લાહ તઆલાએ ભલાઈનો વાયદો કર્યો છે. **તેમનામાંથી કોઈની શાનમાં**





**ગુસ્તાખી કરવી ''રાફઝીપણુ'' તથા ''ગુમરાહી'' છે.**

**૪.** વિલાયતની હકીકત એ છે કે ઈમાન તથા નેક અમલો પછી જ્યારે અલ્લાહ તઆલાનાં અસ્મા તથા સિફતોનું ફર્માન તથા યકીન આકર્ષણના રૂપે ઝિક્ર તથા તિલાવત, રોઝા તથા નમાઝની બરકતથી અલ્લાહ તરફથી જ્યારે સાલેહ બંદાને અતા થાય છે તો નીચેની બાબતો તેના સીના પાકમાં પૈદા થાય છે : ઈખ્લાસ, તવાઝોઅ, તૌબા, ઝોહદ, સબ્ર, શુક્ર, ખૌફ, રિજા, તવક્કુલ, રઝા, ફક્ર, મહબ્બત પછી તે હક્ક સિવાયનાથી બેપરવા થઈ જાય છે અને ખૌફ તથા રઝાએ ઈલાહીમાં ચૂર રહે છે. આ હાલતમાં એ મકામોની નિશાનીઓ માનવીઓ પર બે તરીકાથી જાહેર થાય છે કરામતો અને મુરીદોની તર્બિયત તેને વહી તથા પાકદામનીના બદલે (કે જે અંબિયાથી ખાસ છે)સાચો કશ્ફ અને ગુનાહોથી મેહફૂઝિયત અતા થાય છે જેના સબબે અંબિયાનો વારિસ તથા ખલીફાએ બરહક્ક ઠર્યો છે અને વલી શબ્દને પાત્ર ઠરે છે.

**૫.** સૂફિયાએ કિરામના સિલસિલાઓ જે સતત હુઝૂર صلی اللہ علیہ وسلم થી જોડાયેલા છે તેમના મઆરિફ તથા મકામો સંપૂર્ણપણે અન્વારે રિસાલતથી મુનવ્વર છે, એમાં મુરીદોની તર્બિયતની પદ્ધતિ વર્ણન કરેલ મકામો પર નિર્ભિત છે, અને જણાવેલ સૂફીઓ સાચા કશ્ફ વડે ગાયબ લોકોના હાલથી માહિતગાર થઈને તેમની એવી જ તર્બિયત ફર્માવે છે જેવી રીતે હાજર રહેલાઓની કરે છે.

**૬.** યા શૈખ અબ્દુલ કાદિર જીલાની શૈઅન્ લિલ્લાહ વગેરે એના જેવા વઝીફાઓ મદદ તલબ કરવાની તથા તવજ્જોહ તથા દુઆ પામવાની નિય્યતે જાઈઝ તથા સાબિત છે. એવા વઝીફાઓનો ઈન્કાર કરવો જેહાલત છે અને તેને શિર્ક વગેરે કહેવું જુલ્મ તથા ગુમરાહી છે.

**૭.** તેમની મુબારક સૂરતનો ખયાલ મુરીદોના વસવસા તથા નફસી ઈરાદાઓને દૂર કરવામાં તે જ કામ કરે છે જે ઝિલ્લે ફારૂકી શૈતાનને દૂર કરવામાં કરતો હતો. એ મશાઈખની મિષાલી સૂરત મુરીદના નફ્સના જઝબાતને દૂર કરવાના માટે તે જ કામ કરે છે જે ફારૂકે આ'ઝમનો પડછાયો શૈતાનને દૂર કરવામાં કરતો હતો. આ મશાઈખની સૂરત મુરીદના નફ્સના જઝબાતને ખતમ કરવા અતિ મજબૂત દલીલ છે.

**૮.** બાતિની ફાયદો હાંસલ કરવા અને બયઅત જે મશાઈખે કિરામનો નિયમ (મઅમૂલ) તે દરેક ઈમાનનો કમાલ તલબ કરનારા મો'મિન માટે સુન્નત તથા જરૂરી છે.

**૯.** ખાસ મઅમૂલાતે મશાઈખ, અઝકારની કૈફિયત તથા રિયાઝતો દીની ઉસૂલોથી કાઢેલ છે, અમુક ઈજતેહાદથી તથા અમુક કશ્ફ થકી.

**૧૦.** જોરથી તેમજ ધીમેથી ઝિક્ર શરઅન સાબિત છે અને મહબ્બતે ઈલાહીના કુર્બનો સબબ છે.

**૧૧.** હમ્દે ઈલાહી, નઅતે સરવરે કાઈનાત ﷺ તથા બુઝુર્ગોની તથા ઔલિયાએ કિરામની મદહ (પ્રશંસા) અને મહબ્બતે ઈલાહી સંબંધિત શેઅરોનું ખુશ આવાઝી સાથે સાંભળીને મહબ્બતે ઈલાહીને ભડકાવવું મુબાહ તથા મુસ્તહસન છે જ્યારે કે શરીઅતની મના કરેલ બાબતોથી ખાલી હોય.

**૧૨.** બદની તથા માલી ઈબાદતનો સવાબ અંબિયા તથા ઔલિયા તેમજ અન્ય મુસલમાનોની મુકદસ રૂહોને હદિયો કરવો સાબિત છે અને તેનો સદંતર ઈન્કાર બિદઅત છે.

**૧૩.** ખાસ કરીને ઔલિયાની વફાતના દિવસે સવાબ અર્થે ખાણુ ખવડાવી ફાતેહા પહોંચાડવા બરકતનો તથા ઈમાનની તાઝગીનો સબબ છે.

## શિર્કમય બાબતો

**૧.** શિર્ક તથા કુફ્ર પરિણામના લેહાઝથી એક છે, બંનેમાં પડનાર હમેશાં માટે અઝાબનો હક્કદાર છે.

**૨.** શિર્કની હકીકત એ છે કે ગૈરેખુદાને વાજિબુલ વજૂદ અથવા ઈબાદતને (પૂજાને) લાયક માનવામાં આવે અને એની નિશાનીઓમાંથી એ છે કે અલ્લાહના મહબૂબ બંદાઓની તે મહાનતાને પાત્ર ખૂબીઓને જે સામાન્ય માનવોમાં નથી. (દા.ત. બલાને દૂર કરવું, બલા, દુઆની કબૂલિયત, તાસીર, દિલો પર સત્તા વગેરે) તે સિફતોને અલ્લાહ તઆલાની બરાબર ખયાલ કરે. (નઊઝુબિલ્લાહિ તઆલા !) અને એ બિના પર ઘણા જ આજીજી તથા નિયાઝમંદીના કાર્યો તેમની સમક્ષ એ





જ નિય્યતથી અદા કરવામાં આવે કે મઆઝલ્લાહુ તઆલા તે મઅબૂદ છે.

**૩.** શરીઅત શિર્કને દૂર કરે છે અને બંદાપણાની સિફતો તથા રબૂબિયતની સિફતોમાં તફાવત દર્શાવવો એ રસૂલ ﷺ ના આગમનનો અઝીમ મકસદ છે.

**૪.** અલ્લાહના મહબૂબોની ઉપરોક્ત સિફતોને બાતિલ નથી કહી શક્તા બલ્કે તે તેમની વાસ્તવિક હકીકતોનો ઈઝહાર છે જેનાથી રબની સિફતોની ઉચ્ચતા તથા પવિત્રતા જાહેર થાય.

**૫.** મહબૂબિયત તથા શફાઅત કે જે તમામ દીનો તથા શરીઅતમાં ખાસ બશરોના માટે સાબિત કરવામાં આવી છે. અને એવો મન્સબ ખયાલ કરવો કે બંદો મુખ્તાર બનીને તસર્રુફાતે ઈલાહિયાને (મઆઝલ્લાહ !) વચમાં આવવાથી રોકી શકે, એ શિર્ક છે. અને અલ્લાહની રઝા તથા તેની મરજી પર આધારિત સમજવું અને એમાં હકીકતમાં અલ્લાહની ઈનાયતનો ઝહૂર સમજવું એ ઈમાન તથા તૌહીદ છે.

**૬.** એ જ પ્રમાણે ખ્વારિક, (બુદ્ધિમાં ન સમાય તેવી ચમત્કારિક બાબતો), ઔલિયાની કરામતો તથા મુરાકેબા થકી ગયબી વાતોથી અલ્લાહની અતાના ઝરીયા વિના માહિતગાર થનાર સમજવું શિર્ક છે, અને રૂહાની શક્તિઓ જે અંબિયા તથા ઔલિયાને અતા થઈ છે એ બાબતોને અલ્લાહની તા'લીમ તથા અતાથી માનવું અયન ઈમાન છે.

**૭.** બંદાપણાની સિફતોને રબૂબિયતની સિફતો સાથે શરીક કરનાર મુશ્રિક છે અને તેનો મુત્લકન (સદંતર) મુન્કિર ગુમરાહ તથા બિદઅતી છે અને દરેકના હક્કો પર નિગાહ રાખનાર સિરાતે મુસ્તકીમ પર છે.

ثَبَّتَنَا اللهُ عَلَيْهِ بِحُرْمَةِ خَيْرِ مَنْ سَلَكَ عَلَيْهِ صَلَّى اللّٰهُ تَعَالىٰ عَلَيْهِ وَعَلىٰ اٰلِهٖ وَسَلَّم

**[૭]**

## કુફ્રી બાબતો તથા કબીરા ગુનાહો

**૧.** ખુદાવંદે કરીમ عزوجل અને તેના હબીબે પાક ﷺ પર ઈમાનનો તથા તે અહકામનો જે અલ્લાહ તથા રસૂલથી સાબિત હોય ઈન્કાર કરવો કુફ્ર છે. તે અહકામની સાબિતી ત્રણ રીતે થાય છે :– (૧) આયતોના

અર્થો જે અરબના મુહાવરા પ્રમાણે કતઈ રીતે ભાવાર્થવાળી હોય (૨) હદીષ શરીફ મુતવાતિરના અર્થો લુગત (શબ્દકોશ) તથા મુહાવરા પ્રમાણે કતઈ રીતે (૩) ઈજમાએ મુજતહિદીને ઉમ્મતે રાશિદા જે કતઈ હોય. આ ત્રણ તરીકાથી જે વાત સાબિતીના પાયા સુધી પહોંચે મો'મિન પર તેનું જાહેર તથા બાતિની રીતે સ્વીકારવું જરૂરી છે, નહીં તો સ્પષ્ટ ઈન્કારની સૂરતમાં વિના તાવીલે (મઆઝલ્લાહ !) ફકીહોની દષ્ટિએ મુત્લકન (કોઈ પાબંદી વિના) કુફ્રની ગુમરાહીમાં સપડાવું છે અને જે શખ્સ વિના સાચા કારણ તાવીલને ઈન્કારનું બહાનું બતાવે **કાફિર** છે.

**૨.** ઈમાન તથા ઈસ્લામના અરકાન અને ઝરૂરિયાતે દીનમાંથી કોઈનો ઈન્કાર વાણી તથા વર્તન થકી કુફ્ર છે.

**૩.** ઈન્સાની શક્તિઓને કુર્આન તથા હદીષમાં ફરિશ્તાઓ વિશે જે વર્ણન છે તેના સમાન કહેવું અને નબી પાક ﷺની શક્તિને જિબ્રઈલ માનવું નસ (કુર્આન–હદીષ) તથા ઈજમાઅથી વિરૂધ્ધ તથા કતઈ કુફ્ર છે કે એ જરૂરિયાતે દીનનો ઈન્કાર છે.

**૪.** શરીર સાથે હશ્ર થવું અને જન્નતની નેઅમતોની જે કૈફિયતની વિગત હુઝૂર ﷺ ના ફર્માનમાં આવેલ છે તેને કશીય તાવીલ વિના માનવું જરૂરી છે અને એનો ઈન્કાર કુફ્ર છે.

**૫.** સરવરે કાયનાત ﷺ ના આગમન બાદ કોઈ નબીના આવવાને જાઈઝ માનવું અને તેને ખત્મે નબુવ્વત ન માનવું કુફ્ર છે.

**૬.** સામાન્ય રીતે હદીષો પર અમલને વાજિબ ન સમજવું કુફ્ર છે.

**૭.** રસૂલુલ્લાહ ﷺ ની જનાબે પાકમાં બેઅદબી (મઆઝલ્લાહ !) વાણી કે વર્તનથી ઈજ્જત કે તિરસ્કાર દર્શાવવો કુફ્ર છે. વલઅયાઝુ બિલ્લાહિ તઆલા.

**૮.** કુર્આને અઝીમમાં તેહરીફ (ફેરફાર) માનવો કુફ્ર છે.

**૯.** કોઈ ગૈર નબીને કોઈ નબી કરતાં અફઝલ માનવો કુફ્ર છે.

**૧૦.** અલ્લાહ તબારક વ તઆલાને જૂઠ લાવવું કુફ્ર છે.

**૧૧.** ઝરૂરિયાતે દીનના મુન્કિરોના અકીદાઓની શરીઅતની રૂએ રદ કરવાને **ઝઘડો** તથા **ફસાદ** બતાવવું **કુફ્ર** છે.





# અખંડ ભારતમાં મુસ્લિમોમાં વિખવાદનો પ્રારંભ તથા તેજીની સ્થિતિ

(લખાણ : ૧૯૯૮)

હિંદુસ્તાનમાં અંગ્રેજોના આગમન અને પછી બ્રિટન હુકૂમતની જીત પછી તેમણે પોતાની સત્તાને મજબૂત કરવાના માટે કિયામતખેઝ ફિત્નાઓ અને બદ્તરીન બુરાઈઓની શરૂઆત કરી. અંગ્રેજોની આ અત્યંત ભયાનક સાઝિશ ''લડાવો અને રાજ કરો''થી દરેક હિંદુસ્તાની વાકેફ છે. મુસલમાનોની એકતા અને ઈમાની પાવર બ્રિટન ગવર્નમેન્ટના માર્ગે સૌથી મોટી શીલા હતી. મુસલમાનોનું મજબૂત દીની તથા કૌમી માળખુ તેમની આંખનો સૌથી મોટો કાંટો હતું. તેમણે સતત તલાશ તથા શોધખોળ ને અંતે એ હકીકતને સારી રીતે સમજી લીધી કે મુસલમાનોની દીની એકતા તથા જેહાદના દીવાનગીભર્યા જોશનો પાયોનો છેડો મદની તાજદાર ﷺ ના પવિત્ર દરબારથી જઈને મળે છે. તેમની દીની તથા મિલ્લી (કૌમી) મહાનતાનો તાજમહલ ઈશ્કે રસૂલ તથા મહબ્બતે ઔલિયાના પાયા પર આધારિત છે. તેમની કૌમી એકતાને વિખેરવા તથા દીની મહાનતાને તોડી પાડવાનો એક જ માર્ગ છે કે એમનામાંથી અમુક એવા ઝમીર ફરોશો (બિકાઉ માલ)ને શોધી કાઢવામાં આવે જેઓ કુર્આન હદીષની નીત નવી તાબીરો કરીને ઈખ્લાસ ધરાવતા મુસલમાનોના દિલોમાંથી ઈશ્કે રસૂલ તથા અઝમતે ઔલિયાને ખત્મ કરી આપે આ સાઝિશ મુસલમાનોમાં મતભેદ તથા વાદ વિવાદનો સબબ પણ થશે અને બ્રિટિશ ગવર્નમેન્ટની મજબૂતીનો સબબ પણ થશે.

યે ફાકાકશ કે મૌતસે ડરતા નહીં ઝરા !
રૂહે મુહમ્મદ ઉસ્કે બદનસે નિકાલ દો ! ﷺ

પોતાની આ સાઝિશનો ખુલેઆમ ભાંડો ફોડતાં અંગ્રેજ લેખક સર જોન મેલકમ લખે છે :–

"આપણી સત્તાની રક્ષા એના પર આધારિત છે કે જે મોટી જમાઅતો છે તેને વિભાજીત કરીને દરેક જમાઅતને વિવિધ ગૃપો તથા ફિર્કાઓમાં ટુકડા ટુકડા કરી નાખવામાં આવે જેથી તેઓ જુદા રહે અને આપણી સત્તાને હચમચાવી ન શકે." *(માહનામા અલ્ બલાગ, કરાચી, ફેબ્રુ–ઈ.સ. ૧૯૬૯, વિષય : બર્રે સગીર કે ઈસ્લામી મદારિસ, અઝ : શમ્સુલ હક્ક અફઘાની)*

મશ્હૂર દેવબંદી સાહિત્યકાર તથા રિપોર્ટર આગા શોરિશ કાશ્મિરીએ અંગ્રેજોની મુસ્લિમોમાં વિભાજનની સાઝિશના પાયાના મુદ્દાઓનો નિર્દેશ કરતાં નીચે પ્રમાણેના અમાલો પ્રદર્શિત કર્યા છે :–

"તેમની (અંગ્રેજોની) સામે હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજને મજબૂતી આપવાના માટે ચાર પ્રશ્નો હતા :–

**૧.** મુસલમાનો અને હિંદુઓ વચ્ચે વિરોધ કેવી રીતે ઉભો કરવામાં આવી શકે ? અત્યાર સુધી માન્યતાઓના વિરોધાભાસ છતાં તેમના દિમાગોમાં ટકરાવ ન હતો. બંને ધાર્મિક વિભિન્નતા છતાં અંગ્રેજો સાથે એક થઈને લડયા હતા અને ત્યારે પ્રશ્ન કેવળ મુસલમાનોની બાદશાહતનો હતો.

**૨.** હિંદુસ્તાનમાં લાંબાગાળા સુધી બ્રિટિશ રાજ ટકાવી રાખવું અને રાજકિય મજબૂતી ત્યાં સુધી શક્ય નથી જ્યાં સુધી મુસલમાનોમાં જેહાદની રૂહ સલામત છે.

**૩.** ઈસ્લામ અને ઈસ્લામના પૈગંબર પર નીચતાભર્યા હુમ્લાઓનું ક્ષેત્ર ખડુ કરવામાં આવે એ રીતે મુસલમાન જેહાદથી વિમુખ થઈને સામનો કરવાના મેદાનમાં આવી જશે, જંગોની જગા મુનાઝરા લેશે અને જેહાદનો ભય ટળી જશે. મુસલમાનોની કાયાપલટ થશે પરિણામે બ્રિટિશ રાજની મજબૂતીના માર્ગો ઉભા થશે.

**૪.** મુસલમાનોમાં નવા તથા જૂના ફિર્કાઓના થકી આપસમાં લડાઈ તથા ટકરાવ ઉભો કરે તેવા અકીદા પેદા કરવામાં આવે જેથી એમની કૌમી એકતા વેરવિખેર થઈ જાય અને તેઓ આપસમાં અદાવત રાખનારી કૌમ બની જાય.





અંગ્રેજ આ ચારેવ સવાલોનો જવાબ બનાવવામાં કામયાબ રહ્યા. એની અમુક મંઝિલો પસાર થઈ ગયા બાદ હિંદુસ્તાની મુસલમાનોની સંગઠિત શક્તિને પહેલા વિ□ યુદ્ધની શરૂઆત સુધીમાં એટલા પ્રમાણમાં પાંગળી કરી દેવામાં આવી કે મુસલમાન જાહેરી નજરે તો મુસલમાન જ હતા પરંતુ તેમનો મોટો ભાગ આપસ આપસના વિખવાદનો શિકાર બનીને ગુલામી પર રાજી થઈ ગયો હતો." *(આગા શૌરિશ કશ્મિરી, તહરીકે ખત્મે નબુવ્વત, પેજ–૧૩, ૧૪, પ્રકાશક : મત્બૂઆત ચટ્ટાન–લાહોર)*

અંગ્રેજોએ પોતાની આ ઈસ્લામ દુશ્મન સાઝિશને અમલી સ્વરૂપ આપવા માટે હિંદુસ્તાનની ભૂમિથી અમુક દીન ફરોશ આલિમો અને ઝમીર ફરોશ લીડરોની પસંદગી કરી. હવે નીચે અમે ઈતિહાસ તથા સાક્ષીઓની તે જ રોશનીમાં બ્રિટિશ ગવર્નમેન્ટના તે ખરીદી લીધેલા ગુલામોના ચહેરા સરે આમ બેનકાબ કરીએ છીએ જેમણે પોતાના આકાઓ (અંગ્રેજો)ને ખુશ કરવાના માટે અંબિયા તથા ઔલિયાની તૌહીન, નર્વા ફિર્કાનો ઉપદ્રવ અને મુસ્લિમોમાં આપસમાં વિભાજન અને અંગ્રેજોની વિરૂધ્ધ જેહાદનો જોશ ઓછો કરવાના માટે પોતાની ચળવળ તથા પ્રવૃત્તિઓ અને જીભ તથા કલમની દરેક શક્ય કોશિશ કરી. અને બ્રિટિશ ગવર્નમેન્ટ પાસેથી ઉચ્ચ ઈનામો, ભારે તોહફાઓ અને પોતાના નિત નવા અકીદાઓ તથા નવા ઉભા કરેલ મઝહબોના વિકાસ તથા ફેલાવા માટે સતત વઝીફાઓ મેળવ્યા.

અંગ્રેજોએ હિંદની ભૂમિના વિવિધ સ્થળોએથી પ્રભાવ ધરાવતા આલિમો તથા લીડરોની પસંદગી કરી લીધી, જ્યારે કે મોટા ભાગના સ્થળોએથી તેમના ફંદા નિષ્ફળ પુરવાર થયા. દિલ્હીના મશ્હૂર શાહ વલીયુલ્લાહી ખાનદાનથી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પર જાળ ફેંકી અને તેમાં ઉમ્મીદથી વિશેષ કામયાબી હાંસલ થઈ. દૌલત તથા સત્તાની લાલચ આપીને દહેલ્વીજીના ખયાલો તથા માન્યતાઓ અને ઝબાન તથા કલમનો સોદો કરી લેવામાં આવ્યો. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ કશાય ખચકાટ કે ઢીલ કર્યા વિના બ્રિટિશ ગવર્નમેન્ટના નિશ્ચિત કરેલા પ્લાન મુજબ કામ શરૂ કરી આપ્યું. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાની સાથે કેટલાક ઝમીર ફરોશ આલિમો તથા જાહિલોને પણ લઈ લીધા એમાં સૈયદ અહમદ રાયબરેલ્વી, મોલ્વી અબ્દુલ હય બઢોનવીનાં નામો ખાસ નોંધપાત્ર છે

જેમણે બ્રિટિશ ગવર્નમેન્ટને મજબૂત કરવા માટે પોતાનો દીન તથા ઈમાન સુદ્ધાં ત્યજી દીધું.

એ હકીકત સારી રીતે દિમાગમાં રાખશો કે દેવબંદી અને વહાબી ચળવળોથી અગાઉ હિંદુસ્તાની મુસલમાન પોતાના અસલ દીની મઝહબી વારસાગત રિવાજો તથા મઅમૂલો (નિયમિત કાર્યો) પર સંપૂર્ણ સખ્તી સાથે સક્રિય હતા. એ તદ્દન હનફી અહલે સુન્નત વ જમાઅતમાં કોઈ નવા મઝહબનો પાયો નાખવો અને સ્વરચિત બનાવટી અકીદાઓને ફેલાવવા પૂરા હિંદુસ્તાનના મુસલમાનોમાં મતભેદ તથા વિખવાદની આગ લગાડવા સમાન હતું. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ બ્રિટિશોના મકસદને પાર પાડવા માટે ''તકવિયતુલ ઈમાન''ના નામથી એક કિતાબ લખી જેમાં સતત ચાલ્યા આવતા અકીદા તથા નિયમિત કાર્યોની વિરૂધ્ધ ઈસ્લામના નામે સ્વરચિત અકીદા તથા નિયમો લખ્યા અને કુર્આન તથા સુન્નતની એવી તાબીરો (અર્થઘટનો) તથા તશરીહો (ખુલાસાઓ) રજૂ કર્યા કે પાછલી સદીઓમાં એનું ક્યાંય નામો નિશાન નથી મળતુ. એ માન્યતાઓ પર હિંદના મુસલમાનોમાં મતભેદ તથા વિખવાદ અને જંગ તથા ઝઘડાઓની આગનું ભડકી ઉઠવું નિશ્ચિત હતું તેનો એહસાસ ખૂદ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીને પણ હતો. અને તેમણે ખૂદ એક પ્રસંગે આ કિતાબથી પેદા થનારા મુસ્લિમોના આપસમાં વિભાજનના અંદેશાનો દબાયેલી જીભે ઈઝહાર પણ કર્યો છે, જો કે એ જ તેમનો પાયાનો હેતુ હતો જેમાં તેમને સો ટકા સફળતા મળી. મોલ્વી ઈસ્માઈલ સાહબે એ કિતાબનાં પરિણામો અને પ્રત્યાઘાતોના વિશે નીચે પ્રમાણેના ખયાલો પ્રદર્શિત કર્યા છે :–

''મેં આ કિતાબ લખી છે અને હું જાણું છું કે એમાં અમુક જગાએ જરા તેજ શબ્દ આવી ગયા છે અને અમુક જગાએ સખ્તી પણ થઈ ગઈ છે. એ કારણોએ મને ડર છે કે એના પ્રકાશનથી વિરોધ વંટોળ જરૂર ઉઠશે. મતલબ કે એનાથી વિરોધ વંટોળ ઉઠશે પણ આશા છે કે લડી ઝઘડીને ખૂદ ઠીક થઈ જશે.''

**હવાલો** : મોલ્વી અશ્રફ અલી, અરવાહે ષલાષા, પેજ–૮૧

મુસલમાનોમાં વિવાદ ઉભો કરવાના પાયાના હેતુને પૂરો કરનારી





આ કિતાબમાં સતત ચાલ્યા આવતા અકીદાઓ તથા મઅમૂલો ધરાવતા લોકોને મુશ્રિક ઠરાવ્યા અને સ્વરચિત અકીદા તથા માન્યતાઓને અસલ દીન બનાવીને રજૂ કરવામાં આવ્યું. **રસૂલે પાક ﷺ ની તૌહીન જે મુસ્લિમોમાં વિભાજન માટેનું પાયાનું હથિયાર હતું એ મૂળ મુદ્દો પૂરી કિતાબમાં જોવામાં આવી રહ્યો છે.** હવે નીચેના લખાણમાં અમે તકવિયતુલ ઈમાનના હવાલાથી થોડાક અકીદા રજૂ કરીએ છીએ :–

૧. રસૂલુલ્લાહકો ગૈબ કી ક્યા ખબર ?! *(પેજ નં. ૭૫)*

૨. રસૂલ કે ચાહનેસે કુછ નહીં હોતા. *(પેજ નં. ૪૨)*

૩. રસૂલે ખુદા મરકર મિટ્ટીમેં મિલ ગયે. *(પેજ નં. ૭૯)*

૪. જિસક નામ મુહમ્મદ યા અલી હૈ વો કિસી ચીઝ કા મુખ્તાર નહીં. *(પેજ નં. ૨૯)*

૫. અલ્લાહ કે સિવા કિસીકો ન માન. *(પેજ–૨૩)*

૬. અલ્લાહ કો માને ઔર ઉસકે સિવા કિસીકો ન માને. *(પેજ નં. ૧૯)*

૭. ઔલિયા વ અંબિયા વ ઈમામઝાદા, પીર વ શહીદ યા'ની જિત્ને અલ્લાહ કે મુકર્રબ હૈં, વો ઈન્સાન હી હૈં, બંદે આજિઝ ઔર હમારે ભાઈ. મગર અલ્લાહને ઉન્કો બડાઈ દી વો બડ઼ે ભાઈ હુએ. *(પેજ નં. ૪૩)*

૮. સબ અંબિયા ઔર ઔલિયા અલ્લાહ કે સામને એક ઝર્રાએ નાચીઝસે ભી કમતર હૈ. *(પેજ–૭૨)*

એક હદીષનો તર્જુમો એવો કર્યો કે, ''પછી અલ્લાહ એક એવી હવા મોકલશે જેથી સૌ સારા બંદાઓ કે જેમના દિલોમાં થોડુ સરખુ પણ ઈમાન હશે તે મૃત્યુ પામશે અને તે જ લોકો રહી જશે કે જેમનામાં કાંઈ ભલાઈ નથી.''

મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી એના પર ટિપ્પણી લખતાં જણાવે છે :–

''જેથી પયગંબરે ખુદાના ફર્માવ્યા પ્રમાણે થયું. એટલે કે મોકલી ચૂક્યો અલ્લાહ એવી હવા જેનાથી તે સૌ સારા બંદાઓ જેમના દિલમાં

થોડુ સરખુ પણ ઈમાન હતું તે મરી ગયા અને હવે કોઈ મુસલમાન બાકી ન રહ્યો." *(તકવિયતુલ ઈમાન, પેજ–૨૬)*

૯. અલ્લાહને ગયબનો ઈલ્મ દરેક વખતે નથી રહેતો, બલ્કે જ્યારે ચાહે છે ગૈબની વાત જાણી લે છે. *(પેજ–૨૬)*

**૧૦.** દરેક મખ્લૂક નાનો હોય કે મોટો (નબી હોય કે વલી) તે અલ્લાહની શાનની સમક્ષ ચમાર (મોચી, ખાલ્પા) કરતાં પણ અધિક ઝલીલ (બેઈજ્જત) છે." *(પેજ–૧૯)*

**૧૧.** પોતાની ઔલાદનું નામ અબ્દુન્નબી, અબ્દુર્રસૂલ, અલી બખ્શ, નબી બખ્શ, પીર બખ્શ, ગુલામ મોહીયુદ્દીન, ગુલામ મુઈનુદ્દીન રાખવું શિર્ક છે. *(પેજ નં. ૮)*

લખાણ સંક્ષિપ્ત રાખવાના હેતુસર આ **સમયની કુખ્યાત કિતાબ** "તકવિયતુલ ઈમાન"થી થોડાક અકીદા નકલ કરી દેવામાં આવ્યા છે. આખી કિતાબ જ ઈસ્લામી રિવાયતોનાં મૂળ ખોદવામાં, અલ્લાહની પાકી તથા રસૂલની અઝમતથી ખુલ્લી દુશ્મની અને પૂર્વજ બુઝુર્ગો તથા ઔલિયાની ઈજ્જતો પર હુમ્લાઓથી ભરેલી પડી છે. બલ્કે સચ્ચાઈ તો એ છે કે આખી મુસ્લિમ ઉમ્મતને મુશ્રિક ઠરાવીને **બ્રિટિશ ગવર્નમેન્ટના સૂચિત પ્લાન પર તદ્દન એક નવા મઝહબનો પાયો નાખ્યો** જાણે કે મુસ્લિમોમાં વિભાજન પડાવવાનો નકશો ખૂદ અંગ્રેજોએ બનાવ્યો અને કુર્આન તથા સુન્નતની નિત નવી તાબીરો રજૂ કરીને તેને જમીન પર ઈસ્માઈલ દહેલ્વી તથા તેના સાથીઓએ ઉતાર્યો. પરંતુ રિસાલતકાળથી વારસાગત ચાલ્યા આવતા અકીદાઓ તથા મઅમૂલાતની વિરૂધ્ધ ઈસ્લામના નામે કોઈ નવા અવાજને ઉઠાવવો સરળ ન હતું. પરિણામ એ આવ્યું કે આખા હિંદુસ્તાનમાં મતભેદ તથા વિખવાદ, માર કાપ અને હક્ક તથા બાતિલની લડાઈઓ શરૂ થઈ ગઈ. આ ખતરાનો એહસાસ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીને પણ હતો પરંતુ બ્રિટિશ ગવર્નમેન્ટના મજબૂત પીઠબળને કારણે ઘણે અંશે નચિંત હતા.

"તકવિયતુલ ઈમાન"ના સામે વિરોધ વંટોળની પ્રતિ નિર્દેશ કરતાં ખૂદ લેખક લખે છે :–





"જો કે એનાથી વિરોધ વંટોળ ઉઠશે પણ આશા છે કે લડી ઝઘડીને આપોઆપ ઠીક થઈ જશે."

**હવાલો** : અરવાહે ષલાષા, પેજ–૮૧

આ લખાણ પર હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક અમજદીની આ દર્દનાક નોંધ જુઓ :–

**"મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની એ આશા પૂર્ણ ન થઈ ! એનાથી મુસલમાનોમાં લડાઈ, ઝઘડા, જંગ, ખૂનરેજી થઈ અને હજી સુધી થઈ રહી છે. મુસલમાનોનું માળખુ વિખેરાઈ ગયું. ઘરેઘર મતભેદ પેદા થયો. ભાઈ ભાઈનો દુશ્મન થઈ ગયો અને થઈ રહ્યો છે. રહી ગઈ એ આશા કે ઠીક જઈ જશે."** એ માત્ર એક ખયાલ છે જે અશક્ય તથા પાગલપણુ છે. *(મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક અમજદી, સુન્ની દેવબંદી ઈખ્તેલાફકા મુન્સિફાના જાઈઝા, પેજ–૩૭, દાઈરતુલ બરકાત, ઘૌસી)*

પાકિસ્તાનના મશ્હૂર વિવેચક મુહમ્મદ હસન અસ્કરી "તકવિયતુલ ઈમાન" પર હિંદના મુસ્લિમોના વિરોધ વંટોળનો ઉલ્લેખ કરતાં લખે છે કે :

"આમ તો હાલના જમાનાથી ઘણા અગાઉ "તકવિયતુલ ઈમાન" પ્રસિદ્ધ થઈ ચૂકી હતી અને એ વાત પર પૂરો હંગામો મચી ગયો હતો કે રસૂલની ઈજ્જત કેવળ એટલી કરવી જોઈએ જેટલી મોટા ભાઈની." *(મુહમ્મદ હસન અસ્કરી, તારા યા બાદબાન, પેજ–૩૦૩, બહવાલા 'તકદીમ અલ્વહાબિયહ્' અલ્મજમઉલ મિસ્બાહી–મુબારકપુર)*

**આહ ! થોડા સિક્કાઓ પર દીની ઈમાનનો સોદો કરવાવાળા આ નામ માત્રના લીડર કેટલા નાદાન હતા, જેમણે ઈસ્લામી મિલ્લત સાથે ગદ્દારી કરીને આખી કૌમની એકતાનું માળખુ વેરવિખેર કરી નાખ્યું અને હવે મતભેદોની દિવાલો એટલી ઊંચી થઈ ચૂકી છે કે તેને પાડવી આસાન નથી.** એનો એક જ માર્ગ સુઝે છે કે આ નવા ફિર્કાઓને અપશબ્દની જેમ દિલો દિમાગથી મિટાવી દેવામાં આવે અને આખી કૌમ એક સંપીને બેસે અને સંપૂર્ણ સખ્તીપૂર્વક એ જ અકીદાઓ તથા મઅમૂલોને અપનાવી લે જે

આ મતભેદો પહેલાં હતા, અને જે વારસાગત રીતે બ્રિટિશ ગવર્નમેન્ટ પહેલાં તમામ અહલે સુન્નતના દરેક ઘર આંગણામાં રિવાજ પામેલ તથા નિયમિત થયેલ હતા. અય કાશ ! જો આજે ફરી અકીદા તથા અમલનો એ જ એકતાનો દૌર પલ્ટી આવતો જે સુલ્તાનુલ્ હિંદ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہથી હઝરત નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ સુધી અને જે ઈત્તેહાદ (એકતા)ની રેશમી દોરીમાં કાદરી, ચિશ્તી, નકશબંદી અને સુહરવર્દી સિલસિલાના તમામ મશાઈખે એઝામ તથા તરીકતના મુર્શિદો બંધાયેલા હતા અને જે અકીદાઓ તથા નિયમો (મઅમૂલો) પર હિંદની ભૂમિના આ અકાબિરે અહલે સુન્નત એકમત થઈ ચાલતા હતા. શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી, મુજદ્દિદ અલ્ફેષાની શયખ અહમદ સરહિંદી, શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી, અલ્લામા અબ્દુલ અલી ફિરંગી મહલી લખનવી, શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી, શાહ ગુલામઅલી નકશબંદી દહેલ્વી, શાહ અહમદ સઈદ મુજદ્દિદી રામપૂરી, અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી, અલ્લામા અબ્દુલ અલીમ ફિરંગી મહેલી લખનવી, અલ્લામા ફઝલે રસૂલ બદાયૂની, સૈયદ શાહ આલે રસૂલ અહમદી મારહરવી, મુફતી ઈર્શાદ હુસૈન રામપૂરી, મુફતી ગુલામ રસૂલ કિસ્વરી લાહોરી, અલ્લામા અબ્દુલ કાદિર બદાયૂની, મુફતી શાહ સલામતુલ્લાહ રામપૂરી, મુફતી મઝહરુલ્લાહ દહેલ્વી, મૌલાના અન્વારુલ્લાહ હૈદ્રાબાદી, સૈયદ શાહ અલી હુસૈન કિછોછવી અને ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી. (عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُ) આ સંક્ષિપ્ત લખાણમાં કયા કયા ઉલમા તથા મશાઈખનો ઉલ્લેખ કરવામાં આવે. બ્રિટિશ ગવર્નમેન્ટના મુસ્લિમોમાં વિખવાદ પેદા કરવાના બીજ રોપતાં પહેલાં આખા ભારતખંડના ઉલમા તથા મશાઈખ પાયાના અકીદા તથા મઅમૂલાતમાં હમખયાલ તથા સમાન વિચારસરણીવાળા હતા. પરંતુ હવે તો આલમ એ છે કે ફિર્કાપરસ્તીની આ જંગમાં બિભત્સ ગાળોથી લઈને મારકાપ સુધીના કિયામતખેઝ બનાવો જોવા મળી રહ્યા છે.

દેવબંદી વિચારસરણીના એક આલિમ મોલ્વી અહમદ રઝા બિજનોરી ''તકવિયતુલ ઈમાન''ની બુરાઈ પર શર્મિંદગીનાં આસૂં વહાવતાં લખે છે :–





''અફસોસ છે કે આ કિતાબ ''તકવિયતુલ ઈમાન''ના કારણે હિંદ તથા પાક.ના મુસલમાનો જેમની સંખ્યા ૨૦ કરોડથી અધિક છે. અને લગભગ ૯૦ ટકા હનફી મસ્લકના છે, બે ગ્રૃપોમાં વહેંચાઈ ગયા. આવા મતભેદનું દૃષ્ટાંત ઈસ્લામી જગતના કોઈ પ્રદેશમાં પણ એક ઈમામ એક મસ્લકના માનવાવાળાઓમાં મૌજૂદ નથી.''

***હવાલો :*** *મોલ્વી અહમદ રઝા બિજ્નોરી, અન્વારુલ્ બારી, ભાગ–૧૧, પેજ–૧૦૭*

જ્યારે ''તકવિયતુલ ઈમાન'' બ્રિટિશ ગવર્નમેન્ટની છત્રછાયા હેઠળ છપાઈને પ્રસિધ્ધ થઈ તો ઉલમા તથા મશાઈખ તથા પબ્લિકમાં કિયામતે સુગરા રચાઈ ગઈ. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીનું ખાનદાન ખૂદ દીની ઈલ્મોનું મર્કઝ અને રુશ્દો હિદાયતમાં લોકોનું આશ્રયસ્થાન હતું. એ કિતાબની રદમાં પ્રથમ રજૂઆત એ ખાનદાન તરફથી જ થઈ. શાહ અબ્દુલ અઝીઝ (વફાત : હિ.સ. ૧૨૩૯) અને શાહ અબ્દુલ કાદિર (વફાત : ૧૨૪૨) બંને કાકા હતા. શાહ મખ્સૂસુલ્લાહ (વફાત : હિ.સ. ૧૨૭૩) અને શાહ મુહમ્મદ મૂસા બંને કાકા મોટાના પુત્રો (પિત્રાઈ ભાઈ) હતા. આ સર્વે હઝરાતે ખૂબ જ સખ્તીપૂર્વક મોલ્વી ઈસ્માઈલનો બહિષ્કાર કર્યો. સમજાવવાની હજારો કોશિશ કરી, તકરીરી, તહરીરી રદીયા આપ્યા, મુનાઝરા સુદ્ધાંની નોબત આવી પણ સુધારણાની સર્વ કોશિશો નિરર્થક સાબિત થઈ. સાચુ જ કહ્યું છે કોઈ અલ્લાહવાળાએ કે, **''ગુમરાહી તથા બદ્મઝહબી જ્યારે કોઈનું મુકદ્દર બની જાય છે તો દુનિયાની કોઈ તાકાત તેને સીધે માર્ગે નથી લાવી શક્તી.''** શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વીએ તો એટલે સુધી ફર્માવ્યું :–

''હું અત્યારે વૃદ્ધ થઈ ગયો છું નહીં તો ''તકવિયતુલ ઈમાન''ના રદમાં પણ ''તોહફએ ઈષ્ના અશરિયહ્''ની જેમ એક મોટી કિતાબ લખત.''

હઝરત શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વીના નિર્દેશ પર હઝરત શાહ અબ્દુલ કાદિરે મોલ્વી મુહમ્મદ યાકૂબના થકી મૌલ્વી ઈસ્માઈલને સંદેશો મોકલ્યો કે રફએ યદૈન છોડી દો, એનાથી વિના કારણે ફિત્નો પેદા થશે. મોલ્વી ઈસ્માઈલે જવાબ આપ્યો કે જો અવામના ફિત્નાનો ખયાલ કરવામાં આવે તો આ હદીષનો શું અર્થ થશે કે જે શખ્સ મારી

ઉમ્મતના ફસાદના સમયે મારી સુન્નત પર અમલ કરશે તેને સો શહીદોનો સવાબ મળશે.

એના જવાબમાં શાહ અબ્દુલ કાદિરે ફર્માવ્યું કે :–

''બાબા ! અમે જાણતા હતા કે ઈસ્માઈલ આલિમ થઈ ગયો પણ તે તો એક હદીષનો અર્થ પણ ન સમજ્યો ! આ હુકમ તો એ સમયે છે જ્યારે કે સુન્નતના મુકાબલામાં સુન્નત વિરૂધ્ધ થતુ હોય અને આ મસ્અલામાં સુન્નતના મુકાબલે સુન્નત વિરૂધ્ધ નથી બલ્કે બીજી સુન્નત છે. કેમ કે જેવી રીતે રફએ યદૈન સુન્નત છે એવી જ રીતે રફએ યદૈન ન કરવું પણ સુન્નત છે.''

**હવાલો** : અરવાહે ષલાષા (હિકાયતુલ ઔલિયા) પેજ–૧૧૯, ૧૨૧

એના પર મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી ખામોશ થઈ ગયા પણ રફએ યદૈન ન છોડયું અને જ્યારે પેશાવરમાં પઠાણ આલિમોએ વાંધો ઉઠાવ્યો તો રફએ યદૈન ત્યજી દીધું ! અને સો શહીદોના સવાબથી મેહરૂમ થઈ ગયા !

પાકિસ્તાનના મશ્હૂર મુહક્કિક 'બાગી હિંદુસ્તાન'નો વધારો લખનાર ''તકવિયતુલ ઈમાન''ની નુકસાનકર્તા અસરો પર ખયાલો પ્રદર્શિત કરતાં લખે છે :–

''તકવિયતુલ ઈમાન મન્ઝરે આમ પર આવતાં જ ખરેખર જબરદસ્ત ઈખ્તેલાફ પેદા થઈ ગયો અને સવાદે આ'ઝમ અહલે સુન્નતની તરફથી કેટલીયે કિતાબો એની રદમાં લખવામાં આવી. આ કિતાબે મતભેદ તથા વિખવાદનો એવો દરવાજો ખોલ્યો કે વિરોધવંટોળ પણ ઉઠયો અને લડાઈ ઝઘડા પણ થયા પણ ઠીક થઈ જવાની મંઝિલ કદાચ કયામતની સવાર સુધી નહીં આવી શકે.''

**હવાલો** : અલ્લામા અબ્દુલ હકીમ શરફ કાદરી, લાહોર, બાગી હિંદુસ્તાનનો વધારો, પેજ–૪૨૯, અલ્ મજમઉલ ઈસ્લામી–મુબારકપુર

''તકવિયતુલ ઈમાન'' પ્રસિદ્ધ થયા બાદ વિરોધો અને મતભેદોનું બજાર ગરમ થઈ ગયું હતું અને એ ક્રમ આજ સુધી ચાલુ છે. તકવિયતુલ ઈમાન અને વહાબી ચળવળના રદમાં લખવામાં આવેલી કિતાબોની એક સંક્ષિપ્ત યાદી રજૂ કરીએ છીએ :–





| ક્રમ | કિતાબનું નામ | લેખક |
|---|---|---|
| ૦૧. | મોઈદુલ ઈમાન | મૌલાના મખ્સૂસુલ્લાહ દહેલ્વી ઈબ્ને શાહ રફીઉદ્દીન દહેલ્વી |
| ૦૨. | તહકીકુલ ફતાવા ફી ઈબ્તા લિલ્ તગાવા | મુજાહિદે આઝાદી મૌલાના ફઝલે હક્ક ખૈરાબાદી |
| ૦૩. | હુજ્જતુલ અમલ ફી ઈબ્તાલિલ હીલ | મૌલાના મુહમ્મદ મૂસા ઈબ્ને શાહ રફીઉદ્દીન દહેલ્વી |
| ૦૪. | સૈફુલ્ જબ્બાર | મૌલાના ફઝલે રસૂલ બદાયૂની |
| ૦૫. | અદ્દુર્રુસ્સુન્નિયહ્ ફી રદ્દિ અલલ વહાબિયહ્ | શૈખ સૈયદ અહમદ ઈબ્ને ઝૈની દહલાન (મુફતીએ આ'ઝમ) |
| ૦૬. | સોયૂફિલ બારિકા અલા રઉસિલ ફાસિકા | ઈમામુલ ફુકહા મુહમ્મદ અબ્દુલ્લાહ ખુરાસાની |
| ૦૭. | તન્ઝિયતુલર્રહમાન અન્ શાઈબતિલ કિઝ્બિ વન્નકસાન | મૌલાના અહમદ હસન કાનપૂરી ખલીફા શાહ ઈમ્દાદુલ્લાહ |
| ૦૮. | શરહુસ્સૂદૂર ફી દિફઅશ્શુરૂર | મૌલાના મુખ્લિસુર્રહમાન ઈસ્લામાબાદી ચાટગામી |
| ૦૯. | મીઝાને અદાલત ફી અષ્બાતે શફાઅત | મૌલાના મુહમ્મદ સુલ્તાન કટકી |
| ૧૦. | હાદિયુલ મુદ્લીન | મૌલાના કરીમુલ્લાહ દહેલ્વી |
| ૧૧. | ઈઝાલતુશ્શકૂક | મૌલાના હકીમ ફખ્રુદ્દીન ઈલાહાબાદી |
| ૧૨. | શરહે તોહફાએ મુહમ્મદિયહ્ ફી રદ્દે ફિર્કતિલ્ મુર્તદિયહ્ | મૌલાના સૈયદ અશ્રફ અલી ગુલશનાબાદી |
| ૧૩. | ઝુલ્ફિકારે હૈદરિયહ્ અલા એઅનાકિલ્ વહાબિયહ | મૌલાના સૈયદ હૈદર શાહ (કચ્છ ભુજ–ગુજરાત) |
| ૧૪. | રિસાલા તેહકીકે તૌહીદો શિર્ક | મૌલાના મુહમ્મદ હુસૈન પેશાવરી |

| ક્રમ | કિતાબનું નામ | લેખક |
|---|---|---|
| ૧૫. | રિસાલા હયાતુન્નબી | શૈખ મુહમ્મદ હુસૈન પેશાવરી |
| ૧૬. | ગુલઝારે હિદાયત | શૈખ મુહમ્મદ આબિદ સિંધી ઉસ્તાઝે અરબી મદીના મુનવ્વરા |
| ૧૭. | સલાહુલ્ મો'મિનીન ફી કતઈલ ખારિજીન | મૌલાના સૈયદ લુત્ફુલહક્ક કાદરી બટાલવી |
| ૧૮. | તોહફતુલ મુસ્લિમીન ફી જનાબે સૈયદિલ મુરસલીન | મૌલાના અબ્દુલ્લાહ સહારનપૂરી |
| ૧૯. | રસ્મુલ ખૈરાત | મૌલાના ખલીલુર્રહ્માન યુસ્ફી મુસ્તફાબાદી |
| ૨૦. | સબીલુન્નજાહ ઈલા તહસીલિલ ફલાહ | મૌલાના તુરાબઅલી લખનવી |
| ૨૧. | સફીનતુન્નજાત | મૌલાના મુહમ્મદ અસ્લમી મદ્રાસી |
| ૨૨. | નિઝામુલ ઈસ્લામ | મૌલાના વજીહ મુદર્રિસ મદ્રસા કલકત્તા |
| ૨૩. | તમ્બીહુદ્દાલ્લીન વ હિદાયતિસ્સાલિહીન | જામેઅ ફતાવાએ ઉલમાએ દહેલ્વી વ હરમૈન શરીફ |
| ૨૪. | કુવ્વતુલ ઈમાન | મૌલાના કરામત અલી જોનપૂરી |
| ૨૫. | હકાઈકુલ હક્ક | મૌલાના સૈયદ બદરૂદ્દીન અલમૂસૂવી હૈદ્રાબાદી |
| ૨૬. | ખૈરુઝઝાદિ લિ યૌમિલ્ મિઆદ | મૌલાના અબુલ અલા ખૈરુદ્દીન મદ્રાસી |
| ૨૭. | નેઅમલ ઈન્તિબાહ લિ દિફઈલ ઈશ્તિબાહ | મૌલાના મુઅલ્લિમ ઈબ્રાહીમ ખતીબ જામેઅ મસ્જિદ–મુંબઈ |
| ૨૮. | દફઉલ બુહતાન ફી રદ્દે બઅઝ અહકામિ તંબિહિલ ઈન્સાન | મૌલાના મોહમ્મદ યૂનુસ તર્જુમો : અદાલત શાહી |





| ક્રમ | કિતાબનું નામ | લેખક |
|---|---|---|
| ૨૯. | હિદાયતુલ મુસ્લિમીન ઈલા તરીકિલ હક્ક વલ્ યકીન | કાઝી મુહમ્મદ હુસૈન કૂફી |
| ૩૦. | આફતાબ મુહમ્મદી | મૌલાના ફકીર મુહમ્મદ જહલમી પંજાબી |
| ૩૧. | ગુફતગૂ જુમ્આ(મહમૂદ શાહ વહાબીથી મુનાઝરો) | મૌલાના કાઝી ફઝલે અહમદ નક્શબંદી મુજદ્દિદી પંજાબી |
| ૩૨. | મીઝાનુલ્ હક્ક | મૌલાના કાઝી મુફતી અહમદ નક્શબંદી મુજદ્દિદી |
| ૩૩. | અન્વારે આફતાબે સદાકત | મૌલાના કાઝી ફઝલે અહમદ મુજદ્દિદી |
| ૩૪. | ઈમ્તનાઉન્નઝીર | અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી |
| ૩૫. | બવારિકે મુહમ્મદિયહ્ | મૌલાના શાહ ફઝલે રસૂલ બદાયૂની |
| ૩૬. | અલ્ મોઅ્તકિદિલ મુષ્કદ | મૌલાના શાહ ફઝલે રસૂલ બદાયૂની |
| ૩૭. | તલ્ખીસુલ હક્ક | મૌલાના શાહ ફઝલે રસૂલ બદાયૂની |
| ૩૮. | અહકાકુલ હક્ક ફી ઈબ્તાલિલ્ બાતિલ | મૌલાના શાહ ફઝલે રસૂલ બદાયૂની |
| ૩૯. | સૌતુર્રહ્માન અલા કરનિશ્શૈતાન | મૌલાના ફઝલે રસૂલ બદાયૂની |

અહમદ રઝા બરેલ્વી તેમના શાગિર્દો તથા ખલીફાઓ અને વર્તમાનકાળના અન્ય આલિમોની કિતાબો આ યાદીમાં સામેલ નથી. યાદ રાખશો કે **આ કિતાબોમાં મોટા ભાગની તે છે જે એક સદી અથવા એના અગાઉની છે.** અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી, શાહ મુહમ્મદ મૂસા દહેલ્વી, શાહ મખ્સૂસુલ્લાહ દહેલ્વી તથા શાહ ફઝલે રસૂલ બદાયૂની વગેરે સેંકડો આલિમોએ ઈસ્માઈલ દહેલ્વીના દૌરમાં જ તકરીર તથા તહરીર વડે જબરદસ્ત રદ કરી હતી.

જામેઅ મસ્જિદ દિલ્હીમાં ૧૯ રબી ઉષ્ષાની હિ.સ. ૧૩૪૦ મંગળ વારે સવારના સમયે મોલ્વી અબ્દુલ હય તર્જુમો વર્ણન કરી રહ્યા હતા, એ મજલિસમાં ઈસ્માઈલ દહેલ્વી પણ હતા. એ દરમ્યાન ઉલમાએ અહલે

સુન્નતનું એક પ્રતિનિધિમંડળ જામેઅ મસ્જિદ પહોંચ્યું જેમાં મૌલાના રશીદુદ્દીનખાં, અલ્લામા ફઝલે હક્ક, મૌલાના મખ્સૂસુલ્લાહ દહેલ્વી, મૌલાના મૂસા દહેલ્વી, મૌલાના મુહમ્મદ શરીફ, મૌલાના અબ્દુલ્લાહ અખૂં શેર મુહમ્મદ હતા. તે ઉલમાએ કિરામે ઓબૈદુલ્લાહ નામના એક તાલિબે ઈલ્મ થકી પોતાના કોઈ ફત્વા પર મોલ્વી અબ્દુલ હયથી તસ્દીક (સમર્થન) કરાવવા ચાહ્યું કે તમામ દિલ્હીના આલિમોનું સમર્થન મળી ચૂક્યું છે તો તમે પણ સમર્થનમાં સહી કરી આપો. મોલ્વી અબ્દુલ હયે સાફ ઈન્કાર કરી દીધો કે હું કાંઈ નથી જાણતો. તાલિબે ઈલ્મે કહ્યું કે તમે એટલું જ લખી આપો કે હું કાંઈ નથી જાણતો. પણ જ્યારે ખૂબ જ આગ્રહ છતાં એ પણ ન લખ્યું તો મૌલાના મુફતી શુજાઉદ્દીન ખાને આગળ વધીને કહ્યું કે તમારા અવનવા અકીદાઓથી આખા દિલ્હીમાં વિખવાદ તથા મતભેદ ખડો થઈ ગયો છે એ સંજોગોમાં એનો ફેંસલો જરૂરી છે. ત્યારે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી તથા મોલ્વી અબ્દુલ હયે ગોળ ગોળ ચર્ચા કરીને ઉઠીને જવા લાગ્યા. મૌલાના રહમતુલ્લાહ સાહબે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીને કહ્યું તમે દિલ્હીના આલિમોના આ એકમતીવાળા (સર્વસંમતીવાળા) ફત્વા પર સહી કેમ નથી કરતા ? તેના પર મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ કહ્યું, હું કોઈનો નોકર નથી ! અને ગભરાઈને પોતાના સમર્થકોને કહ્યું, જાવ ! કોટવાલને બોલાવો ! આ લોકો મારા પર સખ્તી કરી રહ્યા છે ! એહલે સુન્નતના આલિમોએ સખ્ત નોટીસ લેતાં કહ્યું કે આજથી તમારા ગુમરાહ કરનારા અકીદાનો પ્રચાર તથા ફેલાવો બંધ કરો નહીં તો અત્યારે અહીં જ મુનાઝરો કરો. પણ મોલ્વી ઈસ્માઈલે એક વાત ન સાંભળી અને ત્યાંથી અતિશય શર્મિંદગી અને નિષ્ફળતાની સાથે ચાલી નીકળ્યા, અને મુનાઝરો કરવાની હિંમત ન કરી શક્યા. ત્યારબાદ એ ખબર દિલ્હીભરમાં ફેલાઈ ગઈ કે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના અકીદા સફલે સાલેહીન (પૂર્વ જ બુઝુર્ગો) તથા મશાઈખ અહલે સુન્નતની વિરૂધ્ધ છે અને ત્યારબાદ દિલ્હીના લોકોએ તેમની તકરીરોનો બહિષ્કાર શરૂ કરી આપ્યો અને આગા શૌરિશ કશ્મિરીના કથનાનુસાર લગભગ એક મહીના સુધી દિલ્હીમાં તેમની કોઈ તકરીર ન થઈ પરંતુ પછી **અંગ્રેજ સત્તાધારીઓએ પોતાની સત્તાનો ઉપયોગ કર્યો અને મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીને તકરીર કરવાના સંજોગો પૂરા પાડયા.**





મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના સબકના સાથી મૌલાના મુનવ્વરુદ્દીને પણ મોલ્વી ઈસ્માઈલના રદમાં વિવિધ કિતાબો લખી અને દિલ્હીની જામેઅ મસ્જિદમાં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી જોડે મુનાઝરો કર્યો. મૌલાના મુનવ્વરુદ્દીન પોતાના સમયના ઈલ્મથી સમુદ્ધ ઉસ્તાદ અને મુમતાઝ આલિમે દીન હતા. તેમની ઈલ્મી સમૃદ્ધતાની ખ્યાતિ જ્યારે ફૂલની સુગંધની જેમ ફેલાઈ તો શાહ આલમ ષાનીએ તેમને ''રુકનુલ્ મુદર્રિસીન'' બનાવી દીધા. રુકનુલ્ મુદર્રિસીનનો હોદ્દો તે સમયે સૌથી મોટા ઉસ્તાદ અને પુષ્કળ શાગિર્દો ધરાવનાર વ્યક્તિને આપવામાં આવતો હતો. આગા શૌરિશ કશ્મિરીના કથનાનુસાર મૌલાના મુનવ્વરુદ્દીન અતિશય કક્ષાના ખુદ્દાર તથા ઈલ્મ મસ્ત ઈન્સાન હતા, અમીરોને ત્યાં તદ્દન જતા ન હતા. નવાબ ઝજૂએ ખૂબ ચાહ્યું કે તેમના પુત્રની શાદીમાં થોડીક પળો માટે આવી જાય, અકબર શાહ ષાનીને સિફારિશ કરાવી પરંતુ હરગિઝ ન માન્યા. ''મદ્રસા આલિયા–કલકત્તા''ના પ્રિન્સીપાલ મૌલાના સઈદુદ્દીન, અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીના વાલિદ અલ્લામા ફઝલે ઈમામ ખૈરાબાદી અને અલ્લામા ફઝલે રસૂલ બદાયૂની વગેરે સમયના ઉસ્તાદો તેમના શાગિર્દ હતા, મૌલાના મુનવ્વરુદ્દીન જનાબ અબુલ કલામ આઝાદના વાલિદ મૌલાના ખૈરુદ્દીનના સગા નાના અને મુરબ્બી તથા ઉસ્તાદ હતા. મૌલાના અબુલ કલામ આઝાદ પોતાના પરનાના હઝરત અલ્લામા મુનવ્વરુદ્દીન عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ના સંબંધે લખે છે :–

''મૌલાના ઈસ્માઈલ શહીદ મૌલાના મુનવ્વરુદ્દીન (હિ.સ. ૧૩૩૭ વફાત) હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વીના ખાસ શાગિર્દના સબકના સાથી હતા. શાહ અબ્દુલ અઝીઝના ઈન્તેકાલ પછી જ્યારે તેમણે ''તકવિયતુલ ઈમાન'' તથા ''જલાઉલ ઐનીન'' લખી અને તેમના મસ્લકની દેશમાં ચર્ચા થઈ તો તમામ ઉલમામાં હલચલ મચી ગઈ.''

તેમની રદમાં સૌથી વધુ સક્રિયતા બલ્કે અગ્રતા મૌલાના મુનવ્વરુદ્દીને દેખાડી. વિવિધ કિતાબો લખી અને હિ.સ. ૧૨૪૦ વાળો મશહૂર મુબાહેષા જામેઆ મસ્જિદ દિલ્હીમાં કર્યો. હિંદના ઉલમાથી ફત્વા સંપાદિત કરાવ્યા પછી હરમૈનથી ફત્વા મંગાવ્યા. તેમના લખાણોથી જાણવા મળે છે કે

તેમણે શરૂઆતમાં મૌલાના ઈસ્માઈલ અને તેમના મિત્ર શાહ અબ્દુલ અઝીઝના જમાઈ મૌલાના અબ્દુલ હયને ખૂબ જ પ્રમાણમાં સમજાવ્યા અને દરેક રીતે સમજાવ્યા પરંતુ જ્યારે નિષ્ફળતા મળી તો પછી બહષ તથા રદમાં સક્રિય બન્યા અને જામેઅ મસ્જિદનો પ્રખ્યાત મુનાઝરો પોતે ગોઠવ્યો જેમાં એક તરફ મૌલાના ઈસ્માઈલ તથા મૌલાના અબ્દુલ હય હતા અને બીજી તરફ મૌલાના મુનવ્વરુદ્દીન અને દિલ્હીના તમામ ઉલમા હતા. *(મૌલાના અબુલ કલામ આઝાદ, આઝાદકી કહાની, પેજ–૬)*

કુત્બે બનારસ હઝરત મૌલાના મુફતી રઝાઅલી બનારસી હિંદના ઈતિહાસના અગ્રગણ્ય ઉલમાએ કિરામમાંથી થઈ ગયા છે. જ્યારે તેમના સમયમાં વહાબિયતના ફિત્નાએ જોર પકડયું તો લોકો માનસિક ખેંચતાણમાં મૂકાઈ ગયા. ઈસ્માઈલ દહેલ્વીની જિંદગીમાં જ કુત્બે બનારસની બારગાહમાં મોલ્વી ઈસ્હાક દહેલ્વી અને મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના સંબંધે સવાલ કરવામાં આવ્યો. આપે તેનો ખૂબ જ માલૂમાતથી ભરેલો અને મોહક્કિકાના જવાબ લખ્યો જે તે સમયમાં એક પરચાના રૂપમાં પ્રકાશિત થયો. **આ ફત્વો અમારા દાવાની એક ઉઘાડી અને તોડી ન શકાય તેવી દલીલ છે કે હિંદુસ્તાની મુસલમાનોમાં ધાર્મિક વિવાદ તથા વિખવાદની શરૂઆત ઈસ્માઈલ દહેલ્વીની કિતાબો તથા ખયાલોથી થયો.** સવાલ તથા જવાબનાં લખાણો નીચે મુજબ છે :–

**તર્જુમો** : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી અને મોલ્વી ઈસ્હાક દહેલ્વીના અકીદા કેવા છે ? અને તેમની કિતાબો એટલે તકવિયતુલ ઈમાન, મસાઈલે અરબઐન, મઅત મસાઈલ, સિરાતે મુસ્તકીમ, તન્વીરુલ ઐનેન, ઈઝાહુલ હક્ક વગેરે કેવી છે ? અહલે સુન્નતના અકીદાઓ પ્રમાણે છે કે તેમની વિરૂધ્ધ ?'' બૈયનૂ તૂજરૂ

مولوی اسمٰعیل دہلوی و مولوی اسحٰق دہلوی در عقائد چگونہ اند وحال تصانیف ایشاں اعنی "تقویۃ الایمان" و مسائل اربعین وماۃ مسائل و صراط مستقیم و تنویر العینین وایضاح الحق وغیرہ چگونہ اند؟ موافق عقائد اہلسنت اند یا خلاف آں؟ بینوا توجروا۔

હવે જરા દિલો દિમાગના એક ચિત્તે મોલ્વી ઈસ્માઈલના સમકાલિન





કુત્બે બનારસનો ફત્વો જુઓ :–

''મોલ્વી ઈસ્હાક દહેલ્વી (મશહૂર બિલ મુહાજિર)ની સ્થિતિ એ છે કે તેમની ''મઅિતુલ્ મસાઈલ'' તથા ''મસાઈલે અર્બઐન'' જે સંપાદિત થઈ તેમાં પ્રથમ તો એ કે ઠેક ઠેકાણે વિરોધાભાસી લખાણ છે અને મોટા ભાગના મસાઈલ એ બંનેના અહલે સુન્નત વ જમાઅતના વિરોધ છે.

જેમ કે રદ્દે મસાઈલે ''અર્બઈન'' મારા પીરો મુર્શિદ હઝરત શાહ અહમદ સઈદ ઈબ્ને અબૂ સઈદ મુજદ્દિદી નક્શબંદી મઝહરીએ લખી છે તે મારી પાસે મૌજૂદ છે એનું નામ ''તહકીકુલ્ હક્કુલ્ મુબીન ફી અજૂબતિ મસાઈલે અર્બઐન'' છે, મદીના શરીફમાં એને મેં જોઈ છે. હઝરત સાહબ મૌસૂફથી મને મળી છે. અને ''મિઅતે મસાઈલ''ની રદ ઘણા લોકોએ લખી છે, જેમ કે એક રદ શાહજહાંબાદમાં થઈ છે અને છપાઈ પણ છે. અને એ કિતાબ ''તસ્હીહુલ મસાઈલ''એ નામની ''મિઅતે મસાઈલ''ના રદમાં છપાઈ. મોલ્વી મખ્સૂસુલ્લાહ એ મૌલાના શાહ અબ્દુલ અઝીઝી قدس سرہٗ ના ભાઈ મોલ્વી રફીઉદ્દીન સાહબના પુત્ર તેમણે પણ તેમના મસાઈલ તથા અકાઈદની રદ લખી છે. અને મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની ''તકવિયતુલ ઈમાન''ની રદ પણ લખી છે એનું નામ ''મોઈદુલ ઈમાન'' રાખ્યું છે. મારી મોલ્વી મખ્સૂસુલ્લાહ સાહબ સાથે દિલ્હીમાં મુલાકાત થઈ, મેં પૂછયું કે મોલ્વી ઈસ્માઈલના બારામાં તમારું શું કહેવું છે ? કહ્યું કે, તેને અમે લોકોએ ખૂબ સમજાવ્યો પણ ન માન્યો અને જેટલો હિંદુસ્તાનમાં ફિત્નો ફેલાયો છે તે એની જાતથી ફેલાયો છે. (છેવટ સુધી)

કિતાબ ''તહકીકુલ્ હકીકત'' કે એનું નામ તારીખી છે એ મોલ્વી ઈસ્માઈલ તથા મોલ્વી ઈસ્હાકના અહવાલના બારામાં સંપાદિત થઈ અને મહબૂબી પ્રેસમાં છપાઈ તેના પેજ–૧૩ પર લખ્યું છે મોલ્વી મહબૂબુલ્લાહ સાહબે કે :–

''આ રિસાલો ''તકવિયતુલ ઈમાન'' બુરાઈ તથા બગાડનું અમલનામુ છે અને બનાવનાર ફિત્ના ઉભા કરનાર અને ગુમરાહ કરનાર છે. હક્ક તથા સત્ય એ છે કે અમારા ખાનદાનમાં આ બે વ્યક્તિઓ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી અને મોલ્વી ઈસ્હાક એવા પેદા થયા કે તે બંનેને

નિય્યતો તથા હેસિયતોનો અને અકીદાઓ તથા ઈકરારોનો અને નિસ્બતો તથા લગાવોનો તફાવત તથા ફરક ન રહ્યો. એટલે કે અલ્લાહ તઆલાએ હક્ક તથા બાતિલના ફરકનો ઈલ્મ તેમના સીનાઓથી લુપ્ત કરી દીધો હતો. જેમ કે મશ્હૂર કૌલ છે :– (શેઅર) "ગર હિફઝે મરાતિબ ન કુની ઝિન્દીકી" એ જ પ્રમાણે. એટલે ઝિન્દિક (બેદીન) થઈ ગયા. (છેવટ સુધી)

આ "તહકીકુલ હકાઈક"ના પેજ નં. ૧૩ ઉપર લખ્યું છે, મોલ્વી મખ્સૂસુલ્લાહનું લખાણ છે :–

"અમારા મોટા (બાપના મોટાભાઈ) બુઝુર્ગવાર હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહબ નાબિનાઈ (આંખોથી) મા'જૂર થઈ ગયા હતા. તેમણે "તકવિયતુલ ઈમાન"ને સાંભળી અને ફર્માવ્યું, જો હું બીમારીઓથી લાચાર ન હોત તો "તોહફએ ઈષ્ના અશરિયહ્"ની જેમ એની પણ રદ લખત."

અન્ય પણ "મિઅતે મસાઈલ" અને "મસાઈલે અર્બઐન"માં ઘણી બધી વાતો અહલે સુન્નત વ જમાઅતના અકીદા વિરૂધ્ધ લખી છે અને મોટા ભાગના આલિમોની સહીઓ અને મોહરો "મસાઈલે અર્બઐન"ની ગલતીઓ તથા ફેરફાર પર થયેલ છે. જેમ કે પેજ નં. ૨૨ "તહકીકુલ હકીકત"માં એ ઉલમાનાં નામો મૌજૂદ છે :–

(૧) મુફ્તી સદરુદ્દીન સાહબ (૨) મોલ્વી મખ્સૂસુલ્લાહ સાહબ (૩) મોલ્વી હઝરત શાહ અહમદ સઈદ મુજદિદી નક્શબંદી (૪) હકીમ ઈમામુદ્દીનખાં સાહબ (૫) મોલ્વી સૈયદ મુહમ્મદ સાહબ મુદર્રિસ અવ્વલ (૬) મોલ્વી દીદારબખ્શ સાહબ (૭) મોલ્વી કરીમુલ્લાહ સાહબ (૮) મોલ્વી હસનુઝ્ઝમાં સાહબ (૯) કાઝી મુહમ્મદ અલી સાહબ (૧૦) મોલ્વી અહમદુદ્દીન સાહબ દહેલ્વી (૧૧) મોલ્વી ફરીદુદ્દીન સાહબ દહેલ્વી (૧૨) મોલ્વી મુહમ્મદ ઉમર સાહબ (૧૩) મોલ્વી અબ્દુર્રહ્માન સાહબ વગેરે. એમાંથી મોટાભાગના ઉલમાથી દિલ્હીમાં મારી મુલાકાત થઈ. અને મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના હઝરત પીરો મુર્શિદ મારા હઝરત શાહ અહમદ સઈદ સાહબે પણ રદ્દે "તકવિયતુલ ઈમાન" લખી છે અને મોલ્વી સદરુદ્દીન સાહબે પણ લખી છે. (છેવટ સુધી)





અને બરેલીના ઉલમાએ પણ લખી છે, "તકવિયતુલ ઈમાન"ની રદમાં "તસ્હીહુલ ઈમાન" નામથી અને રામપૂરના ઉલમાએ "તકવિયતુલ ઈમાન"ની રદમાં વિવિધ કિતાબો લખી છે. લખનૌ, હૈદ્રાબાદ, મદ્રાસના ઉલમાએ પણ રદ લખી છે. જેમ કે પેજ–૧૧ "તહકીકુલ હકીકત"માં લખ્યું છે :–

"અને મોલ્વી સુલ્તાન કટકીએ રદ્દે તકવિયતુલ ઈમાન લખી એનું નામ "તમ્બીહુલ ફુરૂર" અને હાજી મોલ્વી સૈયદ હકીમ ફરીદુદ્દીન ઈલાહાબાદીએ પણ થોડાક સમય પર "તકવિયતુલ ઈમાન"ની રદમાં "ઈઝાલતુશ્શકૂક" નામથી કિતાબ લખી છે. અને મોલ્વી ફઝ્લે હક્ક ખૈરાબાદીએ મોલ્વી ઈસ્માઈલને કાફિર લખેલ છે, એટલા માટે કે એ શખ્સ ઘણો જ બેઅદબ છે. પૈગંબરે ખુદા ﷺ ના બારામાં "તકવિયતુલ ઈમાન"માં જેમ ફાવે તેમ લખ્યું. અને મમ્લૂકઅલી નાનોત્વીએ "તકવિયતુલ ઈમાન"ની રદ લખી છે અને તેનું નામ ફે ની સાથે "તફ્વિયતુલ ઈમાન" એટલે કે ઈમાનને ફોત (નાશ કરનાર) લખ્યું, એટલા માટે કે લખતી વખતે તફવિયતુલ ઈમાનના લેખકની કલમથી મેટરમાં તફ્વિયતુલ ઈમાન" ફા સાથે લખવામાં આવી...

હઝરત પીરો મુર્શિદ સાહબને મેં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના બારામાં મદીના શરીફમાં પૂછયું, ફર્માવ્યું કે એને મેં તથા દિલ્હીના તમામ ઉલમાએ જામેઅ મસ્જિદમાં કાઈલ (માનતો) કર્યો, તેણે ઈકરાર કર્યો કે હું "તકવિયતુલ ઈમાન"માં સુધારણા કરી દઈશ અને ટોંક સ્થળે હઝરત ફર્માવતા હતા કે મારા હઝરત પીરો મુર્શિદ કહ્યા કરતા હતા કે જેવી રીતે બેદીની અને બદ્અેતેકાદી અને દીને મુહમ્મદીમાં ફસાદ હિંદુસ્તાનમાં થયો તે મોલ્વી ઈસ્માઈલની જાતથી થયો.

અને હરમૈનના ઉલમાએ તેમના કુફ્ર પર અને અબ્દુલ વહાબ નજદી (મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબ નજદી)ના કુફ્ર પર ફત્વા લખ્યા છે, મોટા ભાગના છપાઈ ગયા છે. થોડાક "તોહફાએ મુહમ્મદિયહ્ શરહે ઉર્દૂ ફિર્કા મુર્તદ્દિયહ્"માં બેંગ્લોર અને મુંબઈ પ્રેસમાં આખરમાં લખાયેલા છે. અને ઘણા બાતિલ અકીદાઓ તેમના લખેલા છે અને તેમાં લખ્યું છે અને કિતાબમાં કે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના અકીદા નજદીની

"કિતાબુત્તૌહીદ"ના સમાન છે અને "તકવિયતુલ ઈમાન" તેમની કિતાબ "અત્તૌહીદ"ના પગલે પગલે જ લખાયેલી છે.

અને ફકીર લખનારનો અનુભવ છે કે જ્યાં "તકવિયતુલ ઈમાન"ની ચર્ચા ફેલાઈ ત્યાં એના પર ફિટકાર વરસવા લાગ્યો, ખુદા જાણે કયા મનહૂસ સમયે લખાઈ છે ?! અને વહાબી નિશાનીઓના અકીદા તકવિયતુલ ઈમાન, સિરાતે મુસ્તકીમ અને તન્વીરુલ ઐનીન મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની અને મસાઈલે અર્બઈન તથા મિઅહ મસાઈલ મોલ્વી ઈસ્હાક દહેલ્વી છે.

એ સર્વ કારસ્તાનો તેમનાં જણાય છે અને "તહકીકુલ હકીકત" વગેરેમાં ઘણી વિગતો આ બંને જણાની દર્શાવવામાં આવેલી છે.

અજાબહુ અલ્ હકીર અલ ફકીર મુહમ્મદ રઝા અલી અલ બનારસી અલ્ હનફી અલ્ કાદરી અન્નકશબંદી અલ્ મુજદ્દિદી અલઅહમદી અલઅમીરી.

અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીની શખ્સિયત પોતાના સમયમાં અજોડ હતી. મહાન મહાન અહલે દીન વ દાનિશ આપની શાગિર્દી પર ફખ્ર કરતા હતા. અકલી નકલી ઈલ્મોના અસીમ સમુદ્ર હતા. બલ્કે અકલી ઈલ્મોમાં તો હિંદુસ્તાનભરમાં આપના બરાબર કોઈ ન હતું. મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢના બાની સર સૈયદ અહમદખાં લખે છે :–

"સઘળા ઈલ્મો તથા વિદ્યાઓમાં સમયના અજોડ છે અને મન્તિક તથા હિકમતને તો જાણે તેમના ઉચ્ચ ચિંતને બનાવેલ છે. સમયના ઉલમા તથા ફુઝલાને શું તાકાત છે કે આ કમાલવાળાઓના સરદારની સામે મુનાઝરાનું ટેબલ ગોઠવી શકે. વારંવાર જોવામાં આવ્યું છે કે જે લોકો પોતે પોતાને સમયના અજોડ સમજતા હતા તેમણે જ્યારે તેમની જીભેથી એક અક્ષર સાંભળ્યો તો પોતાના કમાલના દાવાને ભૂલીને શાગિર્દીની નિસ્બત પ્રાપ્ત કરવાને ફખ્ર સમજ્યા." *(મકાલાતે સર સૈયદ, ભાગ–૧૬ પેજ–૧૪૮, મજલિસે તરક્કીએ અદબ, લાહોર)*

હકીમ અબ્દુલહય લખનવી લખે છે :–

احـد ال سـاتـذـة الـمشوين لم يكن له نظيرٌ فی زمانهٖ فی الفنون الحكمية والعلوم العربية





"(અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી) મશ્હૂર ઉસ્તાદ હતા તેમના સમયમાં હિકમતની વિદ્યા અને અરબી ઈલ્મો પર તેમના જેવો કોઈ માહિર ન હતો. *(નુઝહતુલ ખવાતિર)*

આ જ અજોડ શખ્સિયતે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ "તકવિયતુલ ઈમાન"ના અમુક તે સ્થાનોની વિગતવાર રદ લખી જે શફાઅતે મુસ્તફાના મસ્અલા સંબંધે છે અને એમાં બારગાહે રસૂલમાં સખ્ત ગુસ્તાખી કરવામાં આવી હતી. અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીએ પોતાની કિતાબનું નામ "તહકીકુલ ફતાવા ફી ઈબ્તાલિલ તગાવા" રાખ્યું. અલ્લામા મૌસૂફ પોતાની કિતાબના અંતે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીનો હુકમ બયાન કરતાં લખે છે :–

**ત્રીજા સવાલનો જવાબ** : એ છે કે આ બેહૂદા વાતોને માનનાર શરીઅતની રૂએ યકીનન **કાફિર** અને **બેદીન** છે, હરગિઝ મો'મિન તથા મુસલમાન નથી અને શરીઅતની રૂએ એનો હુકમ કત્લનો અને કાફિર ઠરાવવાનો છે અને જે શખ્સ એના કુફ્રમાં શંકા કુશંકા કરે અથવા ગુસ્તાખી કરવાને મામૂલી જાણે તે કાફિર, બેદીન, ગૈર મુસ્લિમ અને લઅનતી છે પણ કુફ્ર તથા બેદીનીમાં એ શખ્સથી કમ જે આ ગુમરાહ કરનાર વાતોને પ્રશંસાને પાત્ર જાણે છે. તથા આ લખાણની માન્યતાઓને જરૂરિયાતે દીનમાં ગણે છે એવી વ્યક્તિ કુફ્રમાં કહેનારના બરાબર છે બલ્કે ગુસ્તાખી કરવામાં એનાથી પણ આગળ વધીને છે. કેમ કે એણે નબી અકરમ તથા અન્ય અંબિયા, ફરિશ્તા તથા ઔલિયા عَلَيْهِمُ السَّلَام ની ગુસ્તાખીને મુસ્તહસન જાણ્યું અને તેને જરૂરિયાતે દીનમાં ગણ્યું." *(તહકીકુલ ફતાવા ફી ઈબ્તાલિત્તગાવા, પ્રેસ : કાદરિયા–લાહોર, પેજ–૪૩૪)*

અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીના આ તકફીરી ફત્વા પર દેશના પ્રથમ હરોળના સત્તર ઉલમાએ કિરામે તસ્દીક ફર્માવી (સમર્થનમાં સહી કરી) સમર્થન કર્તા ઉલમાએ કિરામનાં નામો નીચે પ્રમાણે છે :–

૧. હઝરત મૌલાના અલમુતવક્કિલ અલલ્લાહ મુહમ્મદ શરીફ

૨. હઝરત મૌલાના હાજી મુહમ્મદ કાસિમ

3. હઝરત મૌલાના હયાતુલ આરી

૪. હઝરત મૌલાના કરીમુલ્લાહ

૫. હઝરત મૌલાના મુહમ્મદ રશીદુદ્દીન

૬. હઝરત મૌલાના શાહ મખ્સૂસુલ્લાહ દહેલ્વી

૭. હઝરત મૌલાના મુહમ્મદ રહમત

૮. હઝરત મૌલાના અબ્દુલખાલિક

૯. હઝરત મૌલાના અબ્દુલ્લાહ

૧૦. હઝરત મૌલાના શાહ મુહમ્મદ મૂસા

૧૧. હઝરત મૌલાના ખાદિમ મુહમ્મદ

૧૨. હઝરત મૌલાના અહમદ સઈદ મુજદિદી

૧૩. હઝરત મૌલાના મુહમ્મદ શરીફ

૧૪. હઝરત મૌલાના મુફતી સદરુદ્દીન

૧૫. હઝરત મૌલાના મુહમ્મદ હયાત

૧૬. હઝરત મૌલાના રહીમુદ્દીન

૧૭. હઝરત મૌલાના મહબૂબઅલી

[**નોંધ** : મૌલાના અહમદ સઈદ મુજદિદી રશીદ અહમદ ગંગોહીના ઉસ્તાદ છે........... તઝકેરતુર્રશીદ, ભાગ–૧, પેજ–૩૧ અને હઝરત મૌલાના સદરુદ્દીન સાહબ મૌલાના અબુલ કલામ આઝાદના વાલિદ અને મોલ્વી કાસિમ નાનોત્વી તથા રશીદ અહમદ ગંગોહીના ઉસ્તાદ છે. *(તઝકેરતુર્રશીદ, ભાગ–૧, પેજ–૩૧, ૩૨)*]

યાદ રાખશો કે હઝરત અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીની આ માન્યતા ટેમ્પરરી ન હતી બલ્કે દીની હાલતમાં આંદામાન જતાં પોતાના શાગિર્દ મૌલાના કલંદરઅલી ઝુબૈરીને ખાસ તાકીદથી નસીહત કરી, "હું" તકવિયતુલ ઈમાન"નો પૂર્ણપણે રદ નથી કરી શક્યો એટલા માટે એ કામ તમે અંજામ આપજો."

મારા આ લખાણનો પાયાનો હેતુ એ છે કે "તકવિયતુલ ઈમાન" **બ્રિટિશ ગવર્નમેન્ટના ઈશારા પર તેમના ઈસ્લામ દુશ્મન હેતુઓને**





**પૂરા કરવાને માટે લખવામાં આવી હતી. એટલા માટે તેની પ્રસિદ્ધિ તથા દૂર દૂર સુધી ફેલાવવામાં અંગ્રેજોએ પોતાની ભરપૂર દિલચસ્પી જાહેર કરી. આ તે કિતાબોમાંથી છે જેની પ્રસિદ્ધિના માટે અંગ્રેજોએ વ્યવસ્થા કરી.** અંગ્રેજોએ સૌ પ્રથમ બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં કદમ જમાવ્યા હતા. કલકત્તા તેમની પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું એટલા માટે તેમની દેખરેખ હેઠળ હિ.સ. ૧૨૫૪ ઈ.સ. ૧૮૩૮ માં કલકત્તામાં "તકવિયતુલ ઈમાન" પ્રસિદ્ધ થઈ જ્યારે કે એથી અગાઉ હિ.સ. ૧૨૪૮ ઈ.સ. ૧૮૩૩ માં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની બીજી કિતાબ "સિરાતે મુસ્તકીમ" પણ કલકત્તાથી છપાઈ ચૂકી હતી. *(નેશનલ બુક ટ્રસ્ટ કા ખબરનામા, અંક–૪, વર્ષ–૧, જાન્યુ થી માર્ચ, ઈ.સ. ૧૯૯૭, નેશનલ બુક ટ્રસ્ટ)*

ડો. કમરુન્નિસા પોતાના પી.એચ.ડી. અરબીના નિબંધ અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીના વિષય હેઠળ લખે છે :–

شاع كتاب "تقوية الايمان" اولاً من اشياتک سوسائٹی Royal Asiatic Society وقد اعترف البروفيسر محمد شجاع الدين (المتوفى سنہ ١٩٦٥ء) رئيس قسم التاريخ بكليه ديال سنگھ بلاهور فى مكتوبه الى البروفيسر خالد البرنى بلاهور، ان الاتجليزين قد وزعوا كتاب تقوية الايمان بغير ثمن

**તર્જુમો** : "તકવિયતુલ ઈમાન પ્રથમ વાર રોયલ એશિયાટિક સોસાયટી કલકત્તાવાળાએ પ્રકાશિત કરી. પ્રોફેસર મુહમ્મદ શુજાઉદ્દીન સદર શોઅબા તારીખ, દયાલસિંઘ કોલેજ લાહોર એ પોતાનો એક પત્ર પ્રોફેસર ખાલિદ બર્નીને લખ્યો જેમાં એ **સ્વીકાર કર્યો છે કે અંગ્રેજોએ "તકવિયતુલ ઈમાન" મફત વહેંચી."** *(અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી, પેજ–૧૮૭, ૧૮૮, મક્તબાએ કાદરિયા–લાહોર)*

હવે તમે જરા તમારા દિલ પર હાથ રાખીને વિચારો કે રોયલ એશિયાટિક સોસાયટી જે અંગ્રેજોની સંસ્થા હતી તો આ ત્રણ ખુદાના પૂજારીઓને ખાલિસ તૌહીદના પ્રચાર પાછળ કયો ફાયદો જોવા મળ્યો ! અને તે પણ **કેવળ છાપી નથી બલ્કે મફતમાં વહેંચી !** શું હજી પણ

મારે દાવા માટે વધુ દલીલની જરૂરત છે કે **અંગ્રેજોએ જે મકસદના માટે કિતાબ લખાવડાવી હતી તે મકસદોના માટે આ એક કામયાબ હથિયાર હતી** જે સાચા દીનદાર અને ખુશ અકીદા મુસલમાનો પર ઉગામવામાં આવ્યું. અને એમનામાં એવી બદ્તરીન જંગ છેડી દેવામાં આવી અને એ જંગ બ્રિટિશ રાજની મજબૂતીમાં ઘણે અંશે લાભદાયી તથા મદદગાર પુરવાર થઈ.

એના પર જ બસ નહીં ! બલ્કે વિ□ કક્ષાએ આ કિતાબની નુકસાનકર્તા અસરોને પ્રસરાવવા માટે લંડનથી એક અંગ્રેજી અનુવાદ પણ (તકવિયતુલ ઈમાનનો) પ્રસિદ્ધ કરવામાં આવ્યો. **જે કૌમ રિસાલતકાળથી આજ સુધી મુસલમાનોની વિરૂધ્ધ સતત બદ્તરીન કાવતરાં કરતી રહી છે અને ઈસ્લામના સત્ય પ્રભાવને તોડી નાખવા માટે દૌલતથી લઈને હુસ્ન સુધ્ધાંની કશાય ખચકાટ વિના કુર્બાનીઓ આપતી રહી છે તે પ્રપંચી કૌમ સમક્ષ તે કયા ફાયદા હતા જેને હાંસલ કરવાના માટે સ.સ. ૧૮૨૫ માં "તકવિયતુલ ઈમાન"ને લંડનથી પ્રકાશિત કરવી પડી.**

મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢના બાની સર સૈયદ અહમદખાં લખે છે :–

"જે ચૌદ કિતાબોનો ઉલ્લેખ ડોકટર હિન્ટર સાહબે પોતાની કિતાબમાં કર્યો છે એમાં સાતમી કિતાબ "તકવિયતુલ ઈમાન" છે જેમ કે એ કિતાબનો અંગ્રેજી તર્જુમો રોયલ એશિયાટિક સોસાયટી (લંડન)ના રિસાલા ૧૨ માં ઈ.સ. ૧૮૨૫ માં છપાયો." *(મકાલાતે સર સૈયદ, ભાગ–૯, પેજ–૧૭૮)*

વહાબિયતના ઈતિહાસ પર તીવ્ર દષ્ટિ રાખનારા એક તત્વચિંતક લખે છે :–

"અંગ્રેજોએ 'ભાગલા પાડો અને રાજ કરો'ના અજમાવેલ હથિયારને ઉપયોગમાં લાવતાં મુસલમાનોના સાબિત થયેલા અકીદાઓ વિરૂધ્ધ "તકવિયતુલ ઈમાન" લખાવી એ મકસદના માટે કે તૌહીદના નામ પર રિસાલત મઆબ ﷺ થી મહોબ્બત કમ કરવામાં આવે. અન્ય ઘણા લોકો ઉપરાંત મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની એ કોશિશોનો મૌલાના





ફઝલેહક્ક ખૈરાબાદીએ જવાબ આપ્યો. મુસલમાનોના બે વિભાગ પડી ગયા, એકે ઈસ્લામના સામૂહિક લાભમાં કામ કર્યું અને, ઈ.સ ૧૮૫૭ ની આઝાદીની જંગમાં આગળ પડતો ભાગ ભજવ્યો અને બીજા ગ્રૃપે લોકોને દીનના પાયાના સિદ્ધાંતથી હટાવવા ચાહ્યું, હુઝૂર ﷺ થી મહોબ્બત ઘટાડીને ઈસ્લામના માટે કુર્બાનીઓ આપવાનો જઝબો ખતમ કરવાની સાઝિશ કરી." *(મૌલાના અબ્દુલ હકીમ શરફ કાદરી, બાગી હિંદુસ્તાનનો વધારો, પેજ–૪૩૦, મજમઉલ ઈસ્લામી–મુબારકપુર)*

એ હકીકત તો મજબૂત દલલોથી સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગઈ કે "તકવિયતુલ ઈમાન" ઈસ્લામના મુકદસ ખયાલો તથા માન્યતાઓથી હટીને બિલકુલ નવા અને સ્વરચિત ખયાલો તથા માન્યતાઓનો સમૂહ છે. અને મુસલમાનોને તેમની પૂરાણી તથા વારસાગત કેડીએથી હટાવવા અને આપસમાં લડાવવા એ તેમનો પાયાનો હેતુ હતો. એ હકીકતનો સ્વીકાર મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના સગા પિત્રાઈ ભાઈ શાહ મખ્સૂસુલ્લાહ દહેલ્વીએ આ શબ્દોમાં કર્યો છે :–

"જે કિતાબ અને જેના બનાવવાવાળાથી લોકોમાં બુરાઈ ફેલાય અને લોકો અંબિયા તથા ઔલિયાથી ખિલાફ થયા તે ગુમરાહ કરનાર હશે કે હિદાયત કરનાર હશે ?! મારી દષ્ટિએ આ કિતાબ "તકવિયતુલ ઈમાન"નું આમાલનામુ બુરાઈ તથા બગાડથી છે અને તેનો બનાવનાર ફિત્નાગર, ફસાદ ફેલાવનાર, રિયાકાર અને ગુમરાહ કરનાર છે." *(તહકીકુલ હકીકત, પ્રેસ : મુંબઈ, હિ.સ. ૧૨૬૭)*

અંગ્રેજોનો પ્રથમ મકસદ તો મુસલમાનોમાં મતભેદ ફેલાવવાનો હતો અને એના પછી પોતાના ટેકેદારો તથા ગુલામો થકી મુસ્લિમ કૌમના દિલમાંથી અંગ્રેજોની વિરૂધ્ધ જેહાદનો દીવાનગી ભર્યો જઝબો ખત્મ કરવો. તમો અત્યાર સુધી જે સાક્ષીઓ વાંચતા આવ્યા હતા એનાથી એ વાસ્તવિક્તાઓ સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગઈ કે મુસ્લિમોમાં વિભાજનનું કામ પ્રથમ થયું પછી જ્યારે મુસલમાનો આપસમાં ઝઘડતા થઈ ગયા તો અંગ્રેજો વિરૂધ્ધ જેહાદ ખત્મ કરવાની આયોજનપૂર્વકની ચળવળ શરૂ કરી. એ પણ ખૂબ જ વિસ્તૃત તથા અતિશય દર્દનાક ચર્ચા છે. નીચે અમે કેવળ થોડીક સાક્ષીઓ પર સંતોષ માનીએ છીએ. યાદ રાખશો કે આ

ચળવળમાં ઈસ્માઈલ દહેલ્વીની સાથે તેમના પીર સૈયદ અહમદ રાયબરેલ્વી પણ ખભે ખભે મિલાવીને સાથે હતા.

મોલ્વી ઈસ્માઈલના જાંનિષાર તથા વફાદાર કલમકાર મુહમ્મદ જાફર થાને□રી લખે છે :–

"આ પણ સાચી રિવાયત છે. કલકત્તામાં રોકાણ દરમ્યાન જ્યારે એક દિવસે મૌલાના મુહમ્મદ ઈસ્માઈલ શહીદ વઅઝ ફર્માવી રહ્યા હતા કે એક શખ્સે મૌલાનાથી એવો ફત્વો પૂછયો કે અંગ્રેજ સરકારથી જેહાદ કરવો દુરુસ્ત છે કે નહીં ? એના જવાબમાં મૌલાનાએ ફર્માવ્યું કે, "આવી કશી કનડગત વિનાની પૂર્વગ્રહ વિહોણી સરકાર પર કોઈ રીતે પણ જેહાદ કરવો દુરુસ્ત નથી." *(સવાનેહે અહમદ, મુહમ્મદ જાફર થાને□રી, પેજ–૭૩, પ્રેસ : દિલ્હી)*

**આ છે આ બ્રિટિશ મુફતીનો ફત્વો !** આ જીભ તથા કલમની બદ્‌મસ્તી આમ જ ન હતી ! બલ્કે એ નશો બ્રિટિશ જામનો હતો. મોલ્વી અબુલ હસન નદવીએ એ ભેદ પણ ખોલી આપ્યું. જનાબ લખે છે :–

"મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી અને સૈયદ અહમદ રાય બરેલ્વીના મુજાહિદોને અંગ્રેજ બહાદુર બ્રિટિશ ગવર્નમેન્ટ અનાજ તથા સામાન પૂરું પાડતી હતી."

**હવાલો** : સીરતે સૈયદ અહમદ, ભાગ–૧, અઝ : અલીમિયાં નદવી, પેજ–૧૯૦

એ જ ઉમ્મી લકબ સરતાજુલ ઉલમાએ દેવબંદના વિશે "તવારિખે અજીબા"ના લેખક લખે છે :–

"સૈયદ સાહબનો અંગ્રેજ સરકારથી જેહાદ કરવાનો ઈરાદો હરગિઝ ન હતો બલ્કે અંગ્રેજની દોસ્તી પર એવો નાઝ હતો કે તેઓ એ આઝાદ અમલદારીને આપણી અમલદારી સમજતા હતા."

**હવાલો** : મુફતી મુહમ્મદ જાફર થાને□રી, તવારિખે અજીબા, પ્રેસ : ફારૂકી–દિલ્હી, પેજ–૨૧૨

સૈયદ અહમદ રાયબરેલ્વી બ્રિટિશ રાજને પોતાની અમલદારી કેમ સમજતા હતા એ રહસ્ય પણ તેમના એક ચાહકે ભરી સભામાં ઉઘાડુ કરી આપ્યું :–





"અંગ્રેજ હુકૂમતે સૈયદ અહમદ રાયબરેલ્વીને જેહાદના માટે સાત હજારની હૂંડી પેશ કરી."

**હવાલો** : ઉપર મુજબ, પેજ–૮૯

સૈયદ અહમદ રાયબરેલ્વી રાજનીતિક એતબારથી જ ગુમરાહ ન હતા બલ્કે ઈસ્માઈલ દહેલ્વીની ચળવળો પર પોતાનો દીન ધર્મ પણ અંગ્રેજ સામ્રાજ્યવાદીઓના હાથે ગીરો મૂકી ચૂક્યા હતા. તેમણે પણ પૂરાણા રિવાજોને ત્યજી દીધા હતા. એમની સામે હવે બ્રિટિશ ગવર્નમેન્ટનો નિશ્ચિત કરેલો પ્લાન હતો તેના પર તે ખૂદ ચાલી રહ્યા હતા અને તેના પર પોતાના મુરીદો તથા ચાહકોને ચાલવાની હિદાયત કરતા હતા. તેમની દિમાગી ધોકાબાજીની હોશ ખોઈ નાખનાર તથા ગુમરાહ કરનાર દાસ્તાન તેમની જ જીભે સાંભળો :–

"ચારેવ ફકીહોના મઝબહમાંથી કોઈ મને પસંદ નથી. મશ્હૂર ઔલિયા અલ્લાહના તરીકાઓમાં કોઈ તરીકો મારા પ્રમાણે નથી."

**હવાલો** : હયાતે સૈયદ અહમદ શહીદ, પેજ–૧૫૩, ૧૫૪

એ તો એક સાબિત થઈ ચૂકેલી હકીકત છે કે આ દહેલ્વી તથા રાયબરેલ્વી સતત અંગ્રેજોની તરફદારીમાં સક્રિયા રહ્યા અને જે ઉલમાએ કિરામ અંગ્રેજો સાથે પંજો લડાવી રહ્યા તેઓ તેમના સખત વિરોધી અને ઈસ્લામની વાસ્તવિક માન્યતાઓ ધરાવનારા હતા.

મુહમ્મદ ઈસ્માઈલ પાનીપતી લખે છે :–

"ઈ.સ. ૧૮૫૭ ના બળવામાં પૂરા જોશપૂર્વક અંગ્રેજોની વિરૂધ્ધ જંગમાં હિસ્સો લેવામાં તે તમામે તમામ ઉલમાએ કિરામ સામેલ હતા જેઓ હઝરત સૈયદ અહમદ તથા હઝરત શાહ ઈસ્માઈલના અકીદાના સખ્ત દુશ્મન હતા અને જેમણે હઝરત શાહ ઈસ્માઈલની રદમાં ઘણી બધી કિતાબો લખી છે અને પોતાના શાગિર્દોને લખવાની વસિયત કરી છે." *(મુહમ્મદ ઈસ્માઈલ પાનીપતી, હાશિયા મકાલાતે સર સૈયદ, હિસ્સો : ૧૬, પેજ–૩૫૨)*

હવે એ હકીકત પૂરા તૌર પર યાદ થઈ ચૂકી હશે કે બ્રિટિશ રાજ પોતાની રાજનીતિક મજબૂતીના માટે દેશ તથા કૌમના ગદ્દારો સાથે જ

કામ લેવા ચાહતુ હતું તેની શરૂઆત "તકવિયતુલ ઈમાન" અને સૈયદ અહમદ રાયબરેલ્વીના બાલાકોટના હંગામાથી થઈ ચૂકી હતી. પરંતુ આ લોહીનાં આંસૂંઓ રડાવી દેનાર ઈમાનફરોશીનો ક્રમ આટલેથી ખત્મ નથી થયો, હજી બ્રિટિશ ગવર્નમેન્ટને વધારે ગદ્દારોની જરૂરત હતી, કેમ કે ઉલમાએ હક્ક અને ગૈરતમંદ મુસલમાન હવે આ દીન તથા વતનના ગદ્દારોની સાઝિશોથી ઘણે ખરે અંશે માહિતગાર થઈ ચૂક્યા હતા. અંગ્રેજોને મુસ્લિમ કૌમના ચિંતન તથા મિજાઝને બદલવાને માટે પોતાની શક્તિ અને જમીન દોસ્ત સાઝિશોને ઉપયોગ માન્ય ન હતો."

અંગ્રેજોની પરેશાનીનો અંદાઝો ડબ્લ્યૂ ડબ્લ્યૂ હિન્ટરની કિતાબ Our Indian Muslims થી થઈ શકે છે. તેણે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે **મુસલમાનોમાં જેહાદનો ખયાલ તેમની સલ્તનતતના માટે મજબૂત ખતરો છે. અંગ્રેજો એક લાંબા સમય સુધી જુલ્મી રીતે રાજ કર્યા બાદ એવું મેહસૂસ કર્યું કે ગમે તેમ પણ ઉગ્રતા સામૂહિક હોય કે વ્યક્તિગત પણ મુસલમાનોમાંથી એ જઝબાને ખત્મ નથી કરી શક્તા, તો તેમણે જેહાદની વિરૂધ્ધ ચર્ચાઓ ખડી કરીને ઉલમા પાસેથી ફત્વા લેવાના શરૂ કર્યા અને કલામુલ્લાહની તફસીરોનો મિજાઝ બદલાવવા ચાહ્યો. ડો. હિન્ટરની કિતાબથી એ આલિમો તથા ફાઝિલોની ભાળ મળે છે જેઓ એ વખતે જેહાદને મન્સૂખ (રદ) કરતા ફત્વા આપી રહ્યા હતા.** *(આગા શૌરિશ કશ્મિરી, તહરીકે ખત્મે નબુવ્વત, પ્રેસ : ચટ્ટાન–લાહોર, પેજ–૧૪)*

હવે જરા પૂરી દિમાગી તથા ચિંતનની એકાગ્રતા સાથે તે દીન તથા વતનના ગદ્દારોની ભાળ મેળવો જેમણે અંગ્રેજોના રજૂ કરેલા પ્લાન પ્રમાણે પોતાના વિચારો તથા કલમ અને જીભ તથા વાણીની દિશા બદલી. તે તમામ ગદ્દારોમાં ચળવળના અંદાઝના મતભેદ છતાં જે એકરૂપતા જોવા મળે છે તે છે **રસૂલની તૌહીન ! અને બ્રિટિશ ગવર્નમેન્ટની વફાદારી.** ઈ.સ. ૧૮૭૦માં વાઈટ હાઉસ લંડનમાં એક કોન્ફરન્સ નિયુક્ત થઈ જેમાં કમીશન સર વિલિયમ હિન્ટરના પ્રતિનિધિઓના ઉપરાંત હિંદુસ્તાનમાં નિયુક્ત થયેલા મિશનના પાદરી પણ ખાસ આમંત્રણ પર શરીક થયા હતા. તેમણે પોતપોતાના રિપોર્ટો રજૂ કર્યા જે "ધ એરાઈવલ





ઓફ બ્રિટિશ એમ્લોઈઝ ઈન ઈન્ડિયા"ના નામથી પ્રસિદ્ધ કરવામાં આવ્યા. કમીશનના લીડર સર વિલિયમ હિન્ટરે હિંદના મુસ્લિમોની આઝાદી પસંદી અને જેહાદના જઝબાને બ્રિટિશ રાજ માટે સૌથી મહાન ખતરો ઠરાવ્યો. તેના શબ્દો આ પ્રમાણે છે :–

"મુસલમાનોનો ધાર્મિક અકીદો એ છે કે તેઓ કોઈ પરદેશીના સાયા હેઠળ નથી રહી શક્તા અને તેમના માટે પરદેશી હુકૂમતની વિરૂધ્ધ જેહાદ કરવો જરૂરી છે. તેઓ જેહાદના માટે હરપળે તૈયાર છે. તેમની આ કૈફિયત કોઈ પણ સમયે તેમને હુકૂમતની વિરૂધ્ધ ઉશ્કેરી શકે છે." *(મૌલાના અબુલ હસન ઝૈદ ફારૂકી, મૌલાના ઈસ્માઈલ ઔર તકવિયતુલ ઈમાન)*

મુસલમાનોમાં ઈસ્લામના માટે દીવાનગીભર્યો જોશ અને જેહાદના માટે હરપળે તૈયાર રહેવાના મૂળ સ્થાનોનો નિર્દેશ કરતાં મશ્હૂર અંગ્રેજ જાસૂસ હમ્ફ્રે પોતાની ડાયરીમાં લખે છે :–

"ઈસ્લામના પયગબંર, અહલે બયત, ઉલમા તથા સુલહા (વલીઓ)ની ઝિયારતગાહોની તા'ઝીમ અને તે સ્થળોને મુલાકાત તથા ઈજતેમાના કેન્દ્રો ઠરાવવાં, સાદાતનો એહતેરામ અને રસૂલે અકરમની એ રીતે ચર્ચા કરવી જાણે તેઓ હમણાં જીવંત છે અને દુરૂદો સલામના હક્કદાર છે." *(હમ્ફ્રે કે એ'તરાફાત, રઝવી કિતાબ ઘર–દિલ્હી, પેજ–૯૮)*

હવે જરા દિલ પર હાથ રાખીને તે દીન તથા વતનના ગદ્દારોની અંગ્રેજ દોસ્તી અને રસૂલ દુશ્મનીની દિલને દુઃખી કરનારી દાસ્તાન જુઓ. અંગ્રેજોના વફાદાર અને સક્રિય ગુલામ મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલવી (ઈ.સ. ૧૯૨૧, હિ.સ. ૧૮૩૫)ની દીન ફરોશાના કાર્યવાહીઓનો ઉલ્લેખ કરતાં મશ્હૂર દેવબંદી પત્રકાર આગા શૌરિશ કશ્મિરી લખે છે :

મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલવી સાચા અર્થમાં વહાબી હતા અને તેમને વહાબી હોવાની સજાનો અંદાઝો હતો. તેમણે અંગ્રેજોની તરફદારીને વાજિબ ઠરાવી અને તેના બદલામાં ગવર્નર જનરલ તરફથી વહાબી જમાઅતના માટે અહલે હદીષનું નામ હાંસલ કર્યુ.

મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલવી (હિ.સ. ૧૩૨૮) એ જેહાદની મન્સૂખી (રદ થવા) પર એક કિતાબ "અલ્ ઈક્તિસાદ ફી મસાઈ લિલ્ જેહાદ" ફારસીમાં લખી. તેના વિવિધ ભાષાઓમાં તર્જુમાઓ કરવામાં

આવ્યા. પંજાબના બે ગવર્નરોએ તેના પર ખુશી પ્રદર્શિત કરી. તેના અંગ્રેજી અરબી તથા ઉર્દૂ લખાણની હજારો કોપીઓ દેશની બહાર મોકલવામાં આવી. મૌલાના મસઊદ આલમ નદવીએ "હિંદુસ્તાનકી પેહલી તેહરીક"માં લખ્યું છે કે એના બદલામાં મોલ્વી સાહબને જાગીર અર્પણ કરવામાં આવી. *(આગા શૌરિશ કાશ્મિરી, તેહરીકે ખત્મે નબુવ્વત, પ્રેસ : ચટ્ટાન–લાહોર–પેજ–૧૬)*

મુહમ્મદ હુસૈન બટાલવીની આ દિલને દુઃખી કરનારી કિતાબના બે લખાણો જુઓ જે પૂરી વહાબી તથા દેવબંદી બિરાદરીની અંગ્રેજ દોસ્તી અને મિલ્લતફરોશીની તોડી ન શકાય તેવી સાક્ષીઓ છે :–

"**પ્રથમ લખાણ** : અમુક વ્યક્તિઓનો સ્પષ્ટ મૌખિક તથા હકીકી કરાર થઈ ચૂક્યો છે, આ તે લોકો છે જેઓ લેખિત રીતે તથા તકરીરો થકી હાજર તથા ગાયબ ગવર્નમેન્ટની શુભેચ્છા તથા વફાદારીના દમ ભરે છે અને તેમની ખિદમત તથા સહાયમાં સક્રિય છે. એ જ લોકોમાં પંજાબના અહલે હદીષ સામેલ છે જેમણે સર હેનરી દયૂસ સાહબ બહાદુર લેફ્ટેનન્ટ કાળમાં ગવર્નરીમાં એક અરજ થકી એ કરારને પ્રદર્શિત કર્યો હતો. જેના પર હિ.સ. ૧૮૭૬ માં પંજાબ ગવર્નમેન્ટનો એક સરક્યૂલર પણ તેમની સમર્થન તથા ટેકામાં બહાર પડયો હતો." *(મૌલ્વી મુહમ્મદ હુસૈન બટાલવી, અલ્ ઈક્તેસાદ ફી મસાઈલિલ્ જેહાદ, પેજ–૪૮, પ્રેસ : વિક્ટોરિયા)*

એટલું જ નહીં બલ્કે તેણે અંગ્રેજોની વિરૂધ્ધ જંગ લડનારાઓને સખત ગુનેહગાર અને બાગી લખ્યા અને અંગ્રેજોની વફાદારી અને રક્ષાને અયન ઈસ્લામ ઠરાવ્યો. આ ઈમાનસોઝ ખયાલો પણ એ જ બદ્‌મસ્ત શરાબીના કલમથી વાંચો :–

"૧૮૫૭ના બળવામાં જે મુસલમાનો શરીક થયા તેઓ સખ્ત ગુનેહગાર તથા કુર્આન તથા હદીષના હુકમથી તેઓ ઝઘડાળુ તથા બાગી તથા બદ્‌કિરદાર હતા. મોટા ભાગના તેઓમાં અવામ કલ અનામ (જાહિલ) હતા. અમુક જે ખાસ તથા ઉલમા કહેવાતા હતા તેઓ પણ દીનના અસલી ઈલ્મો (કુર્આન તથા હદીષ)થી નાવાકેફ હતા અથવા નાસમજ કે બેસમજ હતા. એ જ કારણે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી જેઓ કુર્આન હદીષથી બાખબર અને તેના પાબંદ હતા પોતાના દેશ





હિંદુસ્તાનમાં અંગ્રેજોથી (જેમના અમાન તથા કરાર હેઠળ રહેતા હતા) નથી લડયા."

**હવાલો** : ઉપર મુજબ, પેજ–૪૯, ૫૦

મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલવીએ પોતાની ઈમાનફરોશીના આ દસ્તાવેજને ઘરે ઘર પહોંચાડવા અને અંગ્રેજોની સક્રિય તરફદારી કરવાની એક ચળવળ ચાલુ રાખી હતી. **જે લોકો સમવિચાર તથા હમખયાલ જણાતા તે એ નામોની યાદી પોતાના (અંગ્રેજ) આકાઓ સમક્ષ રજૂ કરતા અને તેઓને અંગ્રેજો તરફથી ઈનામો તથા માન સન્માન અપાવતો હતો અને આ જ જોડ તોડ તેના ચિંતન તથા કલમનું સૌથી મોટુ કારનામુ હતું. એટલે કે મદીનાથી તોડતો અને બ્રિટિશથી જોડતો.** એના બારામાં "અલ્ ઈક્તેસાદ ફી મસાઈલિલ્ જેહાદ" પેજ–૨ પર એક અપીલ પણ પ્રસિદ્ધ કરવામાં આવી છે જે તેની મિલ્લત ફરોશીના (કૌમની સોદાબાજી કરવાની) પહાડથી પણ મોટી સાક્ષી છે. અપીલના શબ્દો આ પ્રમાણે છે :–

"માનનીય વાંચકો ! જે મૂળભૂત ઉસૂલ (પાયાના) મસાઈલ કિતાબ "અલ્ ઈક્તેસાદ"ના સંબંધે જે "ઈશ્તિશહાદ"ના ઈશાઅતુસ્સુન્નહ નંબર : ૧૧, ભાગ–૨, નવે. ૧૮૩૬ના જવાબમાં એકમતિ મંતવ્ય જાહેર ફર્માવી ચૂક્યા છે. હવે તેના સવિસ્તાર મસાઈલ તથા અને દલીલોના સંબંધે પોતાનું સમર્થક મંતવ્ય જાહેર કરો અને પોતાનું નામ સ્પષ્ટ રીતે પૂરી વિગત મુકામ તથા લકબ તથા હોદ્દા સાથે લખી અમારી પાસે મોકલી આપે. અમે તે નામોને કિતાબ "ઈક્તેસાદ" અથવા "ઈશાઅતુસ્સુન્નિયહ્" થકી ગવર્નમેન્ટમાં રજૂ કરીશું અને ઈંગ્લેન્ડની સલ્તનતના સંબંધે તેમની વફાદારી તથા આજ્ઞાંક્તિપણાને ખૂબ ખ્યાતિ આપીશું." *(મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલ્વી, અલ્ ઈક્તેસાદ ફી મસાઈલિલ્ જેહાદ, પ્રેસ : વિક્ટોરીયા, પેજ–૨)*

જે જમાનામાં જેહાદનો મસ્અલો અંગ્રેજોના માટે સૌથી મહાન ખતરો હતો ત્યારે અંગ્રેજ જેહાદના મસ્અલાને ફેંકવા અને પોતાની મજબૂત વફાદારીની શરતે ઉલમાની એક ખેપથી કામ લઈ રહ્યા હતા.

૨૨ જૂન ઈ.સ. ૧૮૯૭ એ બ્રિટિશ ગવર્નમેન્ટે મશ્હૂર ગૈર મુકલ્લિદ આલિમ ડિપ્ટી. નઝીર અહમદને "શમ્સુલ ઉલમા"નો લકબ આપ્યો. સાહેબે ઈ.સ. ૧૯૦૬ "અલ્ હુકૂક વલ્ ફરાઈઝ" લખી અને ત્યારબાદ ઈ.સ. ૧૯૦૮માં "અલ્ ઈજતેહાદ" લખી. નઝીર અહમદે લખ્યું કે, "ખુદાએ સમયના હાકિમોની આજ્ઞાપાલન ફર્ઝ કરીને શરીઅતના હુકમોને આપણા હક્કમાં ખૂદ નિષ્ક્રિય કરી દીધા." વધુમાં લખ્યું કે, **"શરીઅતના હુકમોનો હેતુ શાંતિ સ્થાપવાનો છે અને એ મકસદ અંગ્રેજ કાનૂનથી પણ પ્રાપ્ય છે, ફરક કેવળ તદબીરો એટલે કાર્ય પદ્ધતિનો છે."** "અલ્ હુકૂક વલ્ ફરાઈઝ, ભાગ–૨, પેજ–૧૩૧" પર લખે છે, **"આપણા માટે અંગ્રેજી કાનૂન પણ ઈસ્લામી શરીઅત છે."** આ કિતાબમાં જેહાદનું પ્રકરણ ન રાખવાની મજબૂરી દર્શાવી છે અને તેનું કારણ એ લખ્યું છે કે, **"જેવી રીતે ઝકાતના હુકમો મુફલિસથી જે માલિકે નિસાબ ન હોય અને હજ્જના હુકમોને શક્તિશાળી ન હોય તેની સાથે સંબંધ નથી, એ જ પ્રમાણે જેહાદના હુકમોને હિંદના મુસલમાનો સાથે સંબંધ નથી. અમે જેહાદનું પ્રકરણ એટલે રાખ્યું નથી કે ક્યાંક અવામ કલ અનામ (આમ લોકો ચોપગાં પ્રાણી જેમ) દોડતી ન થઈ જાય.** *(ડિપ્ટી નઝીર અહમદ, તહકીકુલ્ ફરઈઝમાંથી ટૂંકાવીને, ભાગ–૨, પેજ–૧૩૧)*

મશ્હૂર ફાઝિલ ડો. જીલાની બર્કે ડિપ્ટી નઝીર અહમદના વિશે બે શબ્દોમાં તેમની સંપૂર્ણ જીવન કહાની લખીને એ ચર્ચાનો વિષય ખતમ કરી નાખ્યો કે, **"એમનો ઈસ્લામ અંગ્રેજોને ત્યાં ગીરો મૂકાઈ ચૂક્યો હતો."**

સર વિલિયમ મેયૂર ઈ.સ. ૧૮૬૮ માં યુ.પી.નો લેફટનન્ટ ગવર્નર હતો, તે બદબખ્તે રસૂલે અકરમ ﷺ ની વિરૂધ્ધ ગુસ્તાખીઓનો અતિશય બદ્તરીન સિલસિલો ચાલુ કર્યો. તેણે એક કિતાબ મુહમ્મદનું જીવન (Life Of Mohammad) લખી. (ﷺ) તેણે પોતાની એ કિતાબમાં ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામની વિરૂધ્ધ ઝહેર ઓકતાં લખ્યું છે, **"ઈન્સાનના બે સૌથી મહાન દુશ્મન છે, મુહમ્મદની તલ્વાર અને મુહમ્મદનું કુર્આન."** (નઊઝુબિલ્લાહ !) તમને એ જાણીને આશ્ચર્ય





થશે કે **સર વિલ્યમ મેયૂરના સાથે ડિપ્ટી નઝીર અહમદના સંબંધો અતિશય પ્રેમભર્યા હતા,** બલ્કે ડિપ્ટી નઝર અહમદને તેમની ઈસ્લામ દુશ્મન કિતાબો પર ઢગલાબંધ ઈનામો તથા માન સન્માન પણ આપ્યાં અને બંનેમાં સમાનપણે રસૂલ દુશ્મની હતી. આગા શૌરિશ કાશ્મિરી આ સામ્યતાનો ભેદ ખોલતાં લખે છે :–

"તે કુર્આન તથા મુહમ્મદથી દુશ્મની છતાં ડિપ્ટી નઝીર અહમદ પર અતિશય મહેરબાન હતો. તેણે પોતાની ગવર્નરીના જમાનામાં નઝીર અહમદને તેની અમુક કિતાબોના બદલામાં મહામૂલ્ય ઈનામો અતા કર્યાં, કેટલાક પ્રશંસાનાં નિવેદનો લખ્યાં, શમ્સુલ ઉલમાનો ખિતાબ અપાવ્યો પછી જયારે છૂટો થઈને ઈંગ્લેન્ડ પાછો ગયો તો એડનબરો યુનિવર્સિટીનો ચાન્સેલર બની ગયો અને ડિપ્ટી સાહબને એલ.એલ.ડી. ની ડિગ્રી અર્પણ કરી. એનું એક જ કારણ અંગ્રેજી સત્તાના આજ્ઞાંકિતપણામાં ડિપ્ટી સાહબની તફસીર અને હિમાયતમાં અમુક અન્ય કિતાબો પણ હતી. તેમણે اطیعوا اللّٰه واطیعوا الرسول واولیٰ الامر منکم માં اولی الامر ને પાત્ર અંગ્રેજોને ઠરાવ્યા હતા."

**હવાલો** : શૌરિશ કાશ્મિરી, તેહરીકે ખત્મે નબુવ્વત, પેજ–૧૮

આગા શોરિશ કાશ્મિરી પોતાના દેવબંદી તથા વહાબી આલિમોની ઈમાન ફરોશી તથા વતન ગદ્દારી પર માથુ પછાડતાં લખે છે :–

"એ એક દુઃખદ બિના હતી કે એક દેશના ખૂણે ખૂણે ઉલમાએ હક્ક પર જેહાદના કારણે કેસ ચલાવીને તેમને મૌતની કે કાળાપાણીની સજાઓ આપવામાં આવી રહી હતી તો બીજી તરફ કલમકારોની એક પ્રખ્યાત ટોળી મુસલમાનોમાં અંગ્રેજી હુકૂમતની વફાદારી માટે લોકોના દિમાગો વોશ કરી રહ્યો હતો."

**હવાલો** : ઉપર મુજબ, પેજ–૧૮

હવે નીચેના લખાણમાં અંગ્રેજો તરફથી અર્પણ થયેલ સનદો તથા સન્માન પણ જોઈ લો ! એના અભ્યાસથી બ્રિટિશ ગવર્નમેન્ટના બારગાહમાં તેમની મકબૂલિયત તથા મહત્વતાનો અંદાઝો સારી રીતે લગાડી શકાય છે, આ તેમની ગુલામીનું જીવતુ જાગતુ સર્ટિફિકેટ છે.

"મોલ્વી નઝીર હુસૈન દિલ્હીના એક ઘણા મોટા સરદાર આલિમ હતા જેમણે ગંભીર સંજોગોમાં પોતાની વફાદારી ગવર્નમેન્ટ સાથે સાબિત કરી. જે કોઈ બ્રિટિશ ગવર્નમેન્ટ ઓફિસરની તેઓ મદદ ચાહશે તે તેમને મદદ આપશે કેમ કે તેઓ કામિલ તૌર પર એ મદદના હક્કદાર છે."

સહી : જે.ડી.ટેમ્પ્લેટ, બંગાલ સર્વિસ કમિશ્નર–દિલ્હી, સુપિટેન્ડન્ટ, ૧૦ ઓગસ્ટ–ઈ.સ. ૧૮૮૩

**જોઈ રહ્યા છો તમે !** આ છે એ દેવબંદીઓ તથા વહાબીઓની અંગ્રેજનવાઝીનું સનદનામુ કે મુસલમાનોને લડાવો, આપણા નવા ધર્મને ફેલાવો, રસૂલે પાકની તૌહીન કરો, બુઝુર્ગોની ઈજ્જતોનું ખૂન કરો અને જો મુસલમાન કાંઈ કહે તો અમારી મદદ તમારા માટે હાજર છે. તમે જ્યારે અને જ્યાં પણ અવાજ આપશો અમારા મજબૂત દળો આપની ત્યાં મદદ તથા પીઠબળ માટે પહોંચશે. હેવાલો સાક્ષી છે કે **મુસ્લિમોમાં ભાગલા પાડવાની ફરજ અંજામ આપવા માટે અંગ્રેજો અને તેમના ગુલામો સઊદીઓની દૌલત તથા હિમાયત આજે પણ એ ફિર્કાને પ્રાપ્ય છે.**

આ છે ભારતખંડમાં મુસ્લિમો વચ્ચે વિભાજનના સબબો જેની આગમાં આજે ગલી ગલી સળગી રહી છે, નગર નગરમાં ઈખ્તેલાફ તથા વિખવાદનો માહોલ છે. આપસમાં ભાઈચારગીનો જનાઝો નીકળી રહ્યો છે, અને દરેક ઘર આંગણાનો સુકૂન નાશ પામ્યો છે.

મારા આ દાવાનુ સમર્થન દિલ્હીના મશ્હૂર નક્શબંદી મુજદ્દિદી આલિમ મૌલાના અબુલ હસન ઝૈદ ફારૂકી દહેલ્વી (વફાત : ઈ.સ. ૧૯૯૩)ના નીચેના લખાણથી થાય છે. એઓ ભારતખંડમાં મુસ્લિમોમાં વિભાજનના પાયાના સબબોનો નિર્દેશ કરતાં લખે છે :–

"હઝરત મુજદ્દિદ (અલ્ફેષાની શૈખ અહમદ ફારૂકી સરહિંદી)ના જમાનાથી હિ.સ. ૧૨૪૦ ઈ.સ. ૧૮૨૫ સુધી હિંદુસ્તાનના મુસ્લિમો બે ફિર્કાઓમાં વહેંચાયેલા રહ્યા. હવે ઈસ્માઈલ દહેલ્વીએ "તકવિયતુલ ઈમાન" લખી એ કિતાબથી મઝહબી આઝાદ ખયાલીનો દૌર શરૂ





થયો. કોઈ ગૈર મુકલ્લિદ થયો, કોઈ વહાબી બન્યો, કોઈ અહલે હદીષ કહેવાયો, કોઈએ પોતાને સલફી કહ્યો. મુજતહિદ ઈમામોનો જે માન મર્તબો દિલમાં હતો તે ખત્મ થયો, મામૂલી પઢેલા ભણેલા લોકો ઈમામ બનવા લાગ્યા અને અફસોસ એ વાતનો છે કે તૌહીદની હિફાઝતના નામ પર બારગાહે નબુવ્વતની તા'ઝીમ તથા એહતેરામમાં બેઅદબી તથા ગુસ્તાખીનો ક્રમ શરૂ કરી દેવામાં આવ્યો. આ સર્વ ખરાબીઓ માહે રબીઉલ આખર હિ.સ. ૧૨૪૦, ઈ.સ. ૧૮૨૫ પછીથી જાહેર થવી શરૂ થઈ છે."

**હવાલો** : *મૌલાના અબુલ હસા ઝૈદ અહમદ ફારૂકી, મૌલાના ઈસ્માઈલ દહેલ્વી ઔર તકવિયતુલ ઈમાન, પેજ–૯, દિલ્હી*

હવે એ હકીકત સંપૂર્ણપણે ઉઘાડી પડી ગઈ કે "તકવિયતુલ ઈમાન" અંગ્રેજી હુકૂમતના ઈશારે મુસ્લિમોમાં વિભાજન કરવાના માટે પ્રકાશિત કરવામાં આવી હતી. એ રીતે અંગ્રેજી હુકૂમતની એ ઈચ્છા પૂર્ણ થઈ કે "લડાવો અને રાજ કરો." જ્યારે અખંડ ભારતમાં તેમની સત્તાના પગો જામી ગયા તો ઉલમાએ અહલે સુન્નતનું ધ્યાન તકવિયતુલ ઈમાનથી હટાવવા માટે ઈંગ્લેન્ડથી પાદરીઓની એક ખેપ બોલાવવામાં આવી. તેમણે અહીં આવીને કુર્આન તથા ઈસ્લામ પર નીચતાભર્યા હુમ્લાની શરૂઆત કરી, રસૂલે કરીમ ﷺ ની પવિત્ર જાત પર કીચડ ઉછાળ્યું, ઔલિયાએ કિરામની શાનમાં ગુસ્તાખી કરી, સર વિલ્યમ મેયૂરે યુ.પી. નો ગવર્નર હોવા છતાં **Life of Mohammad** (મુહમ્મદનું જીવન) પુસ્તક લખીને ઝહેર ઓક્યું અને એ જ કામ અંગ્રેજોએ પ્રથમ તકવિયતુલ ઈમાન પ્રસિદ્ધ કરીને લીધું હતું. આ રીતે ઉલમાએ અહલે સુન્નતના ચિંતન તથા કાર્યની શક્તિઓ ત્રણ ક્ષેત્રે વહેંચાઈ ગઈ. કેટલાક આલિમો વહાબીઓની રદમાં લાગી ગયા, કેટલાક પાદરીઓ સાથે મુનાઝરા કરવા લાગ્યા અને કેટલાક અંગ્રેજોની વિરૂધ્ધ જંગના મેદાનમાં સક્રિય હતા. આ રીતે અંગ્રેજો અને વહાબીઓને પોતપોતાના મેદાનોમાં સંયુક્ત રીતે ફેલવા ફુલવાનો મોકો મળી ગયો. પણ આ બંને ગૃપો હજાર જદ્દો જેહદ પછી પણ મુસલમાનોના જેહાદના જઝબાને ઠંડો ન કરી શક્યા અને પછી અંગ્રેજોની વિરુધ્ધ જંગમાં હિંદુ કૌમ પણ ખભે ખભે મિલાવીને

ઉભી થઈ ગઈ. મુસલમાનોને અંગ્રેજોના મુકાબલામાં કામયાબી મળી અને **અંગ્રેજો દેશ છોડી ભાગી પણ ગયા, પરંતુ તેમણે મુસ્લિમોમાં વિભાજનનું બીજ રોપ્યું હતું તે ઉછરીને ભારતખંડમાં ક્રમે ક્રમે ફેલાતે રહ્યું અને મુસલમાનોની એકતાના ચૂરે ચૂરા કરતા રહ્યું અને આજ સુધી કરી રહ્યું છે.** આગા શોરિશ કાશ્મિરી આ ઐતિહાસિક વાસ્તવિક્તા પર પ્રકાશ વેરતાં લખે છે :–

"અંગ્રેજ પોતાની ચાલમાં કામયાબ રહ્યો કે સામાન્ય મુસ્લિમ (અહલે સુન્નત વ જમાઅત)ના માટે મૂળ સમસ્યા હવે ઈસ્લામની રક્ષા અને સીરતુન્નબી ﷺ ની હિફાઝત થઈ ગઈ. એક બીજી સમસ્યા અંગ્રેજો સામે એ હતી કે મુસલમાનોની કૌમી એકતા ચૂરચૂર થઈ જાય તેની સૂરત એ કાઢી કે અમુક નવા ફિર્કાઓને જન્મ આપ્યો, તેને પોષણ આપ્યું, તેમને સહકાર કર્યો."

**હવાલો** : ખત્મે નબુવ્વત, પેજ–૧૯

આ હતું અખંડ ભારતમાં મુસ્લિમો વચ્ચે વિભાજનનું એક સંક્ષિપ્ત નીરિક્ષણ. હે કાશ ! મુસ્લિમ ઉમ્મત આ સબબો પર ગંભીરતાથી વિચાર કરત તો અમ્ન તથા ઈત્તેહાદનો ફરી તે જ સોનેરીકાળ પલટી આવત જેનો જલ્વો અખંડ ભારતમાં આપણા બુઝુર્ગોએ જોયો હતો.





[૪]

# બગડતા સંજોગો બદલાતા ચહેરા

(લખાણ જૂલાઈ-૨૦૦૧)

વહાબિયતના આગમન પહેલાં અખંડ ભારતના મુસ્લિમો અહલે સુન્નત વ જમાઅત હતા અથવા થોડાક શીઆ હતા. ચોતરફ અકીદા તથા ખયાલની સમાનતા હતી, ઈત્તેફાક તથા ઈત્તેહાદની ખુશ્બુઓથી દરેક તન તથા જાન સુંગધિત હતાં, તૌહીદનો નારો, ઈશ્કે રસૂલ, મહોબ્બતે ઔલિયા અને અહલે સુન્નતની રસ્મોની રોશનીથી દિલ પણ રોશન હતાં અને દરેક ઘર તથા આંગણુ પણ ઉજ્જવળ હતું. પરંતુ આ ઈત્તેહાદ અંગ્રેજોની રાહમાં ઘણી જ મોટી રુકાવટ હતો એટલા માટે તેમણે અખંડ ભારતમાં મુસલમાનોમાં વિભાજનના માટે ઈસ્માઈલ દહેલ્વીથી કામ લીધું. દહેલ્વી સાહબે પોતાના પીર સૈયદ અહમદ રાય બરેલ્વીની સરપરસ્તીમાં નજદથી વહાબિયતની ચળવળ લાવ્યા અને તેની હિમાયત (ફેવર) તથા ફેલાવા માટે તકવિયતુલ ઈમાન વગેરે કિતાબો લખી અને અંગ્રેજોના માલ તથા સત્તાના જોરે કેટલાક પોતાના સમર્થકો પણ પેદા કરી લીધા અને પછી મુસલમાનોમાં ન ખત્મ થનાર મતભેદ તથા વિખવાદનો ક્રમ શરૂ થયો.

શરૂઆતના સમયે હિંદુસ્તાનભરના અહલે સુન્નતના ઉલમાએ વહાબિયતની રદમાં કિતાબો લખી, મુનાઝરા કર્યા. મૌલાના અબુલ કલામ આઝાદની રિવાયતના પ્રમાણે મૌલાના મુનવ્વરુદ્દીને હઝરત શાહ ઈસ્માઈલ સાથે પણ તેમના અકીદા તથા ખયાલો પર મુનાઝરા કર્યા અને તેમની કિતાબોની રદ લખી. *(શોરિશ કાશ્મિરી, અબુલ કલામ આઝાદ સવાનેહ વ ઈફકાર, પેજ–૧૩)*

અને આગા શોરિશ કાશ્મિરીના કથનાનુસાર મૌલાના અબુલ કલામ આઝાદના વાલિદ (પિતા) મૌલાના ખૈરુદ્દીને એ જમાનામાં વહાબિયતના

રદમાં દસ ભાગોમાં એક કિતાબ લખી તેના બે ભાગ જ છપાયા. *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૬)*

બલ્કે દિલ્હી, રામપૂર, લખનૌ, બદાયૂં, હૈદ્રાબાદ, પટણા અને અમૃત્સર વગેરેના અગ્રણી ઉલમાએ વહાબીઓના રદમાં સેંકડો કિતાબો લખી અને તકરીરોમાં તેની બદ્અકીદગીનો પર્દો ઉઘાડયો. તે સમયે વહાબી પોતાને વહાબી કહેતાં ડરતા હતા. તે સમયે વહાબી એટલે શૈતાનના અર્થથી ઓળખાતો હતો. વહાબીને જોઈને ક્યાં તો લોકો ભાગી જતા હતા અથવા પછી તે સમયે તેને શિક્ષા આપી દેતા હતા. એટલા માટે વહાબીઓના એક ગૃપે હનફિયત તથા સુન્નિયતનું રૂપ ધારણ કર્યું એટલે કે ''નવી જાળ લાવ્યા પૂરાના શિકારી !'' અને બીજા તબકાએ પોતાના અંગ્રેજ આકાઓ થકી વહાબિયતને બદલે ''અહલે હદીષ''નું નામુ હાંસલ કર્યું.

અબુલ કલામ આઝાદ લખે છે :–

> ''તેમણે (મૌલાના ખૈરુદ્દીને) વહાબીઓને બે ઉસૂલી પ્રકારોમાં વહેંચી કાઢયા હતા. કહેતા હતા : બે ફિર્કા છે, એક ઈસ્માઈલિયા (ગૈર મુકલ્લિદ) બીજો ઈલ્હાકિયા (દેવબંદી). તેઓ કહેતા હતા કે જ્યારે ઈસ્માઈલિયા ગૈર મુકલ્લિદ થઈ ગયા તો વહાબિયતે પોતાના પ્રચારના માટે શરણનો માર્ગ અપનાવ્યો અને હનફિયતની આડ ઉભી કરીને પોતાના અન્ય અકીદાઓનો ફેલાવો કરવા લાગ્યા.''
>
> **હવાલો** : અબ્દુર્રઝ્ઝાક મલીહાબાદી, આઝાદી કી કહાની, પેજ–૧૭૩

દેવબંદી આલિમો અસલમાં વહાબી હતા અને વહાબી છે પરંતુ જ્યારે ચો તરફ વહાબીઓનો બોયકોટ થઈ રહ્યો હતો એ સંજોગોમાં વહાબિયતનો ઈઝહાર યોગ્ય ન જણાયો એટલા માટે તેમણે પોતાના માટે હનફિયત તથા અહલે સુન્નતનું ટાઈટલ અપનાવી લીધું અને જેમ જેમ મોકો મળ્યો તેમ મૂળ સાવચેતીથી અને ગુપ્તતા (બનાવટખોરી)થી કામ લીધું. દારુલ ઉલૂમ દેવબંદના જાહેર જલ્સાના પ્રસંગે મોલ્વી અશ્રફઅલી થાનવીને દેવબંદના મોટેરા આલિમોએ આ પ્રમાણેની હિદાયત કરી :–

''આપણી જમાઅતની મસ્લેહતના માટે હુઝૂર સરવરે આલમ ﷺ





ના ફઝાઈલ બયાન કરવામાં આવે જેથી આપણા મજમા પર જે વહાબિયતની શંકા છે તે દૂર થાય અને મોકો પણ સારો છે કેમ કે અત્યારે વિવિધ તબકાના લોકો મૌજૂદ છે.'' *(અશ્રફુસ્સવાનેહ, ભાગ–૧, પેજ–૭૬)*

આ જ બગડતા સંજોગોમાં દેવબંદીઓએ પોતાના મઝહબ પ્રથમ બાનીના હવાલાથી એટલે સુધી લખી નાખ્યું હતું કે :–

> ''મુહમ્મદ અબ્દુલ વહાબ નજદી કેમ કે બાતિલ ખયાલો તથા ફાસિદ અકીદાઓ ધરાવતો હતો એટલા માટે તેણે અહલે સુન્નતના કત્લ તથા જંગો કર્યા. તે એક જાલિમ તથા બાગી ખૂંખાર તથા ફાસિક શખ્સ હતો.''
>
> **હવાલો** : *મોલ્વી હુસૈન અહમદ મદની, અશ્શહાબુષ્ષાકિબ, પેજ–૨૦, પ્રેસ : દેવબંદ*

મોલ્વી અસદ મદનીના પિતા હુસૈન અહમદ મદનીના આ શબ્દો વહાબિયતની ગુમરાહી તથા બદ્દીનીનું બૂમો પાડી પાડીને એલાન કરી રહ્યા છે. એ તેમના ચહેરાનું બીજુ સ્વરૂપ હતું. પરંતુ જ્યારે અંગ્રેજોના પીઠબળથી સંજોગો સુધર્યા અને સઊદીઓએ વહાબિયતના ફેલાવા માટે પેટ્રો ડોલરના દરવાજા ઉઘાડી નાખ્યા તો દેવબંદીઓએ ફરી પાસુ બદલ્યુ અને ફરી ત્રીજા રંગરૂપમાં દેખાવા લાગ્યા.

દેવબંદના સ્તંભોમાંના મોટા આલિમ રશીદ અહમદ ગંગોહીનો ફત્વો રજૂ કરીએ છીએ :–

> ''મુહમ્મદ બિન અબ્દુલવહાબને લોકો વહાબી કહે છે, તે સારો માણસ હતો. સાંભળ્યું છે કે હંબલી મઝહબ ધરાવતો હતો અને હદીષોનો આમિલ હતો, બિદઅત અને શિર્કથી રોકતો હતો.''
>
> **હવાલો** : ફતાવા રશીદિયહ્, ભાગ–૩, પેજ–૭૯

આં જનાબ પોતાના અન્ય એક ફત્વામાં લખે છે :–

''અત્યારે આ એરીયામાં વહાબી સુન્નતોના તાબેદાર અને દીનદારને કહે છે.'' *(ફતાવા રશીદિયહ, ભાગ–૨, પેજ–૧૧)*

''અશ્રફુસ્સવાનેહ''ના સંપાદક લખે છે :–

"કાનપૂરની જામેઅ મસ્જિદમાં મોલ્વી અશ્રફઅલી થાનવી સાહબે ન્યાઝ લાવનારી સ્ત્રીઓને કહ્યું, ભાઈ ! અહીં વહાબી રહે છે, અહીં ન્યાઝ ફાતેહાના માટે કાંઈ ન લાવ્યા કરો."

**હવાલો** : અશ્રફુસ્સવાનેહ, ભાગ–૧, પેજ–૪૫

"અશશહાબુષ્ષાકિબ"માં હુસૈન અહમદ મદનીએ મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબ નજદી અને વહાબિયતની ચળવળની વિરૂધ્ધ સ્થિતિથી અસર પામીને જે ખયાલો પ્રદર્શિત કર્યા હતા તો તેમનો એક અનુયાયી સ્થિતિ બદલવાથી તેમનાથી પરહેઝ કરતા આ પ્રમાણે લખે છે :–

"અશશહાબુષ્ષાકિબના લખાણનો અંદાજ ખરેખર નાપાસંદીદા અને પરહેઝને પાત્ર છે બલ્કે આપણા વહાબીઓના અન્ય પણ બુઝુર્ગોથી ક્યાંક ક્યાંક માનવ સ્વરૂપ હોવાના હિસાબે શબ્દો તથા અંદાઝમાં એવી લગઝિશો થઈ ગઈ છે, એમને સુધારણાને પાત્ર કહેવું જોઈએ." *(તજલ્લી દેવબંદ, ફેબ્રુ, માર્ચ–ઈ.સ. ૧૯૫૯, પેજ–૮૪)*

જોઈ રહ્યા છો તમે ! આ પૈસાના પૂજારીઓની કરિશ્મા સાઝી અને તકસાધુપણુ ! બદલાતા સંજોગો સાથે કેટલા પ્રપંચપૂર્વક આ લોકો પોતાના અકીદા તથા ફત્વા બદલતા રહે છે, પરંતુ તેમના ખૂદ ઘડી કાઢેલા બુઝુર્ગોએ જે શાને રસૂલમાં ગુસ્તાખીઓ કરી છે તેના માટે હજાર સમજાવટ તથા ચેતવણીઓ છતાં તેનાથી તૌબા તથા પાછા પલટવા (રજૂઅ કરવા)નો, તેનાથી પરહેઝ કરવાની તથા અલિપ્ત થવાથી આજ સુધી તૌફીક નથી થઈ.

આ સંજોગોમાં દેવબંદીઓએ આરબોથી મદ્રસાઓ તથા મસ્જિદોના નામ પર ખૂબ દૌલત પ્રાપ્ત કરી અને હિંદ તથા પાકિસ્તાન અને નેપાળ તથા બાંગલા દેશમાં તેમણે ખૂબ બિલ્ડિંગો બંધાવી અને એશ તથા ઈશ્રતમાં (મોજ મજામાં) ઓધના નવાબોને પણ પાછળ બેસાડી દીધા અને સઊદી નવાઝિશ તથા ખૈરાતનો આ ક્રમ ઈ.સ. ૧૯૯૧ સુધી પૂરા જોરશોર સાથે ચાલુ રહ્યો.

ઈ.સ. ૧૯૯૧ માં જ્યારે અખાતી યુદ્ધ થયું અને સઊદીઓએ અમેરિકી ફૌજોને તેમની તમામ હરામ ચીજોની સાથે હિજાઝ મુકદસમાં





બોલાવ્યા તો અખંડ ભારતમાં એક દેવબંદી મોલ્વીએ પણ તેની હિમાયત ન કરી. ત્યારબાદ ગૈર મુકલ્લિદો વહાબીઓએ અરબોને એ ઠસાવ્યું કે દેવબંદી નમક હલાલ નથી, અરબોના અબજો રૂપિયા વસૂલ કરીને પણ તેઓ જરૂરતના સમયે કામ ન આવી શક્યા. ગૈર મુકલ્લિદોને આ મોકાની તલાશ વરસોથી હતી, તેઓ પહેલેથી એવું ચાહતા હતા કે અરબોની સર્વ ખૈરાત અમને મળે, કેમ કે ભારતખંડમાં તેમના સાચા વારસ અમે જ છીએ. પોતાના એ મકસદની પ્રાપ્તિના માટે તેમણે વિવિધ કિતાબો લખાવીને સઊદીયાથી પ્રકાશિત કરાવી "અલ્ કૌલુલ બલીગ ફીત્તહઝીરિ મિન્ જમાઅતિત્તબ્લીગ"માં તબ્લીગ જમાઅતમાં રહેલી ખામીઓને ઉઘાડી પાડી અને સઊદી અરબિયામાં તબ્લીગી જમાઅત પર પાબંદી લાગુ કરી. દેવબંદી શૈખુલ હિંદના કુર્આનના તર્જુમા તથા મોલ્વી ઉષ્માનીની તફસીરો પર પણ પાબંદી લગાડી દીધી. તેમણે "અદ્દેવબંદિયહ્ તઅરીફહા અકાઈદહા" નામની કિતાબ પણ સઊદીયા અરબિયાથી પ્રકાશિત કરાવી દીધી છે એમાં (એક નદવીના કથનાનુસાર) દેવબંદી મોલ્વીઓને મુશ્રિક, બિદઅતી તથા બદ્અકીદા સાબિત કરવામાં આવ્યા છે. *(ઈફકારે મિલ્લી, જૂન–૨૦૦૧, પેજ–૨૨)*

આ કિતાબથી ખરેખર દેવબંદી આલિમોની કેટલાક અંશે તસવીર સામે આવી ગઈ છે. એનાથી દારુલ ઉલૂમ દેવબંદમાં એકવાર ફરીથી ધરતીકંપ આવી ગયો છે અને તેની હાલતો ઉલટપુલટ થઈને રહી ગઈ છે.

હવે જ્યારે સઊદીએ પોતાના તે બેવફા નમકખોરોને ધુત્કારી કાઢયા અને દારુલ ઉલૂમ દેવબંદના સહેનમાં પડનારી પેટ્રોલની ધાર રોકી દેવામાં આવી તો દેવબંદી વિચાર ક્ષેત્રના મોટેરાઓ તથા નાનાઓએ ફરી જીભ તથા કલમના તેવર બદલી નાખ્યાં અને અત્યારે "ખસીયાણી બિલાડી થાંભલાને કરડે"ની કહેવત એમના બરાબર ફીટ બેસે છે, પોતાના પૂરાણા મોહસિન ગૈર મુકલ્લિદોના હવાલાથી તર્જુમાને દેવબંદના નીચેના લખાણનો અભ્યાસ કરો. નદીમ વાજેદી સાહબ ઘણા જ ધામધુમ સાથે લખે છે :–

"અંગ્રેજોએ સુન્નતની પયરવી તથા હદીષ પર અમલના નામ પર શરૂ થનારી એક એવી ચળવળની સરપરસ્તી કરી જે હકીકતમાં ફિકહમાં

આઝાદી ભરી રવિશની ખ્વાહિશ ધરાવતી હતી, તેને કોઈ એક મુજતહિદ ઈમામની ફિકહની પાબંદીઓમાં જકડાઈ રહેવું માન્ય ન હતું. પહેલાં આ તેહરીકથી સંકળાયેલા લોકો મુવહ્‌હિદીન કહેવાતા હતા પછી અંગ્રેજોએ પોતાની વફાદારીના ઈનામના રૂપે એમને એહલે હદીષના લકબ વડે સરફરાઝ ફર્માવ્યા અને હવે તે આખા જગતમાં આ લકબને પદવી રૂપે છાતી પર સજાવીને એવી રીતે ફરી રહ્યા છે જાણે પૃથ્વીના પટ પર હદીષના સાચા ગુલામ અને મુહાફિઝ છે તો એ જ લોકો છે.'' *(તર્જુમાને દેવબંદ, પેજ–૩, એપ્રિલ–૨૦૦૧)*

થોડીક લીટીઓ પછી લખે છે :–

''ગૈર મુકલ્લિદિયત જેને તે લોકો હવે સલફિયત ગણાવવા લાગ્યા છે એ આ યુગનો સૌથી મહાન ફિત્નો છે, એ ફિત્નાનું માથુ કચુંડવું અને આવનારી નસલોને ગૈર મુકલ્લિદિયતના લપસણા ફિત્નાથી દૂર રાખવાની જદ્દો જેહદ કરવી એ સમયનો તકાઝો છે. ખુદાના ફઝ્‌લથી આપણી જમાઅતો સમયનો આ તકાઝો સમજી ગઈ છે. *(હવાલો ઉપર મુજબ, પેજ–૪)*

પરંતુ અફસોસની વાત એ છે કે દેવબંદી વિચારક્ષેત્રએ સમયનો એ તકાઝો સઊદી પેટ્રોડોલર બંધ થયા પછી સમજ્યો ! કાશ ! અકીદા તથા ખ્યાલની ગૈરત તથા તરફદારીના પાયા પર આ તકાઝાને સમજત તો એક સદી પહેલાં જ ન કેવળ તેમના સંબંધો કટ કરત બલ્કે દેવબંદિયતથી તૌબા કરીને અહલે સુન્નત વ જમાઅતમાં પ્રવેશી ગયા હોત. અને આ બગડેલા સંજોગોમાં આટલા ચહેરા ન બદલવા પડત. પણ એ હકીકત હવે સૌની સમક્ષ ખુલ્લી થઈ ગઈ કે એ **દીની મિત્રતા ન હતી પણ માલી મિત્રતા હતી** અને લાલચ તથા હવસની આદી અને ઝર પરસ્ત જમાઅતોનો આવો જ અંજામ થાય છે.

દેવબંદી વિચારક્ષેત્રના મોલ્વી નૂરુદીન નૂરુલ્લાહ આઝમી લખે છે :

''ગૈર મુકલ્લિદિયત વર્તમાનકાળનો ઘણો જ મહાન ફિત્નો છે. કુર્આન તથા હદીષનું નામ લઈને આ જમાઅતે ઈસ્લામની શરીઅત પર, કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહ પર, ફકીહો તથા મુહદ્દિષો પર, ઔલિયા અલ્લાહ અને બુઝુર્ગાને દીન પર છાપો મારવાની દોડધૂપમાં





પોતાની પૂરી શક્તિ કામે લગાડી દીધી છે. અરબોની પુષ્કળ દૌલત તેઓને મળી રહી છે જેનો તેઓ નાજાઈઝ ફાયદો ઉઠાવી રહ્યા છે. અરબો બીચારા પોતાના ભોળપણામાં તેમને ઈસ્લામ ધર્મ તથા કિતાબ તેમજ સુન્નતના ખાદિમ સમજીને તેઓએ પોતાની દૌલત તેમના માટે વહાવી દીધી છે, તેઓને શું ખબર કે જેમને તમે રહનુમા સમજ્યો છે તે ડાકૂ છે, તે દીન પર છાપો મારી રહ્યો છે.'' *(નૂરુદ્દીન આ'ઝમી, મુકદ્દમા ઔર ગૈર મુકલ્લિદીનકી ડાયરી, પેજ–૧૨)*

મોલ્વી નૂરુદીન આ'ઝમીના કથનાનુસાર ગૈર મુકલ્લિદિયત વર્તમાનકાળનો ઘણો જ મહાન ફિત્નો છે અને ગૈર મુકલ્લિદો ડાકૂ છે. તદ્દન સાચુ છે, અમે પણ તમારું સમર્થન કરીએ છીએ, પરંતુ આવું કાંઈ પણ ન હતું જ્યાં સુધી તમે પણ અરબોની દૌલતમાં બરાબરના ભાગીદાર હતા, બલ્કે તમારા બુઝુર્ગોની નજરમાં આ જ ગૈર મુકલ્લિદો (વહાબીઓ) દીનદાર તથા સુન્નતના પાબંદ હતા ! આઝમી સાહબે સઊદી વહાબીઓના સંબંધે ઘણો નમ્ર લહેજો અપનાવ્યો છે, લાગે છે તેઓ હજી કાંઈક આશા બાંધીને બેઠા છે ! પણ આ'ઝમી સાહબ માટે અમારો મશ્વરો છે કે એ ઉમ્મીદ છોડી દો ! સંજોગો હવે તમારા માટે તદ્દન યોગ્ય નથી.

અને આ કોઈ દેવબંદી વ્યક્તિનો વ્યક્તિગત ખયાલ નથી બલ્કે પૂરી દેવબંદી લોબી અત્યારે પોતાના દૂધ ભાઈની વિરૂધ્ધ લડવા સજ્જ થયેલા છે. ૨–૩ મે ઈ.સ. ૨૦૦૧ના રોજ નવી દિલ્હીમાં જમીઅતે ઉલમાએ હિંદે રાષ્ટ્ર કક્ષાએ તહફફૂઝે સુન્નત કોન્ફરન્સ બોલાવી અને સર્વાનુમતે ગૈર મુકલ્લિદોની વિરૂધ્ધ ઠરાવો મંજૂર કર્યા. નીચેના લખાણમાં કોન્ફરન્સના પ્રમુખ અસદ મદનીના પ્રમુખ સ્થાનેથી પ્રવચનની અમુક વાતો રજૂ કરીએ છીએ તેને વાંચો અને તકસાધુપણાને દાદ આપો :–

કોન્ફરન્સના પ્રમુખ મોલ્વી અસદ મદની જણાવે છે :–

''મુસલમાનોની પડતીના સમયે જ્યારે સામ્રાજ્યવાદી સાઝિશો હેઠળ મુસ્લિમોની જમાઅતમાં મતભેદ તથા વિખવાદ પેદા કરવાના હેતુથી મઝહબી ફિર્કાબંદીઓનો ક્રમ શરૂ કરવામાં આવ્યો તો ઈસ્લામી ફિક્હ તથા ઈસ્લામના ફકીહો ખાસ કરીને ઈમામે આ'ઝમ અબૂ હનીફા અને તેમના અનુયાયીઓ તથા મુકલ્લિદોની વિરૂધ્ધ તકલીદના ઈન્કારનો

નારો લઈને એક નવા ફિર્કાએ માથુ ઉઠાવ્યું હતું.

ખૂદ એ ફિર્કાના અગ્રગણ્ય આલિમોનાં લખાણો પરથી નીચે મુજબની બાબતો સાબિત થાય છે :–

- આ એક નવો ઉદ્‌ભવ પામેલો અલ્પ સંખ્યા ધરાવતો ફિર્કો છે.
- આ ફિર્કો પોતે પોતાને અહલે હદીષ બતાવે છે જ્યારે કે તમામ મુસલમાન તેને ગૈર મુકલ્લિદ વહાબી તથા લામઝહબ કહે છે.
- આ ફિર્કો પોતાના સિવાય સર્વ મુસલમાનોને સુન્નત તથા શરીઅતના વિરોધી સમજે છે.
- આ ફિર્કો સુન્નતની પયરવીના દાવામાં જૂઠો છે કેમ કે સલફ તથા ખલફની (આગલા તથા પાછલા બુઝુર્ગોની) વર્ણન કરેલી અને અમલમાં મૂકાયેલી હદીષોને પણ વિના કારણે રદ કરે છે.
- સહાબીઓના કથનો આ ફિર્કાની દષ્ટિએ કાનૂનની શક્તિથી ખાલી બેનૂર કથનો છે.
- આ ફિર્કો ઈજમાઈ પામેલા મસાઈલની પણ પરવા નથી કરતો.
- આ ફિર્કો સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો) અને મરફૂઅ હદીષો વગેરેથી સાબિત કુર્આની તફસીરોના મુકાબલામાં પોતાની મનમાની તફસીરોને અગ્રતા આપે છે.
- બસ રફએ યદૈન, જોરથી આમીન કહેવું વગેરે વિવિધ પ્રકારની હદીષો પર અમલ સુધી અહલે હદીષ છે. આદાબ તથા સુન્નતો તથા અખ્લાકે નબવીના સંબંધે હદીષો સાથે તેને કાંઈ લેવાદેવા નથી.
- આ ફિર્કો મુજતહિદ ઈમામો તથા ઔલિયા અલ્લાહની શાનમાં બેઅદબી તથા ગુસ્તાખી કરે છે. *(દૈનિક રાષ્ટ્રિય સહારા, નવી દિલ્હી, ૧૩–મે–૨૦૦૧)*

નજીકના ભૂતકાળમાં "અદેવબંદિયહ્" નામની તાલિબુર્રહ્‌માન સલફી નામના ગૈર મુકલ્લિદે એક કિતાબ લખી છે જેનો અરબી અનુવાદ અબૂહસ્સાન નામના કોઈ ગુમનામ ગૈરમુકલ્લિદે કર્યો છે જે દારુલ કિતાબ વસ્સુન્નહ કરાચીથી પ્રસિદ્ધ થઈ છે. એ અરબ દેશો ખાસ કરીને સઊદી અરબમાં કશીય રોકટોક વિના વેચવામાં આવી રહી છે અને એક ચળવળ





બનાવીને હિજાઝના શયખો તથા નજદ અને સરકારી ઓફિસો સુધી પહોંચાડવામાં આવી છે. આ ફિત્નાઅંગેઝ કિતાબમાં દેવબંદી વિચાર ક્ષેત્રના મર્કઝી દારુલ ઉલૂમ દેવબંદના બારામાં લખવામાં આવ્યું છે કે, "દારુલ ઉલૂમ દેવબંદ સુન્નતે રસૂલ ﷺ સાથે જંગ કરનારો ઈદારો છે અને આપના તરીકાને ફેંકી દેનારો છે. એનો પાયો રસૂલુલ્લાહ ﷺ ની નાફર્માની પર રાખવામાં આવ્યો છે." *(અદેવબંદિયહ, પેજ–૯૮)*

- દેવબંદીઓના કથનો તથા અમલો અને પ્રસંગો ઉઘાડી નિશાની છે કે એમનામાં જાણે કે અજાણે શિર્ક પ્રવેશી ગયું છે અને તેઓ મક્કાના મુશ્રિકોથી પણ આગળ નીકળી ગયા છે. *(અદેવબંદિયહ, પેજ–૭૨)*
- દેવબંદી આલિમો તૌહીદના અકીદાથી તદ્દન ખાલી છે અને લોકોને ધોકો આપે છે કે તેઓ તૌહીદના ઝંડાધારી છે.
- હઝરત શૈખુલ હિંદ قدس سرہ પર કુર્આનમાં ફેરફાર કરનાર, ઉઘાડા કુફ્રમાં સપડાયેલો અને અલ્લાહ પર સ્પષ્ટ જૂઠ બોલનાર જેવા આક્ષેપો લગાડવામાં આવ્યા છે. *(અદેવબંદિયત, પેજ–૨૬૬)*
- હઝરત શૈખુલ ઈસ્લામ મૌલાના મદની નૂરલ્લાહ મરકદહૂને **વયલક યા મુશ્રિક** (હે મુશ્રિક ! તારા માટે બર્બાદી થાય !)થી સંબોધવામાં આવેલ છે. પછી આપની શાનમાં એવી વાતો કહેવામાં આવી છે જેને લખવા કલમ તૈયાર નથી. જણાવેલ કિતાબનાં પેજો ૨૫૩, ૨૨૩, ૧૭૧, ૧૯૦ વગેરે ખૂદ જોઈ લો. *(દૈનિકપત્ર રાષ્ટ્રિય સહારા, નવી દિલ્હી, ૧૩–મે–ઈ.સ. ૨૦૦૧)*

હવે નીચેના લખાણમાં ઉપરોક્ત "તહફફૂઝે સુન્નત" કોન્ફરન્સના અમુક ઠરાવો જોઈ લો :–

**અલ્ જામિઅતુલ ઈસ્લામિયા મદીના મુનવ્વરા**ની વિશાળ તથા ફેલાયેલી તા'લીમો તર્બિયતની ગોદ હવે તંગ થઈને એક ખાસ વિચારક્ષેત્રના માટે સીમિત થતી જાય છે અને **જે ઈદારો કુર્આન તથા હદીષ અને ઈસ્લામી ઈલ્મોની તબ્લીગ તથા પ્રચાર અને સહીહ ઈસ્લામોની તા'લીમ તથા સમજ માટે સ્થાપવામાં આવ્યો હતો આ જે તે જ તા'લીમી તથા દીની ઈદારાથી મુસલમાનોને દીને**

**ઈસ્લામથી ખારિજ કરવાનું કામ લેવામાં આવી રહ્યું છે.** આજે આ ઈદારા પર મુજતહિદ ઈમામોની તકલીદથી બેઝાર (બેપરવા) લોકોનું વર્ચસ્વ થઈ ગયું છે અને આ તકલીદના મુન્કિરો આ તા'લીમી તથા દીની ઈદારા થકી મુસલમાનોને પોતાના ગુમાનમાં ઈસ્લામથી ખારિજ કરી દેવાનું કામ લઈ રહ્યા છે. જેમ કે નજીકના ભૂતકાળમાં અલ્‌જામિઅતુલ ઈસ્લામિયાના એક ફાઝિલ શમ્સુદીન અફઘાનીને "જહૂદ ઉલમાએ હનફિયા ફી ઈબ્તાલિ અકાઈદિ કુબૂરિયહ"ના શિર્ષક હેઠળ લખવામાં આવેલ નિબંધ પર (ડોકટરેટ)ની સનદ અર્પણ કરીને સાબિત થયેલા ઉસૂલથી વિરૂધ્ધતા કરવામાં આવી. બલ્કે ઉલમાએ દેવબંદના ઉર્દૂ લખાણોને સ્વરચિત અરબી સ્વરૂપ આપીને તેને અન્ય હનફી આલિમોથી વિરૂધ્ધ મૂર્તિપૂજક, કુબૂરી તથા મુશ્રિક બતાવવામાં આવ્યા છે. ખાસ કરીને તે અગ્રગણ્ય ઉલમાને જેમની ઈલ્મી તથા દીની ખિદમતોની આગળ અખંડ ભારતના મુસલમાનોની ગરદનો ઝુકેલી છે તેમને નામ દઈ દઈને બિદઅતી અને દીનથી ફરી જનારા કહેવામાં આવ્યા છે.

અને એ જ મુશ્રિકસાઝ (મુશ્રિક બનાવનાર) ફિર્કાના આલિમો આજે અલ્‌જામિઅતુલ્‌ ઈસ્લામિયાના તા'લીમી વિભાગો પર કબજો જમાવેલા છે અને સંકુચિત દષ્ટિ અને આવારા ખયાલોના કારણે મુસ્લિમોમાં વિભાજન કરવાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે અને અલ્‌ જામિઅતુલ ઈસ્લામિયાથી એવા ઉલમા તથા ફાઝિલો દુનિયામાં ચોતરફ મોકલવામાં આવી રહ્યા છે જેઓ પોતાના તે જ ઉસ્તાદોની કાર્યપદ્ધતિ પર આખા વિ□માં મુસ્લિમોમાં વિભાજનનાં બીજો રોપી રહ્યા છે અને ફિત્ના તથા ફસાદ ફેલાવે છે.

એટલા માટે તહફ્ફૂઝે સુન્નત કોન્ફરન્સના આ ઈજલાસનો પ્રતિનિધિ સઊદી હુકૂમતથી માંગણી કરે છે કે આવા ફસાદી બુરાઈ પસંદ તથા ફિત્નાખોર તત્વો અને તેમની કાર્યવાહી પર કડક નજર રાખે અને પોતાના દેશથી થનારી આવી બુરાઈભરી કાર્યવાહીઓથી વિ□ના મુસલમાનોને બચાવે તેમજ પોતાની પાછલી નેકનામીઓ પર આંચ આવે તેવા મોકા પૂરા ન પાડે.

બદ્‌કિસ્મતીથી મોગલ સલ્તનતનો અસ્ત થયા બાદ હિંદની ભૂમિ





પર જ્યારથી અંગ્રેજોનો જબરદસ્ત કબ્જો થઈ ગયો તો રાજનીતિક ક્રાંતિના હંગામામાં દિમાગી ફેરબદલી તથા વૈચારિક આવારાપણાએ પણ માથુ ઉઠાવ્યું અને ઈમામોની તકલીદના ઈન્કારનો નારો લગાડીને કેટલાક લોકોએ હિંદના મુસલમાનોના સદીઓથી વારસાગત ચાલ્યા આવતા તથા પહેલેથી સતત ક્રમ બની રહેલા (મુતવારિષ તથા મુતવાતિર) મઝહબને પોતાની ટીકાઓનું કેન્દ્ર બનાવ્યો. જ્યારે સહાબાએ કિરામ, તાબઈન તથા તબએ તાબઈન અને સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ના દૌરથી મુસલમાનોમાં કોઈ એવા ફિર્કાની ભાળ નથી મળતી જે ગૈર મુજતહિદ હોવાની સાથે ગૈર મુકલ્લિદ પણ હોય. બલ્કે **મુસલમાનોની જમાઅતનો વારસાગત અમલ એ જ ચાલ્યો આવી રહ્યો હતો કે મુજતહિદ કોઈ અન્યની તકલીદને બદલે પોતાના ઈજતેહાદની પયરવી કરતા અને ગૈર મુજતહિદો કશીય આનાકાની વગર મુજતહિદોની પયરવી કરતા હતા.** પરંતુ દિમાગી આવારગીના શિકાર મુટ્ઠીભર લોકોએ મુસલમાનોમાં એક નવા ફિર્કાનો પાયો રાખી દીધો જેનો દરેક બાળક પણ ઈજતેહાદના સ્થાને બિરાજેલ હોય તેમ ગૈર મુકલ્લિદ બની બેઠો અને હદીષના મુન્કિરો અહલે કુર્આનની જેમ નામના પર્દા હેઠળ હદીષ અને સાહિબે હદીષ ﷺ ના દીની તથા શરઈ મકામ તથા મર્તબાનો ઈન્કાર કરી દીધો. આ રીતે **ગૈર મુકલ્લિદોના આ ફિર્કાએ અહલે હદીષના દાવાના પર્દા હેઠળ ઈસ્લામી ફિકહ અને ઈસ્લામી ફકીહોનો ધડમૂળથી ઈન્કાર કરી દીધો** અને ખાસ રીતે એ અમલોના ફેલાવવાની કોશિશ શરૂ કરી દીધી જે મુજતહિદ ઈમામોમાં વિવિધપણે (વિરોધાભાસી) છે અથવા તદ્દન તર્ક થઈ ચૂક્યા છે અને ખૂદ ઈજતેહાદીના ગુમાનમાં મુજતહિદ ઈમામોના દરમ્યાન સર્વસંમતિથી એકમત થયેલ મસાઈલને છેડછાડનું કેન્દ્ર બનાવ્યા. જેના પરિણામે ભારતખંડના મુસલમાનોમાં સદીઓથી ચાલ્યો આવતો મઝહબી ઈત્તેહાદ (ધાર્મિક એકતા) તથા ઈત્તેફાક ચૂર ચૂર થઈ ગયો.

અને આજે પરિસ્થિતિ એ છે કે આ ફિર્કાના જુલ્મી રવૈયાથી ન કિતાબુલ્લાહની તફસીર તથા રસૂલુલ્લાહ ﷺ ની હદીષોની સેહત (સહીહપણુ) મેહફૂઝ છે અને ન સહાબાએ કિરામ તથા મુજતહિદ

ઈમામોનો શરીઅતથી પ્રાપ્ત થયેલો મકામ તથા મર્તબો સુરક્ષિત છે. એટલા માટે આ તહફફૂઝે સુન્નત કોન્ફરન્સ **ગૈર મુકલ્લિદો**ના આ જુલ્મી રવૈયાની ઉઘાડા શબ્દોમાં ટીકા કરે છે અને ઈસ્લામી મિલ્લત ખાસ કરીને આલિમો તથા ફાઝિલોથી અપીલ કરે છે કે તેઓ આ **નવીન ખારજીયત**ની બુરી અસરોથી પોતે પોતાને બચાવીને રાખે અને ભોળાભાળા મુસલમાનોને પણ તેમની બદ્‌માશીથી મહફૂઝ રાખવાના માટે કોઈપણ શક્ય કોશિશથી પાછા ન પડે અને ખુદાઈ ફર્માન وجادلهم بالتی هی احسن ને સામે રાખીને એ **ફિર્કાની જમીનના રંગ જેવી બિછાવેલી જાળથી** ઉમ્મતને સાવધાન કરતા રહે.

તહફફૂઝે સુન્નત કોન્ફરન્સનો આ અઝીમુશ્શાન ઈજલાસ તમામ મુસલમાનોથી અપીલ કરે છે કે મુવહ્‌હિદ, સલફી, અહલે હદીષ અને અન્ય વિવિધ નામોથી ગૈર મુકલ્લિદો જે મુકલ્લિદોના ચાર ઈમામો ખાસ કરીને ઈમામે આ'ઝમ અબૂ હનીફાની વિરૂધ્ધ ખૂબ જ સખ્ત જુલ્મી પ્રોપેગન્ડાની ચળવળ ચલાવી રહ્યા છે તેનાથી સાવધાન રહે અને ઈમામોની તકલીદ જેના પર દરેક દૌરમાં આખી ઉમ્મતનો ઈજમાઅ રહ્યો છે. અને ખાસ કરીને આ દોરમાં એના વગર આપણા દીનની હિફાઝત જ અશક્ય છે, એના બારામાં ગૈર મુકલ્લિદોની પ્રપંચજાળોથી કોઈ રીતે પ્રભાવિત ન થાય. એમના હથિયારોમાંથી એક હથિયાર એ પણ છે કે તેઓ માલ ખર્ચ કરીને અને ઠેક ઠેકાણે મદ્રસાઓ અને તા'લીમી ઈદારાઓ સ્થાપીને પોતાની બુરાઈના ફેલાવવામાં પ્રવૃત્ત છે **એટલા માટે આપણે મુસલમાનોએ સંપૂર્ણપણે સાવચેતી રાખવી જોઈએ કે આપણા નાનાં નાનાં બાળકો અને બાળકીઓને તેમના ઈદારાઓમાં હરગિઝ દાખલ ન કરે નહીં તો તે લોકો એ નિર્દોષ બાળકોની ઝહનસાઝી (બ્રેઈન વોશ) કરીને આપણી નસ્લોને દીનથી દૂર કરી દેશે.** *(હવાલો ઉપર મુજબ)*

ઉપરોક્ત લખાણના અભ્યાસ પરથી એ સ્પષ્ટ થઈ ગયું કે **દેવબંદી વિચારક્ષેત્ર અત્યારે ગૈર મુકલ્લિદોને અંગ્રેજની ઉપજ અને ગુમરાહ બદ્‌દીન સમજી રહ્યા છે. એ હકીકતથી પણ ઈન્કાર નથી થઈ શક્તો કે આ તમામ હુકમો તથા ગમ તથા ગુસ્સો**





**દીની તકાઝાઓને લક્ષમાં રાખીને નથી બલ્કે માલની ચાહતના તકાઝાઓના હેઠળ છે, નહીં તો ગંભીરપણે વિચારણા કરતો તબકો આજે પણ એનો દાઈ છે કે બંને વચ્ચે (એટલે એહલે હદીષ તથા દેવબંદી વચ્ચે) મતભેદ ઉસૂલી નથી બલ્કે ફુરૂઈ છે.** જમીઅતુલ ઉલમાએ દેવબંદના તર્જુમાન મૌલાના અબ્દુલ મજીદ નોઅમાનીનું કહેવું છે કે, "બંને પક્ષોની વચ્ચે મશ્હૂર વિવાદી મસાઈલમાં મતભેદો અસલમાં રાજેહ તથા મરજૂહમાં જ છે." કેટલાક દેવબંદી આલિમો ગૈર મુકલ્લિદોના વિરૂધ્ધ આ દેવબંદી ચળવળને દેવબંદની સ્થાપ્નાના હેતુથી વિરૂધ્ધ ગણે છે. એમની આ વિચારદૃષ્ટિ પણ નિઃશંક ! હકીકત પર આધારિત છે, કેમ કે દેવબંદનો પાયો વહાબિયતની તબ્લીગ તથા પ્રચારના માટે જ રાખવામાં આવ્યો છે અને બંનેનું બાની અંગ્રેજ સામ્રાજય છે. ઈફકારે મિલ્લી, ઝાકિરનગર, દિલ્હીના હાલના વર્તમાનપત્રમાં દેવબંદી ઉલમાના આ રવૈયા (વલણ) પર ગમ પ્રદર્શિત કરતાં તેના એક રુકન લખે છે :–

"બુરી હરકત ચાહે કોઈ પણ વર્તુળ તરફથી થતી હોય અને એનું નિશાન કોઈ પણ બનતુ હોય આપણા માટે ચિંતાની વાત એ છે કે આ પ્રકારના અમલમાં આપણી શક્તિઓ વેડફાઈ જાય છે અને આ દુઃખી તથા મજબૂર ઉમ્મતને પોતાના મૂળ એજન્ડા પર કામ કરવાનો મોકો નથી મળતો. અને આપણી શક્તિ આપસમાં ઉલઝીને રહી જાય છે, અને કેવા સમયે જ્યારે ઉમ્મત પોતાના વજૂદ માટે જંગ લડી રહી છે ત્યારે ખૂદ પોતાની વિરૂધ્ધ એક ખતરનાક લડાઈ ક્ષેત્ર ખોલી નાખ્યું છે ! શું તેમને ખબર નથી કે દેવબંદના બાનીઓએ મદ્રસો એટલા માટે સ્થાપ્યો ન હતો. દેવબંદવાળાએ જો એ મકસદથી પીઠ ફેરવી લીધી છે તો એ આ ઉમ્મતના માટે કે મહાન સદમો આપનાર પ્રસંગ બનશે." *(રાશિદઅલી સાઝ, અલીગઢ, ઈફકારે મિલ્લી, દિલ્હી, જૂન–૨૦૦૨, પેજ–૪)*

આ લખાણના પાછળ **કલમકારના ઝમીરનો અવાજ** સાફ સંભળાઈ રહ્યો છે કે **આપણો દારુલ ઉલૂમ વહાબિયતની જે નિશ્ચિત રેખાઓ પ્રમાણે કામ કરવાના માટે અસ્તિત્વમાં આવ્યો હતો,** તો આજે દેવબંદના આલિમો માલ પ્રાપ્તિ ખાતર તે અમલ માટેની રેખાએથી

હટવાનો માર્ગ અપનાવી રહ્યા છે અને આપણા અંગ્રેજ સરપરસ્તો અને સઊદી આકાઓએ અમલના મેદાનમાં ઉતરતા પહેલાં બંને ગૃપોને જે એજન્ડો સુપ્રત કર્યો હતો તો આપસમાં ટકરાવ કરી તે મકસદથી પીઠ ફેરવી રહ્યા છે અને આ ટકરાવ અકીદા કે ખયાલના મતભેદના પાયા પર નથી, બલ્કે :–

સબબ કુછ ઔર હૈ તૂ જિસકો ખૂદ સમઝતા હૈ !

આ ગુપ્ત રહસ્ય પરથી પર્દો ઉઠાવતાં તેમનો એક કલમકાર આ પ્રમાણે લખે છે તેને વાંચો અને માથુ ધુણો :–

"શું એવું તો નથી કે આ મતભેદથી કોઈનો આર્થિક લાભ સંબંધિત હોય !" ઈદારા ઉમૂરે મસાજિદ દિલ્હીના નાઝિમ મૌલાના અબ્દુલ્લાહ તારિક (દેવબંદી) તેનો જવાબ સાબિતી સાથે આપે છે. મુકલ્લિદ અને ગૈર મુકલ્લિદની વચ્ચે ઝઘડાના મસાઈલ ફુરૂઈ (શાખાકિય) છે ઉસૂલી (પાયાના) નથી. તે ઉપરાંત આ ઝઘડાનો સંબંધ મસ્લક સાથે નથી બલ્કે ચંદો તથા પૈસા મેળવવાની ચળવળ સાથે છે. દેવબંદી અકીદો જો ફિત્નો છે તો એ ફિત્નો ભારતખંડમાં છે કે અરબ જગતમાં ! જો તેમણે આ ફિત્નાનો મુકાબલો કરવો હતો તો અહીં કરત, જરૂરત અહીં હતી, અરબી સાહિત્ય લખવાની અને અરબોમાં એને ફેલાવવાની શું જરૂરત ઉભી થઈ ?! *(અતરીફ શહબાઝ નદવી, ઈફકારે મિલ્લત, દિલ્હી–૨૦૦૧, પેજ–૨૩)*

આ સ્વીકારોની રોશનીમાં એ સ્પષ્ટ થઈ ગયું કે **ઉલમાએ દેવબંદ અને ગૈર મુકલ્લિદોની વચ્ચે મતભેદ અને ઝઘડાની આ મૌજૂદા પ્રવૃત્તિઓ** તથા એકબીજાને ગુમરાહ તથા બદ્અકીદા લખવાની અને કહેવાની આ સર્વ કોશિશો અકીદા તથા ખયાલના પાયાના મતભેદોને લક્ષમાં રાખીને નથી બલ્કે **તેનો પાયો કેવળ સઊદી ખૈરાત છે !** બંનેની નજરો સઊદી તિજારીઓ પર ખોડાયેલી છે. ઉલમાએ દેવબંદને જ્યાં સુધી બરાબર ભાગ મળતો રહ્યો ત્યાં સુધી પોતાને વહાબી કહેવું વિશેષતાનું સમજતા રહ્યા અને "અત્તૌહીદ" તથા "તકવિયતુલ ઈમાન" વગેરે હનફિયતને તોડનાર તથા ઈસ્લામ દુશ્મન કિતાબોની તબ્લીગ તથા ફેલાવો કરતા રહ્યા, બલ્કે એ કિતાબોને પોતાના મદ્રસાઓમાં પઢાવતા રહ્યા અને તન મનથી ગૈર મુકલ્લિદોને મોટા ભાઈઓની જેમ ગળે





લગાડતા રહ્યા, નહીં તો શું કારણ છે કે આજ સુધી ગૈર મુકલ્લિદ ઉસ્તાદો તેમના મદ્રસાઓમાં તદરીસ તથા તર્બિયતની ખિદમત અંજામ આપતા રહ્યા અને ગૈર મુકલ્લિદ વિદ્યાર્થીઓ ધૂમધામથી તેમની દર્સગાહોમાં પઢતા રહ્યા, તેમની ગુમરાહી તથા બદ્દીની અને અંગ્રેજનવાઝી તેમના મઝહબની કહાણીનો કોઈ નવો રોલ તો છે નથી ! તેઓ પોતાના જન્મ દિવસથી જ પોતાના તમામતર અકીદા તથા અમલમાં મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબ નજદી, ઈબ્ને તૈમિયહ અને ઈસ્માઈલ દહેલ્વીના મુકલ્લિદો છે. સઊદી ખૈરાત બંધ થતાં જ તેમના દીન તથા અમલની ગુમરાહી દેખાવા લાગી ! અને તેમના કુફ્ર અને તેમની બદ્દીનીના ફત્વા બહાર પડવા લાગ્યા ! જ્યારે કે બીજી બાજુથી એ પણ સ્વીકાર છે કે અમારો મતભેદ પાયાનો નથી પણ ફુરૂઈ (શાખાકીય, ઉપર ઉપરનો) છે અને રાજેહ તથા મરજૂહ સુધી સીમિત છે. આજ સુધી જ્યારે તેમની અંગ્રેજનવાઝી અને બદ્દીનીનો ઈઝહાર ઉલમાએ અહલે સુન્નત કરતા હતા તો તેમની તરફદારીમાં છાતી તાણીને દેવબંદીઓ જોવા મળતા હતા અને ગૈર મુકલ્લિદો કરતાં વધારે તો દેવબંદી પેશ્વાઓનાં કલેજાં ફાટવા લાગતાં હતાં ! આજે તે જ વાતો દેવબંદી ગૈર મુકલ્લિદોના માટે લખી રહ્યા છે અને એ જ હાલ ગૈર મુકલ્લિદોનો પણ છે. ઉલમાએ એહલે સુન્નતના ખોલેલ રહસ્યને ગૈર મુકલ્લિદો હથિયાર રૂપે દેવબંદીઓની વિરૂધ્ધ વાપરી રહ્યા છે. **બંને ગૃપોના આક્ષેપો એકબીજાના માટે બિલકુલ સાચા છે અને પોતપોતાના સ્થાને બંનેવ જ ગુમરાહ તથા બદ્દીન છે, બંનેનું ઉગમ બિંદુ વહાબિયત છે.** ઐતિહાસિક વાસ્તવિક્તાઓની રોશનીમાં હવે એ હકીકત કોઈ સમજદાર પર છુપી નથી કે ભારત ખંડમાં વહાબિયતની ત્રણ મોટી શાખો અસ્તિત્વમાં આવી :–

(૧) **કાદયાનિત** (૨) **ગૈર મુકલ્લિદિયત** (૩) **દેવબંદિયત.** અને આ ત્રણેવના અકીદા તથા ખયાલની સમરૂપતાવાળી જમીનમાંથી ઉગનારાં ફળો પણ સમાન છે. એટલે કે (શેઅર) :–

નામ હી કા ફર્ક હૈ કામ તીનોં કે એક

વર્તમાન સંજોગોથી અંદાઝો થાય છે કે **સઊદી રિયાલની પ્રાપ્તિ**

**તથા વહેંચણીમાં અત્યારે ખૂબ જ ખેંચા ખેંચી ચાલી રહી છે** અને નફ્સાની મતભેદો એટલી હદે વધી ચૂક્યા છે કે હવે બંનેના એક થવાની શક્યતાઓ જોવા નથી મળતી, ત્યાં સુધી કે સઊદી રિયાલ ઉલમાએ દેવબંદને ફરી મળવા લાગે. પરંતુ **હવે ગૈર મુકલ્લિદ સઊદી શયખોના દિલો દિમાગો પર એવી રીતે કબજો જમાવી ચૂક્યા છે કે એ સ્થાનો સુધી દેવબંદી આલિમોનું પહોંચવું ઘણુ મુશ્કેલ છે.** એનો બસ એ જ માર્ગ છે કે ઉલમાએ દેવબંદ પોતાની નામ માત્રની હનફિયતથી પાછા ફરીને ગૈર મુકલ્લિદિયતને અપનાવી લે અને એ આ બગડી રહેલા સંજોગોમાં એમના માટે વાંધાજનક પણ નથી. તેનું એક તાજુ દષ્ટાંત વહીદુદ્દીનખાંનું છે જે પોતાની પેદાઈશથી આજ સુધી હનફી અને મુકિલ્લદ હોવાના દાવેદાર હતા પરંતુ એક મહીના પહેલાં તેમણે પોતાની હનફિયતનું મોહરૂ ઉતારી નાખ્યું અને જૂન–૨૦૦૧ ઈ.સ.નો પૂરા "અર્રિસાલા"માં તકલીદના શરઈ તથા રિવાયતી ભાવાર્થની વિરૂધ્ધ લખ્યું છે. આ અંકને "વહીદુદ્દીનખાંની ગૈર મુકલ્લિદિયતની શરૂઆત નંબર !" જ કહેવો દુરુસ્ત ગણાશે. હવે અમે આટલુ કહીને વાત ખત્મ કરીશું કે :–

ઈબ્તેદાએ ઈશ્ક હૈ રોતા હૈ ક્યા ?!
આગે આગે દેખીયે હોતા હૈ ક્યા ?!





# વહીદુદ્દીનખાં સાથે બે વાતો

(લખાણ : જૂન-૨૦૦૧)

મૌલાના ખ્વાજા હસન નિઝામી દહેલ્વી "વહાબિયત" નામથી હિંદુસ્તાની મુસલમાનોમાં વધી રહેલી ગુમરાહી તથા બે દીનીના બારામાં લખે છે :–

"નજદી તથા વહાબીઓ અને હિંદુસ્તાની વહાબીઓમાં એક તફાવત છે. નજદી વહાબી પોતે પોતાને હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલના મુકલ્લિદ કહે છે પણ હિંદુસ્તાની વહાબી કોઈ ઈમામને નથી માનતા અને પૂરી ગૈર મુકલ્લિદીનો દાવો કરે છે અને પોતે પોતાને **અહલે હદીષ**ના નામથી રજૂ કરે છે. હિંદુસ્તાનના અહલે હદીષ તો વહાબિયતના કોઠા પર ચઢેલા છે પણ કેટલાક વહાબી એવા પણ છે જેઓ હજી વહાબિયતની સીડી સુધી પહોંચેલા છે અને તકલીદને માનનારા છે અને એમાંથી અમુક ચિશ્તિયા ખાનદાનથી પીરી મુરીદી પણ કરે છે. તેમને આમ બોલીમાં **દેવબંદી** કહેવામાં આવે છે. એક પ્રકાર વહાબીનો નવો જાહેર થયો છે તેમને **નેચરી વહાબી** કહેવો જોઈએ તેના બાની મૌલાના શિબ્લી હતા." *(નાદાન વહાબી, પેજ–૫)*

ખ્વાજા હસન નિઝામી દહેલ્વીએ ગુમરાહ તથા બદ્દીન વહાબિયતના જે ગુમરાહીના દરજ્જા છે તે પોતાના દૌરમાં લખી જણાવ્યા હતા. આ લાંબા અરસામાં વહાબિયતની આ ત્રણેવ શાખોએ પોતાની ગુમરાહ કરનારી રેખા પર આશ્ચર્યજનક પ્રગતિ કરી છે. દેવબંદી ગૃપના મોલ્વી બશીર અહમદ ફકીર વાલી જિ. બહાવલ નગર હિંદુસ્તાની વહાબીઓની પેદાઈશ અને તેમની ગુમરાહિયતની પ્રતિ કૂચ કદમના છુપા રહસ્યને ઉઘાડતાં લખે છે :–

"ગૈર મુકલ્લિદો (વહાબી) અંગ્રેજોની અતા કરેલ ધાર્મિક આઝાદીના પરિણામે પેદા થયા. અંગ્રેજોના હેતુઓ તથા લક્ષો અને ઈચ્છાઓની

પરિપૂર્ણતાના માટે આગળ વધ્યા અને બાતિલ વિવિધ મેદાનોએથી ઈસ્લામના વૃક્ષ પર પથ્થરમારો અને ઈસ્લામના કિબ્લા પર ગોળા ફેંકવાના માટે તેમણે રાજી ખુશીથી પોતાની સેવાઓ રજૂ કરી. અને અંગ્રેજ સમક્ષ હાજર થઈને કહ્યું કે **અમે કાદયાનમાં આં જનાબના (અંગ્રેજના) હેતુઓની પૂર્ણતાના માટે જાનની બાજી લગાડવાથી પણ પાછા ન પડીશું, કેવળ જનાબના ભવાંના ઈશારાની જરૂર છે."** *(અહલે હદીષ ઔર અંગ્રેજ, પેજ–૯)*

વહાબિયતના ફિત્નાના ખાસ રુકન આ દેવબંદી વિચારક્ષેત્રના મોલ્વીના ભેદ ખોલવાથી એ હકીકત પણ સ્પષ્ટ થઈ ગઈ કે **હિંદુસ્તાનમાં વહાબિયતના અસલ બાની અને સરપરસ્ત અંગ્રેજ સામ્રાજ્યવાળા હતા, તેમજ એ પણ ઉઘાડુ થઈ ગયું કે વહાબિયતની ઉપરોક્ત શાખોની જેમ કાદયાનિયત પણ વહાબિયતનો પ્રગતિ પામેલ પ્રકાર અને ગૈર મુકલ્લિદિયતની દૂધ બહેન છે.** પરંતુ આ સૌ એ દૌરની વાતો છે જ્યારે વહાબિયત અંગ્રેજ આકાઓના સહારે હિંદની ભૂમિમાં વિકાસ પામવાના માટે હાથ પગ મારી રહી હતી. હવે એ હિંદની મૂળ ઈસ્લામ દુશ્મન ચળવળોનો પણ હાથો બની ચૂકી છે અને તેમના નામ માત્રના રાજકરણી ઉલમા તથા વડીલો વિ□ હિંદુ પરિષદ, બજરંગ દળ તથા આર.એસ.એસ. જેવા હિંદુ કટ્ટરપંથી ગૃપોની તરફદારી તથા તર્જુમાનીમાં પણ પોતાના ચિંતન તથા કલમની સંપૂર્ણ શક્તિ ખર્ચી રહ્યા છે. તેમના મિલ્લત ફરોશો (કૌમના સોદાગરો)ની લાંબી યાદીમાં મોલ્વી વહીદુદ્દીનખાં તંત્રી '''અર્રિસાલા'' તથા સરપરસ્ત ''ઈસ્લામી મર્કઝ દિલ્હી''નું નામ યાદીના ટોચના ક્રમે છે. હવે તેમનું રહસ્યમય વજૂદ અને તેમનાં જાદૂઈ લખાણોનો પાયાનો હેતુ પણ ઘણો જ ઝડપભેર બેનકાબ થઈ રહ્યો છે.

એ હકીકતથી હિંદની ભૂમિનો ક્યો મુસલમાન બેખબર હશે કે સત્તા પરની હિંદુ કૌમો હિંદના મુસલમાનોની સંસ્કૃતિ તથા કલ્ચર અને તેમની ઈસ્લામી માન્યતાઓ તથા ખયાલો પર જે ક્રુરતાપૂર્વક હુમ્લા કરી રહી છે તેનું દષ્ટાંત કોઈ લોકશાહી દેશમાં શોધવા છતાંય પણ નથી મળતું. આ મિસ્ટર તેમની દરેક જાલિમાના રવિશ અને દરેક વૈચારિક છાપામારા





હુમ્લાઓની તરફદારીમાં તેમનાથી પણ બે ચાર કદમ આગળ જોવા મળે છે અને મુસલમાનોની જુલ્મની પીડાથી નીકળતી આહો તથા ખામોશ વિરોધ દર્શાવતા કદમો પર પેહરો બેસાડવાના માટે દરેક સમયે તૈયાર જોવા મળે છે. અને **એટલા છેતરામણા લખાણના અંદાઝમાં પાયા વિનાના કિલ્લાઓ બાંધે છે કે ભોળાભાળા વાંચકો પ્રભાવિત થયા વિના નથી રહેતા. એવું લાગે છે કે મુસ્લિમ દુશ્મન તત્વોએ તેમની જીભ તથા કલમનો જ નહીં ચિંતન તથા ઝમીરનો પણ સોદો કરી લીધો છે.** ભગવા ઝંડાના સાયા હેઠળ ઉછેર પામનાર નામ માત્રના ''ઈસ્લામી કેન્દ્ર''ના સર પરસ્તને ફરજોની અદાયગીના માટે જે અમલી તથા વૈચારિક પ્લાન સુપ્રત કરવામાં આવ્યો છે એમાં મુસ્લિમ કૌમના દિલમાંથી ઈમાની ગૈરત, તા'ઝીમે રસૂલ અને જેહાદના જઝબાને ખોતરી ખોતરીને કાઢવો પ્રથમ હોદ્દાની રૂએ ફરીઝો છે. હિંદુસ્તાની મુસલમાનોના સંબંધે તેમનું કોઈ પણ લખાણ ઉઠાવીને જોઈ લો, સુલહે હુદૈબિયાનું નામ લઈ લઈને વિના મોકાએ અને વિના જરૂરતે સબ્ર તથા સંયમના સબકથી ખાલી નથી હોતી અને એ જ લખાણ દરમ્યાન મસ્લકે જમહૂરના અકીદાઓ તથા મઅલૂમાત પર પથ્થર વર્ષા કરતાં મુસલમાનોના જમહૂરી દષ્ટિ બિંદુ અને કાર્યવાહી તથા અમલને ગલત સાબિત કરવાની કોશિશ કરતા જોવા મળે છે. તેમના લખાણ તથા બયાનના આ વિનાશક વિચારો મુસ્લિમ કૌમના બહાદૂરોની દીની ઉમંગો અને મર્દાનેહૂરની આગેકૂચોને માટે કાતિલ ઝેર સમાન અને અત્યંત વિનાશકારી છે.

**હકારાત્મક તથા રચનાત્મક વિચારો અને સબ્ર તથા સંયમ પ્રદર્શિત કરવું નિઃશંક ! ઈસ્લામની દરખાસ્ત રહ્યો છે પરંતુ તેનો એ મતલબ હરગિઝ નથી કે નિગાહોની સમક્ષ મસ્જિદો જમીનબોસ થતી રહે, મુસ્લિમ પર્સનલ લોને સમાન સિવિલ કોડમાં ફેરવવાની સાઝિશો માથુ ઉઠાવતી રહે, ત્રાસવાદીઓ હિંદની ગવર્નમેન્ટના નાક નીચે કુર્આને અઝીમને આગને સ્વાધીન કરતા રહે, કલમકારો સંસ્કૃતિ તથા ઈતિહાસને બદલતા રહે, શિક્ષણના કોર્સમાં મુસ્લિમ હુકૂમતકાળનો ચહેરો વિકૃત કરવામાં આવતો**

**રહે, આયોજનપૂર્વકના કાવતરાં હેઠળ તોફાનો થકી મુસલમાનોના જાન, માલ ઈજ્જત, આબરૂથી ખેલ ખેલવામાં આવતો રહે, મુસ્લિમ સ્ત્રીઓની ઈજ્જતો લૂંટાતી રહે અને કૌમના નવયુવાન ખામોશ પ્રેક્ષક બનીને તસ્બીહના મણકા "સબર !" "સબર !"નો વિર્દ કરતા રહે !** જો ઈસ્લામનો સબ્રનો તકાઝો આ જ છે **તો બુઝદિલી, ઢીલાપણુ અને ઈમાની બેગૈરતી કઈ ચીજનું નામ છે ?!** જનાબ ! સંજોગો જોઈને અને તદબીરથી કામ લેતાં ટેમ્પરરી ખામોશી અને મસ્લહેત અલગ ચીજ છે. જે કૌમ ટેમ્પરરી પીછેહેઠની સાથે દિલોએથી ઈમાની ગૈરત અને નુકસાનનો એહસાસ પણ કાઢી નાખે છે તે અભાનપણે પૃથ્વીના પટ પરથી નષ્ટ થઈ જાય છે.

વહીદુદ્દીનખાં અત્યારે ચિંતન તથા લેખનની સંપૂર્ણ શક્તિ ખર્ચ કરતાં કૌમને બેઈજ્જતી તથા રુસ્વાઈના તે ખાડા ભણી ધકેલી રહ્યા છે. તેઓ સર્વ કાંઈ તે જ કરી રહ્યા છે જે ઈસ્લામ દુશ્મન તત્વો તેમના થકી કરાવવા ચાહે છે. તેમનો મોટા ભાગનો સમય હિંદુ સભાઓમાં સાધુ સંતોની સાથે પસાર થાય છે. **આ વર્ષે હજ્જની સફર પણ તેમણે ભાજપાની અર્પણ કરેલી ખૈરાતથી કરી છે, પરંતુ તેના કોઈ સમાચાર "અર્રિસાલા"માં ન આવ્યા !** આમ પણ તેઓ ભાજપા તથા આર.એસ.એસ.ની નવાઝિશોનો ઉલ્લેખ ક્યાં કરે છે ! ઉલ્લેખ તો તેઓ પોતાના આકાઓના ઈશારાઓ પર અંજામ પામનાર કારનામાઓનો કરે છે.

આ ચર્ચા પછી મારે આ દર્શાવવાની જરૂરત નથી કે ખ્વાજા હસન નિઝામી પોતાના સમયમાં જે ગ્રુપને વહાબિયતની સીડી પર જોઈ રહ્યા હતા તે હવે આર.એસ.એસ.ના ત્રિશૂલો પર બિરાજમાન છે. આ રીતે દીની અકીદા તથા માન્યતાની ગુમરાહી અને ગુમરાહગરીમાં પણ બેહયાઈ અને હિંમતમાં જે વધારો થયો છે એનો આ સંક્ષિપ્ત લખાણમાં સમાવેશ કરવાનો અવકાશ નથી. હાલ તો આપ એટલુ જાણી લો કે ઈસ્લામી પોશાકમાં તૌહીને રસૂલ ﷺ નું નામ "વહાબિયત" છે એની રોશનીમાં વહીદુદ્દીનખાંથી એક પ્રશ્ન કરવામાં આવ્યો છે જેનું લખાણ બેઠુ નીચે પ્રમાણે છે :–





"અમુક લોકો એવું કહે છે કે તમે હુઝૂરે અકરમ ﷺને અંબિયામાં અફઝલ નથી માનતા ? એની શું હકીકત છે તે મહેરબાની કરી સ્પષ્ટ કરશો. *(અઝ : સૈયદ અહસનુદ્દીન–હૈદ્રાબાદ, અર્રિસાલા, હિ.સ. ૨૦૦૧, પેજ–૩૬)*

આ સવાલથી પહેલાં વહીદુદ્દીનખાં પોતાના લખાણ તથા બયાનમાં હઝરત સૈયદુલ મુરસલીન, ઈમામુલ અંબિયાના અફઝલુલ અંબિયા હોવાનો ઈન્કાર કરી ચૂક્યા છે જેનો ઉલ્લેખ પ્રશ્નકર્તાએ પોતાના પ્રશ્નમાં કર્યો છે. પરંતુ પ્રશ્નનું તેવર જોઈને ઘણા જ ધોકાપૂર્ણ અંદાજમાં જવાબ આપ્યો છે. તેમ છતાં પણ જવાબના લખાણ પરથી રસૂલ દુશ્મનીનું રચેલુ લોહી સાફ જોવામાં આવી રહ્યું છે. દિલો દિમાગની સંપૂર્ણ એકાગ્રતાની સાથે હવે આ જનાબનો જવાબ વાંચો :–

"પૈગંબરે ઈસ્લામ ﷺ નું અફઝલ હોવું એના સ્થાને ખૂદ સિદ્ધ પ્રસંગ છે. અહીં મૂળ સવાલ ખૂદ એ પ્રસંગનો નથી બલ્કે એની તાબીર (અર્થઘટન)નો છે એટલે કે આ હકીકતની કુર્આની દલીલથી (મન્સૂસ) તાવીલ શું છે અને એને પ્રદર્શિત કરવાનો મન્સૂસ તરીકો શું છે ? દા.ત. એ એક સ્વીકૃત પ્રસંગ છે કે દરેક મુસલમાનને રસૂલુલ્લાહ ﷺ થી ખૂબ ઊંડો લગાવ હોવો જોઈએ પણ જેમ કે માલૂમ છે કે આ દિલી કૈફિયતની મન્સૂસ તાબીર "મહબ્બતે રસૂલ" છે, ઈશ્કે રસૂલ એની મન્સૂસ તાબીર નથી.

તા'બીરનો આ જ તફાવત ઉપરોક્ત મસ્અલામાં પણ જોવા મળે છે. કુર્આન તથા હદીષના અભયાસ પરથી માલૂમ પડે છે કે "અફઝલુલ અંબિયા"ની તાબીર કુર્આન અથવા હદીષમાં નથી અપનાવવામાં આવી, દા.ત. કુર્આનમાં ક્યાંય પણ "મુહમ્મદ અફઝલુલ અંબિયા" જેવી કોઈ આયત નથી, એ જ રીતે હદીષમાં "અના અલ્માહી" તો છે પણ હદીષમાં ક્યાંય પણ "અના અફઝલુલ અંબિયા" જેવો કોઈ શબ્દ નથી." *(અર્રિસાલા, મે–૨૦૦૧, પેજ–૬–૧૩૫)*

જોઈ રહ્યા છો તમે વિચારોના આવારાપણાનો શૈતાની નાચ ! લાગે છે કે **વહીદુદ્દીનખાંની કલમની અણી પર શૈતાન બેસી ગયો** છે અને એના જ ઈશારા પર કલમ હલનચલન કરી રહી છે. સરવરે અંબિયા

ફખ્રે કૌનો મકાં, ફખ્રુર્રોસૂલ, ઈમામુલ કુલ, ખાતમુન નબિય્યિન, મુહમ્મદે અરબી ﷺ ના **"અફઝલુલ અંબિયા" હોવા પર એટલી સાક્ષીઓ છે કે હજારો પાનાં રોશન કરી શકાય છે પણ આ જનાબને શોધવા છતાંય કુર્આન તથા હદીષમાં કોઈ કલમો (શબ્દો) જોવા ન મળ્યો** ! જો કૌમની રહબરી આનું નામ છે તો **મઝહબી રહઝની (ડાકૂગીરી)ની નિશાની શું હશે ?** જનાબ ! "અહીં મૂળ પ્રશ્ન ખૂદ એ પ્રસંગનો નથી, બલ્કે તેની તા'બીર (અર્થઘટન)નો છે." એટલે અફઝલુલ અંબિયા કહેવું અને લખવું અસલમાં વહાબિયતની મન્સૂસ (કુર્આની દલીલયુક્ત) તાબીર નથી. સાંભળો ! વહાબિયતની મન્સૂસ તા'બીર શું છે ? ઈમામુલ વહાબિયહ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની તા'બીરોનો અભ્યાસ કરો :–

૧. દરેક મખ્લૂક મોટો હોય કે નાનો તે અલ્લાહની શાનની આગળ ચમાર (મોચી, ખાલ્પા)થી પણ વધારે નીચ છે. *(તકવિયતુલ ઈમાન, પેજ–૧૦)*

૨. જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજનો મુખ્તાર (અધિકારી) નથી. *(તકવિયતુલ ઈમાન, પેજ–૨૯)*

૩. અંબિયા, ઔલિયા નાચીઝ રજકણથી પણ કમતર છે. *(તકવિયતુલ ઈમાન, પેજ–૩૮)*

૪. અંબિયા, ઔલિયા, ઈમામઝાદા, પીર, શહીદ જેટલા અલ્લાહના નિકટમય બંદાઓ છે તે સૌ માણસ જ છે અને લાચાર બંદા અને આપણા ભાઈ, પણ તેમને અલ્લાહે મોટાઈ આપી તે મોટાભાઈ થયા. *(તકવિયતુલ ઈમાન, પેજ–૬૮)*

૫. (રસૂલુલ્લાહની) જેટલી માણસની તારીફ થાય એટલી જ કરો વળી એમાં પણ કમી કરો. *(તકવિયતુલ ઈમાન, પેજ–૬૩)*

રસૂલે આ'ઝમ ﷺ ના બારામાં વહાબિયતની મન્સૂસ તાબીરો વાંચીને હવે તમે એ નિર્ણયે પહોંચી ચૂક્યા હશે કે વહીદુદ્દીનખાંની સમક્ષ સવાલ કુર્આન તથા હદીષની મન્સૂસ તા'બીરનો નથી બલ્કે પોતાની મૂળ પેશ્વાની પયરવીનો છે જેની કિતાબ "તકવિયતુલ ઈમાન"નું પઢવું અને





દરેક ઘરમાં રાખવું તેમના ધર્મમાં અયન ઈમાન છે. હવે જરા ઈશ્કો મહોબ્બતની આંખો ખોલો અને હારબંધ કુર્આન તથા હદીષની તે સાક્ષીઓનો અભ્યાસ કરો જેના લખાણો ચીસો પાડી પાડીને રસૂલુલ્લાહનું અફઝલુલ્ અંબિયા, ઈમામુલ અંબિયા, ખાતમુલ અંબિયા, સૈયદુલ અંબિયા, ફખ્રુર્રોસુલ અને મૌલાએ કુલ હોવાનું એલાન કરી રહી છે. ઈર્શાદે ઈલાહી છે :–

تِلْکَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِنْهُم مَنْ كَلَّمَ اللّٰهُ وَ رَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ۔

**અર્થાત** : "આ રસૂલ છે કે એમનામાં અમે અમુકને અમુક પર ફઝીલત આપી. કેટલાક એમનામાં તેઓ છે જેમની સાથે ખુદાએ કલામ કર્યું અને કોઈ તે છે જેને સૌના પર કેટલાય દરજજા બુલંદ કર્યાં. *(સૂ. બકરહ, આયત–૨૫૩)*

આ ચર્ચા દરમ્યાન એ મુદ્દો લક્ષમાં રાખશો કે અફઝલુલ અંબિયાના મુકાબલામાં કોઈ નબી તથા રસૂલની તહકીર (હલકા ગણવું)નો આછો શક પણ દિલમાં પેદા ન થાય, કેમ કે અસલ નબુવ્વત તથા રિસાલતમાં તમામ અંબિયા તથા રસૂલો સમાન છે, અહીં ચર્ચા એનાથી હટીને વિશિષ્ટતાઓ તથા ફઝાઈલમાં છે. જેમ કે તમામ મુસલમાનો નફ્સે ઈમાનમાં સમાન છે પરંતુ અલ્લાહની ફર્માંબરદારી, ઈશ્કે રસૂલ અને તકવાની પાબંદીમાં આપસમાં તફાવતવાળા તથા એકબીજા પર ફઝીલત તથા અગ્રતા ધરાવે છે. એની રોશનીમાં હવે વર્ણન કરેલ આયતની તફસીર તથા ખુલાસો જોઈ લઈએ :–

આયતના અંતિમ ટુકડા رفع بعضهم درجٰت ની તફસીરમાં હઝરત શૈખ અબ્દુલ્લાહ ઈબ્ને અહમદ નસફી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

ومنهم من رفعه علىٰ سائر الانبياء فكان بعد تفاوتهم فى الفضل افضل منهم بدرجاتٍ كثيرة۔ و هو محمد ﷺ لانه هوالمفضل عليهم بارساله الى

**તર્જુમો** : "અને એમનામાંથી તે છે જેમને તમામ અંબિયા પર ઉચ્ચ કર્યા તો તે એમના તમામ અંબિયાથી અફઝલ હોવાની પ્રથમ દલીલ તો એ છે કે આપની રિસાલત સર્વ મખ્લૂક માટે આમ (સર્વ સામાન્ય) છે અને બીજી દલીલ એ છે કે એમને ખૂબ જ પુષ્કળ

પ્રમાણમાં મો'જિઝાઓ અતા કરવામાં આવ્યા જે એમનાથી અગાઉ કોઈને આપવામાં નથી આવ્યા જેની સંખ્યા હજાર અથવા એનાથી અધિક છે અને એમાં સૌથી મોટો મો'જિઝો કુર્આને અઝીમ છે કે એ આજે પર જગતમાં સલામત છે અને આ અધ્યાહન વર્ણનમાં પણ તા'ઝીમ તથા એ વાતનો ઉલ્લેખ છે કે આ વસ્ફ (ખૂબી) ઈલ્મની મંઝિલે છે કે કોઈને શંકા ન થશે અને એવા મુમતાઝ (વિશિષ્ટ) છે કે જરા પણ શંકાને સ્થાન નથી." *(તફસીરે નસફી, ભાગ–૧, પેજ–૧૨૭)*

الكافة و بانه اوتیٰ مالم يوته احد من الآيات المتكاثرة المرتقية الیٰ الفِ او اكثر۔ واكبرِ ها القرآن لانه المعجزة الباقية على وجه الدهر۔ وفی هذا الابهام تفخيم و بيان انه العلم الذی لايشتبه على احدٍ والمتميز الذی لا يلتبس۔

આ તફસીરની રોશનીમાં અમારો દાવો ચમકતા સૂરજની જેમ જાહેર થઈ ગયો કે આયતે કરીમામાં "બઅદ્" (અમુક) શબ્દના બદલે ઈસ્મે પાકે મુસ્તફા કેમ નથી ? તો એ ખૂદ ગલત તથા પાયાહીન છે, કેમ કે તફસીરવેત્તાઓના ઈર્શાદની રોશનીમાં આ અધ્યાહન વર્ણન પણ આપની અઝમત તથા ફઝીલત માટે દલીલ છે કેમ કે એ મકામ આપની જાતના માટે તદ્દન નિશ્ચિત બલ્કે ઈલ્મના દરજામાં છે કે સાંભળતાં પઢતાં જ દિલો દિમાગ ઈમામુલ અંબિયાના ઈત્રમય તસવ્વુરની ખુશ્બુઓથી મેહકી ઉઠે છે. અને એવું નથી કે આ આજના દૌરની કોઈ નવી ઉભી કરેલી તશરીહ તથા તવઝીહ (સ્પષ્ટતા) હોય બલ્કે એના પર ઈસ્લામના મહાન આલિમો, બુઝુર્ગો તથા તફસીરકારોનો ઈજમાઅ છે અને રિસાલતકાળથી આજ સુધી હક્કવાળાઓનો આ જ મસ્લક રહ્યો છે. હવે જરા તમારા ઝમીરને અવાજ આપો, શું આ આયતે કરીમા નબી આખિરુઝ્ઝમાં ﷺ ના "અફઝલુલ્ અંબિયા" હોવાની તોડી ન શકાય તેવી તથા ઉજ્જવળ દલીલ નથી ?!

આશિકે રસૂલ અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ કસ્તલાની આ આયતના હેઠળ લખે છે :–

**તર્જુમો** : "અને અઘલ્લાહ તઆલાનો ઈર્શાદ "એમાં અમુકને કેટલાય દરજા બુલંદ કર્યા" એટલે

قوله تعالیٰ "ورفع بعضهم درجٰت" يعنی محمداً صلى الله





અલ્લાહ તઆલાએ મુહમ્મદ ﷺ ને ત્રણ હેષિયતોથી (તમામ અંબિયા પર) બુલંદ કર્યા : (૧) શબે મેઅરાજે મુસ્તફાની જાતને (૨) તમામ ઈન્સાનોના સરદાર બનાવીને (૩) અને તે મો'જિઝાઓના થકી જે આપનાથી પહેલાં કોઈને અતા નથી કર્યા. *(ભાગ–૩, પેજ–૧૨૧)*

تعالیٰ عليه و سلم رفعه الله تعالیٰ من ثلاثة اوجه(١) بالذات فی المعراج (٢) وبالسيادة على جميع البشر (٣) و بالمعجزات مالم يوته نبی قبله (المواهب اللدنية بالمنح المحمديه

હવે આ આયતના હવાલાથી મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા قدس سره નું ઈમાન અફરોઝ દષ્ટિબિંદુ જોઈ લો. ઈમામ અહમદ ઘણા સંક્ષિપ્તમાં અને સમૃધ્ધ રીતે લખે છે :–

"ઈમામો ફર્માવે છે કે અહીં આ "બઅઝ"થી હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺ મુરાદ છે કે તેમને સૌ અંબિયા પર ઉચ્ચતા તથા મહાનતા બખ્શી.

كم نص عليه البغوی و البيضاوی والنسفی والسيوطی والقسطلانی والذرقانی والشامی والحلبی وغيرهم. واقتصار الجلا لين دليل انه اصح الاقوال لالتزام ذالك فی الجلالين

અને આ પ્રમાણે અધ્યાહન વર્ણન કરવામાં હુઝૂરની અફઝલિયતનો ઝહૂર અને શોહરતે સયાદત (સરદારીની ખ્યાતિ) પ્રતિ પૂર્ણપણે નિર્દેશ છે. એટલે કે એ તે છે કે નામ લો કે ન લો પણ તેમના પ્રતિ દિમાગ જશે. મહોબ્બતવાળા જાણે છે કે આ અધ્યાહન રહેતા નામમાં શું લુત્ફ તથા મજા છે. *(તજલ્લીયુલ્ યકીન બિઅન્ન નબીય્યના સૈયિદુલ મુરસલીન, પેજ–૧૫)*

મહાન મુફસ્સિરો (તફસીરકારો) તથા ઈસ્લામના મહાન ઉલમા–બુઝુર્ગોની સ્પષ્ટતાઓથી એ હકીકત સ્પષ્ટ થઈ ગઈ કે આયતે કરીમા ورفع بعضهم درجٰت માં આકાએ કાયનાતનું "અફઝલુલ્ અંબિયા" હોવું ચૌદમી રાતના ચાંદની જેમ રોશન તથા મુનવ્વર છે. અહલે હક્કમાંથી કોઈએ આજ સુધી એના પર ઈન્કાર નથી કર્યો, પરંતુ **વહાબિયત તથા દેવબંદિયત તો નામ જ રસૂલની તૌહીનનું છે,**

**તેમજ કામ જ અંબિયા તથા ઔલિયાની અઝમતોને છુપાવવાનું છે અને રસૂલની તૌહીનના માટે નિત નવા માર્ગો કાઢવાનું છે, તેઓ અફઝલુલ્ અંબિયાની તારીફ પણ સામાન્ય માનવી જેવી જ કરે છે બલ્કે એમાં પણ કંજૂસાઈથી કામ લે છે.** જો એ જ અલ્લાહનો હેતુ હોત તો કુર્આને અઝીમની આયતોમાં રસૂલુલ્લાહની મહાનતા તથા ફઝીલતની કહકશાં (આકાશગંગા) શા માટે ઝગમગી રહી હોત. હવે આ બ્રેક ગ્રાઉન્ડમાં વર્ણન કરેલ આયતના હેઠળ વહદુદ્દીનખાંની ગુમરાહ કરનાર તફસીરનું એક લખાણ જોઈ લઈએ :–

''દરેક પયગંબર વિવિધ સંજોગોમાં આવે છે અને પોતાના મિશનને પાર પાડવા માટે વિવિધ ચીજોની જરૂરત હોય છે એ એતબારથી કોઈને એક ફઝીલત આપવામાં આવે છે અને કોઈને બીજી, બાદના દૌરમાં પયગંબરોની ફઝીલત તેના ઉમ્મતીઓના માટે ફિત્નો બની જાય છે, તેઓ પોતાના નબીને આપવામાં આવનારી ફઝીલતને સમર્થિત ફઝીલતને બદલે મુત્લક ફઝીલતના અર્થમાં લઈ લે છે. તેઓ સમજે છે કે અમે સૌથી અફઝલ પયગંબરને માની રહ્યા છીએ એટલા માટે હવે અમારે કોઈ અન્યને માનવાની જરૂરત નથી.

એ જ પ્રમાણે અલ્લાહના તે બંદાઓ જે ઉમ્મતે મુહમ્મદીની ઈસ્લાહ તથા તજદીદના માટે ઉઠયા તેમનો પણ લોકોએ ઈન્કાર કરી દીધો કેમ કે તેમને સંબોધનારાઓની નફસિયાત એ હતી કે અમે બુઝુર્ગોના વારસદાર છીએ, અમે અકાબિરનો દામન થામેલા છીએ પછી અમારે કોઈ અન્યની શું જરૂરત ? *(તઝેકરતુલ્ કુર્આન, ભાગ–૧, પેજ–૧૦૮)*

ورفع بعضم درجٰت**ના સંબંધે આ ગૈર મુતવારિષ તથા ઘડી કાઢેલી તફસીરની છાનબીન કરીએ તો નીચે પ્રમાણેની હકીકતો સામે આવે છે :–**

**૧.** કુર્આનના શબ્દ ''બઅ્દ્''થી કોણ મુરાદ છે ? તર્જુમા તથા તફસીરમાં ક્યાંયે ઉલ્લેખ નથી કર્યો. આ પયગંબરે ઈસ્લામની અઝમત તથા ફઝીલત બલ્કે તેમની પવિત્ર જાત સાથે દિલી અદાવત તથા દુશ્મની જાહેર નથી કરી રહ્યું ?

**૨.** એમાં આખિરુલ અંબિયાના સમાવેશ સાથે અંબિયાએ કિરામના





માટે લાચાર બનીને તાઈદી (સમર્થન કરતી) ફઝીલતને સ્વીકારતાં ઘણી જ દિલેરીપૂર્વક મુત્લક ફઝીલતનો ઈન્કાર કર્યો છે. **આ નબી કરીમ ﷺ ના ફઝલો કમાલથી ઈન્કારનો એક ચોર દરવાજો છે, જ્યારે હક્ક એ જ છે કે અફઝલુલ્ અંબિયા ﷺ ને મુત્લક ફઝીલતથી સરફરાઝ કરવામાં આવ્યા છે. ઉલમાએ ઈસ્લામે ઘણી જ સ્પષ્ટતા તથા વિસ્તારપૂર્વક આ વિચાર બિંદુને ઉઠાવ્યું છે અને તેની સાબિતીઓમાં હારબંધ દલીલો રજૂ કરી છે.** નીચે અલ્લામા સઅદુદ્દીન તફતાઝાનીની દલીલ જોઈલો :–

واستدل الشيخ سعد الدين التفتازانى لمطلق افضليته ﷺ بقوله تعالىٰ "كنتم خير امة اخرجت للناس" قال لانه لاشك ان خيرية الامة بحسب كمالهم فى الدين، و ذلک تابع لكمال نبيهم الذى يتبعونه۔

**તર્જુમો** : ''અલ્લાહ તઆલાનો ઈર્શાદ ''તમે બેહતરીન ઉમ્મત છો એમાં જે લોકોમાં જાહેર થઈ''થી હઝરત શૈખ સઅદુદ્દીન તફતાઝાનીએ નબી કરીમ ﷺ ની મુત્લક અફઝલિયત પર દલીલ કરી છે. કેમ કે જાહેર છે કે ઉમ્મતની બેહતરી દીનમાં કમાલના એતબારથી છે અને એ તેના નબીના ફઝલો કમાલ પર આધારિત છે જેની તે ઉમ્મત પયરવી કરે છે.'' *(મવાહિબે લદુન્નિયહ્, ભાગ–૩, પેજ–૧૨૨)*

**૩.** ખાં સાહબે અંબિયાએ કિરામના ફઝાઈલ તથા કમાલોને બે શબ્દોમાં ઉમ્મતોના માટે ફિત્નાના સબબ ઠરાવ્યા છે પરંતુ તેમણે ઉમ્મતોને આક્ષેપના નિશાન બનાવ્યા છે જ્યારે કે આ આક્ષેપ હક્ક સુબ્હાનૂહ તઆલા પર લાગુ થાય છે કેમ કે તેણે પોતાના મહબૂબ અંબિયા તથા રસૂલોને ફઝાઈલ તથા કમાલો અને આયતો તથા મો'જિઝાઓ વડે નવાજ્યા અને આસ્માની કિતાબોમાં વારંવાર તેનો ઉલ્લેખ કર્યો અને નેઅમતના ઉલ્લેખ રૂપે તેની ખૂબ ખૂબ ચર્ચા કરવાનો હુકમ આપ્યો. પરંતુ ખાં સાહબને એની શું પરવા ? એમના દીન તથા ધર્મનો તો પાયો જ ખુદા વ રસૂલની તૌહીન પર રચાયો છે. જ્યારે એમના ધર્મમાં ખુદા તઆલાનું જૂઠ બોલવું શક્ય છે તો અંબિયાના ફઝાઈલના થકી ઉમ્મતોને ફિત્નામાં સપડાવું કેમ શક્ય ન થાય ! એનો અર્થ તો એ થયો કે મો'જિઝા

તથા કમાલોવાળા અંબિયા હઝરાતના આગમનનો મકસદ કૌમોને હિદાયત આપવાનો નથી બલ્કે તેઓને ફિત્નામાં નાખવાનો હતો ! અલ્ અમાન વલ્ હફીઝ !

૪. ખાં સાહબે આ આયતની તફસીર બલ્કે પૂરી ''તઝકિરુલ્ કુર્આન''માં ન તો કુર્આન તથા હદીષથી સાક્ષીની તલબ કરી છે અને ન ઈમામોના કથનો તથા મુફસ્સિરોના ઈર્શાદોથી સાક્ષી લીધી છે. બલ્કે એવું લાગે છે કે તેમની સરકારોએ તેમને ઔલિયા તથા અંબિયાની તૌહીન તથા મુસ્લિમોમાં વિભાજનની જે જિમ્મેદારી સોંપી છે તેની અદાયગીના માટે તેમણે કુર્આનના દામનને સૌથી યોગ્ય સ્થળ અને અસરકારક ઝરીયો સમજ્યો કે મુસલમાન કુર્આનની તફસીરનું નામ સાંભળીને તેને પઢશે અને એ માર્ગેથી આપવામાં આવતું ''સ્લો પોઈઝન'' સારી રીતે તેમનાં ગળાં સુધી પહોંચી જશે જે નીચે ઉતરીને સરળતાપૂર્વક એનું કામ પૂરું કરી નાખશે.

આ હકીકતોની રોશનીમાં અમારા વાંચકો હવે એ પરિણામ સુધી પહોંચી ચૂક્યા હશે કે ''તઝકિરુલ્ કુર્આન'' એ કુર્આનની તફસીરને બદલે કાદયાનિયતના પીઠબળ અને વહાબિયત તથા દેવબંદિયતની તબ્લીગ માટે લખવામાં આવી છે.

હવે નીચે આપના ''અફઝલુલ્ અંબિયા'' હોવા પર કુર્આને અઝીમથી એક અન્ય શહાદત (સાક્ષી) જોઈ લો. કુર્આને અઝીમમાં છે : وَلَقَدْ فَضَّلْنَا بَعْضَ النَّبِيِّيْنَ عَلٰى بَعْضٍ (સૂરએ અસ્રા, આ. ૫૫)

આ આયતના હેઠળ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અહમદ નસફી ઈર્શાદ ફર્માવે છે :–

فيه اشارة الى تفضيل رسول الله ﷺ وقوله "وآتينا داؤد زبورا" دلالة علىٰ وجه تفضيله وانه خاتم الانبياء وان امته خير الامم لأنّ ذلک مكتوب فى زبور داؤد

**તર્જુમો** : ''એમાં રસૂલુલ્લાહ ﷺ ની અફઝલિયત પ્રતિ નિર્દેશ છે અને ખુદાનો ઈર્શાદ ''અમે દાઊદને ઝબૂર અતા કરી'' એ અફઝલિયતના કારણ પર દલીલ અને એનું બયાન છે કે સરકાર ખાતમુલ્ અંબિયા છે અને તેમની ઉમ્મત ખૈરુલ ઉમમ છે એટલા





قال الله تعالى "وَلَقَدْ كَتَبْنَا فِى الزَّبُور مِنْ بَعْدِ الذِّكْرِ اَنَّ الاَرْضَ يَرِثُهَا عِبَادِىَ الصَّالِحُوْنَ" وَهم محمد و امته

માટે કે એ હઝરત દાઊદ عليه الصلوٰة والتسليم ની કિતાબ ઝબૂરમાં લખ્યું છે, બારી તઆલાનો ઈર્શાદ છે, ''બેશક ! અમે ઝિક્ર (તૌરાત) પછી ઝબૂરમાં લખ્યું કે જમીનના વારસ મારા નેક બંદાઓ થશે તે રસૂલુલ્લાહ ﷺ છે અને તેમની ઉમ્મત.'' *(તફસીરે નસફી, ભાગ–૨, પેજ–૧૧૭)*

આ તફસીરનું સમર્થન રસૂલુલ્લાહ ﷺ ની હદીષથી પણ થાય છે ઈમામ બયહકી વહબ ઈબ્ને મુનબ્બિહથી રિવાયત ફર્માવે છે, નબી કરીમ ﷺ એ ફર્માવ્યું :–

ان الله تعالىٰ اوحىٰ فى الزبور ياداؤد انه سياتى بعدک من اسمه احمد و محمد صادقاً نبيا لا اغضب عليه ابداً لايعصينى ابداً (الى قوله)امته امة مرحومة اعطينهم من النوافل مثل ما اعطيت الانبياء وافترضت عليهم الفرائض التى افترضت على الانبياء والمرسلين حتى ياتونى يوم القيامة و نورهم مثل نور الانبياء الى ان قال، ياداؤد انى فضلت محمداً وامته على الامم كلهم الى آخره۔ (بيهقى شريف)

**તર્જુમો** : ''અલ્લાહ તઆલાએ ઝબૂર મુકદસમાં વહી મોકલી, હે દાઊદ ! નજીકમાં તારા પછી તે સાચો નબી આવશે જેનું નામ અહમદ તથા મુહમ્મદ છે. હું કદી તેનાથી નારાજ ન થઈશ ન તે કદી મારી નાફર્માની કરશે. તેની ઉમ્મત ઉમ્મતે મર્હૂમા છે, મેં તેમને તે નવાફિલ અતા કર્યા જે પયગંબરોને આપ્યા અને તેમના પર તે હુકમો ફર્ઝ ઠરાવ્યા જે અંબિયા તથા રસૂલો પર ફર્ઝ હતા. ત્યાં સુધી કે તે લોકો મારી પાસે કિયામતના દિવસે એ હાલમાં હાજર થશે કે તેમનું નૂર અંબિયાના નૂરની જેમ હશે. હે દાઊદ ! મેં મુહમ્મદને સૌથી અફઝલ કર્યા અને તેની ઉમ્મતને તમામ ઉમ્મતો પર ફઝીલત બખ્શી.'' *(બયહકી શરીફ)*

હવે આ સાક્ષીઓની રોશનીમાં જનાબ વહીદુદ્દીનખાંના એ દાવાને એકવાર ફરી દોહરાવી લો કે, ''કુર્આનમાં ક્યાંય પણ ''મુહમ્મદ ફઝલુલ્ અંબિયા'' જેવી કોઈ આયત નથી.'' વહીદુદ્દીનખાંએ હદીષે રસૂલના વિશે

પણ આ ગુમરાહ કરનાર દાવો ખૂબ જ દિલેરીપૂર્વક કર્યો છે કે, ''હદીષમાં ક્યાંય પણ ''અના અફઝલુલ્ અંબિયા'' જેવા કોઈ શબ્દો નથી.'' આ દાવા પછી આ જનાબે સાક્ષી રૂપે તફસીરે ઈબ્ને કષીર (૧/૩૦૪)ના હવાલાથી આ હદીષ પણ નકલ કરી છે : لا تفضلونی علی الا نبیاء એટલે મને અન્યો પર ફઝીલત ન આપો. અને એ જ ભાવાર્થની બીજી હદીષ પણ એ જ હવાલાથી નકલ કરી છે لا تفضلوا بين النبياء *(અર્રિસાલા, મે–૨૦૦૧, પેજ–૩૫)*

મુફસ્સિરો મુહદ્દિષો અને મુસ્તફા صلى الله عليه وسلم ની સીરત લેખકો સદીઓથી એ હદીષોના વિશે વાંધાઓના જવાબો લખતા ચાલ્યા આવ્યા છે પણ અફસોસ ! ખાં સાહબે પોતાના પાયાહીન દાવાની સાબિતિમાં ફરી એ જ શંકાને દોહરાવી, પણ હેરત તથા અફસોસ એ છે કે તેમને શંકા તો નજર આવી પરંતુ એ જ સ્થાને અકાબિરે ઈસ્લામ તથા શારેહીને હદીષના જવાબો જોવા ન મળ્યા ! **આ સ્થિતિને જોઈને તમે પોતે જ તમારા દિલ પર હાથ રાખીને વિચારો કે આ ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામની વિરૂધ્ધ આયોજનપૂર્વકની સાઝિશ છે કે નહીં ? જો મુસ્લિમ ઉમ્મતની રહબરી આનું જ નામ છે તો શબ્દકોશમાંથી રહઝની (ડાકૂગીરી)નો શબ્દ જ કાઢી નાખવો પડશે.**

અલ્ મવાહિબુલ્લદુન્નિહ બિલમનહિલ મુહમ્મદિયહ, ભાગ–૩માં વર્ણન કરવામાં આવી છે. અને ઈસ્લામના ઉલમા તથા શારેહીને અહાદીષના કથનોથી વિરોધાભાસ (ટકરાવ)ની દિવાલોને ખતમ કરીને રસૂલુલ્લાહના ''અફઝલુલ્ અંબિયા'' હોવાને ચૌદમીના ચાંદની જેમ રોશન અને બેદાગ કરી દીધું છે. પરંતુ ખાં સાહબ કાંઈ પણ ન સમજી શક્યા ! અસલમાં **હદીષની સમજ માટે રસૂલથી પૂર્વગ્રહ નહીં પણ ઈશ્કે રસૂલ જરૂરી છે** જ્યારે કે ખાં સાહબનું દિલ રસૂલની દુશ્મનીથી લબરેઝ છે, એમને તો તે રિવાયતો જોઈએ જેનાથી તેમના દિલને સાંત્વન અને તેમના નવા ઉપજાવેલા દીન તથા ધર્મની તબ્લીગ થાય એટલે કે ''જે બશર (માનવી)ની જેટલી તારીફ હોય તે જ કરો, વળી એમાં પણ કમી કરો !'' એમને એની સાથે કોઈ લેવા દેના નથી કે ખુદા તથા રસૂલના ઈર્શાદોની હકીકી મુરાદ (વાસ્તવિક મકસદ) શું છે, અને રિસાલતપાકથી





આજ સુધી જમહૂર ઉલમાએ ઈસ્લામની તશરીહાત તથા તવઝીહાત (સ્પષ્ટતા તથા ખુલાસાઓ) શું છે ?

જો એવું ન હોત તો વહાબિયત અને તેની શાખોનો ઉદ્ભવ જ શા માટે થાત અને એનાથી વિભાજન તથા વિખવાદનાં આ ભયાનક દશ્યો શા માટે સામે આવત ? હવે અમે તફસીલમાં ન જતાં ખાં સાહબની નકલ કરેલ બંને હદીષોના વિશે હઝરત મુલ્લા અલી કારીની શરહે શિફાથી એક લખાણ નકલ કરીએ છીએ. જો દિલમાં ઈમાની જિંદગીની કોઈપણ ભણક બાકી રહી ગઈ હશે તો હિદાયત અને હક્કના સ્વીકારની શક્યતાઓ છે અને જો ઝલાલત તથા ગુમરાહીની મોહર લાગી મૂકી છે તો કમસે કમ અમે અમારી ફરજથી જરૂર મુક્ત થઈ જાશું.

હઝરત મુલ્લા અલી કારી લખે છે :–

**તર્જુમો** : ''ઉલમાએ કિરામે આ હદીષના વિવિધ જવાબો આપ્યા છે :– **(૧)** રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ઈન્કેસારી તથા તવાઝોઅ (આજીજી પ્રદર્શિત કરવા)ના તૌર પર ફર્માવ્યું. **(૨)** રસૂલુલ્લાહે પોતાની અફઝલિયતની આગાહીથી પહેલાં ઈર્શાદ ફર્માવ્યો હતો. પછી જ્યારે ઈલ્મ થઈ ગયો તો ફર્માવ્યું, હું આદમની ઔલાદનો સરદાર છું બલ્કે બુખારી શરીફમાં છે કે આપે ફર્માવ્યું, **હું અવ્વલીન તથા આખરીનનો સરદાર છું અને હું ફખ્રના તૌર પર નથી કહેતો.** **(3)** રસૂલુલ્લાહે એવી અફઝલિયતના ઉલ્લેખથી ઈન્કાર ફર્માવ્યો જે ઝઘડા તથા મતભેદનો સબબ હોય જેમ કે સહીહ બુખારીમાં રસૂલે પાકનો ઈર્શાદ : ''મને મૂસા عليه الصلوٰة والتسليم પર

وقد اجاب العلماء عن هذا الحديث بأجوبة منها انه قال تادباً و تواضعاً۔ ومنها انه قال قبل ان يعلم انه افضلهم فلما علم قال انا سيد ولد آدم بل وفى البخارى انا سيد الاولين و الآخرين ولافخر۔ ومنها انه نهٰى عن تفضيل يودى الى الخصومة كماثبت سببه فى الصحيح بورود" لا تفضلونى علىٰ موسىٰ كما سيجىء"۔ ومنها انه نهىٰ عن تفضيل يودى الى نقص بعضهم لاعن كل تفضيل لثبوته

ફઝીલત ન આપો''ના બેકગ્રાઉન્ડ પરથી સાબિત છે (વિગતે વર્ણન આગળ આવશે). **(૪)** રસૂલુલ્લાહે એવી ફઝીલતના ઉલ્લેખથી રોક્યા છે જેમાં કોઈ અન્ય નબીની ટીકાનો પેહલુ નીકળે, ન કે દરેક અગ્રતા આપવાથી રોક્યા. એટલા માટે એ તો સ્પષ્ટપણે સાબિત છે, જેની સાબિતી આ ઈર્શાદે ઈલાહીથી છે, ''આ રસૂલ છે કે અમે એમનામાં એકને બીજા પર અફઝલ કર્યો, એમાં કોઈની સાથે અલ્લાહે કલામ કર્યો અને કોઈ તે છે જેને સૌના પર કેટલાયે દરજા બુલંદ કર્યો. અને અમે મરયમના પુત્ર ઈસાને ઉઘાડી નિશાનીઓ આપી.'' **(૫)** રસૂલુલ્લાહે નફ્સે નબુવ્વતમાં અફઝલિયતનો ઈન્કાર કર્યો છે અંબિયાએ કિરામની મુકદસ ઝાતો, તેમની રિસાલતની સર્વક્ષેત્રિયતા, તેમની વિશિષ્ટતાઓની અધિકતા અને તેમની અહવાલના તફાવતોમાં અફઝલિયતનો ઈન્કાર નથી કર્યો. શૈખૈનથી મરવી આ હદીષે રસૂલ ''અંબિયાની દરમ્યાન તફઝીલ (એકને બીજાથી નીચ બતાવવું) ન કરો''નો એ જ મતલબ છે. અને શૈખૈન, અબૂ દાઊદ તથા નિસાઈથી જે આ ઈર્શાદે રસૂલ રિવાયત થયેલ છે કે ફર્માવ્યું, ''મને મૂસા عليه الصلوٰة والسلام થી બેહતર ન કહો'' આ ઈર્શાદના

فی الجملة کما قال تعالیٰ "تلک الرسل فضلنا بعضهم علی بعض منهم من کلم الله ورفع بعضهم درجٰت و آتینا عیسیٰ ابن مریم البینات، و منها انه نهیٰ عن التفضیل فی نفس النبوة لافی ذوات الانبیاء و عموم رسالتهم و زیادة خصائصهم و مزیة حالاتهم و هذا بمعنی قوله صلی الله تعالی علیه وسلم علی ماروٰه الشیخان "ولا تفضلوا بین الانبیاء" واما قوله علیه الصلوٰة والسلام "ولاتخیرونی علی موسیٰ" فسببه ماروٰه الشیخان وابوداؤد و النسائی من انه استب مسلم و یهودی قال والذی اصطفیٰ موسیٰ علی العالمین فلطم المسلم وجهه و ذکرذالک للنبی ﷺ فسأل المسلم عنه فاخبره فقال لاتخیرونی علی موسیٰ ای تخییر مفاضلة یودی الیٰ مخاصمةٍ۔





બેકગ્રાઉન્ડની તફસીલ એ રીતે છે કે એક મુસલમાન અને યહૂદીની વચ્ચે એ મસ્અલાને લઈને મતભેદ થઈ ગયો. યહૂદીએ કહ્યું, એની કસમ જેણે મૂસાને તમામ જહાનોમાં પસંદ કર્યા ! તો મુસલમાને એના ચહેરા પર પથ્થર માર્યો. તેણે બારગાહે રિસાલતમાં એનો ઉલ્લેખ કર્યો. આપે મુસલમાનને પૂછ્યું તેણે એની વિગત જણાવી. એના પર રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, ''મને મૂસા પર અગ્રતા ન આપો.'' એટલે મુકાબલાવાળી અગ્રતા જેના પરિણામે લડાઈ ઝઘડા થાય.'' *(શરહે શિફા, મુલ્લા અલીકારી, ભાગ–૧, પેજ–૨૯૧, ૨૯૨)*

ઉલમાએ ઈસ્લામના જવાબો અને મુહદ્દિષોની સ્પષ્ટતાઓથી સ્પષ્ટ થઈ ગયું કે જે હદીષોમાં સરવરે કૌનેન ﷺ એ પોતાના અફઝલ હોવાના ઉલ્લેખથી રોક્યા છે તેનાં કાંઈક ખાસ કારણો છે અને આ હદીષોનું ખાસ બેક ગ્રાઉન્ડ પણ છે. એનો એ મતલબ હરગિઝ નથી કે ઉપરોક્ત સ્થિતિ ન હોય છતાં પણ ઈમામુલ અંબિયાનું અફઝલુલ્ અંબિયા હોવાનો ઉલ્લેખ ન કરવામાં આવે ! જેમ કે વહીદુદ્દીનખાંએ ''અફઝલુલ અંબિયા''ના ઉલ્લેખ પર એકદમ પેહરો બેસાડી રાખ્યો છે. ખાન સાહબે યહૂદી તથા મુસલમાન વચ્ચે ઝઘડાવાળી હદીષ નકલ કરીને બાદમાં જે પરિણામ તારવીને લખ્યું છે તેના પર માથુ પીટવાનુ મન થાય છે. આ જનાબ લખે છે :–

''ઉપરોક્ત રિવાયત બતાવે છે અફઝલુલ્ અંબિયાની તાબીર શરીઅતમાં કેમ અપનાવવામાં નથી આવી ?!'' *(અર્રિસાલા, મે–૨૦૦૧, પેજ–૩૫)*

એટલે કે **એક ખાસ પ્રસંગ હેઠળ આવેલી હદીષના આધારે પોતાના બાતિલ મઝહબની ઈમારત ઉભી કરી લીધી અને હદીષ શરહ કરનારાઓના ખુલાસાઓ અને ઈસ્લામના ઉલમાના જવાબોને માંના દૂધની જેમ હજમ કરી ગયા !** અને ડઝનબંધી હદીષો પણ ન દેખાઈ જે સ્પષ્ટ તથા ઉઘાડાં લખાણો વડે વિ□ાસ તથા યકીનની ઉચ્ચ ટોચોએથી સરવરે કૌનેન ﷺ ના અફઝલુલ્ અંબિયા હોવાનું એલાન કરી રહી છે.

હવે નીચે હદીષોની દલીલો વડે જોઈ લો જેમાં તમામ રસૂલ પર

આપણા નબીની અફઝલિયત ચમકતા સૂરજની જેમ રોશન તથા મુનવ્વર છે.

તિર્મિઝી શરીફમાં છે :–

عن ابی امامة عن النبی ﷺ قال ان الله فضلنی علی الانبیاء

**તર્જુમો** : ''અબૂ અમામા નબી કરીમ ﷺ થી રિવાયત ફર્માવે છે કે સરકાર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! અલ્લાહ તઆલાએ મને તમામ અંબિયા પર ફઝીલત તથા ઉચ્ચતા અર્પણ કરી.'' *(તિર્મિઝી શરીફ, ભાગ–૧, પેજ–૧૮૭)*

દારમીની પ્રસ્તાવનામાં છે :– ان الله فضل محمداً علی الانبیاء

**તર્જુમો** : ''નિ:શંક ! અલ્લાહ તઆલાએ મુહમ્મદ ﷺ ને તમામ અંબિયાથી અફઝલ કર્યા.''

તિર્મિઝી શરીફમાં છે :–

عن ابی هریة رضی الله تعالیٰ عنه أن النبی صلی الله تعالیٰ علیه وسلم قال فضلت علی الانبیاء بستٍ اعطیت جوامع الکلم ونصرت بالرعب واحلت لی الغنائم و جعلت لی الارض مسجداً و طهوراً و ارسلت الی الخلق کافة و ختم بی النبیون۔ هذا حدیث حسن صحیح۔

**તર્જુમો** : ''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે સરવરે કૌનેન ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, મને અન્ય અંબિયા તથા રસૂલો પર છ ચીજોના થકી ફઝીલત તથા ઉચ્ચતા આપવામાં આવી. પ્રથમ ચીજ તો એ છે કે મને જામેઅ કલેમાતની સિફત આપવામાં આવી. બીજી ચીજ એ કે રૂઆબ તથા દબદબા થકી મારી મદદ કરવામાં આવી. ત્રીજી એ કે મારા માટે માલે ગનીમત હલાલ કરવામાં આવ્યો. ચોથી ચીજ એ કે જમીન મારા માટે મસ્જિદ તાહિર વ મુતહ્હિર (પાક) બનાવવામાં આવી. પાંચમી ચીજ એ કે મને તમામ જહાનના માટે રસૂલ બનાવવામાં આવ્યો, અને છટ્ઠી ચીજ એ કે મારી જાત પર નબીઓના આગમનનો ક્રમ ખત્મ કરવામાં આવ્યો. *(તિર્મિઝી શરીફ, ભાગ–૧, પેજ–૧૮૮)*

શરહે શિફામાં છે : સૈયદે આલમ ﷺ એ ફર્માવ્યું :–





الحمدلله الذی فضلنی علی جمیع النبین حتی فی اسمی و صفتی (ذکره القاری فی شرح الشفا فقال قد رویٰ۔ عن ابن عباس)

**તર્જુમો** : તમામ ખૂબીઓ અલ્લાહ તઆલાના માટે જેણે મને તમામ અંબિયા પર ફઝીલત આપી એટલે સુધી કે મારા નામ તથા સિફતમાં (ખૂબીઓ). *(બ હવાલા જઝાઉલ્લાહુ અદુવ્વુહૂ બિઅબાઈહી ખત્મિન્નબુવ્વહ, પેજ–૨૭)*

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

انا قائد المرسلین و لافخر وانا خاتم النبین و لافخر وانا أول شافعٍ ومشفع ولافخر

**તર્જુમો** : ''હું રસૂલોનો પેશવા છું અને એ વાત ફખ્રની રાહે નથી અને હું અંબિયાનો ખાતિમ છું અને એ વાત ફખ્રની રાહે નથી અને સૌથી પ્રથમ હું શફાઅત કરીશ અને સૌથી પહેલી મારી શફાઅત કબૂલ કરવામાં આવશે અને આ વાત ફખ્રની રાહે નથી.'' *(મિશ્કાત કિતાબુલ ફિતન, પેજ–૫૧૮)*

તિર્મિઝી શરીફમાં છે :–

عن ابی سعید الخدری قال قال رسول الله صلی الله تعالیٰ علیه وسلم، انا سید ولد آدم یوم القیامة الافخر، وبیدی لواء الحمد ولافخر، ومامن نبی آدم فمن سواه الاتحت لوئ۔

''**તર્જુમો** : ''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી મરવી છે નબી કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, ''હું કિયામતના દિવસે આદમની ઔલાદનો સરદાર છું અને આ વાત હું ફખ્રના રૂપે નથી કહેતો. અને મારા હાથમાં લિવાઉલહમ્દ હશે અને આ વાત હું ગર્વના રૂપે નથી કહેતો. બની આદમ અને એના સિવાયની તમામ મખ્લૂક મારા ઝંડા નીચે હશે. *(બહવાલા મવાહિબે લિદુન્નિયહ્, ભાગ–૩, પેજ–૧૨૩)*

આ હદીષની અધિક રિવાયતો અને સનદના સંબંધે મવાહિબે લદુન્નિયહના મુહક્કિક તથા મુહશી સાલેહ અહમદ શામી લખે છે :–

وکذا رواه احمد وابن ماجه وصححه الحاکم، قال الترمذی، حسن صحیح۔

**તર્જુમો** : ''એ જ પ્રમાણે હદીષને અહમદ તથા ઈબ્ને માજહએ

રિવાયત કરી. હાકિમે તેને સહીહ કહી અને ઈમામ તિર્મિઝીએ તેને હસન સહીહ કહી. *(મવાહિબ, ભાગ–૩, પેજ–૧૨૩)*

ઈમામ બુખારીએ મરફૂઅન્ રિવાયત કરી :–

عن ابی هريرة "انا سيد الناس يوم القيامة"

**તર્જુમો** : "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, "હું કિયામતના દિવસે તમામ ઈન્સાનોનો સરદાર હોઈશ."

આ રિવાયત હેઠળ અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ કસ્તલાની ફર્માવે છે :–

هذا يدل على انه افضل من آدم عليه السلام ومن كل أولاده بل افضل من الانبياء، بل افضل الخلق كلهم

**તર્જુમો** : "આ રિવાયતથી સાબિત થાય છે કે નબી કરીમ ﷺ હઝરત આદમ અને તેમની તમામ ઔલાદથી અફઝલ છે બલ્કે અંબિયાએ કિરામથી પણ બલ્કે તમામ મખ્લૂકથી પણ." *(મવાહિબે લદુન્નિયહ, ભાગ–૩, પેજ–૧૨૩)*

હઝરત અબૂ નુઐમ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે કે નબી કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :–

ارسلت الى الجن والانس والى كل احمر واسود، واحلت لى الغنائم دون الانبياء، وجعلت لى الارض كلها طهوراً، ومسجداً، ونصرت بالرعب امامى شهراً، واعطيت خواتيم سورة البقرة، وكانت من كنوز العرش، وخصصت بها دون الانبياء واعطيت المثانى مكان التوراة، المئتين مكان الانجيل، والحواميم مكان الزبور، وفضلت بالمفصل، واناسيد ولد آدم فى الدنيا والآخرة ولافخر، وانا اول من تنشق الارض عنى وعن امتى ولافخر، وبيدى لواء الحمد يوم القيامة و جميع الانبياء تحته ولافخر والى مفاتيح الجنة يوم القيامة ولافخر، وبى تفتح الشفاعة ولافخر وانا سابق الخلق الى الجنة ولافخر، وانا امامهم وامتى بالاثر،

**તર્જુમો** : "હું જિન તથા માનવ અને લાલ તથા કા'બાની તરફ મોકલવામાં આવ્યો અને સર્વ અંબિયાથી અલગ મારા જ માટે ગનીમતો હલાલ કરવામાં આવી અને મારા માટે સર્વ જમીન પાક કરવાવાળી અને મસ્જિદ ઠરી. અને મારી આગળ એક મહીનાની રાહ સુધી રૂઆબ વડે મદદ કરવામાં આવી અને મને સૂરએ બકરહની પાછલી આયતો કે જે અર્શના ખજાનાઓમાંથી હતી તે અતા થઈ. એ





ખાસ મારો હિસ્સો હતો સૌથી અલગ, અને મને તૌરાતના બદલે કુર્આનની તે સૂરતો મળી જેમાં સો કરતાં ઓછી આયતો છે અને ઈન્જીલની જગાએ સો સો આયતોવાળી અને ઝબૂરના બદલામાં હા–મીમની સૂરતો અને મને સ્પષ્ટપણે તફસીલ આપવામાં આવી કે સૂરએ હુજુરાતથી છેવટ કુર્આન સુધી છે. અને હું દુનિયા તથા આખેરતમાં તમામે તમામ માનવ જાતનો સરદાર છું અને કાંઈ ગર્વ નથી. અને સૌથી પ્રથમ હું અને મારી ઉમ્મત કબરથી નીકળશે અને કાંઈ ગર્વ નથી. અને કિયામતના દિવસે મારા જ હાથમાં લિવાઉલ હમ્દ હશે અને તમામ અંબિયા એની નીચે અને કાંઈ ફખ્ર નથી. અને મારાથી જ શફાઅતની પહેલ થશે અને કાંઈ ફખ્ર નથી. અને હું તમામ મખ્લૂકથી પહેલાં જન્નતમાં તશરીફ લઈ જઈશ અને કાંઈ ગર્વ નથી. હું એ સૌની આગળ હોઈશ અને મારી ઉમ્મત મારી પાછળ હશે. *(તજલ્લીયુલ યકીન, તર્જુમા : ઈમામ અહમદ રઝા, પેજ–૪૫, ૪૬)*

આ થોડીક નબવી હદીષોના ઉલ્લેખ પછી હવે અમે કલમને રોકીએ છીએ, નહીં તો સરકાર અકદસ ﷺ ના ફઝાઈલ તથા કમાલોનો નૂરાની મહલ અર્શે આલમથી બુલંદ પૂર્વથી પશ્ચિમ કરતાંય વિશાળ છે. કોની મજાલ છે કે તેમના ફઝાઈલ તથા કમાલોની ચમકતી આકાશગંગાને કલમની ટોચથી કાગળની છાતી ઉપર ઉતારી શકે. કલમકારો જ્યારે લખતા લખતા થાકી ગયા તો આટલુ કહીને ખામોશ થઈ ગયા :–

લા યમ કિનુષ્ષનાઅ કમા કાન હક્કહૂ
બઅ્દ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર

હવે આ ચર્ચાને અધિક દલીલસભર તથા વિ□સનીય કરવાને માટે ઈમામ અહમદ રઝા ﷺ નું એક નિર્ણયાત્મક લખાણ નકલ કરીએ છીએ :–

હુઝૂર પૂરનૂર સૈયદે આલમ ﷺ નું અફઝલુલ મુરસલીન તથા સૈયદુલ અવ્વલીન વલ્ આખરીન હોવું કતઈ, ઈમાની, યકીની વિ□સનીય ઈજમાઈ ઈકાની મસ્અલો છે, જેમાં વિરોધ કરશે નહીં પણ ગુમરાહ, બદ્દીન, શૈતાનોનો બંદો, વલ્અયાઝુબિલ્લાહિ રબ્બિલ આલમીન. કલ્મો પઢી એમાં શક કરવો વિચિત્ર છે ! આજે ન ખુલ્યું તો કાલ નજીક છે, જે દિવસે તમામ મખ્લૂકને જમા ફર્માવશે, આખા મજમાનો દુલ્હા હુઝૂરને બનાવશે, જલીલ (મહાન) અંબિયાથી લઈને હઝરત ખલીલ (દોસ્ત) સૌ હુઝૂરના નિયાઝમંદ હશે, તરફદારો તથા વિરોધીઓના હાજતોના હાથ તેમની જ પ્રતિ બુલંદ થશે, તેમનો જ કલ્મો પઢવામાં આવતો હશે જે આજે બયાં છે કાલે અયાં (પ્રેક્ટિકલી) છે." *(તજલ્લીયુલ યકીન બિ અન્નનબિય્યિન સૈયદુલ મુરસલીન, પેજ–૩)*

ઉપરોક્ત ચર્ચાનું ફળ હવે ચમકતા સૂરજની જેમ રોશન થઈ ગયું કે સરવરે કૌનેન ﷺ નું અફઝલુલ્ અંબિયા હોવું ઈજમાઈ તથા યકીની છે અને એનાથી ઈન્કાર સખ્ત ગુમરાહી તથા બદ્દીની છે અને આ અજોડ તથા વિશિષ્ટ ખૂબી તથા કમાલના ઈઝહારથી ખામોશી નર્યી જહાલત તથા નાદાની છે. પરતુ વહીદુદ્દીનખાં સાહબને જીદ છે કે રસૂલુલ્લાહને અફઝલુલ અંબિયા કહેવામાં ન આવે એનાથી લોકોમાં નફસિયાતનો જઝબો ઉભરે છે ! હવે અમે અમારી ચર્ચાનો અંત લાવતાં એના બારામાં તેમના ધોકાબાઝ કલમનું એક અધિક લખાણ રજૂ કરીએ છીએ. ખાં સાહબ લખે છે :–

"અફઝલુલ્ અંબિયાની તાબીર (અર્થઘટન) લોકોમાં ફખ્ર તથા નાઝની કૈફિયત પેદા કરે છે. દરેક પોતાના ફખ્રને સાબિત કરવા ચાહે છે તેનું પરિણામ એ આવે છે કે બિનજરૂરી પ્રકારની માન્યતાઓ ખડી થાય છે.

આ મામલામાં કુર્આન તથા હદીષથી જે મન્સૂસ (સિદ્ધ થયેલ) તાબીર મળી છે એનો ફાયદો એ જ છે : દા.ત. કુર્આનમાં પયગંબરે ઈસ્લામ ﷺ ને ખાતમુન્નબિય્યિન (સૂ. અહઝાબ–૪૦) કહેવામાં આવ્યા છે, આ તાબીર ઈમાનવાળાઓની અંદર જિમ્મેદારીની ભાવના પેદા કરે છે. એનાથી એ એહસાસ જાગૃત થાય છે કે પયગંબરના પછી હવે પયગંબરના માનવાવાળાઓએ આ કામ કરવાનું છે.





આ તાબીર દર્શાવે છે કે ખત્મે નબુવ્વત પછી આપની ઉમ્મત જિમ્મેદારી નિભાવવાના એતબારથી નબુવ્વતના સ્થાને છે. પ્રથમ તાબીર (અફઝલુલ્ અંબિયા) જો ફખ્રનો એહસાસ પેદા કરે છે તો બીજી તાબીર જિમ્મેદારીનો એહસાસ ઉભારે છે." *(અર્રિસાલા, મે–૨૦૦૦, પેજ : ૬–૩૫)*

આમાં અમારે કહેવું છે કે કુર્આનમાં ખાસ ઉમ્મતને સંબોધન કરીને ફર્માવવામાં આવ્યું છે કે : "કુન્તુમ્ ખૈર ઉમ્મત" તમે સૌથી બેહતર ઉમ્મત છો. જો પોતાના નબીને અફઝલુલ્ અંબિયા કહેવાથી ફખ્રનો એહસાસ થઈ શકે છે તો ખૂદ પોતાના અફઝલ તથા બેહતર હોવાના ઝિક્રથી તો ઓર વધારે ફખ્રનો એહસાસ ઉભો થશે ! જો તમારી વાત સાચી માની લેવામાં આવે તો આશ્ચર્યની વાત છે કે જે શબ્દો ઈન્ડાયરેક્ટ રીતે ફખ્રનો છુપો એહસાસ પેદા કરી શક્તો હતો તેને તો કુર્આને છુપાવી લીધો પરંતુ જે શબ્દો ડાયરેક્ટ અને તુરત જ ફખ્રનો એહસાસ પેદા કરનાર છે તેને સામે રાખી દીધા !

નિ:શંક ! ખાતમુન્નબિય્યિન હોવું મન્સૂસ (સિદ્ધ થયેલ) તાબીર છે પરંતુ આ તાબીર પણ તો મુફસ્સિરો તથા ઉલમાની દષ્ટિએ અફઝલુલ અંબિયા હોવા માટે એક રોશન તથા તોડી ન શકાય તેવી દલીલ છે. આ ચર્ચાને ટૂંકાવતાં ખાં સાહબને અમે કેવળ એટલું જ કહીએ છીએ કે **ખાતમુન્નબિય્યિન** અંતિમ નબી હોવાના અર્થમાં છે, એટલે કે રસૂલનો ઈર્શાદ "લા નબી બઅ્દી" (મારા પછી કોઈ નબી નથી)ની સ્પષ્ટતા પ્રમાણે એનો સાફ સુથરો અર્થ એ છે કે **અંતિમ નબી પછી હવે કોઈ નબી તથા કોઈ પણ પ્રકારનો નબી કિયામત સુધી આવશે નહીં. એ નસ્સે કતઈ (કુર્આની દલીલ)થી સાબિત છે એટલા માટે એનો મુન્કિર (નકારનાર) કાફિર છે.** શિફા શરીફ તથા અઅ્લામ બિ કવાતિઈલ્ ઈસ્લામમાં છે :–

یکفر ایضامن کذب بشئ مماصرّح فی القرآن من حکم او خبر એટલે કે, "એને પણ કાફિર ઠરાવવામાં આવશે જેણે કુર્આને અઝીમના કોઈ સ્પષ્ટ હુકમ અથવા ખબરને જૂઠલાવી." પરંતુ ખાં સાહબ તમને તમારા ઘરની પણ કાંઈ ખબર છે ?! આપના દીન તથા મઝહબમાં નબુવ્વતનો અકીદો પણ તેના અસલ અર્થમાં ક્યાં મહફૂઝ છે ?! તમારા બુઝુર્ગોએ તો એનો

પણ ઈન્કાર કર્યો છે અથવા તો તમારા (દેવબંદી) ધર્મથી ફરી જવાનો માર્ગ તમે અપનાવી રહ્યા છો ! અથવા આ લાઈનો લખતી વખતે પોતાના મઝહબના એક પાયાના અકીદાથી મસ્લહેતને લક્ષમાં રાખી કૌમનું ધ્યાન એક અન્ય દિશામાં ફેરવવા ચાહો છો જેથી આગળ જતાં ખત્મે નબુવ્વત પણ તમારા વારસાગત અકીદો લોકોના ગળાની નીચે ઉતારવાના માટે માર્ગ કિલયર થઈ શકે. અમે અત્યારે બસ આટલું જ કહીશું.

તમારા અગ્રગણ્ય પેશ્વા મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી લખે છે :–

"પબ્લિકના ખયાલમાં તો રસૂલુલ્લાહનું ખાતિમ હોવું એ અર્થમાં છે કે આપ સૌમાં છેલ્લા નબી છો, પણ સમજવાળાઓ પર રોશન હશે કે જમાનાની અગ્રતા કે અંતિમમાં જાતે પોતે કોઈ ફઝીલત નથી. પ્રશંસાના સ્થાનમાં **વલાકિર્રસૂલલ્લાહિ વ ખાતમન્નબિય્યિન** ફર્માવવું કેમ કરીને સહીહ થઈ શકે છે !"

થોડીક લીટીઓ પછી લખે છે :–

"ધારો કે નબીના જમાના પછી પણ કોઈ નબી પેદા થાય તો નબીના અંતિમ હોવામાં કોઈ ફરક આવશે નહીં તો પછી આપના સમયમાં કોઈ અન્ય જમીનમાં અથવા આ જ જમીનમાં કોઈ અન્ય નબી મોકલવામાં આવે. *(તહઝીરુન્નાસ, પેજ–૧૨)*

અને આપના ઉપરોક્ત લખાણની રોશનીમાં બીજી વાત એ છે કે જ્યારે રસૂલુલ્લાહના માટે મુસ્લિમ ઉમ્મત "અફઝલુલ્ અંબિયા" જેવી તાબીરો વાપરે છે તો તમારું કલેજુ ફાટવા લાગે છે ! અને તમારા કથનાનુસાર ઉમ્મતમાં ફખ્ર તથા ગર્વની નફ્સાનિયત ઉભરાય છે, પરંતુ તમે જ લખો છો કે ખત્મે નબુવ્વત પછી તમારી ઉમ્મ્ત જિમ્મેદારીના એતબારથી નબુવ્વતના સ્થાન પર છે, તો શું એતબારની શરત રાખીને ઉમ્મતને નબુવ્વતના સ્થાને બેસાડવાથી ફખ્રનો એહસાસ પેદા નહીં થાય ? એ ગલત છે કે એનાથી કેવળ જિમ્મેદારીનો એહસાસ જાગશે અને નબીને "અફઝલુલ્ અંબિયા" કહેવાથી ફખ્ર તથા કેવળ ફખ્રનો એહસાસ પેદા થશે. વધુમાં જણાવવાનું કે **જ્યારે તમે તમારા આલિમો તથા બુઝુર્ગોને ખુદાઈ મન્સબ પર બેસાડો છો અને નબીથી વધી જતા લખો છો**





**તો તમારા દિલમાં ગર્વ તથા નાઝની નફ્સાનિયત કેમ નથી ઉભરાતી ?** સાંભળો ! તમારા એક બિરાદર બુઝુર્ગવાર મૌલાના સઈદ અહમદ પાલનપૂરી ઉસ્તાદ દારુલ ઉલૂમ દેવબંદ, મોલ્વી કાસિમ નાનોત્વીના સંબંધે ઘણા જ ફખ્ર તથા ગર્વભેર લખે છે :–

"બચપનમાં આપે (નાનોત્વીએ) ખ્વાબ જોયો કે આપ અલ્લાહ ﷻની ગોદમાં (ખોળામાં) બેઠેલા છે. તેની આપના દાદા સાહબે તાબીર આપી કે અલ્લાહ પાક આપને ઈલ્મ અતા ફર્માવશે." *(ક્યા મુક્તદી પર ફાતિહા વાજિબ હૈ ? ઈફાદાત મોલ્વી કાસિમ નાનોત્વી, પ્રેસ : મક્તબે હિજાઝ–દેવબંદ, પેજ–૧૦)*

શું આ હોદ્દો (મન્સબ) ખુદાઈની પ્રતિ મુશ્રિકની જેમ આગેકૂચ નથી ? એનાથી તમારા દિલમાં ગર્વ તથા નાઝની નફ્સાનિયત નથી ઉભરી ?!

મોલ્વી મહમૂદ હસન દેવબંદી, મોલ્વી રશીદ અહમદ ગંગોહીની શાનમાં પોતાના કસીદામાં લખે છે :–

મુર્દો કો ઝિંદા કિયા, ઝિંદોં કો મરને ન દિયા !
ઈસ મસીહાઈકો દેખેં ઝરી ઈબ્ને મરયમ !
*(મર્ષિયા મોલ્વી રશીદ અહમદ, પેજ–૩૩, પ્રેસ : દેવબંદ)*

મરેલાઓને જીવતા કરવા એ હઝરત ઈસા عليه السلام નો વિશિષ્ટ ગુણ તથા મો'જિઝો હતો, પરંતુ તમારા મહાન પેશ્વા રશીદ અહમદ ગંગોહી મરેલાઓને જીવતા તો કરે જ છે ! પણ જીવતાઓને પણ મરવા દેતા ન હતા ! તો જાહેર છે કે ઈસા عليه السلام ની મસીહાઈની ખૂબીમાં તો એક નબી કરતાં વધેલા હતા. **"ઈસ મસીહાઈ કો દેખેં ઝરી ઈબ્ને મરયમ !"**નું તેવર તથા સરખામણી ચીસો પાડી પાડીને એ જ અકીદા તથા ઈમાનનું એલાન કરી રહી છે. એ ઉર્દૂનો મહાવરો છે કે કોઈની તારીફના પ્રસંગે કોઈની સાથે સરખામણી કરતાં જ્યારે બોલવામાં આવે છે કે "ઝરા આને જુઓ !" તો આ સરખામણીથી ઉચ્ચ કક્ષા તથા અગ્રતા આપવું જ મુરાદ હોય છે. જેમ કે હઝરત અલી رضي الله عنه ની બહાદુરીના સંબંધે કોઈ શાયરે કહ્યું છે :–

ભૂકે પ્યાસેને હમારોં કો તેહ તેગ કિયા
ઈસ શુજાઅત કો ઝરા દેખે તો રુસ્તમ આકર

આ શેઅરમાં શાયરે બહાદુરીના ગુણમાં રુસ્તમ પર હઝરત અલી رضی اللہ عنہ ની ફઝીલત તથા ઉચ્ચતા જાહેર કરી છે. એ જ પ્રમાણે ઉપરોક્ત શેઅરમાં મસીહાઈના ગુણમાં હઝરત ઈસા علیہ السلام પર રશીદ અહમદ ગંગોહીની ઉચ્ચતા અને ફઝીલત (અફઝલપણુ) જાહેર કર્યું છે.

આ બેકગ્રાઉન્ડ હેઠળ અમે ખાં સાહબને પૂછવા ચાહીએ છીએ કે આ સ્થાને તમારા કલમ તથા ચિંતનની શક્તિ કેમ મુર્દા થઈ ગઈ ? જે કલમથી તમે "અફઝલુર્રસૂલ"ના મહેલમાં બાકોરુ પાડવાની નિષ્ફળ કોશિશ કરો છો, તો ક્યારેક તેની દિશા તમે દેવબંદના સનમખાનાના સ્વરચિત બુઝુર્ગોની પ્રાપ્તિ પ્રતિ પણ કરી છે ? અમને યકીન છે કે તમે હરગિઝ નહીં કરો ! "અફઝલુલ્ અંબિયા"ની તાબીર (અર્થઘટન) તો ગૈર મન્સૂસ (અપુરવાર) લાગે છે અને ત્યારે ફખ્ર તથા નાઝની નફ્સાનિયત ઉભરાય છે, પરંતુ જ્યારે એઓ પોતાના મોલ્વીઓને ખુદાપાકથી વધારે દે છે અને મહાન અઝમતવાળા નબી પર અગ્રતા તથા ઉચ્ચતા આપે છે તો કઈ નસ (કુર્આની દલીલ) નજરો સમક્ષ હોય છે ?! અને ફખ્ર તથા નાઝની નફ્સાનિયત કેમ નથી ઉભરાતી ? અને અમલનો જઝબો ઠંડો કેમ નથી પડી જતો ?!





# માન્યતાઓના મતભેદથી કત્લ તથા વાઢકાપ સુધી

(લખાણ સપ્ટે.-૧૯૯૭ વધારો ઓક્ટો.-૨૦૦૧)

## (મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم ની પૂર્વ ભૂમિમાં)

હાલમાં દેવબંદિયત તથા ગૈર મુકલ્લિદિયતે પોતાના નજદી અને સામ્રાજ્યી આકાઓના નિર્દેશ હેઠળ આખા દેશના મુસલમાનોમાં અમ્નો ઈત્તેહાદ (શાંતિ તથા એકતા)ને ટુકડે ટુકડા કરીને રાખી દીધો છે. ભારતખંડમાં એક દૌર તે હતો કે ચો તરફ મહોબ્બત અને હમદર્દી તથા એકબીજાના દુઃખમાં ભાગીદારીની ચાંદની વિખેરાયેલી હતી. કોઈ એક પગમાં કાંટો વાગતો હતો અને પૂરો મહોલ્લો તેની પીડા અનુભવતો હતો. ગામની ગલીઓથી લઈને શહેરના મુખ્ય માર્ગો સુધી સમાન શિષ્ટાચાર તથા સભ્ય રિવાજોનો માહોલ હતો. દરેક આબાદીમાં એ જ અકીદાઓ તથા મઅમૂલોની બહારો હતી જે રિસાલતકાળથી વારસાગત તથા સતત અતિશય અદબ તથા એહતેરામ સાથે ચાલ્યા આવતા હતા. મીલાદ શરીફ પઢનારી ટોળીઓનો ભાગ્યે જ કોઈ દિવસ ખાલી રહેતો હતો, બાળક પેદા થાય તો મીલાદ, નવુ મકાન બંધાય તો મીલાદ, કોઈનું મુત્યુ થાય તો મીલાદ, ચાલીસુ હોય તો મીલાદ, ૧૧ મી શરીફ હોય, ૧૨ મી શરીફ, બુઝુર્ગોના ઉર્સો મુસલમાનોની ધાર્મિક તથા સાંસ્કૃતિક રીવાજોના સત્વો હતાં. પેશાનીઓ સજદાઓથી રોશન હતી અને દિલો મહબ્બતે ઈલાહી તથા ઈશ્કે રસૂલથી ભરચક હતાં અને આ જ મુસ્લિમ ઉમ્મતની તે શક્તિ હતી જેનાથી મોટી મોટી શક્તિઓ કાંપતી હતી. મુસલમાનોનો આ જ ઈશ્ક તથા ઈત્તેહાદ અંગ્રેજોની આંખનો કાંટો હતો. તેણે દૌલત તથા સત્તાની લાલચ આપીને આ જ કૌમમાંથી કેટલાક ગંદા તત્વોને ખોળી કાઢયા અને તેમને જિમ્મેદારી એ સોંપવામાં આવી કે મુસલમાનોની પવિત્ર રિવાયતો રીત રીવાજો અકીદાઓ તથા નિયમોની

વિરૂધ્ધ ધાર્મિક ઢબથી કાંઈક એવું સાહિત્ય તૈયાર કરવામાં આવે જેનાથી મુસલમાનોના સતત ચાલ્યા આવતા વારસાગત અકીદાઓ તથા રીવાજોની શરઈ સ્થિતિમાં શંકા કુશંકા પેદા થઈ જાય. આ તમામ બાબતોમાં અંબિયા તથા ઔલિયાની અઝમતોને વિશેષ રીતે નિશાન બનાવવામાં આવે, કેમ કે તેઓ સારી પેઠે જાણતા હતા કે **ઈશ્કે રસૂલ અને તા'ઝીમે ઔલિયા જ આ કૌમની સૌથી મહાન શક્તિ છે, જે આ કોમને દરેક પ્રસંગે દરેક ક્ષેત્રે ઉત્સાહી, પાકો નિશ્ચયી, ભરપુર હિંમતવાન, એક તથા ઉચ્ચ ખયાલી બનાવી રાખે છે.** અરબસ્તાનમાં આ સેવા ઈબ્ને સઊદ અને મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબ નજદીએ અંજામ આપી અને **હિંદુસ્તાનમાં ગુલામ અહમદ કાદયાની, અબ્દુલ્લાહ ચકળાલ્વી, ઈસ્માઈલ દહેલ્વી, સૈયદ અહમદ રાયબરેલ્વી, ડિપ્ટી નઝીર અહમદ દહેલ્વી, મોલ્વી કાસિમ નાનોત્વી, મોલ્વી અશરફ અલી થાનવી, ખલીલ અહમદ અંબેઠવી, રશીદ અહમદ ગંગોહી અને હુસૈન અહમદ મદની વગેરેએ અંજામ આપી. આ પાકીઝગીના પૂતળાના રૂપમાં રહેલા ડાકૂઓએ વિવિધ ચળવળો તથા સંસ્થાઓ થકી પોતાની જીભ તથા કલમનો ભરપૂર ઉપયોગ કર્યો, રસૂલની તૌહનથી ઔલિયાની બેઅદબી સુધી, પુરવાર થયેલ અકીદાઓના ચહેરા વિકૃત કરવાથી લઈને પવિત્ર રીત રીવાજો (નિયમો)નો ખાત્મો કરવા સુધી દરેક તે કામ કરી દેખાડયું જે મુસ્લિમ ઉમ્મતની એકતાના માળખાને વિખેરવા માટે જરૂરી હતું** અને બદ્‌કિસ્મતીથી એ સાઝિશ આજ સુધી ચાલુ છે પણ અફસોસ કે આપણી કૌમના ભોળા સ્વભાવના મુસલમાનોને ન તેનો હોશ છે ન ઈલ્મ !

અત્યારે પોઝિશન એ છે કે નજદી તથા સામ્રાજયવાદી એજન્ટો પોતાના ઈસ્લામ દુશ્મન આકાઓ પાસેથી મોટી મોટી રકમો લાવીને **સાચા પાકા મુસલમાનોને લાલચ આપીને તેમના ઈમાન તથા અમલનો સોદો કરે છે અને જો તેમાં કામયાબી નથી મળતી તો જીભ તથા કલમના તીરો ચલાવે છે, બલ્કે કેટલીકવાર તો તેઓ** એટલા બજારુ અને નીચ શબ્દો વાપરે છે કે એવું લાગે છે કે





**તેઓ નથી બોલતા બલ્કે તેમની જીભ પર શૈતાન બોલી રહ્યો છે.** તેમની બુરાઈભર્યી તકરીરો તથા તથા કિતાબોથી મુસ્લિમ ઉમ્મતની જે શાંતિ તથા એકતા તબાહ થઈ રહી છે તે કોઈ સમજદારથી છુપુ નથી. અને આ સર્વ કાંઈ એ ગિરોહની તરફથી આશ્ચર્યજનક ચીજ નથી બલ્કે તદ્દન અપેક્ષાઓ પ્રમાણે જ છે, જેમના સ્વરચિત ધર્મનો પાયો ખુદા અને રસૂલની ગુસ્તાખીઓ પર ઉઠાવવામાં આવ્યો હોય તેના અનુયાયીઓ જો બાદાએ તૌહીદના દીવાનાઓ અને શમ્સે રિસાલતના પરવનાઓને પોતાની મેહફિલો તથા એકાંતમાં ગાળો આપે તો એમાં હૈરત તથા આશ્ચર્યની શું વાત છે ?!

પરંતુ આ ઈન્સાનિયતને શરમથી ડૂબી જવાનો મકામ છે કે અત્યાર સુધી તો આ સામ્રાજયવાદી એજન્ટો જીભ તથા કલમનો ખંજર ચલાવતા હતા અને અહલે હક્ક પોતાના નબીની અઝમતોના નામ પર દરેક ગમનું ઝહેર શોખથી પી જતા હતા પણ હવે તો એ લોકો માનવ સભ્યતા પહેરણથી તદન નગ્ન થઈ ચૂક્યા છે અને પોતાના હાથોમાં પણ ખંજર લઈને મેદાનમાં આવી ગયા છે ! આ પીડાજનક પ્રસંગને લખતી વખતે કલમ કાંપી રહ્યો છે અને આંખો અશ્રુમય છે કે બસ્તી શહેરમાં એક નવયુવાન આશિકે રસૂલ અબ્દુલ અઝીઝખાંને કેવળ અને કેવળ એ જુર્મમાં કત્લ કરી નાખ્યો કે તે પોતાના નબીની મહફિલે મીલાદ સજાવવાની વ્યવસ્થા કરી રહ્યો હતો. આહ ! શું હવે હિંદુસ્તાનની મસ્જિદોમાં પોતાના રસૂલનું નામ લેવું પણ ગરદન ઉડાડવાનો જુર્મ બની ગયો !

અબ્દુલ અઝીઝખાંની દર્દનાક શહાદતનો જે કિયામત જેવો પ્રસંગ બની ગયો કે એ નાલાયક હત્યારાઓની બુરાઈ ગૈર મુસ્લિમ સુધ્ધાં કરી રહ્યા છે. હવે આવો થોડાક શબ્દોમાં એ દિલને દુઃખ આપનાર પ્રસંગની થોડીક વિગત પણ જોઈ લઈએ :–

આગા દરિયાખાં બસ્તીમાં એક મશહૂર તથા ખુશ અકીદા શખ્સિયત થઈ ગઈ છે તેમના જ નામથી મહોલ્લો છે અને તેમણે જ આ મસ્જિદ પણ બંધાવી હતી જે એમના જ નામથી પ્રખ્યાત થઈ ગઈ અને આજ સુધી એ ખાનદાનના લોકો એ મસ્જિદની દેખભાળ કરી રહ્યા છે તથા

વ્યવસ્થાની ખિદમત અંજામ આપી રહ્યા છે. અફસોસ ! એ નવયુવાન શહીદ પણ એ જ ઐતિહાસિક ખાનદાનનો ચશ્મો ચિરાગ હતો. મસ્જિદમાં આજ સુધી તમામ કામો (મઅમૂલો) ઈસ્લામ તથા સુન્નિયતના પ્રમાણે ચાલુ રહ્યાં છે જેના સાક્ષી આપણા તથા ગૈર સૌ લોકો છે. કેટલાક દિવસો પહેલાં બસ્તીમાં વહાબી વિચારસરણીનો એક દારુલ ઉલૂમ સ્થપાયો. ઉસ્તાદ તથા તલબા માટે એ દારુલ ઉલૂમમાં એક મસ્જિદ પણ છે. એ દારુલ ઉલૂમના કર્તા હર્તા મોલ્વી બાકિર છે, તેમનાં દિલો દિમાગ વહાબિયતની પ્રણાલિકાગત ત્રાસવાદી પ્રવૃત્તિથી છલોછલ છે. એક દિવસે તેમણે પોતાના ચેલાઓ ચમચાઓને લઈને તે મસ્જિદમાં ડખલગીરી શરૂ કરી તો મહોલ્લાવાસીઓ અને મસ્જિદના વ્યવસ્થાપકોને સખ્ત નાપસંદ ગુજર્યું, પણ જનાબ પોતાની બુરી હરકતોથી ન રોકાયા એટલે સુધી કે તેમણે જોત જોતામાં ઈમામતના મુસલ્લા પર કબ્જો જમાવ્યો. વાત એટલે સુધી પહોંચી કે મુસલમાન તથા દેવબંદીઓને કચેરીમાં બોલાવવામાં આવ્યા જ્યાં સર્વાનુમતે એ સુલેહનામુ લખવામાં આવ્યું કે :–

"મસ્જિદમાં દારુલ ઉલૂમની કોઈ ડખલ રહેશે નહીં. મસ્જિદ દરિયાખાંનો ઈમામ તે જ રહેશે જે મીલાદ બાદ સલાતો સલામ પઢે, ચિરાગાં, તાક ભરવો, તહેવાર વગેરે પૂરાણા રીત રીવાજોના તરીકા પર કરે અને પેશ ઈમામ પાછળ બધા લોકો નમાઝ અદા કરશે."

આ સુલેહનામા પર વ્યવસ્થાપકો અને શહેરના જિમ્મેદારોની સહીઓ થઈ. પણ બાકિર સાહબ પોતાની હરકતોથી ન અટકયા, તે પોતાના દારુલ ઉલૂમના ઉસ્તાદો તથા તલબા થકી કાંઈ ન કાંઈ ફિત્નાઅંગેઝીઓ કરાવતા રહ્યા. નજરે જોનાર સાક્ષીઓનું બયાન છે કે ૨૦ જુલાઈ ઈ.સ. ૧૯૯૭ ના રોજ એ મસ્જિદમાં મીલાદુન્નબી ﷺ નો પ્રોગ્રામ હતો. ૧૨ રબીઉલ અવ્વલ શરીફના લીધે પૂરી મસ્જિદને દુલ્હનની જેમ સજાવી દેવામાં આવી હતી. બરાબર સાત વાગીને દસ મિનિટે મોલ્વી બાકિર પોતાના સાથીઓને લઈને મસ્જિદમાં ઘુસી ગયા અને ડેકોરેશન તોડવા લાગ્યા. મહોલ્લાના મુસલમાનોએ રોકવાની કોશિશ કરી તો જાનથી મારી નાખવાની ધમકી આપી અને ચાલ્યા ગયા.





ફરી નવ વાગ્યે આ જાલિમો એકસોથી પણ અધિક બદ્દમાશો લઈને ડાકૂઓની જેમ મસ્જિદમાં ઘુસી ગયા. મીલાદ શરીફની તૈયારીઓમાં વ્યસ્ત અબ્દુલવહીદખાંના ભાઈ અબ્દુલઅઝીઝખાં તથા અબ્દુર્રહીમખાં અને અન્ય નવયુવાનોને સળીયા તથા લાઠીઓ વડે મારવા લાગ્યા, કેટલાયે નવયુવાન સખત ઘાયલ થઈ ગયા, ઝખ્મીઓને તરત જ હોસ્પિટલે મોકલવામાં આવ્યા. અબ્દુલ અઝીઝખાં (જેમના માથા પર ભારે ચોટ હતી)ને લખનૌ મોકલવામાં આવ્યા, પણ પોતાના નબીની મેહફિલ સજાવનાર આ નવયુવાને ઝખ્મો ન વેઠી શક્તાં રસ્તામાં જ શહાદતનો જામ પી લીધો.

હવે એક સવાલ વારંવાર દિલો દિમાગમાં તોફાન મચાવે છે જ્યારે વહાબી ખયાલવાળાના દારુલ ઉલૂમમાં ખૂદ તેમની મસ્જિદ છે, ઉસ્તાદો, તલબા તથા અન્ય લોકો ત્યાં નમાઝ પઢે છે તો પછી મોલ્વી બાકિર સાહબને મુસલમાનોની આ મસ્જિદમાં નમાઝ પઢવાનો શોખ કેમ પેદા થયો ? શું એ મસ્જિદમાં નમાઝ પઢવાનો સવાબ કાંઈક વધારે હતો ? તે દીવાનગીભર્યા શોખ હેઠળ તેમણે કત્લ તથા ખૂનના દરિયાથી પસાર થવામાં પણ કાંઈ ભય ન અનુભવ્યો ?! :–

કુછ તો હૈ જિસ્કી પર્દાદારી હૈ !

આ છુપા રહસ્યનો ભેદ કોઈ તેમનો સમઅકીદા જ ખોલી શકે છે. લો ! સેવામાં હાજર છે દેવબંદી વિચારક્ષેત્રના દૈનિક પત્ર "રાપ્તી ગોરખપૂર"નો ચોંકાવનારો રહસ્ય ખોલતો હેવાલ ! :–

"બસ્તીના પૂરાણા મહોલ્લા આગા દરિયાખાનમાં તે મસ્જિદ જેને લઈને આજે વાતાવરણમાં તંગદિલી ફેલાઈ છે તેનું બાંધકામ આજથી લગભગ ૮૫ વરસ પહેલાં આગા દરિયાખાનના પિતા આગા અલીખાને કરાવ્યું હતું જેમાં લોકો એક જમાનાથી નમાઝ બાજમાઅત અદા કરાવતા આવ્યા છે અને નમાઝ બાદ છેલ્લા ૨૦ વરસોથી અહીં સલાતો સલામ પઢવાનો રીવાજ પણ ચાલતો હોવાની રિવાયત મળે છે. મૌલાના બાકિરે કરવામાં આવેલી નવીન કારીગરી તથા નકશીકામનો નક્શો અને વકફ બોર્ડથી પ્રાપ્ત કરેલ સનદ સઊદી અરબના શયખો સામે રાખી અને ત્યાંથી લાખો રૂપિયા ચંદાના નામે લઈ આવ્યા અને એ જ પ્રકારનું કામ

બસ્તીની પૂરાણી મસ્જિદો સાથે પણ કરે છે. પૂરાણી બસ્તીમાં આવેલી એક મસ્જિદના બારામાં પણ તેમણે આવી જ કોશિશ કરી અને મસ્જિદના જિમ્મેદારોની મદદ માટેની રજૂઆત કરી પણ એ લોકો તૈયાર ન થયા. અહીં કેટલાક સવાલો પેદા થાય છે કે દારુલ ઉલૂમ મદ્રસાની અંદર એક આલીશાન મસ્જિદ મૌજૂદ છે જ્યાં બાળકો નમાઝ અદા કરે છે તો પછી મૌલાનાએ આ મસ્જિદમાં દરમ્યાનગીરી કરવાની શું જરૂરત હતી ? હકીકત તો એ છે કે અબ્દુલ અઝીઝના કત્લ બાદ મદ્રસાના મુદર્રિસ આવીને ઈમામતની ફરજો અંજામ આપશે." *(દૈનિક રાપ્તી ગોરખપૂર, ૨૭–જૂલાઈ, ઈ.સ. ૧૯૯૭)*

આ હતી ખૂનામરકીની વાસ્તવિક પાશ્વભૂમિકા જેનો ભેદ એક દેવબંદી વર્તમાનપત્રે ઉઘાડા છોગે કરી આપ્યો. **અત્યારે પૂરા ભારતખંડમાં દેવબંદી તથા ગૈરમુલ્લિદોએ એ ધંધો ચાલુ કરી દીધો છે કે અહીંની જર્જરીત મસ્જિદોના ફોટા પોતાના અય્યાશ સઊદી આકાઓની સમક્ષ રજૂ કરીને કરોડોની રકમ લઈ આવે છે જેનાથી મસ્જિદો ઓછી અને બિલ્ડિંગો અધિક બંધાવી રહ્યા છે અને આ જ બદ્‌માશોના પરિણામે હજારો ફિત્ના જન્મ લઈ રહ્યા છે અને ચો તરફ ઈખ્તેલાફ અને બદ્‌અકીદગીની આમ બીમારી (વબા) જંગલની આગની જેમ ફેલાતી જઈ રહી છે.**

એ હકીકત એક ક્ષણ માટે પણ દિમાગથી ઓજલ ન થવી જોઈએ કે નામૂસે રિસાલતની રક્ષાના માટે ગાળો ખાવી તથા પ્રાણ ન્યોછાવર કરવા એ તો દરેક દૌરમાં આશિકાને રસૂલની આદત તથા કાબિલે રશ્ક નેકબખ્તી રહી છે. પરંતુ દર્દનાક સવાલ એ છે કે **આ યહૂદ તથા સઊદના વઝીફાખોર ક્યાં સુધી ઈસ્લામનો ચેહરો વિકૃત કરીને મુસલમાનોમાં ઈખ્તેલાફ તથા વિખવાદની આગ લગાડતા રહેશે ?** શું હજી એ સમય નથી આવ્યો કે મુસલમાન બહાદુરો વલવલાઅંગેઝ ચળવળ તથા સંગઠનની સાથે ઉઠે અને આ મુટ્ઠીભર બદ્‌મઝહબોને કાદયાનીઓની જેમ ઈસ્લામથી ખારિજ ઠરાવી દે અને સાથો સાથ ગવર્નમેન્ટો પાસે માંગણીઓ કરવામાં આવે કે જેવી રીતે સલ્માન રુશ્દીની "શૈતાની આયાત" પર તૌહીને રિસાલતના જુર્મમાં સખ્ત પાબંદી લાગુ પાડી દેવામાં





આવી છે એ જ પ્રકારના જુર્મના હેઠળ તકવિયતુલ ઈમાન, હિફઝુલ ઈમાન, તહઝીરુન્નાસ અને બરાહીને કાતિઆ વગેરે એ તમામ કિતાબો પર બેન્ડ લગાડી દેવામાં આવે જેના લખાણોમાં અલ્લાહની પાકી તથા અઝમતે રિસાલત પર કાફિરાના (કુફ્ર ભર્યા) હુમ્લા કરેલા છે અને તેમના કુફ્રી લખાણોના કારણે અરબ તથા અજમના ઉલમાએ તેમના મોટા ભાગના લેખકોના કાફિર ઠરવા વિશેના ફત્વા બહાર પાડયા છે અને એ ઐતિહાસિક દસ્તાવેજ આજે પણ "હુસ્સામુલ હરમૈન"ના નામથી દરેક જગાએ ઉપલબ્ધ છે. જો એવું થઈ ગયું તો મુસલમાનોની વચ્ચે મતભેદ તથા વિખવાદની ઉઠાવવામાં આવેલી દિવાલો પણ એ જ ઘડીએ જમીનબોસ થઈ જશે અને એકતા તથા ખુશ અકીદગીના વસંતી વાતાવરણમાં મુસ્લિમ ઉમ્મતની તામીર તથા પ્રગતિના માર્ગો પણ ખુલી જશે.

હવે અમે તે દેવબંદી અને ગૈર મુકલ્લિદ મોલ્વીઓને પૂછવા ચાહીએ છીએ કે તેમણે જે સઊદી તથા સામ્રાજ્યવાદી પેટ્રોડોલરની બદ્‌મસ્તીમાં મરણતોલ હુમ્લા અને છાપા મારવાની માનવતાહિન કાર્યવાહી શરૂ કરી છે, તો જો અહલે સુન્નત વ જમાઅતે વળતા હુમ્લામાં ઈંટનો જવાબ પથ્થરથી આપવો શરૂ કરી દીધો તો તમારો શું અંજામ થશે ?! આ દેશભરમાં એમની સંખ્યા તથા વિસાત જ કેટલી છે ! લેટેસ્ટ સર્વેના પ્રમાણે આ આખા દેશભરમાં ૮૦ ટકા તો કેવળ અહલે સુન્નત વ જમાઅત જ છે અને ૨૦ ટકામાં દેવબંદી, ગૈર મુકલ્લિદ, ચકળાલ્વી, કાદયાની અને શીઆ વગેરે છે.

અમે આ બુદ્ધિ તથા અક્કલના ઓથમીરોને એટલું અધિક જણાવીશું કે આ તો સમજબુઝ તથા કલમનો દૌર છે, આજે તમામ મસાઈલ ઝબાન તથા કલમથી હલ કરવામાં આવી રહ્યા છે, જો **તમારા સ્વરચિત દીન તથા મઝહબમાં રાઈના હજારમા ભાગ બરાબર પણ સચ્ચાઈ છે તો અવામના હુજૂમમાં (પબ્લિકની રૂબરૂમાં) મુનાઝરાના માટે ચાલ્યા આવો, બલ્કે અમે તો એવું કહીશું કે આપસમાં ચર્ચા વિચારણા પછી દેશના દરેક મોટા શહેરમાં મુનાઝરાના માટે તારીખો નિશ્ચિત કરી લેવામાં આવે પછી એ હકીકત ૧૪ મીના**

**ચાંદની જેમ દરેક ઘર આંગણા સુધી પહોંચી જશે કે નજ્દ તથા દેવબંદથી જે તેહરીકોએ જન્મ લીધો છે તેના બીજની રોપણી અંગ્રેજોએ ખૂદ પોતાના હાથો વડે કરી છે અને બદ્‌મઝહબની ઘટાદાર વૃક્ષની સિંચાઈ આજ સુધી એ જ વારસાગત ચાલી આવતા આકા કરી રહ્યા છે. ઐયાશ અરબ શયખોના ખજાનાઓએથી જે રકમ ઉપલબ્ધ થઈ રહી છે એ પણ આ ક્રમની એક ધોકાથી ભરપુર કડી છે.** આ સચ્ચાઈની વિગત જોવી હોય તો ''તારીખે નજદો હિજાઝ, નંગે દીન નંગે વતન, ગુનાહે બેગુનાહી, મુહાફિઝીને હરામ, અલ્વહાબિયત, હમ્ફે કે એતરાફાત વગેરે ડઝનબંધી કિતાબો છે. પણ આ લોકો પબ્લિકને ન સચ્ચાઈથી વાકેફ થવા દે છે અને ન ખૂદ મુનાઝરાના મેદાનમાં આવવાની હિંમત કે તાકાત છે, પોતાના ઘરમાં બેઠા બેઠા ગાળો આપવી અથવા સડકો પર હંગામો મચાવવો અને બદ્‌માશી તથા ખૂનામરકીનો નગ્ન નાચ કરવો એ તો જેહાલત તથા જંગલીપણુ છે. અમે વારંવાર ચીખી રહ્યા છીએ કે મુનાઝરાના મેદાનમાં આવો ! પણ અમે સારી પેઠે જાણીએ છીએ કે તેઓ કદી કોઈ મેદાનના મર્દની સામે હરગિઝ નથી આવી શક્તા અને હવે તો મુનાઝરાના નામથી જ તેમની પેશાનીથી પસીનો છૂટવા લાગે છે ! કેમ કે અત્યાર સુધી જેટલા પણ મુનાઝરા થયા છે તેમાં હાર જ તેમનું મુકદ્દર બની છે અને દરેક વખતે તેમણે સખત નુકસાન ઉઠાવવું પડયું છે, એનો સ્વીકાર તેમના દરેક મોલ્વીને છે. આ જુઓ નદવતુલ ઉલમાના માજી મુદર્રિસ મોલ્વી મુહમ્મદ તકી અયની લખે છે :–

''વતન (સબીહા બારાબંકી) અને આસપાસમાં શિર્ક તથા બિદઅતનું ઘણુ જ જોર હતું, જેની વિરૂધ્ધ અવાજ ઉઠાવવો ઘણુ જ મુશ્કેલ કામ હતું. એ જમાનામાં વઅઝ તથા તકરીર સિવાય ઉલમાથી મુનાઝરાનો પણ શોખ હતો, પરંતુ જ્યારે સમજદારીની કક્ષાઓ પહોંચ્યો તો જણાયું કે દા'વત અને તબ્લીગ અને હક્કના પ્રચારમાં મુનાઝરો લાભકારક નથી રહ્યો બલ્કે નુકસાન જ થાય છે.'' *(મોલ્વી મુહમ્મદ તકી અયની, હદીષકા દિરાયતી મેઅ્યાર, પેજ–૨૮૬, પ્રેસ : દેવબંદ)*

તેમના વતનમાં શિર્ક તથા બિદઅતનું બહુ જોર હતું. આ છે એમની





તાબીર એટલે ત્યાં ઈસ્લામ મૌકૂફ હતો ! આ લોકો અહલે સુન્નત વ જમાઅતને બિદઅતી તથા મુશ્રિક કહે છે, જાહેર છે કે એમના જન્મથી પહેલાં તેમની જન્મ ભૂમિ પર અહલે સુન્નતની બોલબાલા હતી, પછી તેઓ પોતાની નવયુવાનીમાં કોઈ દેવબંદીની હડફટે ચઢી ગયા. પછી તેમણે ઉલમાએ અહલે સુન્નતથી મુનાઝરા કર્યા અને કરાવ્યા પણ દરેક વખતે તેમને દર્દનાક માર પહોંચ્યો અને સખત નુકસાન પણ વેઠવું પડયું જેની પીડા તેમને લાંબા અરસા સુધી રહી.

એ પ્રમાણે એ ફિર્કાની આ અફસોસનાક દોરંગી પોલીસી પણ યાદ રાખવા જેવી છે કે એક બાજુ તો તેમની દરેક વ્યક્તિ હાથમાં તસ્બીહ દબાવી એ વઝીફો આલાપતો જોવા મળે છે કે ''મિયાં ! કોઈને બુરો ન કહેવો જોઈએ બલ્કે કાફિરને પણ કાફિર ન કહો ! શું ખબર તે મુસલમાન થઈ જાય તો !'' અને બીજી બાજુ સ્થિતિ એ છે કે મોકો મળી જાય તો જંગલીપણાથી લઈને શૈતાનિયતની દરેક મંઝિલ થોડીક જ પળોમાં પાર કરી લે. આ વરસે ઈ.સ. ૧૯૯૭માં બરાબર ઈદે મીલાદુન્નબી ﷺ ના દિવસે કૂપાગંજ મઉમાં દેવબંદીઓની રસૂલ દુશ્મનીનો એક અધિક અત્યંત બદ્‌તરીન બનાવ ઉપસ્થિત થયો. વિ□સનીય ઝરીયાઓ થકી જાણવા મળ્યું કે ઈસ્લામી ચાલ્યા આવતા રીવાજો પ્રમાણે આબાદીમાં જુલૂસે મુહમ્મદી ﷺ ની ગોઠવણ કરવામાં આવી હતી. દીવાનગાને મુસ્તફા ﷺ તકબીર તથા રિસાલતની ગુંજમાં જ્યારે મુખ્ય માર્ગો પર આવ્યા અને સારા અવાજવાળા નવયુવાનો અને બાળકોએ પોતપોતાની ટોળીઓમાં લયથી લય મિલાવી નઅતે નબીના નગ્માઓ છેડયા તો પૂરું વાતાવરણ ઈશ્કે રસૂલની ઈત્રમય ખુશ્બુમાં ડૂબી ગયું. પરંતુ આ દિલકશ સદાઓ દેવબંદીઓના બાતિલ આશિયાના પર વીજળી બનીને પડી ! અને પછી પોતાના સળગતાં દિલોની આગ બુઝાવવાના માટે આ ઈન્સાનરૂપી શૈતાનો એકલા નિહત્થા મુસલમાનો પર તદ્દન ઈસ્લામ દુશ્મન ત્રાસવાદીઓની જેમ તૂટી પડયા, ચો તરફ ભાગદોડ મચી ગઈ, ગૈર મુસ્લિમોમાં એ વાત ફેલાઈ ગઈ કે પેશાની પર કાળા ધબ્બાવાળાઓએ આજે મુસલમાનો પર બરાબર તે વખતે હુમ્લો કરી દીધો જ્યારે તેઓ પોતાના પયગંબરના જુલૂસ કાઢવામાં મશ્ગૂલ હતા. બલ્કે

ગૈર મુસ્લિમોએ પોતાનું આશ્ચર્ય એટલે સુધી વ્યક્ત કર્યું કે અમારી જાણમાં પ્રથમવાર ઉમેરો થયો છે કે મુસલમાનોની જેમ રહેવા સહેવાવાળામાં પણ એક એવી જમાઅત પેદા થઈ ગઈ છે જે ઈસ્લામના પયગંબરને નથી માનતી ! જો એવું છે તો પછી એમના માટે મસ્જિદો જ ખાસ હોવાનું શું જરૂર ?! એમના માટે તો અમારા મંદિરોના દરવાજા પણ ખુલ્લા હોય છે..... વગેરે વગેરે. જેટલા મોઢાં એટલી વાતો અને આ બનાવની એ દિશા પર તો આંખો ભરાઈ આવી અને દિલો કાંપી ઉઠયાં કે જુલૂસમાં નાનાં નાનાં બાળકો પોતાના હાથમાં ઝંડીઓ લઈને અને હોઠો પર દુરૂદો સલામ સજાવીને ઈશ્કે નબીની તસ્વીર બનીને ધીમે ધીમે ચાલ્યા જઈ રહ્યાં હતાં તો એ જાલિમોએ એ બાળકોની નાઝુક શારીરિક હાલતનો પણ ખયાલ ન કર્યો બલ્કે તેમને પોતાની મારપીટનાં નિશાન બનાવ્યાં ! અને એ બદ્‌માશોની રસૂલ દુશ્મની પર બુદ્ધિશાળીઓએ તે વખતે માથુ કૂટયુ જ્યારે તેમણે તે ઝંડાઓ સુધ્ધાંને ફાડીને પોતાના પગો વડે કચડયા અને નાળીમાં નાખી દીધા. જે ગુંબદે ખદરાના મુકદસ નક્શાઓ અને નારાએ રિસાલતનાં લખાણોથી સજાવેલા હતા. **શું તેમની બદ્‌અકીદગી અને રસૂલ દુશ્મનીને પ્રદર્શિત કરવાના માટે હજી પણ કોઈ પર્દો ખોલવાની જરૂરત છે ? શું તેમનાં આ કરતૂત તેમની બદ્‌અકીદગી તથા રસૂલ દુશ્મનીનું બુમો પાડી પાડીને એલાન નથી કરતાં ?**

હવે પ્રશ્ન એ ઉઠે છે કે આ કૌમ જે નબીનો કલ્મો પઢે છે તેનો ઝિક્રે ખૈર અને તેની મીલાદનો દિવસ મનાવવાથી આટલી બધી બેઝાર શા માટે છે ? તેમ છતાં કે કુર્આન તથા હદીષોની સેંકડો દલીલો તેના જાઈઝ હોવા બાબતનું એલાન કરી રહી છે. અને આ કોઈ કેવળ કાલ્પનિક મસ્અલો નથી બલ્કે સદીઓના દામનમાં ફેલાયેલા જમહૂર ઉલમા તથા મશાઈખના તકલીદને પાત્ર મા'મૂલાત એના પર ન્યાયી સાક્ષી છે. અને આજે પણ ઈસ્લામી જગતનો કોઈ પ્રદેશ એવો નથી જ્યાં મીલાદે રસૂલ ﷺ ની ઈત્રમય ખુશ્બુઓથી આબાદીઓ ન મહેકી રહી હોય, એ અમુક સ્થળો જરૂર એમાં અપવાદ છે જ્યાં વહાબિયત તથા કાદયાનિયત પોતાના પગ જમાવી ચૂકી છે. હરમૈન તૈયેબનમાં નજદી હુકૂમતના વર્ચસ્વ છતાં ઝિંદા દિલ તથા ખુશ અકીદા મુસલમાન પોતાનાં મકાનો, ખાનકાહ અને





દાનિશકદાઓમાં ખૂબ જ અદબ તથા એહતરામપૂર્વક તથા ખૂબ જ શોખપૂર્વક મહોબ્બત સાથે મીલાદે મુસ્તફા ﷺ ની મેહફિલો સજાવે છે, મીલાદ ખ્વાં હઝરાત જયારે મુસ્તફા ﷺ ના કસીદા પઢે છે તો પૂરા વાતાવરણમાં દીવાનગીનો માહોલ છવાઈ જાય છે. આ અહકર (લેખક) જયાર હરમૈન તૈયેબનની ઝિયારત માટે હાજર થયો હતો તો મક્કા શરીફમાં હઝરત શૈખ મુહદ્દિષ મુહમ્મદ ઈબ્ને અલ્વી માલિકી رحمۃ اللہ علیہ ના ત્યાં મેહફિલે મીલાદ શરીફમાં હાજરી આપવાનું નસીબ થયું હતું. બંનેવ જ મજલિસોમાં ઈશ્ક તથા દીવાનગીની તે કૈફ લાવનાર તથા ઈશ્કમાં ડૂબાડનાર દશ્યો જોયાં હતાં કે આજે પણ કલ્પનાની દુનિયામાં દિલો દિમાગ પર વજદાની કૈફિયત છવાવા લાગે છે.

વાસ્તવમાં મેહફિલે મીલાદની આ જ ઈમાન અફરોઝી તથા ઈશ્ક પરવરી દુશ્મનોની મીલાદ બેઝારીનો પાયાનો સબબ છે, કેમ કે **જે મકસદો હેઠળ અંગ્રેજોએ વહાબિયતની ચળવળને આર્થિક સહાય કરી હતી એમાં સૌથી મહત્વનો તથા બેઝિક હેતુ અઝમતે રસૂલને ઘટાડવું અને દિલોએથી ઈશ્કે રસૂલને મિટાવવું છે.** એટલા માટે આ દેવબંદવાળાઓ તથા ગૈર મુકલ્લિદો દરેક તે ચીજમાં શિર્ક તથા બિદઅતનું પાસુ તલાશ કરવાની નિષ્ફળ કોશિશ કરે છે જેનાથી અંબિયા તથા ઔલિયાની તા'ઝીમ તથા તૌકીરના નૂરનો ચશ્મો ઉભરાઈ રહ્યો હોય. હવે નીચે મીલાદે રસૂલ ﷺ ના હવાલાથી દેવબંદીના અગ્રણીઓના કેટલાક ફત્વા જોઈ લઈએ જે અલ્લાહને રાજી કરવાને બદલે માલપાણી આપતા આકાઓની ખુશ્નૂદીના માટે આપવામાં આવ્યા છે :–

**સવાલ** : સહીહ રિવાયતો સાથે કિયામ સાથે મીલાદની મેહફિલ ગોઠવવી દુરુસ્ત છે કે નહીં ?

**જવાબ** : મીલાદની મેહફિલ ગોઠવવી દરેક હાલતમાં નાજાઈઝ છે.

***–ફક્ત બંદા રશીદ અહમદ*** *(હવાલો : ફતાવા રશીદિયહ, ભાગ–૨, પેજ–૧૫૦)*

**સવાલ** : જે ઉર્સમાં કેવળ કુર્આન શરીફ પઢવામાં આવે અને શીરીની વહેંચાય એમાં શરીક થવું જાઈઝ છે કે નહીં ?

**જવાબ** : કોઈ ઉર્સ તથા મૌલૂદ શરીફમાં શરીક થવું દુરુસ્ત નથી અને કોઈપણ જાતનો ઉર્સ કે મૌલૂદ દુરુસ્ત નથી. *(હવાલો : ફતાવા રશીદિયહ્, ભાગ–ઘ, પેજ–૯૪)*

"બરાહીને કાતિઅહ્"માં છે :– આ હઝરત ﷺ નો મૌલૂદ શરીફ કરવો અને કયામે તા'ઝીમ માટે ઉભા થવું બિદઅત તથા શિર્ક છે. અને કનૈયાના જન્મની જેમ." *(બરાહીને કાતિઆહ, પેજ–૨૨૮)*

મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ મેહફિલે મીલાદના હવાલાથી લખ્યું છે :–

"જો કોઈ હઝરત ઈસાના જન્મના મોટા દિવસની મેહફિલ કરે તો તાણા મારવામાં આવે અને મૌલૂદ શરીફની મેહફિલ કરે છે અને બુરૂં નથી સમજતા, સબબ એ છે કે એનો રીવાજ નથી, આની રસમ પડી ગઈ, અને હકીકતમાં બંનેવ એક છે." *(તઝકેરુલ ઈખ્વાન બકિય્યહ તકવિયતુલ ઈમાન, પ્રેસ : ફારૂકી, પેજ–૧૪૯)*

અબૂબક્ર જાબિર અલજઝાઈરીની કિતાબ "મૌલૂદુન્નબી'નો તર્જુમો મુશ્તાક અહમદ નદવીએ "મેહફિલે મીલાદ" નામથી કર્યો છે. પ્રથમ નજર પડતાં અમે કિતાબ દિલ્હીમાં જોઈ તો વિચાર્યું કે આ મેહફિલે મીલાદની સાબિતી તથા ફઝાઈલમાં હશે, પરંતુ જ્યારે પાનાં ઉલ્ટાવ્યાં તો ખુશી અફસોસજનક આશ્ચર્યમાં ફેરવાઈ ગઈ કે હવે ધોળા દહાડે રહબરીના રૂપમાં ડાકૂગીરી થઈ રહી છે ! લીટી લીટી અંબિયા તથા ઔલિયાની દુશ્મનીમાં ભરેલી પડી છે. લેખક આવી ઝહેર ઓકતી કિતાબ લખવાનો સબબ વર્ણન કરતાં લખે છે :–

"હું આ વિષય "મૌલૂદુન્નબી" રિસાલત મઆબ ﷺ ની મહાનતાની શાન અને આ વિષયના મહત્વ તથા ગંભીરતાનો ખયાલ કરીને કલમ ઉઠાવતાં ખૂબ જ અશમંજશમાં રહ્યો, પરંતુ જ્યારે અંદાઝો થયો કે પાણી માથાથી ઉપર જઈ રહ્યું છે અને મુસલમાનો વચ્ચે કેવળ એ કે ભલુબુરુ કહેવા સુધી જ નહીં બલ્કે તકફીર સુધી વાત પહોંચી ગઈ છે જેથી હું આ કિતાબ લખવા માટે મજબૂર થયો. મીલાદના મહીના રબીઉલ અવ્વલથી અમુક દિવસો પહેલાં મેં બી.બી.સી. લંડનથી સાંભળ્યું કે સઊદી અરબના મુફતીએ આ'ઝમ શૈખ અબ્દુલ અઝીઝ બિન બાઝે





એ લોકો પર કુફ્રનો ફત્વો લગાડયો છે જેઓ મીલાદ શરીફની મેહફિલો સજાવે છે જેનાથી ઈસ્લામી જગતમાં ગુસ્સા તથા ક્રોધની એક લહેર દોડી ગઈ છે. કેટલાક લોકોએ મને નસીહતના અંદાઝમાં કહ્યું કે ફલાણો માણસ કહે છે કે હું ફલાણાને એટલા માટે પસંદ નથી કરતો કે મીલાદનો ઈન્કાર કરે છે. કેટલી વિચિત્ર વાત છે ? કે જે શખ્સ બિદઅતને બુરી કહે અને તેને છોડવાનું નિમંત્રણ આપે તે એ લાયક છે કે મુસલમાન તેની સાથે અદાવત રાખે અને નાપસંદ કરે ! મુસલમાનોનો તો એ ફર્ઝ છે કે તેને ગળે લગાડે અને આંખોમાં બેસાડે, ન કે એને કરાહતની નજરથી જુએ ! *(મહફિલે મીલાદ, ઉર્દૂ, ફરીદ બુક ડેપો, દિલ્હી, પેજ–૪, ૫)*

એવું લાગે છે કે નજ્દી મુફતી અબ્દુલ અઝીઝ બિન બાઝે મીલાદ દુશ્મની પર આધારિત ફત્વાથી ઈસ્લામી જગતમાં જે ગુસ્સો તથા ઉશ્કેરાટની લહેર દોડાવી હતી એને ઠંડી પાડવાના માટે પ્રથમ અરબીમાં અને પછી ઉર્દૂમાં એને પ્રસિદ્ધ કરવામાં આવી છે. કિતાબના લખાણો તદ્દન એવાં નથી કે એની રદ કરવા માટે કોઈ ઈલ્મી બહષ કરવામાં આવે, મહફિલે મીલાદની પવિત્રતાને પાયમાલ કરવાના માટે પાયાહિન બનાવટી વાતો તથા અફવાઓને એકત્ર કરી દેવામાં આવી છે. દલીલો તથા સાક્ષીઓ એકત્ર કરવાને બદલે લેખક તથા અનુવાદકની નજરો સઊદી રિયાલ પર ચોંટેલી રહી છે. હજાર કોશિશ અને મથામણ છતાં મહફિલે મીલાદની વિરૂધ્ધ કુર્આન તથા સુન્નત અને ઈમામોના અકવાલ (કથનો)થી કોઈ સચોટ દલીલ ઉપલબ્ધ નહીં થઈ હોય જેથી નાજાઈઝ રસ્મોને બનાવટી રીતે મેહફિલે મીલાદના માથે રાખી દીધી. તે મહફિલે મીલાદના આલમી મન્ઝરનામાનું નિરીક્ષણ રજૂ કરતાં લખે છે :–

"મીલાદ શરીફનો ભાવાર્થ તમામ ઈસ્લામી જગતમાં લગભગ એક જ છે, ફરક એ છે કે દરેક ઈસ્લામી દેશમાં મીલાદનો શબ્દ નથી વપરાતો પશ્ચિમ અકસા (મરાકશ)વાળા એને "મોસમ" કહે છે, પશ્ચિમ મધ્ય (ટાપુ)વાળા એને "ઝરોહ" કહે છે મિસ્ર તથા મધ્યપૂર્વમાં સામાન્યતઃ મૌલૂદ કે મીલાદ કહેવામાં આવે છે.

થોડીક લીટીઓ પછી આં જનાબ લખે છે :–

"અહીં સુધી તો વાત નામ રાખવા બાબતે હતી અને જે જે કાર્યો

મીલાદમાં કરવામાં આવે છે તે લગભગ (ઓછેવત્તે અંશે) દરેક દેશવાળાઓની બુદ્ધિ તથા સમજ, માલદારી કે તંગીની સ્થિતિના હિસાબે વિવિધ હોય છે પરંતુ દરેકમાં સમાન ચીજો આ જોવા મળે છે :–

**૧.** જે વલી કે સૈયદના નામ પર "મૌસમ" અથવા "ઝરોહ" અથવા "મીલાદ" વગેરે થઈ રહેલ છે તેના નામ પર નઝર ચઢાવવી અને ઝબહ કરવું.

**૨.** અજનબી સ્ત્રીઓ તથા પુરૂષોની ભેળસેળ.

**૩.** નાચકૂદ, નાચ તથા ગાન અને તબલા તથા ત્રાંસાં અને સારંગીઓનું વગાડવું.

**૪.** ખરીદ વેચાણ માટે મેળાઓનું લાગવું, ક્યાંક ક્યાંક બિભત્સતા તથા દારૂપાન પણ થાય છે." *(હવાલો ઉપર મુજબ)*

હવે અમારા કોઈ વિવેચન પહેલાં તેમની કલમ થકી શરીઅતનો હુકમ પણ સાંભળી લો !

"એનાથી આ મીલાદો, મોસમો, ઝરોહ તથા હઝરા પર ઈસ્લામનો હુકમ માલૂમ થઈ ગયો કે એ મના તથા હરામ છે, એમાંથી ન કોઈ મીલાદ જાઈઝ અને ન કોઈ મોસમ તથા ઝરોહ તથા હઝરા મુબાહ છે, કેમ કે એ બિદઅત છે અને ઈસ્લામી અકીદાને ખત્મ કરવા અને મુસલમાનોના માહોલને બગાડવાના પાયા પર રચાયેલ છે અને એની દલીલ એ છે કે એહલે બાતિલ એમની મદદ કરે છે." *(હવાલો ઉપર મુજબ, પેજ–૨૯)*

અમે તો આજ સુધી એ ફેંસલો જ નથી કરી શક્યા કે શું વહાબિયતનું મૂળ કોઈ જન્નતથી મરદૂદ થયેલાને જઈને મળે છે કે રસૂલ દુશ્મનીના નતીઝામાં વહાબીઓ બસીરત તથા બસારત બંનેથી જ મેહરૂમ થઈ જાય છે. ખુદારા ! તમારા દિલ પર હાથ રાખીને બતાવો કે હિંદુસ્તાનની હજારો આબાદીઓમાં દરરોજ રાત દિવસ હજારો મીલાદુન્નબી ﷺ ની મેહફિલો ગોઠવાય છે તો **એક જ મેહફિલે મીલાદ એવી બતાવી દો જેમાં નાચ ગાન તથા તબલા સારંગી વાગતી હોય, શરાબ પાન તથા બિભત્સ કામો થતાં હોય.** ચાલો ! સઊદી જઝાઈરી શરાબ તથા





શબાબના નશામાં કાંઈ ન જોઈ શક્યો પણ નદવી (અનુવાદક)ને પણ કાંઈ ન સુઝ્યું ! શું નદવામાં આ જ પ્રકારના જૂઠ તથા આક્ષેપની તા'લીમ આપવામાં આવે છે ? જે નબીનો કલ્મો પઢો છો તેની જ અઝમત સાથે ખેલ રચો છો !

और तुम पर मेरे आक़ा की ईनायत न सही
नज्दीयो ! कल्मा पढ़ाने का एहसान गया !

મીલાદ શરીફની સાબિતીમાં મારી સમક્ષ કુર્આન તથા હદીષની અસંખ્ય દલીલો છે પણ આ મર્યાદિત પૃષ્ઠોમાં ન એની ગુંજાઈશ છે અને ન તો અત્યારે એની જરૂરત છે, એની સાબિતીમાં અરબ તથા અજમના ઉલમાએ એહલે સુન્નત સદીઓથી કિતાબો લખતા ચાલ્યા આવ્યા છે. ઉર્દૂમાં પણ આ વિષય પર સેંકડો કિતાબો છે એની એક સંક્ષિપ્ત યાદી પણ લખાણના અંતે લખી દેવામાં આવશે. હવે અમે નીચે તેમના જ ચેહરા સામે તેમનો જ આઈનો રાખીએ છીએ અને અમારાથી કોઈ પ્રકારની નારાજગી પ્રદર્શિત કરવાને બદલે એ ફેંસલો તેમણે જાતે કરવાનો રહેશે કે આઈનો ફોડવાનું પસંદ કરીએ કે ચેહરો બદલવાનું !

આ જુઓ અહલે તૌહિબ (વહાબીઓ)ના મશ્હૂર મોહસિન તથા પેશ્વા નવાબ સિદ્દીક હસનખાં ભોપાલીની કિતાબ "અશ્શમામતિલ અંબરિયહ્ મિન્ મૌલૂદિ ખૈરિલ્ બરિય્યહ્" છે એ કિતાબનાં અમુક લખાણો નીચે વાંચો :–

"અલ્લાહ તઆલા આપણને અને તમામ મુસલમાનોને એવી નેક તૌફીક આપે કે આપણે દરરોજ થોડાક પ્રમાણમાં મીલાદ શરીફ વિ□સનીય કિતાબમાંથી ખૂદ પઢીએ અથવા કોઈ મુહિબ્બે સાદિક તથા સુન્નતોના પાબંદથી સાંભળી લીધા કરીએ, કેવળ કોઈ દિવસ તથા મહીનો કે તારીખ નિશ્ચિત કરવા માટે પાબંદી ન કરીએ." *(પેજ–૧૦૫)*

"એમાં શું બુરાઈ છે જો દરરોજ ઝિક્રે હઝરત નથી કરી શક્તા તો અઠવાડિયે અથવા દરેક મહીનામાં એની વ્યવસ્થા કરી લઈએ કે કોઈ ન કોઈ દિવસે બેસીને ઝિક્ર તથા વઅઝ આં હઝરતની સીરત તથા સુન્નત, વિલાદત તથા વફાત વિશે કરી લઈએ. વળી મહીના તથા દિવસ, રબીઉલ અવ્વલને પણ ખાલી ન છોડીએ." *(પેજ–૫)*

"વિલાદત શરીફ઼ મક્કા મુકર્રમામાં સુબ્હ સાદિકના શરૂ થતાં સોમવારના દિવસે બારમી રબીઉલ અવ્વલની રાત્રે થઈ. જમહૂર ઉલમાનું કથન છે આ જ છે, ઈબ્ને જવઝીએ એના પર એકમતિ દર્શાવી. અલ્લામા તયબીએ કહ્યું, "દો શમ્બહ ૧૨ રબીઉલ અવ્વલના રોજ પેદા થયા એમાં સૌ સહમત છે." *(પેજ–૭૦)*

મેહફિલે મીલાદ સંબંધે અન્ય દેવબંદી અગ્રણીઓના માન્યતાઓને નજરો સમક્ષ રાખીને નવાબ સિદ્દીક હસનખાંનું આ લખાણ પણ વાંચો અને માથુ ધુણો :–

"જેને હઝરત મીલાદનો હાલ સાંભળીને ખુશી પ્રાપ્ત ન થાય અને એ નેઅમત હાંસલ થવા પર ખુદાનો શુક્ર અદા ન કરે તે મુસલમાન નથી." *(પેજ–૧૨)*

હવે એ ફેંસલો તો વાંચકો જ કરશે કે નવાબ સિદ્દીક હસનખાંના આ ફત્વાની રોશનીમાં મીલાદની મેહફિલના મુન્કિરો (નકારનારાઓ)નો શો હુકમ બન્યો ? અથવા તો મેહફિલે મીલાદની હિમાયત કરનારાઓને કાફિર તથા બિદઅતી ગણાવનારાઓના દારુલ કઝામાં નવાબ સિદ્દીક હસનખાંને ક્યા ખાનામાં રાખવામાં આવશે ?

થોડાક વરસો પહેલાં ગૈર મુકલ્લિદોએ સઊદી અરબની સહાયથી મુહમ્મદ બિન અબ્દુલ વહાબના પુત્ર અબ્દુલ્લાહની કિતાબ "મુખ્તસર સીરતે રસૂલ ﷺ" પ્રસિદ્ધ કરી છે. એ જનાબ વિલાદતે મુસ્તફ઼ાની ખુશીમાં થોવૈબાની આઝાદી તથા અબૂ લહબના અઝાબમાં કમીવાળા મશ્હૂર પ્રસંગની હેઠળ લખે છે :–

"જ્યારે અબૂ લહબ જેવા કાફિરનો એ હાલ છે જેના બારામાં કુર્આનમાં બુરાઈ નાઝિલ થઈ કે તેને હુઝૂર ﷺ ની મીલાદની રાત્રે ખુશી કરવા પર બદલો (અઝાબથી કમી) આપવામાં આવે છે તો આ તૌહીદને માનવાવાળા મુસલમાન ઉમ્મતીનો શો હાલ થશે જેઓ આપ ﷺ ની મીલાદની ખુશી મનાવે છે !" *(અબ્દુલ્લાહ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી, મુખ્તસર સીરતે રસૂલ, અલમકતબતુલ સલફ઼િય્યહ–લાહોર, પેજ–૧૯)*

શું ફ઼ર્માવે છે દેવબંદના મુફ઼તીઓ તથા ગૈર મુકલ્લિદોના ખેરખાંઓ





બાબાએ મઝહબના લખ્તે જિગરના બારામાં ?! એટલા પર બસ નથી, પાકિસ્તાનના મશ્હૂર દાનિશ્વર કૌષર નિયાઝી ગૈર મુકલ્લિદોના માન્યવર પેશ્વા મોલ્વી દાઊદ ગઝનવીના યાદગાર કારનામાના હવાલાથી લખે છે :–

"ઈ.સ. ૧૯૩૭ સુધી ભારતખંડમાં મોહસિને ઈન્સાનિયત ﷺ ના યૌમે વિલાદતના મહત્વથી બિલકુલ ગાફ઼િલ હતા. અમુક અમુક લોકો બારહ વફ઼ાતના નામથી કાંઈક હલ્વો, ખીર પર ખત્મ શરીફ઼ પઢીને બાળકો તથા ગરીબોમાં વહેંચી દેતા હતા. મૌલાના મર્હૂમના નિર્દેશ પર "મજલિસે અહરારે ઈસ્લામ"ની વર્કિંગ કમિટીથી એક એજન્ડો બહાર પડયો જેનું શિર્ષક "અહયાએ યૌમે વિલાદત સરવરે આલમ" હતું. ઈજલાસ યોઠવાયો. પ્રારંભિક તકરીર મૌલાના દાઊદ ગઝનવીની હતી. તેમણે ઈજલાસનો હેતુ દર્શાવતાં ફ઼ર્માવ્યું, "સાહેબો ! આમ તો અલ્લાહ તઆલાએ માનવોની રહબરીના માટે પુષ્કળ સંખ્યામાં પયગંબરો મોકલ્યા, પરંતું લાંબા અરસાથી કેવળ બે ઉમ્મતો નોંધપાત્ર ચાલી આવે છે, ઈસાઈ તથા મુસ્લિમ. ઈસાઈઓ દુનિયાભરમાં પોતાના નબીની વિલાદત ઘણી જ ધામધૂમ સાથે મનાવે છે પરંતુ અફ઼સોસનો મકામ છે કે ઈસ્લામી દુનિયા મોહસિને ઈન્સાનિયતના જશ્નની કોઈ ગોઠવણ નથી કરતી. આજનો ઈજલાસ એ જ હેતુસર બોલવવામાં આવ્યો છે. હું મૌલાના અબ્દુલ કરીમ માનાહલાને વિનંતિ કરું છું કે તેઓ આના બારામાં કોઈ તરીકો તજવીઝ ફ઼ર્માવે. એના પર મનાહલા સાહબે બારમી રબીઉલ અવ્વલના દિવસે એક જુલૂસની તજવીઝ રજૂ કરી જેના પર મૌલાના અતાઉલ્લાહ શાહ બુખારીએ ફ઼ર્માવ્યું કે એના અનુસંધાનમાં બે ચાર દિવસ પહેલાં ઈલાકામાં સીરતે પાક પર જલ્સાઓ યોજવામાં આવે જેથી લોકો જલ્સામાં સામેલ થવા માટે તૈયાર થઈ શકે.

જેથી આખા પંજાબમાં સીરતે પાક પર જલસા થયા, મોટા મોટા દીનના ઉલમાએ મુસલમાનોનાં દિલોને હુબ્બે રસૂલ (મહબ્બતે રસૂલ)થી ગરમ કર્યાં. મૌલાના દાઊદ ગઝનવી ફૂલ્યા ન સમાતા હતા, બગલમાં ચમકાવેલી કુહાડી, હાથમાં રસીદ બુકની કોપી લઈ આમતેમ દોડી રહ્યા હતા. ઈદે મીલાદુન્નબીનો સૌ પ્રથમ જુલૂસ અમૃત્સર અંજુમન પાર્કથી

નીકળ્યો. આગળ આગળ એક કારમાં હફીઝ જાલંધરીની સલામ લાઉડસ્પીકર પર ગુંજી રહી હતી. ત્યારબાદ ટોળીઓની ટોળીઓ ટ્રકો, ઘોડાઓ તથા સાયકલો પર નારાઓ તકબીર અને નારાએ રિસાલત બુલંદ કરતી હતી. કાફિરો ભયભીત હતા...." *(મૌલાના કૌષર નિયાઝી, દૈનિકપત્ર જંગ, લાહોર, રવિવાર, ૨૭ જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૦૩, ૧૩ માર્ચ, ઈ.સ. ૧૯૮૩)*

શાઈરે મશ્રિક ડો. ઈકબાલે ૪–ઓગસ્ટ ઈ.સ. ૧૯૨૯ ના રોજ ઈદે મીલાદુન્નબી ﷺ મનાવવાની પુરજોર અપીલ કરતાં ફર્માવ્યું :–

"તમામ મુસલમાનોને પુર જોર અપીલ કરવામાં આવે છે કે ઈસ્લામના ઈત્તેહાદની મજબૂતી, હુઝૂર સરવરે કાઈનાત ﷺ ના એહતેરામ તથા મહાનતા, હુઝૂર સરવરે આલમ ﷺ ની સીરત પાકની પ્રસિદ્ધિના માટે ૧૨ રબીઉલ અવ્વલના રોજ દેશના ખૂણે ખૂણે એવા મહાન તબ્લીગી જલ્સાઓ તથા પ્રદર્શનોની વ્યવસ્થા કરવામાં આવે જે હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺ ની અઝમતની શાનને અનુરૂપ હોય. આ મુબારક દિવસે દરેક આબાદીમાં ઈસ્લામનો ઝંડો બુલંદ કરવામાં આવે અને ઈસ્લામના તમામ ફરઝંદો એ ઝંડા નીચે એકત્ર થઈને ખુદાવંદે પાકથી વાયદો કરે કે તેઓ દરેક કદમ પર રસૂલુલ્લાહ ﷺ નો નકશે કદમ તલાશ કરશે, તેમની જ મહોબ્બતમાં જીવતા રહેશે અને તેમના જ આજ્ઞાપાલનમાં જાન આપશે." *(બહવાલા માહનામા રઝાએ મુસ્તફા ગુજરાનવાલા)*

ડો. સાહબે આ અપીલ નીચે મુજબના ઉલમા તથા રાજનીતિજ્ઞોની મૌજૂદગીમાં ફરી હતી :– મોલ્વી મુહમ્મદ સુલૈમાન ફૂલવારી, મોલ્વી કિફાયતુલ્લાહ, મોલ્વી ગુલામ રશીદ, મોલ્વી અહમદ સઈદ દહેલ્વી, મોલ્વી અહમદ અલી, મોલ્વી શૌકત અલી, મોલ્વી મુહમ્મદ શફીઅ દાઊદી, મૌલાના હસ્રત મુહાની, મૌલાના મુહમ્મદ અલી, મોલ્વી ઝફર અલીખાં અને સર અબ્દુલ કાદિર વગેરે એ દાનિશ્વરોએ ડો. ઈકબાલને સંપૂર્ણ ટેકો આપ્યો.

જો ઈદે મીલાદુન્નબીનો જુલૂસ અને મીલાદનું આયોજન કુફ્ર તથા બિદઅત અને ગરદન ઉડાડવા પાત્ર જુર્મ છે તો આ ફત્વા કેવળ અહલે





સુન્નત વ જમાઅત પર કેમ લાગુ થાય છે ? એ જુર્મમાં તો તમારા મનઘડત બુઝુર્ગ અમારાથી પણ આગળ આગળ છે ! શું દોગલી પોલીસીઓ તથા વિરોધાભાસી હરકતો તથા માન્યતાઓએ મુસ્લિમ ઉમ્મતના માળખાને વેરવિખેર નથી કર્યું ? અને મુસ્લિમ સમાજમાં ઘર ઘર, નગર નગર જે ઈખ્તેલાફ તથા વિખવાદની કિયામત રૂપી આગ ભડકી ઉઠી છે એના ભીતરમાં ગૈર મુકલ્લિદો તથા દેવબંદી વિચાર ક્ષેત્રની આયોજીત સાઝિશો કાર્યરત નથી ? તમો ઠંડા દિલથી ઉપરોક્ત લખાણને વાંચો અને માથુ ધુણો કે માથુ પટકો !

નાતિકા સર બગરેબાં હૈ ઈસે ક્યા કહીયે

મીલાદે મુસ્તફા કુર્આન હદીષથી પણ સાબિત છે અને રિસાલતકાળ, સહાબાના કાળ તથા તાબઈનના કાળમાં પણ થતો રહ્યો છે. ભલે પદ્ધતિ વિવિધ પ્રકારની હતી. વર્તમાનમાં રીવાજ પામેલ પદ્ધતિથી આ મુબારક કામની શરૂઆત સાતમી સદી હિજરીથી થઈ. અને એ સારી પેઠે યાદ રાખશો કે દરેક નવી ચીજ બુરી બિદઅત નથી હોતી. ઉલમાએ અહલે સુન્નતે આ ચર્ચાને ઘણી વિગતે સેંકડો દલીલો તથા પુરાવા સાથે સ્પષ્ટ કરેલ છે. જેમને વિગત જોવી હોય તેઓ અહલે સુન્નતની કિતાબોનો અભ્યાસ કરે અને ધડ દઈને દરેક નવી ચીજને બિદઅતે ઝલાલત (બુરી બિદઅત) કહેનારાઓની વિરૂધ્ધ તેમના ઘરની કેવળ એક જ સાક્ષી પર સંતોષ માનીએ છીએ. ભારતખંડમાં વહાબિયતની શાખ જમાઅતે ઈસ્લામીના બાની મૌલાના અબુલ આ'લા મૌદૂદી લખે છે :–

"કોઈ કાર્યને બુરી બિદઅત ઠરાવવા માટે કેવળ એ જ વાત પૂરતી નથી કે નબી ﷺ ના જમાનામાં ન થઈ હતી. શબ્દકોશના એતબારથી દરેક નવું કામ બિદઅત છે પણ શરીઅતની બોલીમાં જે બિદઅતને બુરી ઠરાવવામાં આવી છે એનાથી મુરાદ તે નવું કામ છે જેના માટે શરીઅતમાં કોઈ દલીલ ન હોય, જે શરીઅતના કોઈ કાયદા અથવા હુકમથી ટકરાતી હોય, જેને કાઢનારો ખૂદ પોતાના પર કે બીજાઓ પર એ દાવા સાથે અનિવાર્ય કરે કે તેની વ્યવસ્થા ન કરવી ગુનોહ અને કરવું ફર્ઝ છે. આ સ્થિતિ જો ન હોય તો કેવળ એ દલીલના કારણે કે ફલાણા કામ હુઝૂરના

જમાનામાં નથી થયું એટલે તેને "બિદઅત" એટલે ગુમરાહી નથી કહી શકાતુ." *(અબુલ આ'લા મૌદૂદી, એશિયા, લાહોર, ભાગ–૨૭, અંક–૧૭, ૧૮ જમાદીઉલ ઉલા, હિ.સ. ૧૪૦૦–૪ મે ૧૯૮૦)*

મેહફિલે મીલાદ જેમાં કોઈ શરીઅત વિરૂધ્ધનું કામ નથી થતું બલ્કે એમાં સંપૂર્ણ અદબ તથા એહતેરામની સાથે ઝિક્રે રસૂલ થાય છે એની શરૂઆત વર્તમાન રૂપની શકલમાં શૈખુલ મશાઈખ ઉમર બિન મુહમ્મદ મૂસલીએ પોતાના શહેર મૂસલમાં કરી. શારેહે સહીહ મુસ્લિમ ઈમામ નવવીના ઉસ્તાદ તથા શૈખ હઝરત શહાબુદ્દીન અબૂ મુહમ્મદ અબ્દુર્રહ્માન બિન ઈબ્રાહીમ ઉર્ફે અબૂ શામ લખે છે :–

ومن احسن ماابتدع فی زماننا من هذا القبيل ماكان يفعل بمدينة اربل حبرالله تعالیٰ كل عام فی اليوم الموفق ليوم مولد النبی ﷺ من الصدقات و المعروف و اظهار الزينة والسرور فان ذالک مع ما فيه من الاحسان الی الفقراء مشعر بمحبة النبی ﷺ و تعظيمه و جلالته فی قلب فاعله وشكرالله تعالیٰ علیٰ مامن به من ايجاد رسوله الذی ارسله رحمة للعالمين ﷺ و علیٰ جميع المرسلين۔

**અર્થાત** : "અત્યંત નેક કામોમાં એક મેહફિલે મીલાદનું ગોઠવવું છે, જેનો પ્રારંભ અમારા જમાનામાં થયો. એ નબી કરીમ ﷺ ના પેદાઈશના દિવસે દર વર્ષે શહેર અર્બલમાં થાય છે. એમાં સદકાઓ તથા નેકોકારી અને શણગાર તથા ખુશી પ્રદર્શિત કરવાની વ્યવસ્થા થાય છે. એમાં ગરીબો ફકીરોમાં ખાણુ વહેંચવું વગેરેથી મીલાદનું આયોજન કરવાવાળા દિલમાં મહબ્બતે રસૂલ તથા અઝમતે રસૂલ પેદા થાય છે. અને નબી કરીમ ﷺ ના આગમન પર અલ્લાહનો શુક્ર અદા કરવામાં આવે છે જે તમામ આલમો તથા તમામ અંબિયાએ કિરામના માટે રહમત બનીને તશરીફ લાવ્યા.

وكان اول من فصل ذالک بالموصل الشيخ محمد عمر موصلی احد الصالحين المشهورين وبه اقتدیٰ فی ذالک صاحب اربل وغيره رحمهماالله تعالیٰ۔

અને એની શરૂઆત મુહમ્મદ ઉમરે મૂસલમાં કરી જે અત્યંત મશહૂર અને નેક તથા સાલેહ હતા અને પછી તેમનું અનુસરણમાં અર્બલના શહેનશાહ વગેરે સુલ્તાનોએ કર્યું. અલ્લાહ તેમના પર રહમત તથા





મગફેરતની વર્ષા વરસાવે." *(અબૂ અબ્દુર્રહ્માન અલ્ બાઅષ અલી ઈન્કારિલ્ બદઅ વલ્હવાદિષ, પેજ–૧૧)*

હઝરત મુલ્લા અલી કારી, અલ્લામા હલબી અને અલ્લામા કસ્તલાની علیهم الرحمہ લખે છે :–

ثم لازال اهل الاسلام فی سائر الاقطاب والمدن الكبار يحتفلوٰن فی شهر مولده و بعمل الولائم البديعة المشتملة علیٰ الامور البهجة الرفيعة، ويصدقون فی لياليه بانواع الصدقات، ويظهرون السرور ويزيدون فی المبرات، ويعتنون بقرأة مولده الكريم ويظهرعليهم من بركاته كل فضل عظيم۔

**અર્થાત** : "તમામ આસપાસના વિસ્તારોમાં મુસલમાન મેહફિલે મીલાદનું આયોજન ઘણી જ શાનો શૌકતની સાથે ૧૨ રબીઉલ અવ્વલમાં કરે છે. તેની રાતોમાં સદકાઓ તથા ખૈરાત ખુશી તથા ઉમંગ અને નેક અમલો પણ ખૂબ કરે છે. મીલાદુન્નબીની રિવાયતોને પણ ખૂબ જ ઝૌક તથા શોખપૂર્વક પઢે છે, પછી તેની બરકતો રહમતનાં વાદળો બનીને તેમના પર ખૂબ ખૂબ વરસે છે." *(બહવાલા : ઈમામ સખાવી, સબલુલ્ હુદા, ભાગ–૧, પેજ–૪૩૯)*

ઈસ્લામી જગતમાં હાલ ચાલતી મીલાદની રસ્મની શરૂઆત મહાન બરગુઝીદા સિફત, ઉચ્ચ કોટીના આશિકે રસૂલ શૈખુલ મશાઈખ ઉમર બિન મુહમ્મદ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ એ મૂસલ શહેરમાં કરી. તેમનું અનુસરણ સૌથી પહેલાં સુલ્તાન મુઝફ્ફરુદ્દીન શાહ અર્બલે કરી. આ બાદશાહ અત્યંત નેક બુઝુર્ગ, મુત્તકી, કૃપાળુ અને શરીઅતનો પાબંદ હતો.

શારેહે મવાહિબુલ્લદુન્નિયહ્ હઝરત અલ્લામા ઝુર્કાની તારીખ ઈબ્ને કષીરના હવાલાથી લખે છે :–

كان السلطان ابو سعيد مظفر شهماً شجاعاً بطلاً عادلا،محمود السيرة

"સુલ્તાન અબૂ સઈદ મુઝફ્ફર અતિશય બુઝુર્ગ, ઉચ્ચ હિંમત, ન્યાયી, અતિ પ્રશંસાને પાત્ર અને નેક આદતવાળા હતા."

સુલ્તાન મુઝફ્ફરુદ્દીન જ્યારે મીલાદે મુસ્તફાની વ્યવસ્થા કરત તો તે દૌરના ઉચ્ચ કોટીના ઉલમા તથા મશાઈખ અને સૂફિયા તથા

તકવાવાળાઓ પણ શરીક થતા અને ખૂબ ફયૂઝયાબ થતા અને એના પર કોઈ મના ન કરતા, જેથી એવું કહીને મીલાદને શિર્ક તથા બિદઅત કહેવું કે એક સામાન્ય સુલ્તાને તેનો પાયો રાખ્યો તદ્દન ગલત તથા પાયાહિન છે. જમહૂર ઉલમાએ કિરામની શિર્કત (હાજરી) અને તેમનો કમાલનો અદબ તથા એહતેરામ તેના જાઈઝ તથા મુસ્તહસન હોવા પર અતૂટ દલીલ છે.

સિબ્ત ઈબ્ને જૌઝી લખે છે :–

وکان یحضر عنده فی مولد النبی اعیان العلماء والصوفیه

"શાહ મુઝફ્ફરુદ્દીનની મીલાદની મજલિસમાં મોટા મોટા ઉલમા તથા સૂફીઓ હાજરી આપતા હતા."

આ નેક આદતવાળો શહેનશાહ અર્બલ શહેરમાં રબીઉલ અવ્વલ શરીફના પૂરા મહીનામાં મેહફિલે મીલાદને ચાલુ રાખતો અને ત્રણ લાખ અશરફી એ મુબારક મેહફિલ પર ખર્ચ કરતો હતો.

અન્વારે આફતાબે સદાકતના લેખક અલ્લામા ઝુર્કાનીની "તારીખે અરબી"ના હવાલાથી નકલ કરે છે :–

"સુલ્તાન મુઝફ્ફરુદ્દીન ઈલ્મે હદીષમાં ઘણો તીવ્ર દષ્ટિ ધરાવનાર, ઈલ્મે સરફ તથા નહ્વ અને લુગત (શબ્દકોશ) તથા તારીખે (ઈતિહાસ) અરબમાં નિપૂણ હતો. ઘણા બધા દેશોમાં સફર કરીને તેણે ઈલ્મ હાંસલ કર્યો હતો. મોટા ભાગના દેશો ઉન્દલુસ, મરાકશ, આફ્રિકા, મિસ્ર તથા સીરિયા તથા પૂર્વ તેમજ પશ્ચિમના દેશો, ઈરાક, ખુરાસાન, માઝન્દરાન વગેરેમાં ઈલ્મ હાંસલ કર્યો અને લોકોને ફાયદો પહોંચાડયો. અંતે હિ.સ. ૬૦૪માં અર્બલ શહેરમાં આવ્યો. અહીં સુલ્તાન સઈદ મુઝફ્ફરના માટે મૌલુદ શરીફ લખવામાં આવી તેનું નામ "કિતાબુત્તન્વીર મૌલુદિસ્સિરાજિલ મુનીર" રાખ્યું અને ખાસ બાદશાહની રૂબરૂ પઢી. બાદશાહ ઘણા જ ખુશ થયા અને એક હજાર અશ્રફી ઈનામ આપી." *(અન્વારે આફતાબે સદાકત, પેજ–૨૬, તારીખે અરબી, અન્વારુ સ્સાતિઆ વલ્ બવારિકુલ્લામઆ વગેરે)*

પછી ઈસ્લામી જગતની આબાદીઓમાં પૂરી વ્યવસ્થા શોખ તથા કમાલની અદબ તથા એહતેરામના સાથે ઘર ઘર મીલાદની મેહફિલો





યોજાવા લાગી. અને ખૈરો બરકતનો ઝહૂર માથાની આંખો વડે જોવામાં આવવા લાગ્યો અને આજે પણ જોવામાં આવી રહેલ છે.

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી ફર્માવે છે :–

"મક્કા મોઅઝ્ઝમામાં હુઝૂર ﷺ ની વિલાદતે બાસઆદતના દિવસે એક એવી મીલાદની મેહફિલમાં શરીક થયો જેમાં લોકો આપની બારગાહમાં દુરૂદ શરીફનો હદિયો અર્ઝ કરી રહ્યા હતા અને તેઓ પ્રસંગો વર્ણન કરી રહ્યા હતા જે આપની વિલાદતના મૌકા પર જાહેર થયા અને જેનો ઝહૂર આપ ﷺ ના આગમન પહેલાં થયો. અચાનક મેં જોયું કે એ મેહફિલ પર અન્વારે તજલ્લિયાતની વર્ષા શરૂ થઈ ગઈ. અન્વારનો એ આલમ હતો કે મને એ વાતનો હોશ ન રહ્યો કે મેં જાહેરી આંખો વડે જોયો કે ફક્ત બાતિની આંખો વડે. ખૈર, જે પણ હોય મેં ચિંતન તથા ખોજ કરી તો મારા પર એ હકીકત ખુલ્લી થઈ કે અન્વાર ફિરશ્તાઓના કારણે છે જેઓ આવી મજલિસ પર નિયુક્ત થતા હોય છે અને મેં જોયું કે "ફરિશ્તાઓના નૂરની સાથે અલ્લાહ તઆલાની રહમતનું ઉતરાણ થઈ રહ્યું હતું." *(શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી, ફુયૂઝુલ્ હરમૈન, પેજ–૮૦, ૮૧)*

હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી ફર્માવે છે :–

"હે અલ્લાહ મારો કોઈ અમલ એવો નથી જેને તારા દરબારમાં રજૂ કરવાને લાયક સમજુ. મારા તમામ અમલો નિય્યતના ફસાદ (ખરાબી)ના શિકાર છે. અલ્બત્ત મુઝ ફકીરનો એક અમલ તારી ઈનાયતથી એને પાત્ર છે અને તે એ છે કે મીલાદની મજલિસના મોકા પર ઉભો રહીને સલામ પઢું છું અને અત્યંત આજીજીપૂર્વક ઈન્કેસારી તથા મહોબ્બત અને ખુલૂસની સાથે તારા હબીબ પાક ﷺ પર સલામ પઢું છું.

હે અલ્લાહ ! એ ક્યો મકામ છે કે જ્યાં મીલાદે પાકથી વધીને તારા તરફથી ખૈરો બરકતનું ઉતરાણ થાય છે ? એટલા માટે હે અર્હમુર્રાહિમીન ! મને પૂરું યકીન છે કે મારો આ અમલ કદી બેકાર નહીં જાય, બલ્કે યકીનન ! તારી બારગાહમાં કબૂલ થશે. અને જે કોઈ દુરૂદો સલામ પઢે અને એના વસીલાથી દુઆ કરે તો કદી રદ થશે નહીં."

**હવાલો** : શાહ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી, અખ્બારુલ અખ્યાર

દેવબંદી વિચાર ક્ષેત્રવાળા મોલ્વીઓના મશ્હૂર પીરો મુર્શિદ હઝરત શાહ ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી મૌલાના નઝીર અહમદ રામપૂરીના નામે પોતાના એક પત્રમાં લખે છે :–

''ફકીર મીલાદ શરીફની મજલિસ મુબારકનું ષિક્હ ઉલમા, સાલેહ લોકો તથા મશાઈખે કિરામના તરીકા મુજબ હોવાનું ઘણીવાર ઈકરાર કરી ચૂક્યો છે અને મોટા ભાગે આમિલ (અમલ કરનાર) છે જેવું ફકીરની અન્ય તેહરીરો (લખાણો) તથા તકરીરોથી આ વિષય જાહેર છે. ફકીરને આ મજલિસ શરીફના સબબે ભલાઈઓ તથા બરકતોનું યકીન હોવા ઉપરાંત એ **અયનુલ યકીન** છે કે આ મજલિસ મુબારકમાં ફયૂઝો તથા અન્વાર તથા બરકતો તથા રહમતે ઈલાહીનું ઉતરાણ થાય છે.'' *(શાહ વલીયુલ્લાહ મુહાજિર મક્કી, અન્વારે સાતિઅહ્, પેજ–૩૨૬, પત્ર લખ્યા તા. ૭–રમઝાન, હિ.સ. ૧૩૦૭)*

ઈમામ ઈબ્ને જૌઝી ફર્માવે છે :–

''એ વાત અતિશય જ અજમાવાયેલ છે કે મહફિલે મીલાદની ગોઠવણ કરનાર એની બરકતથી આખુ વરસ અમ્નમાં રહે છે અને આ મીલાદની બરકતથી પોતાના મકસદોને જલ્દી મેળવી લે છે.'' *(ઈબ્ને જૌઝી, બહવાલા ઝખાઈરે મુહમ્મદિયહ્, ઉર્દૂ તર્જુમાકાર : શેખ મુહમ્મદ ઈબ્ને અલ્વી માલિકી, પેજ–૧૩૬, દા'વતે ઈસ્લામિયા–લાહોર)*

હિજાઝ મુકદ્દસના મશ્હૂર મુહદ્દિષ શૈખ મુહમ્મદ અલ્વી માલિકી ફર્માવે છે :–

''બિદઅતે હસ્નામાંથી એક મહત્વનો અમલ મીલાદના ઝિક્રમાં આપની તા'ઝીમના માટે ઉભા થવું પણ છે. અને એ મુસ્તહબ છે. અને આ અમલ ખુશી પ્રદર્શિત કરવાની એક રીત છે બલ્કે હનફી આલિમોએ ફર્માવ્યું કે જ્યારે લોકો તા'ઝીમના લીધે આવું કરી રહ્યા હોય અને એક આદમી (હુઝૂરના અદબને પસંદ ન કરતાં એવું) ન કરે તો તેનાથી **કુફ્ર** લાઝિમ આવવાનો ખતરો છે.''

**હવાલો** : શૈખ મુહમ્મદ અલ્વી માલિકી, ઝખાઈરે મુહમ્મદિયહ્, ઉર્દૂ, પેજ–૧૩૭

હસન અલ્બન્ના મિસ્રી સદર ''જમાઅતે અલ ઈખ્વાનુલ મુસ્લિમીન''ની ડાયરી જમાઅતે ઈસ્લામી પાકિસ્તાનના એક ઈદારાએ





પ્રસિદ્ધ કરી છે. એ ડાયરીમાં હસન અલ બન્નાએ મજલિસે મીલાદના આયોજનનો એક અત્યંત ઈશ્કઅંગેઝ પ્રસંગ લખ્યો છે. તેને બોધ ગ્રહણ કરવાના ખયાલથી વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ, શક્ય છે કે કોઈ મીલાદના મુન્કિરને હક્ક સ્વીકારવાની તૌફીક નસીબ થઈ જાય. હસન અલબન્ના મિસ્રી લખે છે :–

''મને યાદ છે કે જ્યારે રબીઉલ અવ્વલનો મહીનો આવતો તો ૧ રબીઉલ અવ્વલથી લઈને ૧૨ રબીઉલ અવ્વલ સુધી નિયમિત રીતે દરેક રાત્રે અમે હસ્સાની ઈખ્વાનમાંથી કોઈ એકના મકાન પર મેહફિલે મીલાદ ગોઠવતા અને મીલાદુન્નબી ﷺ નો જુલૂસ બનાવીને નીકળતા. સંજોગોવસાત એક રાત્રે મારા ભાઈ શૈખ શલ્બીઅર્રિજાલના મકાન પર ભેગા થવાની વારી આવી ગઈ. અમે નિયમાનુસાર ઈશા બાદ તેમના મકાન પર હાજર થયા. જોયું કે જૂનું મકાન ખૂબ રોશનીઓથી ઝગમગી રહ્યું છે. એને ખૂબ જ સાફસુફ તથા સજાવટ તથા શણગારવામાં આવ્યું હતું. શૈખ શલ્બી અર્રિજાલે રીવાજ પ્રમાણે હાજરજનોને શરબત તથા ખુશ્બુ પેશ કરી ત્યારબાદ અમે જુલૂસ બનીને નીકળ્યા અને ઘણી જ ખુશી તથા ઉત્સાહભેર પઢવામાં આવતી નઅતો તથા નઝમો પઢતા રહ્યા. જુલૂસ ખત્મ કર્યા બાદ અમે શૈખ શલ્બી અર્રિજાલના મકાન પર પાછા આવી ગયા અને અમુક પળો તેમની પાસે બેસી રહ્યા જ્યારે ઉઠવા લાગ્યા તો શૈખ શલ્બીએ ઘણી જ ગંભીરતાપૂર્વક હળવા ધીમાં અવાજમાં હસ્તે ચેહરે અચાનક એવું એલાન કર્યું કે ઈન્શાઅલ્લાહ ! કાલે તમે લોકો વહેલી સવારે મારે ત્યાં આવી જજો કે જેથી રૂહીયાની દફનવિધિ કરી લેવામાં આવે. રૂહીયા શૈખ શલ્બીની એકની એક પુત્રી હતી. શાદીના લગભગ ૧૧ વરસ પછી અલ્લાહે શૈખને અતા કરી હતી. બાળકી સાથે એમને એટલા પ્રમાણમાં મહોબ્બત તથા લગાવ હતો કે કામ દરમ્યાન પણ તેને અલગ કરતા ન હતા.

શૈખની આ જાહેરાતથી અમે અચંબામાં પડી ગયા. અર્ઝ કરી કે રૂહીયાનો ઈન્તેકાલ ક્યારે થયો ? કહેવા લાગ્યા કે આજે જ મગરિબથી થોડીવાર પહેલાં. અમે કહ્યું કે, તમે અમને પહેલાં ખબર કેમ ન કરી ? કમસે કમ મીલાદુન્નબીનો જુલૂસ કોઈ અન્ય દોસ્તના ઘરેથી કાઢત. કહેવા

લાગ્યા, જે કાંઈ થયું બેહતર થયું, એનાથી અમારા રંજોગમમાં ઘટાડો થઈ ગયો અને ગમ ખુશીમાં ફેરવાઈ ગયો, શું આ નેઅમતથી વધીને અલ્લાહ તઆલાની કોઈ નેઅમત જરૂરી છે ?!" *(હસનુલ બન્ના, અનુ. ખલીલ અહમદ હામેદી, પ્રકાશક : ઈસ્લામિક પબ્લિકેશન્સ–લાહોર)*

આ ઈશ્કથી લબરેઝ પ્રસંગ પરથી અંદાઝો લગાડો કે ઉમ્મતે મુસ્લિમામાં કેવા કેવા આશિકાને મુસ્તફા ગુજર્યા છે. જ્યારે આપણા દિલોમાં અઝમતે રસૂલ અને ઈશ્કે રસૂલની શમ્અઓ ઝગારા મારતી હતી ત્યારે આપણે આપસમાં એક હતા, પરંતુ ઈસ્લામ દુશ્મન કાવત્રાંઓએ આપણા આ ચિંતનમય તથા અમલી ઈત્તેહાદના ટુકડે ટુકડા કરી નાખ્યા. હવે તો હાલ એ છે કે કોઈ મેહફિલે મીલાદ સજાવે છે તો કોઈ શિર્ક બિદઅતના ફત્વા લગાડે છે, એના પર પણ સંતોષ નથી થતો તો જુલ્મ તથા જંગલિયતનો નગ્ન નાચ નાચે છે અને ખૂન, વાઢ કાપનું તોફાન ખડુ કરી દે છે ! અને હવે એ લોકોએ એક તરીકો નવો કાઢયો છે કે જ્યારે આશિકાને મુસ્તફા ﷺ જુલૂસે મીલાદુન્નબીની ગોઠવણ કરે છે તો આ ઈસ્લામ દુશ્મન તબકો પોલીસ કચેરીમાં એવો રિપોર્ટ લખાવે છે મીલાદુન્નબીના જુલૂસની હરગિઝ પરવાનગી આપવામાં ન આવે નહીં તો કૌમી તોફાનો ભડકી ઉઠશે. હિંદુસ્તાન જેવા જાગૃત માહોલમાં કે જ્યાં કન્ટ્રોલ ઓથોરીટી (કે જેઓ જાતે પોતે જ ઈસ્લામ દુશ્મન છે)ને બહાનુ મળી જતાં મીલાદુન્નબીના જુલૂસ તથા જલસાઓ પર પાબંદી લગાડી દે છે. હું મુસ્લિમ ઉમ્મતને વારંવાર અપીલો કરું છું કે આવો ! એક થઈ જઈએ ! અત્યારે આખુ કુફ્રી જગત ઈસ્લામ વિરૂધ્ધ અર્વાચીન શસ્ત્રો સાથે જંગના મેદાનમાં છે, આપણે ભૂતકાળમાં એક હતા તો મોટા મોટા સમયના ફિરઔન આપણા નામોથી કાંપતા હતા. અને આપણા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)નો એકતાનો મુદ્દો કેવળ ઈશ્કે રસૂલ હતો. આ શમ્અ જ્યારથી ઓલવાઈ છે ત્યારથી આપણે ઘટાટોપ અંધકારોમાં જઈને પડયા, હવે એક હાથ બીજા હાથને નજર નથી આવતો, હવે ઈત્તેહાદનો (એકતાનો) કાફલો વ્યવસ્થિત બને તો કઈ રીતે ? ઈસ્લામની સર બુલંદીના માટે આગેકૂચ થાય તો કઈ રીતે ?

ઈસ્લામની પ્રથમ જલ્વાગાહ હિજાઝ મુકદ્દસ જ્યારથી વહાબી





નજ્દીયોની સત્તા હેઠળ આવ્યું છે ત્યારથી દોલત તથા સંપત્તિનાં ઉભરાતાં ઝરણાઓ છતાં હિજાઝની હુકૂમતનો પ્રભાવ અને શાનો શૌકત જમીન નીચે દફન થઈને રહી ગઈ છે. નાજાઈઝ ઐશો ઈશ્રત અને ઐયાશી તથા ફહ્હાશીની બોલબાલા છે. સઊદી સત્તાધારીઓનાં દિલો દિમાગ અમેરિકા તથા બ્રિટનને ગીરો મૂકાઈ ગયાં છે. **અખાતી યુદ્ધ પછી આજ સુધી ત્યાં (સઊદીમાં) અમેરિકી લશ્કરીઓ સુવ્વરનું માસ ખાવામાં, શરાબપાન અને વ્યભિચારમાં વ્યસ્ત છે જેને જગત આખુ જાણે છે. પણ એ સત્તાધારીઓના માથાંઓમાં ન તો આંખો છે જે હક્કને જોઈ શકે અને ન તેમના સીનામાં એ દિલ છે જે એહસાસ કરી શકે. આ સર્વ અંધેર કેવળ એટલા માટે છે કે તેમના અકીદા તથા ખયાલોના વર્તુળમાંથી ઈશ્કે રસૂલનો ભાગ જ નજ્દીઓએ કાઢી નાખ્યો છે.** જ્યારે કે હક્ક તથા સદાકતની દીવાનગીનું જુનૂન અને અડગતા તથા પુખ્તગીના આશ્ચર્યજનક વલવલા તથા ઉમંગનું વાસ્તવિક કેન્દ્ર કેવળ અને કેવળ ઈશ્કે રસૂલ હતું. જરા થોડીક પળો રોકાઈને સઊદી સત્તાકાળ અગાઉના હિજાઝ મુકદ્દસ પર એક દૃષ્ટિ ફેંકો, **એ જ મક્કા મુકર્રમા જ્યાં આજે ઈદે મીલાદુન્નબી ﷺ નો ચિરાંગાં ગુલ થઈ ચૂક્યો છે એ જ સ્થળે કેવા શાહી ઠાઠની સાથે જશ્ને મીલાદુન્નબીનું આયોજન થતું હતું.** વર્તમાન પત્ર "અલ્ કિબ્લા" મક્કા મુકર્રમાના હવાલાથી જશ્ને ઈદે મીલાદુન્નબી મક્કા મુકર્રમાનો એક રિપોર્ટ રજૂ કરીએ છીએ :–

## મક્કામાં હુઝૂર ﷺ ના જન્મ સ્થળે જશ્ને મીલાદુન્નબી ﷺ

**"૧૧મી રબીઉલ અવ્વલના રોજ મક્કા મુકર્રમાની દરો દીવાર બરાબર એ સમયે તોપોની ધડાકામય અવાજોથી ગુંજી ઉઠી જ્યારે કે હરમ શરીફના મોઅઝ્ઝિને અસ્રની નમાઝના માટે અલ્લાહુ અકબરની સદા બુલંદ કરી. સર્વ લોકો આપસમાં એકબીજાને મુબારકબાદ આપવા લાગ્યા. મગરિબની નમાઝ એક મોટા મજમા સાથે શરીફ હુસૈને હનફી મુસલ્લા પર અદા કરી.**

**નમાઝથી ફારિગ થયા બાદ સૌ પ્રથમ કાઝીયુલ કઝાએ દસ્તૂર પ્રમાણે શરીફને ઈદે મીલાદની મુબારકબાદ આપી. પછી તમામ વઝીરો અને સલ્તનતના સભ્યો એક આમ મજમાની સાથે જેમાં અન્ય શહેરોના અમીરો પણ સામેલ હતા. નબી કરીમ ﷺ ના વિલાદતના સ્થળની તરફ રવાના થયા. આ શાનદાર મજમો ખૂબ જ આયોજન અને શાનો શૌકત સાથે મૌલુદુન્નબીની તરફ રવાના થયો. સુલ્તાનના મહેલથી મૌલુદુન્નબી સુધી માર્ગમાં બંને બાજુ ઉચ્ચ કક્ષાની રોશનીની વ્યવસ્થા હતી અને ખાસ કરીને મૌલુદુન્નબી તો પોતાની રંગબેરંગી રોશનીમાં રશ્કે જન્નત બનેલ હતો. ઝાઈરિનોનો આ મજમો ત્યાં પહોંચીને અદબપૂર્વક ઉભો થઈ ગયો અને એક શખ્સે અતિશય અસરકારક તરીકાથી સીરતે અહમદિયહ્ ﷺ બયાન કરી. જેને તમામ હાજરજનો ખૂબ જ ખુશૂઅ તથા ખુઝૂઅ (તલ્લીનતાપૂર્વક) સાંભળતા રહ્યા અને એક સન્નાટો હતો જે તમામ મેહફિલ પર છવાયેલો હતો. આ બરકતવંત મકામની મહાનતા કોઈ હરકત કરવાની પણ ઈજાઝત નથી આપતી. અને આ યૌમે સઈદ (મુબારક દિવસ)ની ખુશી દરેક શખ્સને બેહાલ કરી ચૂકી હતી.**

**ત્યારબાદ શૈખ ફવાદ નાઈબ વિદેશ પ્રધાને એક શાનદાર તકરીર કરી જેમાં માનવ જગતની મહાન ક્રાંતિના ઉપર પ્રકાશ વેર્યો જેનો સબબ હુઝૂર ﷺ ની ઝાત હતી.**

**છેવટે કાબિલ મુકર્રિરે એક નઅતિયા કસીદો પઢયો જેને સાંભળીને શ્રોતાઓ ખૂબ જ ખુશ થયા. તેનાથી ફારિગ થઈને સૌએ જન્મ સ્થળની એક પછી એક ઝિયારત કરી પછી પાછા ફરીને હરમ શરીફમાં ઈશાની નમાઝ અદા કરી. નમાઝથી ફારિગ થયા બાદ સૌ હરામ શરીફના એક હોલમાં નિશ્ચિત વાર્ષિક બયાન મીલાદ વિશેનું સાંભળવા માટે એકત્રિત થઈ ગયા. અહીં પણ મુકર્રિરે ખૂબ જ મધુર રીતે નબી કરીમ ﷺ ના અખ્લાક તથા ગુણો પર ખૂબીઓ પર બયાન કર્યું.**





**ઈદે મીલાદની ખુશીમાં તમામ કચેરીઓ, ઓફીસો અને મદ્રસા (સ્કૂલો) પણ બારમી રબીઉલ અવ્વલે એક દિવસના માટે બંધ રાખવામાં આવ્યા. અને આ રીતે એ ખુશી અને આનંદનો દિવસ પૂર્ણ થઈ ગયો."** *(બહવાલા માહનામા "તરીકત" લાહોર, માર્ચ ઈ.સ. ૧૯૧૭, પેજ : ૨૧, ૨૨, ૨૩)*

હિ.સ. ૧૨૮૮ માં દિલ્હીના માન્યવર આલિમે દીન હઝરત મૌલાના અબ્દુર્રહીમ દહેલ્વીએ હિજાઝના ઉલમાથી ઈદે મીલાદુન્નબીના હવાલાથી એક ફત્વો પૂછયો. હરમૈનના ઉલમાના જવાબનો સાર એ હતો કે, **"જે મૌલુદ શરીફ અને તા'ઝીમી કિયામનો ઈન્કાર કરે તે બિદઅતી છે. શરીઅતના હાકિમ પર લાઝિમ છે કે એવા મીલાદના મુન્કિર (નકારનાર)ને સખ્ત સજા આપે."** આ ફત્વો મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરા, જિદ્દા શરીફ તથા જદીદા શરીફના અગ્રગણ્ય ઉલમાની બારગાહમાં પેશ કરવામાં આવ્યો હતો. જવાબ આપનારા અને તેના પર સમર્થનની સહી કરનારાઓની કુલ સંખ્યા ૯૪ હતી. હઝરત મૌલાના અબ્દુર્રહીમ દહેલ્વીએ આ ફત્વાઓ પોતાની કિતાબ "રૌઝતુન્નઈમ ફી ઝિક્રિન્નબી કરીમ"માં લખીને પ્રસિદ્ધ કર્યા હતા. એ કિતાબ અત્યારે દુર્લભ છે એટલા માટે વિષયને અનુલક્ષીને એને નીચે લખવામાં આવી રહ્યા છે. મૂળ ફત્વા અરબીમાં હતા એટલા માટે દહેલ્વી સાહબે તર્જુમા સાથે પ્રસિદ્ધ કર્યા હતા. તેના તર્જુમા ઉર્દૂ ભાષા પૂરાણી હોવાથી અત્યારે અપ્રતિભાશાળી જણાતી હોવાથી અમે અમારી કલમથી એનો તર્જુમો કરી રહ્યા છીએ :

| | |
|---|---|
| "નીચેના મસ્અલામાં આપનો શો આદેશ છે કે પેદાઈશે મુસ્તફાનો ઝિક્ર કરવો અને વિલાદતના ઝિક્રની વખતે કિયામ કરવો એ રીતે કે એમાં દિવસની નિશ્ચિતતા, મકાનની સજાવટ, ખુશ્બુનો ઉપયોગ, કુર્આનની કોઈ સૂરતની તિલાવત અને મુસલમાનોના માટે ખાવાનો બંદોબસ્ત પણ હોય. શું આવા | سوال: ماقولکم دام فضلکم فی ان ذکر مولدالنبی ﷺ والقیام عند ذکر ولادة خاصة مع تعیین الیوم و تزئین المکان واستعمال الطیب و قرأة سورة من القرآن و اطعام للمسلمین هل یجوز ویثاب |

فاعله ام لا_؟ بينوا اجزاكم الله تعالىٰ

સ્વરૂપમાં મીલાદની મેહફિલ ગોઠવવી જાઈઝ છે ? અને તેની ગોઠવણ કરનાર સવાબનો હક્કદાર થશે કે નહીં ? વર્ણન કરશો, અલ્લાહ તઆલા બેહતર બદલો આપે.

આ પ્રશ્ન પર મક્કા મુકર્રમાના મુફિતયાને એઝામ તથા ઉલમાએ કેબારે નીચે પ્રમાણે જવાબ આપ્યો :–

اعلم ان عمل المولد الشريف بهٰذه الكيفية المذكورة مستحسن مستحب لان العلماء المتقدمين قداستحسنوه و قداستحسن القيام عند ذكر الولادة الشريفة فالمنكر لهٰذه مبتدع بدعة سية مذمومة لانكاره على شئ حسن عندالله والمسلمين

كما جاء فى حديث ابن مسعود قال ماراه المسلمون حسناًفهوعندالله حسن، والمراد من المسلمين ههنا الذين كمل

الاسلام كالعلماء العاملين و علماء العرب و المصر والشام والروم والاندلس كلهم رأه حسنا فى زمان السلف الى الآن فصار

**અર્થાત** : "નિઃશંક ! આ ઉપર જણાવેલ સ્વરૂપમાં મીલાદ શરીફનો મા'મૂલ અતિશય પસંદીદા અને મુસ્તહબ છે એટલા માટે ઉલમાએ મુતકદ્દેમીન (આગલા)એ પણ એને મુસ્તહસન કહ્યું અને વિલાદતે મુબારકાના ઝિક્ર વખતે કયામ પણ મુસ્તહસન છે અને તેનો મુન્કિર (નકારનાર) બિદઅતે સૈયેઅહ (બુરી બિદઅત)માં સપડાયેલો છે. કેમ કે તે એવી ચીજનો મુન્કિર છે જે અલ્લાહ તઆલા અને જમહૂર મુસલમાનો નજીક મુસ્તહસન છે. અષર ઈબ્ને મસઊદમાં છે કે મુસલમાનો જે ચીજને પસંદ કરે તે અલ્લાહ તઆલાની નજીક પણ પસંદીદા છે અને આ સ્થાને **મુસલમાનોથી મુરાદ બાઅમલ ઉલમાએ કિરામ** છે.

અને અરબ, મિસ્ર, સીરિયા, રોમ અને ઉન્દલુસ (સ્પેન)ના તમામ ઉલમાએ કિરામે એને બુઝુર્ગોના કાળથી આજ સુધી મુસ્તહસન જ કહેલ છે, જેથી આ રીતે એના પર ઉમ્મતીનો ઈજમાઅ થઈ ગયો.





عليه اجماع الامة فهوحق ليس بضلال،

قال رسول الله ﷺ لا تجتمع امتى علىٰ ضلالة فعلىٰ حاكم الشريعة تعزير منكره۔ والله اعلم

જેથી મીલાદની મેહફિલ ગોઠવવી નિઃશંક ! હક્ક છે.

નબી કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે મારી ઉમ્મત કદી ગુમરાહી પર એકમત થશે નહીં જેથી શરીઅતના હાકિમ પર લાઝિમ છે કે તેના મુન્કિરને સજા આપે. અલ્લાહ બેહતર જાણનાર છે."

આ ફત્વા પર મક્કા મુકર્રમાના ચારેવ મઝહબના ૪૨ મુફતીઓની સહીઓ છે.

હવે નીચે બરાબર આ જ પ્રમાણે ઉપરોક્ત પ્રશ્ન પર મદીના મુનવ્વરાના મુફિતયાને કિરામનો સર્વસમંતિવાળો ફત્વો જોઈ લો :–

اعلم ان ماصنع من الولائم فى مولد الشريف و قربة لحضرة المسلمين وانفاق الطعومات و قيام عند ذكر ولادة الرسول الامين ورش ماء الورد وايقاد البخور و تزئين المكان و قرآة شئ من القرآن، والصلوٰة علىٰ النبى ﷺ واظهار الفرح و السرور۔ فلا شبهة فى انه بدعة حسنة مستحبة و فضيلة مستحسنة فلاينكرها الاالمبتدع لا استماع بقوله بل علىٰ حاكم الاسلام ان يعزروه۔ والله اعلم

"મીલાદ શરીફમાં જે ચીજોની વ્યવસ્થા કરવામાં આવે છે, દા.ત. સદકા ખૈરાત આપવા, સારાં ભોજનો તથા મીઠાઈ વગેરે વહેંચવી, રસૂલે કરીમ ﷺ ના ઝિક્ર તથા તિલાવતના સમયે કિયામ કરવો, ગુલાબનો છંટકાવ કરવો, અગરબત્તીઓ સળગાવવી, મકાનને શણગારવું, કુર્આને અઝીમની આયતોની તિલાવત કરવી, નબી કરીમ ﷺ ની બારગાહમાં સલાતો સલામ પઢવી અને ખુશી આનંદને ભરપુર રીતે પ્રર્દશિત કરવું, કશીય શંકા વિના આ અતિશય પસંદીદા અને અજ્ર તથા ફઝીલતવાળી ચીજ છે. તેનો ઈન્કાર કોઈ બિદઅતી જ કરશે. તેની વાત પર કદી પણ ધ્યાન ધરવામાં ન આવે. બલ્કે ઈસ્લામના હાકિમ પર લાઝિમ છે કે તેને સજા આપે. અલ્લાહ બેહતર જાણનાર છે.

આ ફત્વા પર મદીના મુનવ્વરાના ૩૦ ઉલમાએ કિરામ અને મુફતિયાને એઝામની મોહરો લાગેલી છે. જિદ્દાના મુફતીઓએ મૌલાના અબ્દુર્રહીમ દહેલ્વીના પ્રશ્નનો નીચે પ્રમાણે જવાબ આપ્યો :–

اعلم ان ذکر مولد النبی ﷺ بهٰذه الصورة المجموعة المذکوره بدعة حسنة مستحبة شرعاً لاینکرها الامن فی قلبه شعبة من شعب النفاق والبغض له ﷺ کیف یسوغ له ذالک مع قوله تعالیٰ ومن یعظم شعائر الله فانها من تقوی القلوب۔ والله تعالیٰ علم

"ઉપર જણાવ્યાનુસારના સ્વરૂપમાં મેહફિલે મીલાદની ગોઠવણ કરવી શરીઅતની રૂએ બિદઅતે હસના (સારી બિદઅત) અને મુસ્તહબ છે. તેના મુન્કિરના દિલમાં યકીનન ! નબી કરીમ ﷺ થી નિફાક તથા કીનો અને અદાવત છે. તેનાથી ઈન્કારની શક્યતા કઈ રીતે જાઈઝ રાખી શકાય છે જ્યારે કે ઈર્શાદે ઈલાહી છે કે અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ દિલોની પરહેઝગારી છે."

આ ફત્વા પર જિદ્દા શરીફના દસ મુફતિયાને કિરામની મોહરો અને સમર્થનમાં સહીઓ છે. જદીદાના મુફતીઓએ એ જ ઉપરોક્ત સવાલનો જવાબ આ પ્રમાણે આપ્યો :–

نـعم قرأة المولد الشریف مع الاشیاء المذکورة جائزة بل مستحبة یثاب فاعلها فقد الف فی ذالك العلماء وهثوا علیٰ فعله وقالوا لاینکر ها الا المبتدع، فعلیٰ حاکم الشریعة ان یعزروا. والله اعلم

"ઉપરોક્ત ચીજોની વ્યવસ્થા સાથે મીલાદ શરીફ પઢવી ન કેવળ જાઈઝ છે બલ્કે મુસ્તહબ છે અને એની ગોઠવણ કરનાર સવાબનો હક્કદારનો છે. ઉલમાએ આ વિષય પર મજબૂત કિતાબો લખી છે અને એને ગોઠવવા પ્રોપ્સાહન આપ્યું છે તેમજ તેમણે ફર્માવ્યું કે એનો ઈન્કાર કોઈ બિદઅતી જ કરી શકે છે. શરીઅતના હાકિમ પર જરૂરી છે કે મીલાદના મુન્કિરને સજા આપે."

આ ફત્વા પર જદીદા શરીફના ૧૨ મુફિતયાને કિરામની મોહરો તથા સહીઓ છે. હિજાઝ મુકદસના આ ફત્વાઓની રોશનીમાં મેહફિલે મીલાદના જાઈઝ તથા મુસ્તહબ હોવાનો હુકમ ૧૪ મીના ચાંદની જેમ





રોશન તથા મુનવ્વર થઈ ગયો. તેમ છતાં પણ કોઈ કલ્મો પઢનારો સંતોષ ન પામે તો તેણે પોતાની ઈમાની હાલત પર વિચાર કરવો જોઈએ કે યકીનન ! તેનું દિલ રસૂલુલ્લાહ ﷺ ની પ્રતિ મુનાફિકત અને ઉઘાડી દુશ્મનીમાં સપડાયું છે.

ચર્ચા ઘણી લાંબી થઈ ગઈ, બસ ! એ વિચારે કે ક્યાંક અમારા વાંચકો કોઈક પ્રકારની અકળામણ ન અનુભવે અમે અમારી કલમને અટકાવીએ છીએ, નહીં તો આ વિષય પર અમારી સમક્ષ એટલી સાક્ષીઓ છે કે એક જાડી તથા મોટી કિતાબ અસ્તિત્વમાં આવી શકે છે. ખુદા કરે કે આ થોડાક પુરાવાઓ મીલાદના મુન્કિરોના ચિંતનની ગાંઠોને ઉકેલવાના માટે પૂરતા થાય અને વિવિધ ટોળીઓમાં વહેંચાયેલી કૌમ અકીદા તથા માન્યતાની ગલત રાહો પર ભટકવાથી તૌબા તથા રુજૂઅ કરી જમહૂર અહલે સુન્નત વ જમાઅતના મસ્લક પર હમ સફર તથા હમનવાં થઈ જાય.

હવે અમે નીચે "અન્વારે સાતિઆ" અને "અન્વારે આફતાબે સદાકત"ના હવાલાથી ઈસ્લામી જગતના તે ઉલમા તથા મશાઈખની એક સંક્ષિપ્ત યાદી રજૂ કરીએ છીએ જેમણે મીલાદે રસૂલ ﷺ ના જાઈઝ તથા મુસ્તહબ હોવાના બારામાં ભરપુર કિતાબો લખી અથવા મુસ્તહબના ફત્વા આપ્યા અને ખૂદ મીલાદ શરીફ ગોઠવીને તેની બરકતો તથા અચ્છાઈઓથી માલામાલ થયા :–

૦૧. શૈખ ઉમર ઈબ્ને અલમલાઅ્ મુસલી તેમણે વર્તમાન સ્વરૂપમાં થતા મીલાદની સૌ પ્રથમ ગોઠવણ કરી.

૦૨. અલ્લામા અબુલ ખિતાબ ઈબ્ને વહીયહ્ ઉન્દલુસી જેઓ વહીયા કલ્બી સહાબીની ઔલાદમાંથી હતા તેમણે સૌ પ્રથમ કિતાબ "અત્તન્વીર ફી મૌલુદિસ્સિરાજિલ્ મુનીર" લખી અને અર્બલના સુલ્તાન સમક્ષ પેશ કરી.

૦૩. અલ્લામા અબૂ તૈયિબ સિબ્તી નરીલકૌસ એ મહાન માલિકી આલિમ હતા.

૦૪. ઈમામ અબૂ મુહમ્મદ અબ્દુર્રહમાન ઈબ્ને ઈસ્માઈલ, ઉસ્તાદે ઈમામ નવવી ઉર્ફે અબૂ શામા

૦૫. અલ્લામા અબુલ ફરહ ઈબ્ને જૌઝી. મુહદ્દિષ તથા ફકીહ હંબલી

૦૬. ઈમામ અલ્લામા સૈફુદ્દીન હમીરી દમિશ્કી હનફી મુહદ્દિષ ઉર્ફે તુગરબક

૦૭. ઈમામુલ્ કુર્રા વલ્ મુહદ્દિષીન હાફિઝ શમ્સુદ્દીન ઈબ્ને જઝરી

૦૮. હાફિઝ અમાદુદ્દીન ઈબ્ને કષીર

૦૯. અલ્લામા અબુલહસન અહમદ ઈબ્ને અબ્દુલ્લાહ બિક્રી.

૧૦. અલ્લામા અબુલ કાસિમ મુહમ્મદ ઈબ્ને ઉષ્માન લૌલવી દમિશ્કી.

૧૧. શમ્સુદ્દીન મુહમ્મદ ઈબ્ને નાસિરુદ્દીન દમિશ્કી

૧૨. અલ્લામા સુલૈમાન બર્સવી ઈમામ જામેઅ સુલ્તાન "કશ્ફુઝ્ઝનૂન"માં લખ્યું છે કે તેમનો મર્તબો મૌલુદ શરીફ મજાલિસે રોમિયામાં પઢવામાં આવતો હતો.

૧૩. ઈબ્નુશ્શૈખ આકા શમ્સુદ્દીન.

૧૪. અલ્મૌલા હસન બહરી

૧૫. શૈખ મુહમ્મદ ઈબ્ને હમ્ઝા અરબી વાઈઝ

૧૬. શૈખ શમ્સુદ્દીન અહમદ ઈબ્ને મુહમ્મદ સીવાની

૧૭. અલ્લામા હાફિઝ અબુલ ખૈર સખાવી

૧૮. સૈયદ અફીફુદ્દીન શીરાઝી

૧૯. અબૂબક્ર દન્કિલી

૨૦. બુરહાન મુહમ્મદ નાસિહી

૨૧. બુરહાન અબૂ સફા–એમના મૌલુદ શરીફનું નામ છે ફત્હુલ્લાહ હસ્બી વકફા ફી મૌલુદિલ્ મુસ્તફા

૨૨. શમ્સુદ્દીન વમ્યાતી મઅ્રૂફ બિહ્ (ઉર્ફે) ઈબ્ને સંબાતી.

૨૩. બુરહાન ઈબ્ને યૂસુફ અલ્ફાકૂસ–એમના મૌલુદ શરીફમાં ૪૦૦થી વધુ શેઅરો હતા.

૨૪. હાફિઝ ઝૈનુદ્દીન ઈરાકી





૨૫. મુજદ્દિદુદ્દીન મુહમ્મદ ઈબ્ને યઅકૂબ ફીરોઝાબાદી શીરાઝી સાહબ કામૂસ–એમના મૌલુદ શરીફનું નામ છે અન્નફતહાતુલ અંબરિયહ ફી મૌલુદિ ખૈરિલ બરિય્યહ્ છે.

૨૬. ઈમામ મુહક્કિક વલીયુદ્દીન અબૂ ઝરઆ ઈરાક

૨૭. અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ ઈબ્ને નોઅ્માન

૨૮. જમાલુદ્દીન અજમી હમ્દાની

૨૯. યૂસુફ હિજાઝ મિસ્રી

૩૦. યૂસુફ ઈબ્ને અલી ઈબ્ને રઝ્ઝાક શામી

૩૧. અબૂબક્ર હિજાઝી

૩૨. મન્સૂર બિશાર

૩૩. અબૂ મૂસા તર્હૂની વ કીલ ઝર્હૂની

૩૪. અશ્શૈખ અબ્દુર્રહ્માન ઈબ્ને અબ્દુલમાલિક અલમઅરૂફ બિલ્ મુખ્લિસ

૩૫. નાસિરુદ્દીન મુબારક શહીરયા ઈબ્ને તબાખ–તેમણે પોતાના ફત્વામાં લખ્યું છે કે મૌલુદ પઢનારને લિબાશ એટલે પોશાક પહેરાવવો જોઈએ.

૩૬. ઈમામ અલ્લામા ઝહીરૂદ્દીન ઈબ્ને જા'ફર રઈસીની

૩૭. ફાઝિલ અબ્દુલ્લાહ ઈબ્ને શમ્સુદ્દીન અન્સારી

૩૮. શૈખ ઈમામ સદરુદ્દીન મૌહૂબ જઝરી શાફઈ

૩૯. અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની

૪૦. શૈખ જલાલુદ્દીન સિયૂતી મુજદ્દિદે માઈતા તાસિઅહ

૪૧. મુહમ્મદ ઈબ્ને અલી દમિશ્કી–સીરતે શામીના લેખક

૪૨. શૈખ શહાબુદ્દીન કસ્તલાની શારેહે બુખારી

૪૩. નૂરદ્દીન અલી હલબી શાફઈ લેખક : સીરતે હલબી

૪૪. અલ્લામા મુહમ્મદ ઈબ્ને અબ્દુલબાકી ઝુર્કાની માલિકી શારેહે મવાહિબ વગેરે હદીષની કિતાબોના

૪૫. અલ્લામા અલી ઈબ્ને સુલ્તાન મુહમ્મદ હર્દી ઉર્ફે મુલ્લા અલી કારી

૪૬. અબ્દુર્રહ્‌માન સફવી શાફઈ–નુઝહતુલ મજાલિસના લેખક

૪૭. નૂરૂદ્દીન અબૂ સઈદ બુરાની

૪૮. સૈયદ ઈમામ જા'ફર બરઝંજી–તેમનો મૌલુદ શરીફ અલંકારિક પદ્યલખાણોમાં મશ્હૂર છે અરબ શહેરોમાં ખૂબ પઢવામાં આવે છે.

૪૯. સૈયદ ઝૈનુલ્ આબિદીન બરઝન્જી તેમનું મૌલુદ શરીફ નઝમમાં અરબ શરીફના શહેરોમાં રીવાજ પામેલ છે.

૫૦. શૈખ અહમદ ઈબ્ને અલ્લામા અબુલ કાસિમ બુખારી–તેમનો નસબ મુહમ્મદ ઈબ્ને ઈસ્માઈલ બુખારી સુધી પહોંચે છે.

૫૧. શૈખ ઈસ્માઈલ હનફી અફંદી મુફસ્સિર, લેખક : તફસીરે રૂહુલ બયાન

૫૨. અહમદ બિન કશાશી મદની ઉસ્તાદે અસાતેઝા શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી

૫૩. મુહમ્મદ ઈબ્ને અઝ્બ મદની

૫૪. શૈખ અબ્દુલ માલિક કર્વી

૫૫. ફાઝિલ ઈબ્રાહીમ બા જૂરી

૫૬. અમીર મુહમ્મદ ઉસ્તાદ ઈબ્રાહીમ બાજૂરી

૫૭. શૈખ શેકાત ઉસ્તાદુલ ઉસ્તાદ બાજૂરી

૫૮. શૈખ અબ્દુલબાકી પિતા તથા ઉસ્તાદ અલ્લામા ઝુર્કાની

૫૯. શૈખ મુહમ્મદ રૈલી

૬૦. અલ્લામા અહમદ ઈબ્ને હજર સંપાદક–તોહફતુલ અખ્યાર બિ મૌલુદિલમુખ્તાર

૬૧. હાફિઝ ઈબ્નુલ હદીષ રજબ દમિશ્કી હંબલી

૬૨. અબી ઝકરિયા યહ્યા ઈબ્ને આઈદ હાફિઝ કબીર ઉન્દલુસી

૬૩. સઈદ ઈબ્ને મસઊદ ગાઝરૂની–તેમણે દુનિયાના મોટા ભાગના





દેશોના આલિમો તથા સૂફીઓથી મૌલુદ શરીફનું જાઈઝ હોવું સાબિત કર્યું છે.

૬૪. મૌલાના ઝૈનુદ્દીન મુહમ્મદ નક્શબંદી

૬૫. અલ્લામા શહાબુદ્દીન અહમદ ખફ્ફાજી શારેહે શિફા વગેરે. તેમની એક કિતાબ મૌલુદ શરીફ જાઈઝ હોવા બાબતે છે.

૬૬. હઝરત મૌલાના સૈયદ જમાલુદ્દીન મીર્ક

૬૭. અલ્લામા મુહમ્મદ રફાઈ મદની

૬૮. કાઝી ઈબ્ને ખલ્કાન શાફઈ

૬૯. મૌલાના મુઈનુદ્દીન વાઈઝ અલહરવી

૭૦. અલ્લામા અબૂ ઈસ્હાક ઈબ્ને જમાઆ رحمۃ اللہ علیہ

૭૧. શૈખ મુહમ્મદ તાહિર મુહદ્દિષ–લેખક : મજમઉલ જાર

૭૨. શૈખ મુહમ્મદ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી

૭૩. હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી

હવે નીચેના લખાણમાં તેરમી અને ચૌદમી સદી હિજરીમાં મીલાદુન્નબીના મુસ્તહબ તથા મુસ્તહસન હોવાના બારામાં લખવામાં આવેલી કિતાબો અને ગદ્ય પદ્ય મીલાદનામાઓની એક સંક્ષિપ્ત યાદી રજૂ કરીએ છીએ. જો કે આ બે સદીઓની અમુક કિતાબોનો ઉલ્લેખ આ પહેલાં પણ થઈ ચૂક્યો છે :–

**૦૧. અહ્યાઉલ્ કુલૂબ ફી મૌલુદિલ્ મહબૂબ**
**અઝ** : મૌલાના અબ્દુલજલીલ હુસૈની હનફી

**૦૨. તોહફાએ સિરાજ**
**અઝ** : મૌલાના મુહમ્મદ સિરાજુદ્દીન અજમેરી

**૦૩. તર્જુમા બયાને મીલાદુન્નબવિય્યહ**
**અઝ** : મૌલાના ગુલામ મુઈનુદ્દીન નઈમી

**૦૪. ચહલ હદીષ (દોમ)**
**અઝ** : મૌલાના મુફતી ખલીલ અહમદ બરકાતી

૦૫. **ખયાબાને આફરીનશ**
**અઝ** : મૌલાના અમીર અહમદ મીનાઈ

૦૬. **ઝિક્ર શાહે અંબિયા**
**અઝ** : મૌલાના અમીર અહમદ મીનાઈ

૦૭. **અઝ્ઝિક્રુલ મહમૂદ ફી બયાનિલ મૌલુદિલ મસ્ઊદ (પંજાબી)**
**અઝ** : મૌલાના ઈમામુદ્દીન કાદરી

૦૮. **ઝિક્રે મિલાદ સાહિબે લૌલાક**
**અઝ** : મૌલાના અબ્દુલખાલિક મુજદ્દિદી

૦૯. **ઝિક્રે વિલાદત આં હઝરત** صلی اللہ علیہ وسلم
**અઝ** : મૌલાના અબ્દુર્રઝ્ઝાક ફિરંગીમહલી

૧૦. **રિસાલા ફી વિલાદતુન્નબી** صلی اللہ علیہ وسلم
**અઝ** : મૌલાના હાફિઝ મુહમ્મદ બરકતુલ્લાહ ફિરંગી મહલી

૧૧. **મૌલુદ શરીફ**
**અઝ** : મૌલાના ફખ્રુદ્દીન ઈલાહાબાદી

૧૨. **રિસાલા મીલાદુન્નબી**
**અઝ** : મૌલાના અબ્દુર્રઝ્ઝાક ફિરંગીમહલી

૧૩. **રૂહુલ્ એબાદ ફી ઝિક્રિલ્ મીલાદ (પંજાબી)**
**અઝ** : મૌલાના મુહમ્મદ અબ્દુલકરીમ કીલેદારી

૧૪. **સિરાજે મુનીર**
**અઝ** : મૌલાના અમીમુલ્ અહ્સાન

૧૫. **સઈદુલ્ બયાન ફી મૌલુદિ સૈયદિલ્ ઈન્સ વલ્ જાન**
**અઝ** : મૌલાના શાહ અહમદ સઈદ મુજદ્દિદી દહેલ્વી

૧૬. **મૌલુદ શરીફ**
**અઝ** : મૌલાના અહમદખાં સૂફી કાનપૂરી

૧૭. **મૌલુદે મહમૂદ**
**અઝ** : મૌલાના શાહ મુહમ્મદ રુકનુદ્દીન અલ્વરી

૧૮. **મીલાદે પાક સાહિબે લૌલાક**





**અઝ** : મૌલાના ગુલામ મુસ્તફા કૌષર અમજદી

૧૯. **મીલાદે તોહફતુર્રસૂલ**
**અઝ** : મૌલાના શાહ મુહમ્મદ મુઈનુદ્દીન અરબી

૨૦. **મીલાદુર્રસૂલ**
**અઝ** : મૌલાના અલ્હાજ પીર કલંદર અલી

૨૧. **મીલાદે રસૂલ** صلی اللہ علیہ وسلم
**અઝ** : મૌલાના સૈયદ હામિદઅલી શાહ રાવલપિંડી

૨૨. **મીલાદ શરીફ**
**અઝ** : મૌલાના નબી બખ્શ હલ્વાઈ

૨૩. **મીલાદ શરીફ**
**અઝ** : મૌલાના મુહમ્મદ સલામતુલ્લાહ કશ્ફી

૨૪. **મીલાદ શરીફ**
**અઝ** : મૌલાના મુહમ્મદ બાકિર

૨૫. **અલ મીલાદિ ફિલ્ કુર્આન**
**અઝ** : મૌલાના મુહમ્મદ આલમ આસી અમૃત્સરી

૨૬. **મીલાદ મુબારક**
**અઝ** : મૌલાના હાદીઅલીખાં સીતાપૂરી

૨૭. **મીલાદનામા**
**અઝ** : મૌલાના મિયાં અલી મુહમ્મદ બસી શરીફ

૨૮. **મીલાદુન્નબી**
**અઝ** : મૌલાના સઈદ અહમદ કાઝમી

૨૯. **મીલાદુન્નબી** صلی اللہ علیہ وسلم
**અઝ** : કાઝી મુહમ્મદ હબીબુલ્ હક્ક

૩૦. **મન્તિકુલ્ હિલાલ બારુખિ વિલાદતિલ હબીબ વલ્ વિસાલ**
**અઝ** : ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ

૩૧. **નૂરાની હકાઈક**
**અઝ** : મૌલાના અબૂ દાઊદ મુહમ્મદ સાદિક

૩૨. કફીલે બખ્શિશ

અઝ : મૌલાના મુહમ્મદ જમીલુર્રહ્‌માન રઝવી

૩૩. મેહફિલે મીલાદ

અઝ : મૌલાના મુહમ્મદ શબ્બીર કોટલી લૂહારાં

૩૪. મદની તાજદાર

અઝ : મૌલાના અબુલ હસનાત સૈયદ મુહમ્મદ અહમદ

૩૫. મીલાદે મુસ્તફા

અઝ : મૌલાના અબુલ કલામ અહસન કાદરી

૩૬. ઘર આંગન મીલાદ (સ્ત્રીઓ માટે)

અઝ : સૈયદ હસ્નૈન મિયાં "નઝમી" મારહરવી

૩૭. ઝિક્રે મીલાદ મુબારક

અઝ : સૈયદ શાહ ઔલાદે રસૂલ મારહરવી

પાછલી બે સદીઓમાં મીલાદુન્નબી ﷺ ના વિષય પર ભારતખંડમાં લખવામાં આવનારી કિતાબોની આ એક અપૂર્ણ યાદી છે. પરંતુ આ યાદી પરથી પણ એ અંદાઝો જરૂર લગાડી શકાય છે કે ભારતખંડમાં પણ મીલાદુન્નબીના જાઈઝ તથા મુસ્તહસન હોવાના માનનારાઓની સંખ્યા ૮૦% થી વિશેષ છે.

અહમદાબાદમાં હઝરત મુહમ્મદશાહ દરગાહ શરીફ લાયબ્રેરી ઘણુ મહત્વ ધરાવે છે. પાંચ ભાગોમાં તેમાં રહેલી કિતાબોની એક યાદી બહાર પડી છે. અરબી, ફારસી, અને ઉર્દૂ કિતાબોની એક યાદીમાં મીલાદુન્નબીના વિષય પર એક ડઝનથીય વિશેષ કિતાબો મૌજૂદ છે.

મીલાદુન્નબી ﷺ ના બારામાં હવે એ દાવો ચમકતા સૂરજની જેમ રોશન થઈ ગયો છે કે સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅતની નજીક ઈદે મીલાદુન્નબી ﷺ ની મેહફિલો સજાવવી અને બાર રબીઉલ અવ્વલ શરીફના હસીન મોકા પર જુલૂસ કાઢવો જાઈઝ તથા મુસ્તહસન છે. મૌલા તઆલા આપણા દિલો હુબ્બે રસૂલના નૂરથી પુરનૂર ફર્માવી દે. આમીન બિજાહિ હબીબિહી સૈયદિલ મુરસલીન ﷺ.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ






# બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

મારા પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! વર્તમાન સમયમાં દીને ઈસ્લામની વિરૂધ્ધ તથા સુન્નિયતની વિરૂધ્ધ દિન પ્રતિ દિન અવનવા ફિત્ના, નીત નવા સ્વરૂપે માથુ ઊંચકી રહ્યા છે. ગુમરાહીનું પુર આંધીની જેમ ઉમટીને આપણા ઉંબરાઓમાં અથડાઈ રહ્યું છે, ગુનાહોના પ્રદૂષણે સમગ્ર વાતાવરણને ભરી દીધું છે, એવા નાઝુક સમયે "બરકાતે ખ્વાજા" (માસિક) એ આંધીઓ સામે દીન ઈમાનને ટકાવી રાખવા એક મજબૂત કિલ્લા સમાન છે તથા ગુનાહોના પ્રદૂષણને ફેંદીને નેક અમલોની સુવાસ ફેલાવવા તનતોડ કોશિશમાં લાગેલ છે.

## ★ સુન્ની મુજાહિદોને વિનંતિ ! ★

દીન તથા સુન્નિયતની ખિદમતના જઝબા સાથે નવા ગ્રાહકો બનાવીને તેમનાં લવાજમો અમને રવાના કરતા રહો. આ રીતે દીને હક્કની કલમી જંગને મજબૂત કરવામાં સહભાગી બની દીનના સિપાહીની હરોળમાં નામ નોંધાવી દો ! જેનો મહાન બદલો અલ્લાહ તઆલા તરફથી તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં મળશે.

## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦–૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦–૦૦ |
| ★ વિદેશ માટે $ 30-00 | £ | 15–00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦–૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦–૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150–00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250–00 |

–લિ. પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા)*

મો. ૯૪૨૭૪ ૬૪૬૧૧, ફોન. ૦૨૬૪૨–૨૮૨૯૭૨